श्री अंबीका काव्य.

तथा

बहुचराजी काळीका विगेरे.

શ્રી માહારાણા જસવંત સીંગજીનો જસ.

અંબા બહુચર જે જપે, સદાજ સુખીયો હોય;
દુઃખ દારિદ્ર સરવે ખસે, તેને વેરી ન ગંજે કોય.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શેવક. બાલાજી ભગવાનજી.



અમદાવાદ

મામાની હવેલી મધ્યે અમદાવાદ યુ. પ્રી. અને
જનરલ એજન્સી કંપની (લિમિટેડ)ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૩૯. સને ૧૮૮૩.

કીમ્મત ૧ રૂપીઓ.

अनुक्रमणिका.

अंबीका काव्य.

॥श्री गणेशाय नमः॥

પદ.

ગણપતિદેવા તું ગરીબનીવાજે, (૨) વાર.

ચંદન ચરચીત પુષ્પે વધાવું, સિંદુરે કરૂં શેવા. ગણ. ૧

થાળ ભરી અન્નત મોદીક, માંહી મીઠાઈ ઘણા મેવા. ગણ. ૨

પુજા કરી હું તો પાવલે લાગુ, ભકિત ભવોભવ લેવા. ગણ. ૩

શિવાનંદના શ્વામી રસિકશિરોમણ, વર આપ્યાના ઘણા એવા. ગણ. ૪

પરભાત.

ઉઠ પ્રભાત સમર લેતું શ્રી ગણેશ દેવા,

નામ લેતાં વિઘ્ન હરે, સફળતાકિ શેવા. ઉઠ. ટેક.

એકદંત દયાવંત, ચાર ભુજધારી.

મુસ્તક એને મુગટ સોહિયે, મશકની અસ્વારી. ઉઠ. ૧

પેરન વાકો પાન ફુલ, ખાનેકુ મેવા,

અમરદેવ સ્તુતિ કરે, સુરે કરે શેવા. ઉઠ. ૨

માતાજાકી પારવતી, પિતા માહાદેવા,

તાંનસેન ભજન કરે, રિદ્ધિ સિદ્ધિ લેવા. ઉઠ. ૩

પ્રભાત.

જાગોને અલબેલી અંબા, દેવી ડુંગરવાળીરે. ટેક.

પ્રાતસકાળે માયે પેહેરી પાવડી, કનક કળસ કર ઝારીરે;

અમરવેલનો કટકો લઈને, આવ્યાંછો લટકાળીરે. જાગો. ૧

ચાલીને ચાચરમાં આવ્યાં, બેઠાં બાજઠ ઢાળીરે.

મુખડાં પખાળી માયે સુખડાં કીધાં, દુઃખડાં નાંખ્યાં કાપીરે.જા. ૨

ચાંલો ચળકે હીરા ઝળકે. નાકે વેસર વાળીરે;

ઝાળ ઝબુકે માને ઝુમણાલેકે, આંખલડી મેહ સારીરે. જાગો. ૩

આવીને આંગણીયે ઉભાં, દેવી દીન દયાળીરે;

અરૂણ ઉદે થયો આગના આપી, અવની બધ અજવાળીરે. જા. ૪

કર કંકણ ચુડી કટી મેખલા, ટીલડી આંણંદકારીરે;
દાસ કીસોર કહે હરખી નિરખુ, સાહ કરો સંભારીરે. જાગો. ૫

પ્રભાત.

ચડીરે અંબા મહિષાસુર મારવા, દેવનું દુઃખ મન માંહે આંણી;
કડા કડે દૈતને ક્રોડ ઉડાવીયા, સિંહ ચડી ચડી ચાલી શાણી. ટેક.
સાચી સલખન પુરી વિવીધ આયુધ ધરી, ચાચર ચોક તે આવી ચાલી.
દશે દીશાયેજ દીગપાળ બધે પળ્યા, ગડગડે ગગને ધરતી હાલી. ચડી. ૧
સાંગ ફરસી ગદા બાણ ત્રિશુળ અહીં,શંખએ: ખપરે ડમરૂ વાજે.
નીસર્યાં માતતે અસુરદળ મારવા, હાંકેતાં વેરીના ગાત્ર ભાજે. ચડી. ૨
પાંનનું પાત્ર તે હાથ માતા તણે, મંન લોચન માહારક્ત દીસે.
ક્રોડ તેત્રીસ તે દેખી આણંદીયા, મારીને અસુરનું રૂધિર પીશે. ચડી. ૩
અંબિકા માત માહા કાળ રૂપે થઈ, દૈત્યનું સૈન્ય દેવર કીધુ.
એક અનેક તે મંન નવ ધારીયા, મારીને દુષ્ટનું રૂધિર પીધું. ચડી. ૪
હાહાકાર હુવો અસુરના સૈન્યમાં, ખળભળ્યો મેરૂને સિંહ છળકયો.
ડગમગ્યો ચંદ્રને સુર્ય દેખી કરી, કશ મશો કંદ્રપ શેશ છળકયો. ચડી. ૫
અમર સહુ એ મળી આવી આશીવદે, ક્રોધ મુકી કીરપા કીજે માતા.
ભકતને લાડ લડાવીયાં ભગવતી, સરવજન પામીયાં સુખશાતા. ચડી. ૬
જેજેજેકાર હુવોજ ત્રિલોકમાં, ચંદન પુષ્પની વૃષ્ટિ થાયે.
ચરણ સેવે હરીરામ પ્રેમ કરી, તાહરી વાણીને વેદ ગાયે. ચડી. ૭

પ્રભાત.

અંબા કેમ નથી જાગતી દુખ નથી ભાગતી,ત્યાગતી કેમ નથી નીંદ્ર નેણા,
નાગરી નાત હમો અટપટુ બોલશું,વાઘ ચડનારી તુંને દઈશું મેણાં. ટેક.
જ્યારે મહિષાસુર મદ ભર્યો મલપતો, ત્યારે તું વાઘ ચડી વંન ફરતી,
ખડગ ત્રિશુળ લેવાં પડ્યાં કર વિષે,ક્ષણું ક્ષણુ મદ્ય મધુપાન કરતી.અંબા.૧
પાડાને મારતાં પ્રાક્રમ અતિ કર્યું, શાસ્ત્રમાં પડ્યું તે તો સબળ સાચું;
તે બળ તાહરૂં ક્યાં ગયું શ્રીઅંબિકા,આવડું આળસ તુંને ક્યાંથી આવ્યું. અં.૨
શું કળીકાળમાં નથી રે ચૌવાળમાં, કેમ આરાસુરી અવળી બેઠી;
ભક્ત સંકટ સમે શયન કીધું તમે, શાને કાજે સતી નાસી પેઠી. અંબા.૩
કળી મધ્યે ચડી વિનાયક સહુ જપે, પ્રસિદ્ધ એછે તે તો વેદ બોલે;

વેદના બોલનો તોલ રાખો સતી, નહીજ રાખો તો હવે સૃષ્ટિ ડોલે. અંબા. ૪
આવડી ઉતાવળ આજર્થી કેમ કરી, ગંગાનો રંગ રથીતિ વર્ષ સાડે.
તાહરે માહરે પ્રીત પુરવ તણી, તે કેમ જાયે માએ અંબા નાડે. અંબા. ૫
મદનમુખ વચન શુણી, શીઘ્ર થયાં શાંભળી, સિંહ ચડી ધરી ત્રિશુળ આવ્યાં ચાલી;
કાપ્ય દુખ આપ્ય સુખ ચરણ કમળેશ્વરી, હેમમ હેમમ પાવાવાળી. અંબા. ૬

ઉઠતું અંબિકા સાહ્ય કર બહુચરા, ભક્ત સંકટ સમે આવો ધાઇ.
જ્ઞાનમાં ધ્યાનમાં સકળ વ્યાપી રહી, તાહરા રૂપને જોવું ન્યાહળી. ટેક.
આદ્યતું અંતતું મધ્ય માહેશ્વરી, તારૂણી ત્રિપુરા સુખદાઇ;
અવસર ચુકેથી અરથ કાંઇ નવ સરે, આપદા ભક્તની લાજ ખોઇ. ઉઠ. ૧
વિલંબ કીધા થકી વાત વણસે ખરી, જગતમાં શક્તિને કોણ નમશે;
કળિ કેરા કાળમાં જાગતી તું ખરી, તુંજ વિના દુઃખડા કોણ હરશે. ઉઠ. ૨
સિંહ ઉપર ચડી ત્રિશુળ મા કર ધરી, ચોસઠ જોગણી સંગ લાવો;
ભક્તિ ભાવે કરી લાલે વિનતી કરી, આપણા ભક્તના બરદ પાળો. ઉઠ.

પ્રભાત.

શ્રેષ્ટ તું સર્વદા શ્રેષ્ટ તું સર્વદા, પ્રથમ મા અંબિકા આદ્ય દેવી;
શિવ વિરંચીને વિષ્ણુ પેદા કર્યા, તેઓએ સરસ્વતી નિત્ય સેવી. ટેક.
ચાદ ભુવન વિષે વાસ વારાહીનો, વિકટ ન કામ મા બહુજ કીધાં;
દાનવો દુષ્ટને દમન કીધા ઘણા, દેવોનાં દુઃખ દારિદ્ર લીધાં. શ્રે૦ ૧
ઇચ્છાથી અર્બુદા અકળ ઉત્પન થઇ, કાળીનો પાર કોઇએ ન પામ્યાં;
પ્રાક્રમ તાહરાં પ્રૌઢમાં જોઇને, સનમુખ દેવોએ શીશ નામ્યાં. શ્રે૦ ૨
ભક્તિ તું મુક્તિ તું શક્તિ તું સર્વમાં, વિદ્યાને બુદ્ધિ તું બ્રાહ્મ માજી;
દરશણ તાહરા દુર્લભ દેવોને, નમી નમી નિત્યે હું થાઉં રાજી. શ્રે. ૩
મધુકૈટભમા પ્રથમ તેં મારીયો, મહિષાસુર રક્ત બીજ રોળ્યા;
શુંભ નિશુંભને ધુમ્રરાક્ષસ મળી, ચંડ મુંડાને ચપટીયે ચોળ્યા. શ્રે૦ ૪
એવા અસુર તે અનેક સંહારીયા, સહસ્ત્ર ભુજાને સહુ દેવ નમતા;
કરૂણાશંકર કહે આપ કીરપા થકી, કોટી ત્રીવીધ સંતાપ સમતા. શ્રે. ૫

માન મૂકી નમો માનુ મૂકી નમો, ધર્મ પરમેશ્વરી પ્રથમ કહીયે;

શક્તિવિણ સુન્ય સહુ ચર્ણું ચાલે નહીં, ચંડીકા માતને શરણ રહીયે. ટેક
શ્રીફળ દાતાયે જેને કૃપા કરી, નામ તે પુરૂષોના પૂર્ણ રાખ્યા.
ગ્રંથો તે બહુ રચ્યા ગુણીજને ગુણ થકી, કાવ્યને શાસ્ત્ર સિધાંત ભાખ્યા. મા. ૧
બ્રહ્માને ભાવથી સાંધ્ય થઇ સરસ્વતી, વેદો તેં ચાર વિખ્યાત કીધાં;
વ્યાસ સુકદેવને પ્રસંન પરમેશ્વરી, દશ પદે અષ્ટ પુરાણ દીધાં. માન૦ ૨
મારકંડે મુની મેહેર થકી ઉચર્યા, ચંડી પુરાણ કીપાયે કરીયું;
દસ વળી અષ્ટનું આયુશ જે હતું, તે પં. કલ્પજ એક મરીયું. માન૦ ૩
મુંઢને મુર્ખનું માહા દુઃખ ટાળીને, માજીએ કવી કાળીદાસ કીધો.
ભારથી ભુમીમાં માગ મોટો થયો, અનેક એવા કરી જશ લીધો. માન૦ ૪
ધન્ય તું ધન્ય તું જય ત્રિપુરેશ્વરી, સમરણ સર્વદા જેહ કરશે;
કરૂણાશંકર કહે બેહુ કર જોડીને, મનવાંછીત ફળ સેજ સરશે. માન૦ ૫

તન મન ધંન મુજ માત ભુવનેશ્વરી, પ્રાણ આધાર હું શર્ણ તારે.
બ્રહ્મા ને વીષ્ણું તું શીવમાં વ્યાપીક, સર્વમાં અંટ તું એક મારે. ટેક.
એકથી ઉત્પન્ન અનેક માએ કર્યા, અસલને આદ્ય તે એક જાણો.
બહુ જનો ભટકતા ભુમીમાં ભગવતી, રાખતો રેતીમાં જેમ વાણો. તન. ૧.
પ્રવીણ તું પ્રાણમાં તીમીરમાં જોત તુ, સર્વ બ્રહ્માંડમાં એક શક્તિ.
એક સ્થાને ઠરી સર્વ સેવા કરી, અંતરે ઓળખો નીત્ય ભક્તિ. તન. ૨.
આશરો એક આધાર છે તાહરો, બીજુ તે ભાનુમાં નહીંજ માહરે.
શુદ્ધ અશુદ્ધ અક્ષર નથી જાણતો, કાવ્ય કલ્પું હું આધાર તાહારે. તન. ૩.
વાત વિસ્તારી મે વિશેશે વિશ્વેશ્વરી, શિવ તણાં પદો તે સીદ્ધ કીધાં.
તેપર મેહેર કરશોજ જુગ ધારીણી, જન્મથી ચર્ણમે પ્રોઇ પીધાં. તન. ૪.
એક છું એક તું અખંડ બ્રહ્માંડમાં, ગાઈ ને ગુણ હું થાઉં રાજી.
કરૂણાશંકર કેહે બીજા ન રાખતો, જીતી જો હારતો આજ બાજી. તન. ૫.

ધ્યાન ધર ધ્યાન ધર અંબિકા માતનું, જેને સુર મુની વર શીશ નામે.
ધ્યાન શીવજી ધરે વિષ્ણું સેવા કરે, માતનો પાર બ્રહ્મા ન પામે. ટેક.
આદ્ય બ્રહ્માણી રૂદ્રાણી માહાલક્ષ્મી, વેદ વિખ્યાત નવ ખંડ જાણી.
રિદ્ધસિદ્ધ દાયણીકાપે પાતક હણી, માત ત્રિભોવંનધણી અંબેરાણી. ધ્યા. ૧

આદ્ય જોગેશ્વરી માત ત્રિપુરેશ્વરી, આદ્ય માહેશ્વરી સુખદાઈ.
દાતા છે શક્તિ તું ભક્તને મુક્તિ દે, જાણી પોતા તણા લે નિભાવી.ધ્યા.૨
દુષ્ટ સંહારણી દૈત્ય દળ મારણી, ભક્ત જન તારણી અંબેમાતા.
દાસ અમૃતતંણી રાખ સાદ્યત ઘણી, બાળજાણી કરો શુખ શાતા.ધ્યા. ૩

દેશી ફેર.

જેમ તું રાખેરે આરાસુરી, તારે ભાવે રહીયે,
મનની વૃથા જાણો માતજી, મુખથી શું કહીયે. જેમ. ટેક.
માત તાત તું માહેરે, જળહળતો પારો;
તુજ વિના બીજુ કો નહી, જળહળતો પારો. જેમ. ૧
ઉત્તરે દેશ આરાસુરી, પુરવ મહાકાળી;
દક્ષણમાં દેવી અષ્ટભુજા, ગુજરાત બહુચરબાળી.જેમ.૨
ચારે દેશે તું વ્યાપી રહી, બ્રહ્માયે ન જાણી,
શીશી શોભા કહું માતની, શીવની પટરાણી. જેમ. ૩
ચંડ મુંડ તે મારીયાં, રક્ત બીજને રોળી;
સુરીનર મુનીવર એમ વદે,મારી માતાછે ભોળી. જેમ.૪
સહસ્ત્ર કળસ તારા નામના, વલ્લભ શીર છાજે;
જગ રેહ્યો કેમ વાપરે, અંબા માથે બીરાજે. જેમ. ૫

ઉપર પ્રમાણે.

બહુચર બાળા શેવીયે, સકળ સિદ્ધી આપે;
કરણી ભુંડી હોય કોયે, કૃપાદ્રષ્ટીયે કાપે. બહુ. ટેક.
પ્રેમે પુજો પ્રભાત મા, ધ્યાન ધરીને ધાપે;
મન રાખો જગત માત મા, ન દો જમને જવાપે. બહુ.૧
કીરતી શ્રમણે સુણી સદા, ગાયે ગરબા આલાપે;
જેરે જોઇયે તે જદા તદા, આપે વણ માપે. બહુ. ૨
દેવ દેવી દુનિયા વિશે, તે પોતાને પ્રતાપે;
બહુ બળ બહુચરનું દિશે, જે ઉથાપેને થાપે. બહુચર. ૩
જીવું જીવાડોને જસ કરી, ન જપુ મા વના જાપે;
વલ્લભને શીર બહુચરી, આખા વિશ્વમાં બાપે. બહુ. ૪

—※—

વલ્લભભટ વાણી.

પ્રભાતીયુ.

આસરો એક આધાર આરાસુરી, અવનીમાં આવીને સરવ જોવું.
મોટ મોટેરા તે માન મુકી કરી, આપ જોયાવિના આપ ખોવું. ટેક.
ધર થકી ધંન તે અંધ કીધો નહી, એણે ધંધે તો તે ધરમ જાયે;
નામ લેતા નવનિધ આવી મળે, નામ લેતા સરવ લાગે પાયે. આસ. ૧
કોડ પુરા કરી વહારમા બહુચરી, કુમતે કરી મે કાંઈ ન જાણ્યું;
માહાતમ તાહરૂ મંન જાણ્યાવિના, બળેકરી સાને સંકટતાણું. આસરો. ૨
હુંપદ ટાળીને તું પદ સેવતા, અઘ તણો સ્પર્શ નવ્ય અંગ લાગે;
જાગતી જોત તું જગતમાં અંબિકા, તુજવિના અવશ્ય કોણ જાગે. આ. ૩
બ્રહ્મ શિવ શક્ર તે ધ્યાન તારૂં ધરે, કોડ તેત્રિસ તે કોણ લેખે;
આદ્ય તું એક મંડાણ તું ઇશ્વરી, યોગ યોગેશ્વર એક દેખે. આસરો. ૪
પરમ પ્રીતે કરી સેવો સજ્જનપુરી, મંન ધરી માનજો મંન સાચુ;
સંસારમાં શીવ ને શક્ત સેવા વિના, સુકૃત કીધુ તેતો સરવ કાચુ. આ. ૫
કૃષ્ન તુ વિશ્નુ તુ નામ નારાયણી, આદ્ય તુ અંત તુ વિશ્વ વ્યાપી;
સ્થાવર જંગમ જગત સચરાચરે, સરવ દેવે મળી તુજને સ્થાપી. આ. ૬
લક્ષ ચોરાશી માહિજ માતા તમો, લક્ષ તન માંહિ તમો લક્ષ માંહી;
રાંકને ટાંક કરૂણા કરીયા તમો, વાહારે રહો ભટજીની બાહે સાહી. આ. ૭

આરાસુરમાં પંચતીરથી કરતી વખત ગાવાનો ગરબો.

માતુ આરાસુરના રાય રે, આઈ અંબીકારે મા. ટેક.
આરાસુરમાં બીરાજતીરે મા, સેવકને શરૂ છાજતીરે મા;
આસન બેઠી ગાજતારે મા, માજી તુંને દીઠે માહા સુખ થાયરે. આઈ. ૧
મંડપની રચના ઘણીરે મા, હીરા રત્ન જડ્યા મણીરે મા;
શોભા શ્રી સુરની ઘણીરે મા, માજી તુને દીઠે પાતીક જાયરે. આઈ. ૨
પુજા કરે મધ્યને સમેરે મા, કામ ક્રોધ મોહને દમેરે મા;
અંબાને મન તે ગમેરે મા, માજી તુને દીઠે મન લોભાયરે. આઈ. ૩
ગંગોદક નીરમળ ભરીરે મા, કરે પખાળ જુગતે કરીરે મા;
દુર થકી નાસે અરીરે મા, માજી તું કરૂણા કર કીરતારરે. આઈ. ૪

ચંદન પુષ્પ ચડાવતારે મા, મન માજીનુ લડાવતારે મા;
અબીલ ગુલાલ ઉડાવતારેમા, માજી તેનો સફળથાય અવતારરે. આઈ. ૫
જાઈ જુઈ ને માલતીરે મા, કીંકરીયો થઈ મહાલતીરે મા;
કંઠે શેર કરી ઘાલતીરે મા, માજી તુ નીરભે પદ દાતારરે. આઈ. ૬
બહુ જન પારે આવતારે મા, મેવા બહુ વિધ લાવતારે મા;
અંબા માને ધરાવતારે મા, માજી તેને ભવસાગર મધ્ય તારરે. આઈ. ૭
ધુપ દીપ નૈવેદ કર્યારે મા, નર નારી મોહે ભર્યારે મા;
પાંન પાત્ર મધે ધર્યારે મા, માજી તેને નવનિધ ઘણી આપરે. આઈ. ૮
ઘંટ વજાડી કરે આરતીરે મા, નર નારી મંન ધારતીરે મા;
તનમનધન સહુ વારતીરેમા, માજી તેના દુઃખદારિદ્ર બધ કાપરે. આ. ૯
સનમુખ રહી શીશ નામતારે મા, કોટી જન્મ દુઃખ વામતારે મા;
પુરણ પદવી પામતારે મા, માજીતેને પોતાનો કરી થાપરે. આઈ. ૧૦
હવન વેળા સહુ આવીનેરે મા, સપરિવારે સમજાવીનેરે મા;
પુજાપો બહુ લાવીનેરેમા, માજી ત્યાં બ્રાહ્મણ કરતા જાપરે. આઈ. ૧૧
કરે હવન ઘણા જાપથીરે મા, ટળે તનના તાપથીરે મા;
અંબા આપો આપથીરે મા, માજી તે જુગ સચરાચર જાણરે. આઈ. ૧૨
પુજા સર્વે સમરપતારે મા, શ્રીફળ ઘાટડીઓ અરપતારે મા;
બ્રહ્મ ભોજન કરી તરપતારે મા, માજી તે વેદ પુરાણેપ્રમાણરે. આઈ. ૧૩
પ્રદક્ષણા જઈ ને કરેરે મા, અંબામા મનમાં ધરેરે મા;
નવનિધ દ્વાર તેને રહેરે મા, માજીતું મુળ મહીમા મંડાણરે. આઈ. ૧૪
પંચતીરથી કરવા પળ્યારે મા, કોટીક કર્મ કુંડાં બળ્યારે મા;
સાજનસહુ સરવે મળ્યારે મા, માજીતું નિરમળપદ નિરવાણરે. આ. ૧૫
ગણપત ને શીશ નામશેરે મા, જનમ મરણ ભે વામશેરે મા;
ચારપદારથ પામશેરે મા, માજી તેને આપે પુત્ર ધનનારરે. આઈ. ૧૬
શિવ સનમુખ બેસે સહીરે મા, મોહ માયા મમતા વહીરે મા;
અલખનિરંજન એ કહીરે મા, માજીતારા સેવકને આધારરે. આઈ. ૧૭
ચાચર પુજા કીજીએરે મા, મન વાંછીત ફળ લીજીએરે મા;
અમ્રત રસ એ પીજીએરે મા, માજી તે કર્યું સકળ દેદારરે. આઈ. ૧૮
આદ્ય સ્થાનક વાસો વસ્યારે મા, દયા દિલ આણી ધસ્યારે મા;

આયુધઅંગે ધર્યા હસ્યારે મા, માજીતમે ઉતારો ભવપારરે. આઈ. ૧૯
વારોહી દીન વાળીયેરે મા, પાપ તે સકળ પ્રજાળીયેરે મા;
જોજો આંખ રસાળીયેરેમા, માજી તમે સૌનીરાખો લાજરે. આઈ. ૨૦
ભુતળ રેહે સહુ એ થકેરેમા, જો નમણ ચડાવે મસ્તકેરે માં;
સાખવખાણે પુસ્તકેરે મા, માજી તેને અંતે સ્વર્ગવિમાનરે. આઈ. ૨૧
ઉલટ મન સહુનાં થયારે મા. ત્રણ તાપ તન ના ગયારે મા;
અડસઠતીરથ અહી લહ્યારે મા, માજીનું સાચુ સત્ય દયાદાનરે. આઈ.૨૨
ચાચરે પુજીને આવતારે મા, આસા માજીની લાવતારે મા;
વાખ્ય સનમુખ પળાવતારે મા, માજી ત્યાં પુજન તારૂં થાયરે. આઈ. ૨૩
ભૈરવ પાયે લાગીયેરે મા, આળસ તજીને જાગીયેરે મા;
મનમાન્યું જઈ માર્ગીયેરે મા, માજી એવા ભૈરવ બાળેવેશરે. આઈ. ૨૪
માર કુંડ કહે મોહ થકીરે મા, અનેક સ્વરૂપ તે એકર્થીરે મા;
અંબામા બીજી નથીરેમા, માજી તારો પાર ન પામે શેશરે. આઈ. ૨૫
સિંધવાઈ સહુથી વડીરે મા, ધ્યાન ધરોને રૂદે ઘડીરે મા;
ક્ષણું એકરહો ઉભાં અડીરે મા, માજી સિદ્ધ શુભકરે ઉપદેશરે. આઈ. ૨૬
આદ્ય શક્તી એકછેરે મા, વાખ્ય તણી વીવેકછેરે મા;
વન તરૂ વર અનેકછેરે મા,માજી ભુતળ ન લે તારો ભેદરે. આઈ.૨૭
આનંદ ઉદે થયો અંગમારે મા, ચાલો જઇ એ સહુ સંગમારે મા;
મનરાખોજી શું ચંગમારે મા, માજી તેનું થાયે શુદ્ધ શરીરરે. આઈ. ૨૮
માન સરોવર એલહુંરે મા, ઇંદ્ર અમર આવે સહુરે મા;
ઉરવશીગાન કરે બહુરે મા, માજી તેનું નીરમળ દીસે નીરરે. આઈ. ૨૯
ઉભા તે મા સરોવર કનેરેમા, નાહાશે પોતે એકે મનરેમા;
શિવસહીત ચતુરાનનેરે મા, માજી એવું માનસરોવર તીરરે. આઈ. ૩૦
વાજાં વાજે છંદ મારે મા, મીઠાં મહા મન મંદ મારે મા;
જીવ રેહે છે આનંદમારે મા, માજી તમે દ્રઢતા રાખો ધીરરે. આઈ. ૩૧
નરે નારી બધ જાઈનેરે મા, આપો આપ ગમાઇનેરે મા;
શેવો આદ્ય અજાઇનેરે મા, માજી તમે મનની પુરો આશરે. આઈ. ૩૨
ગાજતે વાજતે આવિયારે મા, શોભા શકળ સજાવીયારે મા;
માજીને મન ભાવિયારે મા, માજી સહુ કરતા હાશ વિલાશરે. આઈ. ૩૩

દેવીએ દહીતને બહુ હણ્યારે મા, મારયો મહિશ તે નહી મણુરેમા
અમરઉદો મુખ્યથીભણ્યારે મા, માજીજય કાળઉડ્યો આકાશરે. આાદ્ય. ૩૪
સકળ તીરથ અહી વાશિયેરે મા, ભમવું નવ પડે કાશીએરે મા;
નરહો સહુમન રાશિયેરેમા, માજીતારો વાસોછે સરવ અક્ષંવરે. આાદ્ય. ૩૫
રાખો મન નીરમળ મતરિ મા, શેવો ત્રિભોવન નાપતરિ મા;
જો હોય કરમતણી રતારે મા, માજી સાચીશેવા અંબા શકત.રે. આાદ્ય. ૩૬
અંબા અંબા જે રટેરે મા, પ્રાયશ્ચિત પુરવ તણા ઘટેરે મા;
માજીને નિત્યે રટેરે મા, એછે સકળ કળા બધ્ય શકતરે. આાદ્ય. ૩૭
ગરબો ગાએ માનવીરે મા, શેહેને નહાશે જહાનવીરે મા;
દમે નહિ કોઈ દાનવીરે મા, માજી તરે નરનારી આરકતરે. આાદ્ય. ૩૮
સીએ સુણેને સાંભળેરે મા, ભવ સિંધુ ફેરોટળેરે મા;
અંબામા પોતે મળેરે મા, માજી તમે વદત્રભ દેજો ભકતરે. આાદ્ય. ૩૯

ગાગરનો ગરબો.

ચાલી ચાચરરે જૈયે, અરજી અલબેલીને કહીયે. ૧
અલબેલી તું મોરી માતા, જાણી નમીયા વેદ વિધાતા. ૨
ચાચર ગરબો રે ગાતા, હિંડે મારી બહુચરિયા મદમાતા. ૩
બાળી બહુચરિયા સંગે, રમતા ચાચર રૂડે રંગે. ૪
ગાતા થાંતારે રાતા. જોગણીયો સહુ એ સંગાતા. ૫
પુનમ પુરણરે ચંદ્ર, ઉગ્યો આણંદ સાગર કંદ. ૬
ગાગર શોભારે સારી, જુગતે અંબા જુગથી ન્યારી. ૭
શોભા સજ્ઞખન પુરની સારા, બેલ્યા કુરકુટ માડી મારી. ૮
પંખી મુખ બહુચરોયા બોલે, નહી કોઈ ત્રિભોવન ચાચર તોલે. ૯
ચાચર રૂડો રે માતા, તું છાશિવ સુતનારે વિધાના. ૧૦
ચાચર ગરબોરે ઘુમે, જોગણીયો સહુ લુમે જુમે. ૧૧
બોલ્યાં અંબારે વાણી, આદ્ય શક્ત તું માત ભવાંની. ૧૨
આવી અંબારે રંબા, મોટી માને ચાચર રમવા. ૧૩
ગરબો અક્ષત લઇને વધાવ્યો, અંબામાયે મુસ્તક ચડાવ્યો. ૧૪
ચાચર રચિયો રે ગરબો, ગુણ નિધિ સાગર જેહેવો ગરબો. ૧૫
ગરબો ગાતીરે અંબા, આવી યોગણી ચાચર રંબા. ૧૬

ગરબે દીવારે કીધો, વધાવી મુસ્તક માથે લીધો. ૧૭
ચાચર ઘુમેરે અંબા, આવી બહુચર ચાચર રંભા. ૧૮
જોડી અદભૂતરે સારી, લેજો શિવસુત માત વધાવી. ૧૯
રમ ઝમ નેપુર રે વાજે, તેનો શબ્દ ગગનમાં ગાજે. ૨૦
લે હંબોડારે વાળી, વાજે ઢોલ દદામા તાળી. ૨૧
ચળકે ચરણા રે ચોળી, ખળકે કંકણુ નાંખે મોરી. ૨૨
મુખની કાંત્તિરે ઝળકે, શ્રવણે રવિ શશી સરખા લળકે. ૨૩
ગાયે સહુ રસરે મેલી, જાણે દુધમાં સાકર ભેળી. ૨૪
જોગણી સહુ આવી ઉમંગે, રમતા ચાચરે રૂડે રંગે ૨૫
ગાયે યોગણીયો સહુ સંગે, વાજે તાલ મૃદંગ બહુ ઢંગે. ૨૬
કરેછે શિવ સુતરે વાણી, સુણજો સલખન પુરની રાણી. ૨૭
ભટ વલ્લભ માતાજી તારો, એવું જાણીને પાર ઉતારો. ૨૮
આંગી રચી આદ્યને અંગે, શ્રીફળ ચુંદડીયો સહુ સંગે. ૨૯
માતા થાતારે રાતા, ચાલી મંડપ માંહે જાતાં. ૩૦
પ્રથમ ગણપતિ દરશણ થાતા, જઈને માનસરોવરે નાતા. ૩૧
નિરમળ કાયારે કીધી, ત્યાંથી આંગી હાથમાં લીધી. ૩૨
ટાળો ભય ભવમાં રે ભમતા, જઈને આદ્ય સ્થાનકે નમતા. ૩૩
પુરૂષાધ આપે રે પળમાં, સાચું માનજો જો હોયે દલમાં. ૩૪
નારી નર કીધા એ ગોખે, બેઠી સલખનપુરમાં શોખે. ૩૫
શિવ સુતે તારા ગુણ ગાશે, ભવસાગર તરીને જાશે. ૩૬
અરજી મે તો માને કીધી, ક્ષણુ એકમાં મારી શુદ્ધ લીધી. ૩૭
કારજ માજી મારૂં કરજો, મારી અરજી ચિત્તમાં ધરજો. ૩૮
આશ રાખુછું રે તારી, કરજો કારજ માડી મારી. ૩૯
દરશણ બહુચરી મા દેજો, શેવક જનની તે શુદ્ધ લેજો. ૪૦
ચાચર ગરબો રે ગાયો, પાલવ અંબામાનો સાહ્યો. ૪૧
અરજી હાથે રે લીધી, દસ્કત કરી પાછી દીધી, ૪૨
અરજી મે ચાચરે ગાઈ, શુણજો સલખનપુરની આઈ. ૪૩
એવી શિવ સુતની રે વાણી, શુણજો આરાસુરની રાણી. ૪૪

આણંદનો ગરબો.

મારી અંબામા આણંદ ભરી, મા આરાસુરની રાયરે,
શોભા શી કહુ સ્વર્ગપુરીની, અકુળ કળા ન કળાયરે. મારી. ટેક.
વદન શરદમાં ચંદ્ર સમાણી, રદન અધીક વધાઇરે;
આનંદ કંદ જુગતમાં જાણી, અદભુત અંબા આઇરે. મારી. ૧
મા તું બ્રહ્માણી તું રૂદ્રાણી, વૈષ્ણવી છો આપરે;
પીઠ બ્રહ્માંડ અખંડ સમાણી, જાણી નીજ પરતાપરે. મારી. ૨
આસન ચાર ખુટ ચો ખાંને, સચરાચર સંસારરે;
ભક્ત સમરથ કરી પરમાણે, નોધારાનિ આધારરે. મારી. ૩
રાત દીવશમાં રહે રંગ રાતી, ગાતી ગાંન સુગંધરે;
માત સદા મધુપાંને માતી, નીશ દીન નવલે રંગરે. મારી. ૪
એક સમે ઉલટ મન અંબા, રમતા રમત રશાળરે;
કેહે બોલાવો ગૌરી અંબા, બહુચરને તતકાળરે. મારી. ૫
સમરંતા સલખનપુરી આવ્યા, ભાવે ભરીને ઉમંગરે;
બેન કહી અંબા એમ બોલ્યા, માલાત્રી સખીયો સંગરે. મારી. ૬
કાળી કોટરાને કામાક્ષી, કુંતાને કનકાઇરે;
અનપુરણાને આદ્ય અજાઇ, હરસીદ્દને સિંધવાઇરે. મારી. ૭
ભેટ્યા ભાવ ધરી ભગવતીયો, બવે પશાઇ બાલ્હરે;
પોગણી મળી જગતને જપતીયો, લળકે માંહો માંહ્યરે. મારી. ૮
સરવ સ્વરૂપ અનુપમ શક્તિયો, સુંદરે તાયે અથાગરે,
લાડ ઘેલી મળીછે લગ્તિયો, અંતરમાં અનુ રાગરે. મારી. ૯
કુંમ કુંમ કેશર આડ કપોળે, નયણે કાજળ રેખરે;
ત્રિપુરા મુખ ભરેચા તંબોળે, વરસે સુધા નિમેશરે. મારી. ૧૦
મણી માંણક નથ્ય નાકે નૌતમ, ગૌતમનુ તપ તેજરે;
બંન્યે બેનો મળી બધ્ય ઉત્તમ, જુગતે જોડા જોડરે. મારી. ૧૧
ઝળકે ઝાળ જુમણુ જળહળ, કંઠે કાવળ હારરે;
મણી માણક માંહે મુક્તાફળ, ઝાઝરનો જમકારરે. મારી, ૧૨
પુનરપી હાર પુષ્પના બેહેકે, પારી જાત મંદારરે;
વચે ચાંપાં ચોસર લહેકે, શોભે શુભ શણગારરે. મારી. ૧૩

ચાચર ચાલી કરે કર ઝાલી, મહાજી મન રંભાયરે;
વચમાં બેનો બે મત બાલી, બહુચરને અંબાયરે. મારી. ૧૪
કુંડ મળી કરી વળી કોડ, મોટે મંદીર દ્વારરે;
જનુની રહિ બધ્ય જોડા જોડ, હિડે ફરતા હારરે. મારી. ૧૫
બોલ્યાં બેહેનો બે બરદાળી, બહુચર અંબા સાથરે;
સક્તિ સહુ સરવ સંભાળી, તાળી લે સંગાથરે. મારી. ૧૬
ગાતાં ગાંન તાંન અનુમાને, સાને સમજી જાયરે;
માત નિત્ય સદા મધુ પાંને, સરવે સ્યામ ઉદાયરે. મારી. ૧૭
તાલ મરદંગ વેણા જંત્ર વાગે, સાજે સર્વ સમાત્રરે;
ખુંદે ખેલ કરી સમજાવે, ગાજે મધ્ય દરબારરે. મારી. ૧૮
રમતાં મન ગમતાં મન ભમતાં, ઠમકે પાયે પળાયરે;
ચરણે નેપુર રમઝમ વાગે, લટકે લંક વળાયરે. મારી. ૧૯
ખુંદે ખેલ ખાંત કરી ખાંતે, દાંતે ઘુંઘટ સાહિયે;
ભગવતી ભાવ દેખાડે ભ્રાંતે, પોતે પુરણ ડાહિરે. મારી. ૨૦
કડ કડાટ કરલે રસ ડંડા, તડતડાટ બધ્ય તાળરે;
ખડ ખડાટ હરતી થઈ રંભા, ગડગડાટ ધવ નાદરે. મારી. ૨૧
હંબોડા હરસિધ લે હરખી, કરી કોટડા જોડરે;
સખી ટોળે સહુ સરખા સરખી, હરખી હોડા હોડરે. મારી. ૨૨
ફુલી નખશીખ કરે ફુદડી, બહેન મળી બધ્ય ખેલરે;
ચળકે ચરણા ચોળી ચંદડી, વળી રંગની રેલરે. મારી. ૨૩
વરખે ચંદન પુષ્પ વિમાને, અંમર રહ્યા આકાશરે;
નીરખે નીજ જન ધરીને ધ્યાને, સમરે શ્વાસો શ્વાસરે. મારી. ૨૪
કરી વિલાસ આસને આવ્યાં, અલબેલી બેઠાં આઇરે;
શાક પાક બધ્ય મધ્ય મુકાવ્યાં, ભલી કરી ભુજાઇરે. મારી. ૨૫
રમ્યાં રાત નવ દસમી દીને, જમી જોગણીયો જાયરે;
પરસ્પરે કહે છે ધંન ધંને, વળિયાં માગી વદાયરે. મારી. ૨૬
ચડ્યાં રથ પંથે વળ્યા વાયુ વિધ, મગ્ન થયાં બધ મનરે;
નીજ જનને આપી નવનિધ સિધ, ઉતરીયાં આસનરે. મારી. ૨૭
ગરબો શીખે ગાયે સાંભળે, નર નારી વૃધ બાળરે;

પીંડ ધરી પર ઘેર નવ ભટકે, તેની અંબા લે સંભાળરે. મારી. ૨૮
આપે લક્ષ લાભ ધન ધાન્યે, દારા પુત્ર પરીવારરે;
માણસમાં ઘણું જીવે માન્યે, તેને અવશાને ઓધારરે. મારી. ૨૯
ભકત વછલ એ સદા ભવાંની, માગી મુની વદાયરે;
બીજા મત કરી કરે રખવાળી, મેહેરબાંની મહંમાયરે. મારી. ૩૦
શીવો શકત જકત નીજ જાતા, દાતા દુનિયાં માંહેરે;
ગુણ ગાતાં કરે મન માતા, રાતા રેહે જાહ ત્યાહરે. મારી. ૩૧
એક મને આરાધો ઇશ્વરી, સમરથ આપે સકતરે;
પુરણ પ્રેમ વના પરમેશ્વરી, ભગવતી આપે ભકતરે, મારી. ૩૨
એ રસ ઇશ્વરીએ નીપાવ્યો, ચાલી ચાચર માતરે;
મારકંડ રૂષી મુખ્ય કહેવડાવી, બાધા વિશ્વમાં વાતરે. મારી. ૩૩
અંબા બહુચર મા નહી અંતર, જે જન જાણે ભેદરે;
નર નારી રેહે નરક નીરંતર, તેને અધમ જાત કહે વેદરે. મારી. ૩૪
એ બે બેનો ગવાંણી જગતમાં, આપે ઇશ્વર તાહરે;
ગુણ ગાઇને જીવું જગતમાં, વલ્લભ વિપ્રા ભાહરે. મારી. ૩૫

સંકટના વધામણાનુ ગીત.

જેજે આરાસુરની રાંણી, માત ભવાનીરે; હુ અરજ કરૂ મન આંણી, માતભ-
વાનીરે. ૧ તમે આણંદે ઘેર આવો, માત ભવાનીરે, તમે સેવકને મન ભાવો,
માત ભવાનીરે. ૨ તારો સેવક થાય છે દુઃખીયો માતજી. તમે આવીને કરજો
સુખીયો, માતજી. ૩ તને નહિ વાહાલો નહી વેરી, માતજી. તુને દેવના પુજે
પેહેલી, માત ભવાનીરે. ૪

હુતો આઇને ચરણે લાગુ, માતજી. તારો દાસ થઇને માગુ માતજી. ૫
દાસ જાણીને દરસણ દેજો, માતજી. સેવકની ખબર લેજો. માતજી. ૬
દીન જોઇને દાસ તમારો, માતજી. આસરો છે અંબે તારો, માતજી. ૭
તારે હાથે ચુડલા ખળકે, માતજી. તારે કાને કળા ફુલ લળકે, માતજી. ૮
માંણેકના મુગટ ઝળકે, માતજી. વચે પાંનુ લીલુ ચળકે, માતજી. ૯
મોતીની પેહેરી વાળી, માતજી. સેવકને લો સંભાળી, માતજી. ૧૦
તારે દ્વારે ના મળે તાળુ, માતજી. તે પેહેર્યાં દક્ષણી સાળુ, માતજી. ૧૧

ગુરૂંબા આવે ચાચરે, માતજી. આવે છે સહુએ જાતરે, માતજી. ૧૨
દુઃખીયાના દુઃખજ ભાગો, માતજી. દ્વારે આવે છે જન લાખો, માતજી. ૧૩
દુનિયામા ડંકો તારો, માતજી. હાત્રાં અંબે સુખ સારો, માતજી. ૧૪
તારે પારે હવન થાય, માતજી. ત્યાં માનુની મંગળ ગાય, માતજી. ૧૫
ચુદડી શ્રીફળ હોમાય, માતજી. ત્યાં વેદની ધુન્ય મચાય, માતજી. ૧૬
અંબામા મંગળ કરીયે, માતજી. તારો ગુણ અંતર વરીયે. માતજી. ૧૭
મહેરબાની કરીયે માત, માતજી. સુખીયાં સહુએ જન થાય, માતજી. ૧૮
તારો આરાસુરમાં વાસ, માતજી. કહે વલ્લભ ધોળાદાસ, માતજી. ૧૯
આ વલ્લભ કેરી વાણી, માતજી. સુણજો આરાસુર રાંણી, માતજી. ૨૦

ગરબી.

અલબેલીરે અંબેમાત, દરસણ કરવાને.
માનો જોવા સરખો ચોક, ચાચર ફરવાને. ટેક.
ચાચર ફરીયે દુઃખડા હરીયે, માના ગુણજા ગાઈયેરે;
અંબા માનુ નામ સમરતા, ઘણાજ સુખીયા થાયે. દરશણ. ૧
આઇ અજાઈ ગણપતી ભૈરવ, ત્યાં બેઠા હરસિધરે;
પંચ તીરથોની પુજા કરતા, પામે છે નવનિધ. દરશણ. ૨
ત્રણ ગાઉ તીરથ છે મોટું, કોટેશ્વર કૈલાસરે;
સરસ્વતીમાં સ્નાનજ કરતા, થાયે પાતીક નાશ. દરશણ. ૩
વિમળશી ધન પારજ પામ્યો, જાતે શ્રાવક એડારે;
ત્રણ ડગલાં માનુ નામ દે ખોદતા, નાંકળી સોનાની કઢા. દરશણ. ૪
પંચ તીરથીની પુજા કરતાં, દેહના દુઃખડાં વાંમેરે;
ભટ વલ્લભ કહે ભગવતી સેવતા. પુરણ પદવી પામે. દરશણ. ૫

છંદ.

જેજે આરાસુરની રાંણી, તારી અકળ કળા ન કળાણી;
સાચી બહુચરા ભવાંની. જેજે આરાસુરની રાંણી. ટેક.
માને મુનીવરે જાણી સાચી, ધ્યાન ધરો મન જાણી.
ભકત વચ્છલની બાંહ તાણી, આરાસુરમાં આણી. જેજે. ૧
શુક સનકાદિક નારદ કેહેછે, શકિતયો સહુ રંગ રમે છે;
ગાંન તાંન અનુમાન કરીને, શાને સમજી રેહે છે. જેજે.

આચર કુંડે ચાહી રહ્યા છો, નૌતમ ગરબા ગાઈ;
અંબા સંગે બની બેનડી, હરસીધને સિંધવાઈ. જેજે, ૩
અંબા બહુચર બની બેલડું, અલાપે કુંતાઆઈ;
કાલી કોટરા રંગભેર રમતાં, મધ્ય બની કનકાઈ. જેજે. ૪
તાલ પખાજ વેણા જંત્ર વાજે, ભેર ભુંગળ ઝાંઝર ડફ બાજે;
પંચ શબ્દ મળી ગગને ગાજે, ભળી મળી રૂપ સોહાવે. જેજે. ૫
નવ દાહાડા રસ રમી જોગણી, ભાંખે મુખ અમૃત વાણી.
ખાંત પાંત અનુમાન કરીને. વલ્લભ જસ ગુણ જાણી. જેજે. ૬

ગરબો.

નવરાત્રીનો.

આરાસુરની અંબામા ગરબે રમે જો, રમકે જમકે માજી ચાચર માંહજો.
ધણણ ધમકે પાયે ઘુઘરા જો, માઠણણણ ઠમકે પાયે પળાયજો. આરા. ટેક. ૧
નવ દુરગા મળીછે નવરાતમાં જો, જોગ જોગણી કેરા સાથજો;
આવી ઉભી ચાચર પ્રભાતમાં જો, માંહે માંહ કરતી હીડે વાત જો. આ. ૨
આજ આરાસુર મળી જોગણી જો, એક એકથી અધીક મલકાય જો;
રીજ્યા ચાચર માહિ સહુ જોગણી જો, કરતી હીડે કુશળ તણી વાતજો. આ. ૩
ચંડી ચામુંડા ચોશઠ જોગણી જો, કળી કંદ્રપને કન કાઈ જો;
તુળજા હીંગળાજ ભાવે ભોગણી જો, આગળ ત્રિપુરાને તું કાંઈ જો. આ. ૪
આશાપુરી અનપુરણા અન્નેશ્વરી જો, બહુચર બાળાને ત્રિપુરાય જો;
માહાલક્ષ્મીને ભુવનેશ્વરી જો, સંગે વૈશ્નવીને ઉમીયાય જો. આરા. ૫
વિધાતાને સંગેછે વિશ્વેશ્વરી જો, અમરેશ્વરી અંબા સંગાથ જો;
બીજી બેનો આવી આનંદ ભરી જો, સંગે આવ્યા સહુ ચાચર માહેજો. આ. ૬
અંબા રંબા ચાચર ચાલતા જો, બેનો મળીને લાડતા જાય જો.
મળી જોગણી તે મન ભાવતા જો, કહે ચાલો સહુ ચાચર માહેજો. આ. ૭
મંડપ આવ્યા ચરણ ચલાવતાં જો, મલકે માહે માહે મન જો;
આવી જોગણીયો માને લાડતાં જો, કેહેછે બેસો બેની આસંન જો. આ. ૮
બેઠા મંડપ માહે સહુ જોગણી જો, દીઠો કંદ્રપ કળા તણી તંન જો;
માતા મદભરી આસેગણી જો, જોગણીયોના મનાવ્યા મન જો. આરા. ૯

ઉઠ્યા મદ આરોગી અમરેશ્વરી જો, ભાવે મીઠાઈ બહુ પકવાંન જો;
કરી ચાચર આવ્યા ચતુરેશ્વરી જો, આચમન કરી સહુએ ખાધાં પાંનજો. આ.૧૦
મુખવાસ વાસ કર્યો ઇશ્વરી જો, આરતી લાવી સારી મા મંન જો;
મણી મુક્તાયે વધાવે પરમેશ્વરી જો, આરતી કરતા આવ્યાં વિવિધ તાંનજો. આ.૧૧
શોળ શણગારે ચાચર આવિયાં જો, સૌએ પહેર્યા ચરણા ચોળી ચીરજો;
રાતાં અંમર અંગે મા ધરાવિયાં જો, જોગણીયોએ પહેર્યા નૌતમ ચીરજો. આ.૧૨
પેહરી ઘેરી લહેરો ચાચરમાં વળ્યાં જો, જાંણે સાગર સરિતા ભાળ્યા ત્યાંહજો;
મધુરી વાંણી અંબા ઓચર્યા જો, ગાતાં જતાં રાતાં મંડપ માંહજો. આ.૧૩
ગગન મંડળની કરી ગાગરી જો, સુંદર શશીયન્ત્ર હરખાય જો;
તે ગાગર અંબાયે મુસ્તક ધરી જો, ગાગરને તેજે રવિ ઢંકાય જો. આ. ૧૪
સુનાનો ગરબો માયે ધડાવિયો જો, પુષ્પાક્ષત મોતિયે વધાય જો;
ગરબો જોગણીને મન ભાવિયો જો, ગાવા માંડ્યો ચાચરે માંહ્ય જો. આ. ૧૫
ગાગરે સમે જુમે ગુમે જોગણી જો, ફરે ફુંદડી કુંદે ખુંદે ખેલજો;
નાનારંગની હોડી સહુયે ચુંદડી જો, વાજાં વાગે મૃદંગને તાળજો. આરા. ૧૬
વેણા બહુ વિધ નારદ ગાયછે જો, મુખથી અંબા ઉદો કહેવાય જો;
બીજી જોગણી મળીને ધાયછે જો, કાળી બહુચર મળીને ગાય જો. આ. ૧૭
હીંડે હંમોડા બે હાથે કરી જો, ખરૂ થઇછે બરોબર ત્યાંહ જો;
ગાય વાય ગુણ સહુ શિરોમણી જો, હેવો ખેળ મચ્યો ચાચર માંહેજો. આ.૧૮
સુર મળ્યા સહુ અમર સંગમાં જો, પુષ્પ વરસે અતી ત્યાં હરોડ જો;
અંત્રીક્ષથી હરખેછે દેવાંગના જો, હરખી નરખી રેહ્યા તેત્રિશક્રોડ જો. આ.૧૯
રમી વળ્યાં નવ દુરગા નવરાતમાં જો, ઉત્તમ દીવશ આશોમાસ જો;
વિજીયાદશમીયે ઉલ્લાસમાં જો, રમતાં જમતાં કરતાં હાસ્ય જો. આ. ૨૦
બાઇ વાઇ ડાહી સહુ જોગણી જો, અરસ પરસથી રીઝ્યાં મા મન જો;
મળી વિદાય થયા શિરોમણી જો, વળતા અંબા દેછે સહુને માન જો. આ.૨૧
માન દઇ માતા મંદિર આવિયાં જો, અંબા વધાવ્યાં મણી મુક્તાય જો;
આવો ગરબો અંબા મન ભાવિયાં જો, વસ્ત્ર પહેર્યા મા તન મન ઢંકાયજો. આ.૨૨
ગરબો ગાતા અંબા સિદ્ધ મળે જો, ભવસાગર સાંભળતાં તરે જન પ્રાંણજો.
જોગમાં જોગણીયો નિશ્ચે મળે જો, શિવસુતને આપી અમ્રત વાંણજો. આ. ૨૩
હુંતો વલ્લભ મા ચરણ પ્રતાપથી જો, ગુણ ગાઈ રાખુછું તારી આશ જો;

પાલવ સાહ્યો મા પ્રતાપથી જો, જુગમાં જીવુ તારે વિશ્વાસ જો. આ. ૨૪
મારૂ મન રહ્યું અંબા બાહમાં જો, જાગતે વાગતે અંબા પાલવ સાહિજો;
ખોજો ધોજોપાપ માનશરોવરે નાહિનેજો,હુવસુધ્ધુ શિવસુતના ઘરમાંહિજો. આ૨૫

રાગ સોહણી.

સમરૂં સદા ભરપુર, સુખની આપો ઘડીરે મા. સમરૂં. ટેક.
આરાસુરમાં અંબાબીરાજે, મલપતી આવે મોરી માત.
વાહન વાઘે ચડીરે મા. સમરૂં. ૧
જગમગ જોત જડાવની ઝળકે, મા કોટી શશિનું તેજ;
મણી મુક્તાએ જડીરે મા. સમરૂં. ૨
તુજ મુખ જોવા મૈયા, મારૂં મન હરખે, દરશનના મુને કોડ;
જોવાની ટેવ પડીરે મા. સમરૂં. ૩
કેહે વલ્લભ સુર્લભ કરી વિનવું મા, વિધી આપોને બહુ તોલ;
નયણાં ભરી ભરીરે મા. સમરૂં ૪

રાગ કાફી.

શરણે આયેકી રાખો લાજ, મૈયા તોરે શરણે આયેકી રાખો લાજ. ટેક. વણીક વિમળશીને રાજ કરાવ્યું મા, જુગવાણી વિખ્યાત. હો મૈયા તોરે શરણે. ૧ ભાવે કુભાવે જનુનીને શેવો, તેના સરીયાં કાજ, હો મૈયા તોરે શરણે. ૨ દાસ વલ્લભભટ કેહે કરજોડી, મેહેર કરો માહારાજ.હો મૈયા તોરે શરણે

દલપતકવીની વાણી.

ગણપતિનો ગરબો.

સમરંતા સુખ પામીયેને, સાહ્ય કરે સુંઢાળોરે,
દરશણે દુઃખ વામીયેને, મોટો દેવ દુંડાળોરે. ૧
પેહેરણ એને કંચુકીને, માથે સુંદીર ખુંપરે;
સિંદુર અંગે શોભતુંને, એ છે આનંદ રૂપરે. ૨
ચાર ભુજાનો દેવતાને, ગોરિનો ગજદંતરે;
સુરપતિ શેવા કરેને, મહિમા છે અત્યંતરે. ૩
કટી સોહીયે કટી મેખલાને, ઘુઘરીયો બેઉ ચર્ણરે;
બાંહે બાજુ બંધ બેરખાને, કુંડળ લળકે કર્ણરે. ૪

યજ્ઞો પવિત્ર સર્પનુંને, શેવંત્રાનો હારરે,
ઊંદર એને ખેલવાને, મોદિકનો છે અહારરે. ૫
ડાબા હાથમાં કમળ ફુલને, જમણા હાથમાં ફરશીરે;
કરકમંડળ ધેરખાને, રેહે છે અમી વરશીરે. ૬
એવા ગણપતિ પુજીએ ને, શંભુ જેના તાતરે;
મન વાંછીત ફળ પામીએ ને, ઉમીયા એની માતરે. ૭
સુધ્ધ બુદ્ધ બે નારીયોને, સ્વામી કાંતિક ભાઈરે.
રિદ્ધ સિદ્ધ બે કુંવરીયોને, તેમ કુશળ જમાઈરે. ૮
લક્ષ લાભ બે દીકરાને, એવું તો ઘરે સુત્રરે.
સાચે મંને શેવજી, એ છે પારવતીના પુત્રરે. ૯
નામ લેતા સિદ્ધ પામીયેને, છે શિવનુ વરદાનરે.
નિત્ય ઉઠી શિશ નામીયે, તો પામીએ બહુ સંતાનરે. ૧૦
સાંભળજો સહુ માનવી તમે, એટલું કહ્યું કરજોરે.
ગરબો આ ગણેશનો તમે, આગળથી ઓચરજોરે. ૧૧
ગાશે સુણશે ભાવશુને, તેના કારજ શરશેરે.
ગાતા પેહેલા મંન ભાવશુને, વિન વધેહર વરસેરે. ૧૨
સંવત સત્તર છાશિયોને, ઉત્તમ આશો માસરે.
નવરાત્રીની પંચમી, ગુણ ગાયે દલપતદાશરે. ૧૩
માગુ મનથી એટલુ જે, પોચે મનની આશરે.
સુખ સંસારના ભોગવેને, અંતે સ્વર્ગ નિવાશરે. ૧૪

અજાઈ માતાનો ગરબો, મંદીર આગળ કળસ મુકીને ગાવાનો છે.

માન સરોવર તીરે માતા, અજાવડી કહીયેરે મા.
તેનું દરશણ કીધે સહુ કો, સુખીયાં થઈએરે મા. ૧
અંબાની જેવડા બેન તે, જઈ બેઠી વન માંહ્યરે મા.
અજાબ્યમાને વૈભવ ન ગમે. અતિ આનંદ મન માંહેરે મા. ૨
ચોસઠ જોગણી ડામા જમણી, બેઠી માના પાસરે મા;
આદ્ય શક્તિ છે અજાવડીને, પુરણ જોત્ય પ્રકાશરે મા. ૩
સઘળી દેવ્યા માનિરે લોની, નહીં કોની પરમાવરે મા;

જેને સેવે સંકટ નવ પામે, તેને શેવા નીત્યરે મા. ૪
તળાવના જળ ભરી તુંમડાં, તે વાડીનાં ફુલરે મા;
કુમ કુમ અક્ષત લેઇને પુજે, મહિમા અધીક તુલ્યરે મા. ૫
અજાબ્ય પુજે અંબા પરસન, તેમાં નહી સંદેહરે મા;
વાટ ઘાટમાં સુખીયા રાખે, કોઇને નવ દે છેહરે મા. ૬
કર્મ કછોટો કર આયુધ લઈ, બેઠી દૈત્યહણેરે મા;
નયણે માને અમી ઝરેને, નિરખે ભકત ભણેરે મા. ૭
અજાબ્ય તળેથી માટી ચોળે, સઘળા રોગ હણેરે મા;
જનમ જનમના પ્રાશ્ચિત જાયે, વાણી વેદ ભણેરે મા. ૮
વૈભવ નહી પણ પારો પ્રત્યક્ષ. જાણે સુરી નર લોકરે મા;
એ બે એનો મા ભેદ ગણે કાંઈ, તેનું જીવતર ફોકરે મા. ૯
અજાવડીનો ગરબો જે કોઈ, ગાયે ભાવ ધરીરે મા;
સુખ સંપત પામે ઘણું, ભવસાગર જાયે તરીરે મા. ૧૦
સંવત્ત સત્તર ચોરાશીના, ભાદરવા શુદ બીજરે મા;
રવિવારે એ પારે દલપત, ગાય મનની રીઝરે મા. ૧૧
સાભળતા સુખ શાહતા થાયે, જાય તનના તાપરે મા;
મારી બુદ્ધિ પરમાણે બોલુ, અંબાનો પરતાપરે મા. ૧૨

ગરબો.

પ્રથમ ગણપતિને લાગું પાય કે, ધન અંબાલાલરે;
મુંને સરસ્વતી થાજો સાહ કે, ધન અંબાલાલરે;
મારો ગરબો રૂડો થાય કે, ધન અંબાલાલરે;
માના ચાચર વચે ગવાયે કે, ધન. ગરબો સાત સોનાનો કોરાવ્યો કે. ધન.
અંબામાએ મોતીડે વધાવ્યોકે, ધન. ઉઢાણી રતન જડાવી કે. ધન.
દીવેટો તેવા સુતરની સોહાયે કે. ધન, સુરીનર મુની વરના મન મોહીયેકે.ધન
ગરબો આરા સુરીએ અજવાળ્યો કે. ધન. સ્વર્ગ ભાવનથી ઇંદ્ર બાળ્યોકે.ધન
જોગણીઓ ચોસઠ મળી જોવા કે. ધન. રંભા સજથઇ અંગસમારીકે. ધન.
ફુલેલ ભરાવી વાળ્યા અંબોડાકે, ધન. કાજળ સિંદુર તે કેસ સમારીકે. ધન.
હોડી જુજવા રંગની સાડીકે. ધન. ચણીયા અતલશના ભાતભાતકે. ધન.
રૂમઝુમ ઘુઘરા પાએ વાજેકે. ધન. રંગે ગરબો ગાયેને પાડે તાળીકે. ધન.

જીણાં વાજાં વાજે પછવાડેકે. ધન. દુધ કડ્યાને સાકરો ભેળીકે. ધન. કંઠ ન બેસે ને ગાયે રસતાળીકે. ધન. ગાતા આના સખીને પડ્યો વાદકે. ધન. સ્વર્ગ ભોવનથી સુણ્યો નાદકે. ધન. જોવા આવ્યા ઇંદ્રને ઇંદ્રાણીરે કે. ધન. દેવતા સર્વે મળીને જોવા આવ્યાકે. ધન. હારેડા પુષ્પ તણા બહુ લાવ્યાકે. ધન. બ્રહ્મા આવ્યા બ્રહ્માણી સંગેકે. ધન. સુરજ આવ્યા તે રાણી રાંદલસાથેકે. ધન. રોહીણી જોવા આવ્યા ચંદ્રસાથેકે. ધન. પાતાળની નાગણી મળી આવીકે. ધન. રંભાતાણી લીધી રૂપે રૂડી ભાળીકે. ધન. શિવ આવ્યા ઉમિયાં અડધાંગેકે. ધન. ગંગા જોવા આવ્યાતે મેલી કાશીકે ધન. રૂષી ત્યાં હવનકરેને હોમે ખીરકે. ધન. કુવચે કવચે કસબી ચીરકે. ધન. શ્રીફળ હોમેને અગર ચંદનકે. ધન. સર્વ બ્રાહ્મણી કરેછે લક્ષ્મી હવનકે. ધન. પુરણાહુતી કરી પાવલે લાગ્યાકે. ધન. ચોસઠ જોગણી મળી કષ્ટ ભાગ્યાકે. ધન. નવાપાક નીપજાવ્યા ભાત ભાતકે. ધન. થાળ ચોસઠ જોગણીની પુરાવીકે, ધન. વચે અંબે આરાસુરી આવીકે. ધન. જાણી આરોગે એક સઘળા વીરકે. ધન. આરોગે ભૈરવ પોતે વીર કે. ધન. સરસ્વતી આરોગે કુવારી કે. ધન. બટુક હનમાંન બાળ બ્રહ્મચારી કે. ધન. રૂષી આરોગી ઉઠ્યા તે રૂડુ લાગે કે. ધન. બ્રહ્મા વિસ્નુ શિવનુ મન હોસેકે. ધન. પોતે આરોગ્યા નીમ ભય મેલીકે ધન. થાયે અન્ન તણી ત્યાં હેલી કે. ધન. આપ્યાં પાન બીડાં લવીંગ સોપારી કે, ધન. માજી તું જેવી છાં તેવી રહેજે પ્રસન કે. ધન. શીખે સુણે ગાય ગવરાવે કે. ધન. ગરબો સંપુરણ થયો છે સુભકારી કે. ધન. દાસ દલપત જાવું બલીહારી કે ધન.

ગરબો સંકટનો આણુંદના ગરબાની દેશી.

પુજુ ગણપતીના પાય, શુદ્ધ બુદ્ધના સ્વામી મા.
શમરૂ સારદા માય, ગુણ ગાઉ શીરનામી મા. ૧
હો અંબે મેરીમાય, આરાસુરે રાણી મા.
સાંભળજો વિખ્યાત, કર્મ તણી કાહાણી મા. ૨
કળજુગને મહિમાય, પાપ ઘણું થાયે મા.
કરમ ધરમ લોપાય, પરજા પીલાયે મા. ૩
અધીપતી એવા રાવ, તે કેમ નિપજાવ્યો મા.
કાળજ કરડી ખાય, હરિ લે છે માયો મા. ૪

એને કેમ કહું ભુપ, રૈયતને પીડે મા.
એતો કાળ સ્વરૂપ, સરવસ્ત લુટી લે મા. ૫
કોળી લુટે રાત, દીવસે એ પાપી મા.
વેરો લે વિક્ષાત, સહુ થાક્યા આપી મા. ૬
હાકેમે વાળ્યો દાટ, આતુર માસમા મા.
નીમ છે મહીના આઠ, નાસા નાસવા મા. ૭
તેને આપી ચોથ, સહુ રાખે રાજી મા.
ન પડે કેની ઓથ, નહી કો મરદ ગાજી મા. ૮
કો નવ માને હાક, સહુ બળીયા બાથી મા.
કંથે વાહાડ્યુ નાક, લઈ ચાલ્યો હાથી મા. ૯
તરણાવત તરવાર, સહુ હેની માને મા.
એ સઘળે પામ્યો હાર, કવિ કેમ વીખાણે મા. ૧૦
લુટાણું ગુજરાત, એ સુબો થાપે મા.
લીન આવે વરસાદ, રહીતેને પાપે મા. ૧૧
રૈયતને શીર વેઠ, તેતો કપુર ગયો મા.
જાણી પાડી વેઠ, તે નીર ગુણ થયો મા. ૧૨
કોઇની સુણે નહી વાત, મંનમાં ગરવ ઘણો મા.
જાત વિના નહીં ભાન, છે વછીયાત તડમા મા. ૧૩
મેહેલ્યા સહુ રોજગારે, ચાડીને ચસકે મા.
ભેળું માણસ બજાર, કો નવ હિંડી શકે મા. ૧૪
માહો માંહે બહુ ખાર, પકડાવે વેરે મા.
મારે મોહોકમ માર, ચોરતણી પેરે મા. ૧૫
સીઠી ચોદશ થાય, નવ પુછે કોહોની મા.
નાણાં નગદ લેવાય, પછે અવધ મોની મા. ૧૬
કોડી નવ ખરે ચાય, હાકેમને ત્રાસે મા.
અવગતિયાં મંન થાય, રેહે મંન નિરાશે મા. ૧૭
કોઈ નર નાશી જાય, એ હરેકત ભાંગા મા.
તેનાં ઘર ખોદાય, પુઠળ થઈ લાગ્યાં મા. ૧૮
બહુ ધાતુ પાત્ર વેચાય, તે અડધે મુલે મા.

થર થર ધ્રુજે કાય, હાકેમને હુલ્લે મા. ૧૯
લેછે સરવની જગાત, મહારાજા આવ્યો મા.
બમણી લીધી મુલાખાત, એ હાકેમ કાહાવ્યો મા. ૨૦
બારે ભાગોળ બંધ, ઉઘાડી બારી મા;
નીત્ય નગરમાં ધંધ, કલ્પે નર નારી મા. ૨૧
એતો અહીંયા રીત, લેડગલે ડગલે મા;
એ ભર્યા છે વીપરીત, મુલકમાં સઘળે મા. ૨૨
આવણકેરો સાથ, તુજ શરણે આવ્યો મા;
પડ્યો ક માણસ હાથ, તે કેમ લુટાવ્યો મા. ૨૩
વિસનગરનો દૈત, આડ આંતરીયો મા;
બગડી તેની નૈયત, તેતો અધરેમ કર્યો મા. ૨૪
હાટકેશ્વરનું તેજ, તે તુજને માને મા;
ઘણું અઘટતુ એજ, પડ્યા બંધી ખાને મા. ૨૫
અઘટતું કેમ ઘટાય, જે જંન વિશ્વાસે મા;
ઘટશે તુંજ મહિમાય, સહુ કરશે હાંશી મા. ૨૬
ધોંસો મારશે લોક, નવ કીધી સાહે મા;
નવરા નાગર લોક, અંબાવે જાયે મા. ૨૭
ભંડારા બહુ થાય, લાડુ દુધ પાકે મા;
એલડધા નિત્યે જાય, એ લાલચ માટે મા. ૨૮
જે વરશાંતીયા વિખ્યાત, આવે શીર શાટે મા;
એમ વાંકી બોલશે વાત, તે નર નહી ખાંટે મા. ૨૯
મારી અંબા છોડાવો આજ, નાગરી નાતને મા;
છે બાંહ્યગ્રહ્યાની લાજ, આરાસુરી માતને મા. ૩૦
ઉગ્યો સઘળે સુર, સ્વર્ગ પતી પોતે મા;
દુષ્ટને કહાડો દુર, આદ્રષ્ટે જોતે મા. ૩૧
તે માર્યા છે દૈત, મહિષાસુર સરખા મા;
વરત્યો જેજે કાર, દેવ સરવે હરખ્યા મા. ૩૨
એ પાપી કોણજ માત્ર, તરણવત તાહારે મા;
બાગો એના ગાત્ર, નાખોની છારે મા. ૩૩

મોકલ તારો મીત્ર, મારી કરે કટકા મા;
શોણીત ચાલે શરીર, રંગ તણા ચટકા મા. ૩૪
મુસકે બાધી માર, ચઉટા વચે મારે મા;
દુકમનો કરનાર, તુ વિના નહિ હારે મા. ૩૫
જે ઘેર અંબાનું ધ્યાન, તે કેમ દંડાશે મા;
હજો તેના દીવાન, જીવતા કેમ જાસે મા. ૩૬
ત્રિભોવન તારૂ તેજ, તુ સઘળે વ્યાપિ મા;
કરૂ વીનતી એજ, રહિ ન શકે પાપી મા. ૩૭
હસ્તીના પુર ઉદ્યોત, જેવું ક્રમ પામે મા;
તુછાં જાગતી જોત, નિંદા કરે સાંમે મા. ૩૮
સુણી સેવકની વાત, આસનથી ઉઠ્યાં મા;
મુકીને મરજાદ, અંબાજી ત્રુઠ્યા મા. ૩૯
રાંણી જાયો રજપુત,* વિસનગર આવ્યો મા;
પકડ્યો પાપી દુષ્ટ, વિપ્રને છોડાવ્યા મા. ૪૦
બ્રાહ્મણ આવ્યા ઘેર, સહુ કારજ સીધુ મા;
આઇજીએ કીધી મહેર, મન મારૂ રીઝ્યું મા. ૪૧
અણ વીસવાસી લોક, કો નવ લે ગત ને મા;
આપત નાંણાં રોક, મેલી હીંમતને મા. ૪૨
મુકાવ્યા અંબાવ, તે ફાસુ છોડી મા;
બ્રાહ્મણ આવ્યા ઘેર, નવ બેડી કોડી મા. ૪૩
જેમ કીધુ આ કાજ, તેમ અહીંયાં આવો મા;
દેશપતી માહારાજ, સંગાથે લાવો મા. ૪૪
આવ્યા નગર મોજાર, રાજાને તેડી મા;
સહુને થયો આધાર, ચીંતા સહુ ફેડી મા. ૪૫
આસંગમા રંગભેર, સહુ ગરબાગાસે મા;

*દાંતાના રાંણા માનસીંગજીના બાપ નાગરોને બંધીખાંનાંમાંથી છોડાવ્યા, ને માજીની જાત્રા કરાવી. વાસ્તે એક કોડી દાણ લીધુ નહી ને તેડીગયા. માટે અસલથી નાગરોનુ દાણ લેવાતુ નથી.ને દુષ્ટને મારી જસ લીધો.

અંબા ઘેરે ઘેર, નિત ઓછવ થાસે મા. ૪૬
માહારાજા અધીપત, મન ગમતો આવ્યો મા;
ઉતર્યો જે નદીપાર, મન મહારે ભાવ્યો મા. ૪૭
તે વારે દુષ્ટ થયો અસવાર, મોરચે રહ્યો થંભી મા;
ચડ્યો કરીને કોપ, મહારાજા સામી મા. ૪૮
માર્યા મુસદી ચાર, મોરચો ભંગ કીધો મા;
પાપીની પડી હાર, પછી લુટી લીધો મા. ૪૯
સલા કરી જેમ તેમ, તેણે કારજ સીધ્યું મા;
(પછી) નીસાસો પામી દુષ્ટ, શેહેર કબજ કીધું મા. ૫૦
સઘળે ચોકી થાય, કાંઇ ન પડે ડાઘો મા;
મહા મોટા મહારાજ, સઘળે થયો શાબ્બોરે મા. ૫૧
ભલો ભલો કહેવાય, શેહેરની પુરતમા મા;
દાખલ થયો અધિપત્ય, ઉત્તમ મહુરતમા મા. ૫૨
મહારાજા અધિપત્ય, જોડ ઘણી ભાવે મા;
એની આશા પુરે શકત, ભેદ કશો ન લાવે મા. ૫૩
આનંદ થયો સહુ જન, સઉ સુખે ગાવે મા;
ઉઘડ્યાં કોટીક દ્વાર, દીપક ઓછવ થાયે મા. ૫૪
આજ વાધ્યો મહિમાય, આગળ જશ થાશે મા;
લખશે એહ કવીત, અવિગતે વંચાશે મા. ૫૫
કહેછે દલપત દાસ, મા સનમુખ ભાળો મા;
પુરો મનની આશ, દેહ દુરબળ ટાળો મા. ૫૬

નહાના કવીની વાણી નાગર હતો.

પંચતિરથી કરતી વેળાયે પ્રથમ ગણપતી આગળ ગાવાનો
ગરબો.

આઇ આશા પુરો અંબિકા. ટેક.
શેવા શેવા અંબે આરાસુરી, માની ચાકરી ચોકી કરી;
માના દરશણથી ચેતા ટળી, આઇ આ. ૧
પ્રથમ ગણપતી દરશણ કીજીયે, રિધ સિધ માગીને લીજીયે,

માને મ્હેલે હાથા દીજીયે. આઇ આ. ૨
માનુ ચાચરે અતિ રળીઆમણુ, શોભા તે શીશી વર્ણવું;
માને દુરથકી દેખી નમુ. આઇ આ. ૩
વાવનાં તે નીરમળ નીરછે, ચાચરે એચર વીર છે;
ત્યાં ભૈરવો રણધીર છે. આઇ આ. ૪
માનુ માન સરોવર સારૂછે, ત્યાં અજાબ્ય દરશણ જાવુછે;
માના પારા મધે જઇ ગાવુંછે. આઇ આ. ૫
માના વાંઘ્ર ગૌધન સિંહચરે, એક દિન મા તે રૂપ ત્રણ ધરે;
દુઃખીયાનું દુઃખ શેજે હરે. આઇ આ. ૬
મા આરાસુરે વાસો વસે, મા સિંહાસન બેઠી હશે;
માજી શેવકની વહારે ધસે. આઇ આ. ૭
સરસ્વતિ મા જઇને નાહિશુ, દેહ શુધ નીરમળ થાઇશુ;
બાવા કોટેશ્વરના ગુણ ગાઇશું. આઇ આ. ૮
વિશ્વ મોહ ભરી વિખ મા ભરી, માજી જાગતી જોતે ખરી;
માયે વિમળને કરૂણા કરી. આઇ આ. ૯
ચાચરે ફરી ગરબે રમે, ગરબે રમે માને ગમે;
માજી નાનો અંબાને નમે. આઇ આ. ૧૦

અજાબ્ય માતાનો ગરબો ગાઇ રહ્યા પછી માથે કળસ લઇને નાચેના ગરબા ગાયછે. કળસ માથે લઇને.

ગરબો.

પાતળીરે, પુતળીરે, પાણીડાનીહાર, સરોવરીયાપાળ, ધરનાળે બેઠાં ભરચારે,
કોઇ સીચજોરે, સીચજોરે, વાડીમાંનીવેળે, (૨) સીચજો વાડીમાના કેવડારે.
કાંઇ કેવડીયારે, કેવડીયારે, મારી અંબામાને ભેટ, (૨) પાઘડીયે રક્ષા કરોરે.
કાંઇ પાઘડીયે રક્ષા કરોરે, નાના મોટાને ખંમા કરોરે. ૧
પાતળીરે, પુતળીરે, પાણીડાની હાર, સરોવરીયા પાળ, ધરનાળે બેડાં ભરચારે.
કોઇ સીચજોરે, સીચજોરે, વાડીમાની વેલ, (૨)સીચજો વાડી માના મોગરારે
કાંઇ મોગરારે, મોગરારે, મારી અંબાને ભેટ, (૨)ઘાટડીએ રક્ષા કરોરે.
કાંઇ ઘાટડીએ રક્ષા કરોરે, નાના મોટાને ખંમા કરોરે. ૨

દેશી ફેર.

શીંગડુ વાગેરે તંમરીયુ, જેનો શબ્દ ગયો આકાશ.
અંબા તારીરે પીપલીયે બંધાવું ગૌરી ગાય,
ગાય ચરેને પાણી પીયે, મારી અંબા દુધડે નાહે,
સવા મણનોરે ખીચડો, માહી સવા ઘણીનુ તેલ.
રમજો જમજોરે માવડીયો, એન્નાવજો સારી રાત.
સીંગડુ વાગેરે તંમરીયુ જેનો શબ્દ ગયો આકાશ.
અંબા તારીરે પીપલીયે બંધાવું ગૌરી ગાય.
ગાય ચરે ને પાણી પીયે, મારી અંબા દુધડે નાહાય.

ઉપરના ગરબા ગાઇ રહ્યા પછી કળસ માથે લઇને માતાજીના ચાચરમાં પંચતારથીનો ગરબો ગાતા ગાતા આવવું, ને તે ગરબો પુરો કરી રહ્યા પછી માથેથી કળસ ચાચરમાં મુકી નીચેના ગરબા ગાવા.

ગરબો.

હમે શ્રાવણકેરા આવનારા,હમે ભાવે પુજાપો લાવનારા, હમે લાડુને ઘી જમનારા, હમે દુધપાક પુરીયો જમનારા, હમે પંચ રાત્રી રેહેનારા, હમે થતાક થૈથૈ કરનારા, હમે શ્રાવણકેરા આવનારા.

દેશી ફેર ફરતે ફરતે ગાવાનું.

માજી આજનો દહાડો રેહેવા દોની, મને ચાચર રંભા દોની, મને ઓટલે સુવા દોની. મને દીલ ખોલી વાત કહોની, મારા તનમનની ગત લોની, સવારે ઉઠી ચાલવું જો. ટેક.

મારી મા ચાચર માવસે અંબામાવડી જો,
મારી મા હવનને કાજે દોવડાવો ગાવડી જો;
મારીમાં ખીર ખાંડ ઘૃત લોની, મા ચાચર રંભા દોની,
મારા તન મનની ગત લોની.
મને દીલ ખોલી વાત કોની, મને ઓટલે સુવાદોની,
સવારે ઉઠી ચાલવું જો. ૧
મારી મા ચાચર માવશે તારા બાલુડા જો,

વાંમે ગણપતી, દક્ષણ વેરાવડી જો.
મા આજ૦ મુને ચાચર રં૦ મારા તન૦
મુને દીલ૦ મુને ઓટલે૦ સવારે ઉઠી ચાલવું જો. ૨
મારી મા ચાચરમાં વશે તારા મરગડા જો,
મારી મા ડુંગરમાં બેઠી અંબા ગરગડાં જો;
મારી મા આ૦ મુને ચાચર૦ મારા તન૦
મને દીલ૦ મને ઓટલે૦ સવારે ઉઠી ચાલવુ જો. ૩
મારી મા શામા શંભુ, પાછળ અજાવડી જો,
મુકે નાનો મુસ્તક તારી પાવડી જો;
મારી મા આ૦ મુને ચાચર૦ મારા તન૦
મને દીલ૦ મને ઓટલે૦ સવારે ઉઠી ચાલવુ જો. ૪

ઉપરના ગરબા ગાઇ રહ્યા પછી, "શુલેન; પાહીનોદેવી" એ મંત્ર પાંચ વખત ભણીને; કળશ માથી માતાજીના શીખરે પાંણી છાંટવુ, પછી સરવે ગાનારાઓ ઉપર છાંટવું. માતાજીને દંડવત કરીને, મુકામ ઉપર જવું, પછી માતાજીની પુજા કરવાનો આરંભ કરવો, પછી થાળ આરતી કરીને જમવું, બીજે દિવશે રંગીલો કરવો તે. માતાજીના મંડપના પગથીવા, ધોઈ સ્વછ કરી કંકુએ રંગવા ને નીચે કળશ સ્થાપના વેદ મંત્રથી કરી પુન્યા વાચન વેદનું કરેવુ. માતાજીને ને ભટજીને મોહે કંકુ પીળી આવવુ. પછી રંગીલો પુરો થયો. પછી જેને ભંડારા કરવા હોય તેણે કંકુ લેવુ, માતાજીના ઉંબાની આગળ પાછળ હાથા દેવા પછી. કળશ વિસર્જન કરીને માતાજીના શીખર ઉપર "સુલેહનઃપાહિનો દેવી" એ મંત્ર ભણીને ઉદો કહીને પાંચ વખત પાણી છાટવું. પછી વરસુતીવાને છાંટવું. માતાજીને નમસ્કાર કરીને વધાય પવું. એવો નાગરોનો વંશ પરંપરાથી શાવણમાસમાં ધારોછે. "શ્રી જગદંબાર્પણમસ્તુ"

ગરબો.

ધનધન આજુનો દીન, અંબામાવડીરે, તુને દીઠે માન્યું મંન, અંબામાવડીરે. ૧
તુતો અલબેલોહ્યુ લેહેરી અંબા૦ આંખ રંગે ભરી ઘેરી, અંબા. ૨

તારે મુસ્તક ભરી વાડી, અંબા૦ તેતો પહેરી દખણી સાડી, અંબા. ૩
અદભુત સિંહાસન બીરાજો, અંબા૦ સદા સેવકને શીર છાજો, અંબા. ૪
મુને વહાલો ચાચર ચોક, અંબા૦ તહાતો રમવાનીછે સોખ, અંબા. ૫
ત્રિભોવનમાં તારૂ નામ, અંબા૦ ચૌદલોકનો વિસરામ, અંબા. ૬
તારી પાવડીનોહું ચાકર, અંબા૦ સનમુખ જોજો મારી ઠાકર, અંબા. ૭
આઈ અકળિતછો વિધાતા, અંબા૦ ડુંગરવાળી મોરી માતા, અંબા. ૮
તારો નિશ્ચેહુ હું રાંક, અંબા૦ મારો થયો હશે કાંઈ વાંક, અંબા. ૯
શીખ દીધી ઘણુ કશી, અંબા૦ પાપ કહાડી નાખો ધશી, અંબા. ૧૦
મેહેર દ્રષ્ટે જુવો નહાળી, અંબા૦ છોરૂ જાણીને લો પાળી, અંબા. ૧૧
દુઃખડા કહાડી નાખો કાપી, અંબા૦ નવદીન બેસુ કળશ થાપી, અંબા. ૧૨
સનમુખ જોજો માતા ભોળી, અંબા૦ પુજા કરૂ કુંમ કુંમ ઘોળી, અંબા. ૧૩
મુજ ઘેર આવો લહેરે, અંબા૦ મહાલક્ષ્મી રંગભેરે, અંબા. ૧૪
ખરદાળી બરદ પાળો, અંબા૦ રાંક જાણી દોસ ટાળો, અંબા. ૧૫
પુષ્પ ચોખલે વધાવું, અંબા૦ થાળ અમરીતે પુરાવું, અંબા. ૧૬
જેજે બોલો મુખથી વાણી, અંબા૦ ધન ધન સલખનપુરનીરાણી, અંબા. ૧૭
ચાચર ગરબે રમવા તેડો, અંબા૦ મહેર આંણી નાવ બેડો, અંબા. ૧૮
મા ભરૂશો તારો ભારે, અંબા૦ તમો નિસ્ચે આવો વહારે, અંબા. ૧૯
જારે આવી ગરબો ગાશે અંબા૦ તેના દુઃખ દારિદ્ર જાશે. અંબા. ૨૦
જેજે બોલો મુખથી વાંણી, અંબા૦ ધન ધન આરાસુરની રાણી. અંબા. ૨૧
શેવક જાંણી કરજો સાહે, અંબા૦ તુને નાહાનો લાગે પાયે. અંબા. ૨૨

ગરબો દેશી ફેર.

અંબા અલબેલી દીશેછે આજ રંગમારે, ચોસઠ જોગણી અજાઈ સરવ સંગમારે. ૧ તારૂ સ્વરૂપ દીશેછે રળીયાંમણુરે, મુખ ચંદ્રમા થકી ઘણુ સોહામણુરે. ૨
મુસ્તક વેણી બીરાજે વીશાળ શુરે, ગુથી ચમરીને ફુમતી માળશુરે. ૩
વચે ચળકે તે ચાક ગુરૂ હીમનારે, હીરાજડીત જડ્યા તે જોત ભોમનારે. ૪
તારૂ તરસે થીયુ દીશેછે ઘણુ ટેકમારે, સેથો સિંદુરે પુર્યો તે અવલ છેકમારે. ૫
નેન કાજળ સારા તે દીશે રાતડીરે, બંધી સારી બાંધી તે શી કહુ વાતડીરે. ૬
હીરા ઝળકે તે અંબાને ગોરે ગાલશુરે, વાળી મુક્તાની પહેરી તે વચે લાલશુરે. ૭

મુસ્તક મુગટ બીરાજે એક તુલ્યનોરે, વચે પાનુ ચળકે તે અમુલ્યનુરે. ૮
છત્ર હીમના જળકે તે બંધી ઝાળશુરે,શીકા જુમખા જુમે જાજા બારશુરે.૯
તેલ ફુલેલ મરદાવે મોરી માવડીરે, ઉષ્ણોદક ભરેલાંછે ગંગા જળીરે. ૧૦
કરી પખાલ લેધો શીવરાવ્યો લાલ્યનોરે, સાળુ કસુંબે ચુતોતે પ્રહેરો ચાલ્યનોરે. ૧૧
ચંદન ધોળા કેસર કપુર કાચલીરે, કટી મેખલા બાંધી કમર પાતળીરે. ૧૨
માથે ટીલાં કીધા તે ત્રણસેરનારે, જળકે હિમ મુકતાફળ ઝવેરનારે. ૧૩
માને ગળેગળુ બંધ બાંધીયારે, મુખ જોયાથી દુઃખ સર્વે વામીયાંરે. ૧૪
કોટે કાઠલી ને સાંકળીને જુમણુરે, ઉતરી અરીસા માળાને ઘરેણું ઘણુંરે. ૧૫
હાથે કેરખીને બેરખીને બારસુરે, બાંહે બાજુબંધ બાંધ્યા સુના દોરશુંરે. ૧૬
હાથે વાંકડાને સાંકળાને કાંકણીરે, ગોખ જોખમાં બીરાજે અંબા બાકડારે. ૧૭
કાંડે કંગણી જવા છલ્લા આરશીરે, ગરબો જોવા આવ્યાતે બ્રહ્મા મહારૂષીરે.૧૮
પાયે ઝાંઝરાંને જંજીરા જમકતારે, હિંડે સાંસતાંને સરવે માંહે ઠમકતારે. ૧૯
પાયે ગુગરીને ગુજરી વાજતારે, ચૌદ લોકમાં અંબા તું બિરાજતીરે. ૨૦
દિપક જોતો જણાયછે જુગતમાંરે, તારૂં નામ લેતો જાય મુકતમાંરે. ૨૧
તુંને સેવી સદાયે અષ્ટમારે, તુંને ન સેવે તે જાયે કલેશમાંરે. ૨૨
સેવક નાહાનો મુકે મુસ્તક તારી પાવડીરે, ચાચર ગરબે રમે અંબા માવડીરે.૨૩
બેઊ કર જોડી સેવક વાણી વદેરે, હુંતો માગુછું જે અંબાજી રેહેજો હૃદેરે.૨૪

આદીતરામ કવીની વાણી.

ધન અંબાલાલ, વશિયા ડુંગર માંહરે જાગા જોઇને. ટેક.
પ્રથમ ગણપતીનું દરશણ કરીયે, માનો કોલ લઇ ચાચર ફરીયે.
માની પાવડીયે જઈ શીશ નમીયે. ધન૦ ૧
અંબા આરાસુરમાં બિરાજેછે, માને છત્ર સોનાનું શીર છાજેછે;
સિંહાસન બેઠી બિરાજેછે. ધન૦ ૨
માને મુગટ જડાબ જોત ઝળકેછે, માને કાને કળાફુલ લળકેછે;
વચે પાનુ લીલુ ચળકેછે. ધન. ૩
માને શિરપર કલગીને તોરા, માને તરશે થિયું ઝૂકે જોરા;
માજી પુરો મનોરથ મા મોરા. ધન૦ ૪
માને ચોટલે ચોટી ફુમતી, શામે ટોટીં બંદી જુમતી;

શિકે ઝુમખે હીંડે લુમતી. ધન૦ ૫
માને નાકે વેસર હીરા ગાલે, માથે ટીલાં કીધાં કેસરે આડે;
મા ને ... ૬
માને ગળે ઘરેણાં ઘણાં હીસે, માંહે ઉતરી માળા અંરીસે;
હેવી દુનિયામાં દાતાર દીસે. ધન૦ ૭
માને બાંહે બાજુબંધ બજોઠા, શોભે સારી કેડે કમરે પટા;
હેવી આણંદી કરાવે આનંદ ઘટા. ધન૦ ૮
માની ચોળી અત્તરમાં બોળી, સુવે અરગચે રંગે રોળી;
સાળુ કેસરીયા રંગે ઘોળી. ધન. ૯
માજી લખ્યો લેખ કરમે રૂડા, તારા મનસુબા છે અતી ઉડા;
રાખો અખંડ એવા તન ચુડા. ધન૦ ૧૦
માજી પેહેરો કાંબીને કલ્લાં, માજી આપો પુત્ર ભરો પલ્લાં;
ભોળી ભવાની કામ કરો ભલ્લાં. ધન૦ ૧૧
સોત્રરાવો ચંદરવા સ્થંભા, માજી ભાવે ગૌરીમાં રંભા;
કેવડાવો ઉદો ઉદો અંબા. ધન૦ ૧૨
માયે દીપક જોત્યો અજવાળી, પ્રથવીના પ્રાશ્ચીત પરજાળી;
માયે નિત્ય નિત્ય કીધી દીવાળી. ધન૦ ૧૩
બંધાવો તોરણ બારણે, માજી કામ કરોછો કારણે;
હુંતો પલક પલક જાઉ વારણે. ધન. ૧૪
ચાચર આવી પાડે તાળી, તારી અકળ ગત્ય ગબરવાળી;
હવે દશા નિશ્ચે વાળી. ધન૦ ૧૫
ચાચર આવી ગરબે રમાયે, તે તો અંબામાને મન ગમાયે;
અંબા દુરથકી દેખી નમીયે. ધન૦ ૧૬
માને આંગણે નોબત વાગેછે. તેનો શબ્દ ગગનમાં ગાજેછે;
મંડપમાં ઘંટા વાગેછે. ધન૦ ૧૭
માજી દરશણ ઘો નયણે નારખુ, રહો પ્રેમ રૂદે હેડે હરખુ;
મારે બીજુ નથી કોઈ તમ સરખુ. ધન૦ ૧૮
માજી રાખો લાજાના લાલો, હેવી સાહેબ અંબા મતવાલી;
આણંદી અંબા અતિશે વાહાલી; ધન૦ ૧૯

મોકલો મેહ આવે સહુને નુર, ભરો વાવ્ય સરોવરે નદિયે પુર;
ખરેખરા વસ્યા ગામ આરાસુર. ધન. ૨૦
માજી અષાડ આસો મહા ચૈતર, એ ચારે તારાં નવરાતર;
મારે પસાંવતાં વાવી ખેતર. ધન૦ ૨૧
તારા નામથકી હું નથી અળગો, મુને ચાચર રમ્યાનો ઘણો ગળકો;
માટે આવીને દામણે વળગ્યો. ધન૦ ૨૨
માજી નવરંગી નિશાન ફરકે, દેખી દુઃખદારિદ્ર બેઉ થરકે;
તારે રંક રાય બે સહુ સરખે. ધન૦ ૨૩
તારી ધરમ ધજા ધન ધન વારી, હેવી સાહેબ અંબાજી મારી;
માજી જીવ પરજાછે સહુ તારી. ધન૦ ૨૪
તારી વાતો દીઠા ઘણી ન્યારી, મુને લાગી મીઠડી બહુ સારી;
એવો ઉમીયાજી આણંદ કારી. ધન૦ ૨૫
મા જીવું જશ ગાઇ પારે, આઇ આશરે રહુછું તારે;
અંબામા જારે જજમાન મારે. ધન૦ ૨૬
મા સાચી સદાસત્ય બરદાળી, તારી અકળગત્ય ગબરવાળી;
રાખો આદીત વચન પ્રતિપાળી. ધન૦ ૨૭.

જે કોઈ અંબિકાજી માતને આરાધશેરે લોલો એ રાગ.

અરજી.

સ્વસ્ત શ્રી આરાસુર માહેરે, અંબા અજબેર્ના બિરાજે છે ત્યાંહેરે ૧
શુભસ્થાનક ચાચર ચોકરે, મહંમાઈ સચરાચર ગોખેરે. ૨
પુજી આરાધુ પાવડી તોરારે, મહામાઈ તું માવડી મોરારે. ૩
પ્રેમે અરચો પુજો તે નિત્ય માનેરે, રિદ્ધ સિદ્ધ આપે સકળ ગુણ નિધ્યાનેરે. ૪
શીશી ઓપમા તમારી વખાણુંરે, ખરી ખોડિયાળ ખરૂં મારૂં નાણુંરે. ૫
માહારાજા ધિરાજ રાજ રાજેરે, સદા સર્વદા સૌભાગ્ય કરવા કાજેરે. ૬
શિર છત્ર છો તાત તમો મારેરે, હુંતો જીવું આધાર આઈ તારેરે. ૭
મારે માતશ્રી સત્ય અંબા આઇરે, બ્રહ્મા વિષ્નુ મહેસ્વરે ગાઇરે. ૮
લખીતંગ ચરણ રેણુ આદેરે, ભોળી દુઃખડા હરો તે અવસાનેરે. ૯
પાંપેલાગુ પરણાંમ વાંચો મારોરે, સદા સાચો ગુલામ છું તારોરે. ૧૦

છત્ર અત્ર છે કુશળ માત તમથીરે, કદી સેવા પુજા નથી થાતી હમથીરે. ૧૧
મારે તેડો છો વર્ષ એક નીમેરે, નાવ એડો છો હેત ધરી પ્રેમેરે. ૧૨
મેહેલ સામા રહીને મજરો કેરીયેરે, અંબા જે અંબા કહીને ચાચર ફરીયેરે. ૧૩
આજ અજાબ્ય કરો સુખ શાતારે, ભોળી દુઃખડાં ભાંગો તે ભેરવી માતારે. ૧૪
તારો મોટો દરબાર ચાર ખુંટેરે, સેવક કીધા સરદાર ડેરાં ઉટેરે. ૧૫
બીજું બીજ મંત્ર છો માહાકાળીરે, સદા શીરપર રોહો પાવાવાળીરે. ૧૬
દક્ષણ વાળી વેળા તે તમો વાળોરે, કોલ આપી પ્રજા તે સૌને પાળોરે. ૧૭
થોડે લખે ઘણું કરી જાણોરે, નારાયણિ રૂદે વાત આણોરે. ૧૮
કરો જેજેજેજે તે જગત જનુનીનીરે. ધરો એક ચીત વાત મારા મનનીરે. ૧૯
સંવત અઢા દશ અષાડેરે, કૃષ્ણ પક્ષ ત્રતિયાને ગુરૂવારેરે. ૨૦
અંબા અલબેલી ભરોસો ભારેરે. રંગ રંગીલી આવો આદીતની વારેરે. ૨૧

પરમાનો.

કરજોડી પ્રણાંમ કરૂ પેહેલોરે, મારી મા પાસે તે આવું દોડી વેહેલોરે. ૧
દુર્ગા દેવી તે રીદ્ધ ઘણી ભરીયેરે, માજી વિશ્વને કૃપા તે ઘણી કરીયેરે. ૨
મેહેરબાની કદરદાન માત દુર્ગારે, આરાસુરી તે નવ જાય ભુલીરે. ૩
માહામાઇ તું માવડી મોરીરે, પાયે પડું હું પાવડી તોરીરે. ૪
નિત્ય નમીયે નારાયણી તુંનેરે. ગમી ગહીયે તે ગુણવતી મુનેરે. ૫
મહાકાળીજી માત માહારો જોરોરે, તાત ત્રિપુરાનો શીરપર તોરોરે. ૬
નવ રંગી નિશાન લાલ જંડેરે, ઘોડે જીન સુનેરી નવ ખંડેરે. ૭
માજી કારજ કરો વરદાઇરે, મહેર માઇ મન ધરો નગરમાંહીરે. ૮
ચાચર પરતોછે ચાર ખુટે રે, તરવારો બંધાવો સુના મુઠે રે. ૯
દેવી દુનિયાંમાં ડંકો વાજેરે, હરખ કીધેથી દુશ્મન ભાજેરે. ૧૦
આઇ અંબાજી માત છે મોરીરે, જેને હાથેછે દનિયાની દોરીરે. ૧૧
રંક જાણી મનમાં આણી રાખોરે, તમારા સાચા ગુલામ ને દાખોરે. ૧૨
વાંચ્યો પરવાનો પિતાંબરીયે પોતેરે, આદર કરી પલક એક જોતેરે. ૧૩
અરી ખોડીયાળી દયા કરો પુરીરે, શેવક આદિત ચાકર કરો હજુરીરે. ૧૪

રાગ ઉપર પ્રમાણે.

દેવ દુંડાળા દયા તે બહુ ધરજોરે, સ્વામી સુંઢાળા સાહ્ય સહુની કરજોરે. ૧

વાણી દેજોજી શારદા રાણીરે, જીભ્હા રેહેજો કાલો ઘેહેલો જાણીરે. ૨
સાહ્ય કરજો સરસ્વતી દાતારે, હાથ ધરજો મારે શીર માતારે. ૩
અરજ ધરજો અજાણ્ય આજ માહારીરે, ખબર લેજો તે ખોટીયાળ દહાડીરે. ૪
હું આવ્યો છું તારે ઘેર રમવારે, મા હવે કરો પાર મારી અંબારે. ૫
મુજ મયા કરો માત આજ લેહેરેરે, દેવી દયા કરોને હાથ ઉંહેરેરે. ૬
કરો કરમ બક્ષીશ નજર મેહેરેરે, કમી ન રેહે કશી જાણીતી શેહેરેરે. ૭
હુંતો અંબા ઉમેદવાર તાહારોરે, પકડો જાણી ગુલામ હાથ મારોરે. ૮
મુજ સામુ જોઈને દ્રષ્ટે ભાળોરે, અંબે આરાસુરી તે કષ્ટ ટાળોરે. ૯
બરદાળી સદા તે બરદ પાળોરે, ડુંગરવાળી ડોશી તે દહા વાળોરે. ૧૦
માહામાઈ તે લાજ મારી તુંનેરે, કરો કારજ તે ચંતા ન રેહે મુનેરે. ૧૧
માત તું વિના તે વાત કોણ જાણેરે. તાત ત્રિપુરા ભરાવે ખોળા નાણેરે. ૧૨
નવદુર્ગા તે માત નીવાજોરે, રાખો સેવકનો સાથ સરવ લાજોરે. ૧૩
દોલતજાદીને દરબાર ડેરા દઈએરે, નવનવા સરપાવ માથી લઈએરે. ૧૪
ખાવું ખવડાવી લડાવો માજી લાડરે, બીડાં ચવરાવી ગવરાવો માજી મહાડ. ૧૫
પારે પોકારૂ ફરીયાદ કરૂં ધાડરે, ચોઠી શકારો અંબામાજી પાડરે. ૧૬
નારાયણી નોબત વાજીરે, ત્રિજી પેહેડાયે આદીત રાખો રાજીરે. ૧૭

રાગ ઉપર પ્રમાણે.

પ્રથમ ગણપતિનું દરશણ આવી કરજોરે, માને મુજરો કરીને ચાચર ફરજોરે ૧
ફુલી સાહેબ દેદાર દીજેરે, મતબાલી અંબા મુજરો લીજેરે. ૨
આશ રાખુ આરાસુરી તારીરે, સાચી સાહેબ સલામ લેજો માહારીરે. ૩
સુખી રાખે તે શીરકાર બાંકરે, રહું ચાચર ઉમેવાર ઝાંખીરે. ૪
આઈ અજાણ્ય તે હાથ વાત લેજોરે, સિંહાસન વાળીને સોંપી દેજોરે. ૫
મેહેરબાન તે મેહેર માત કીજેરે, સદા શેવકને શીર હાથ દેજેરે. ૬
હુકમ તાબે સદાયછું તારેરે, આવી તસલીમ સલામ કરૂં પારેરે. ૭
નજર દેખુ સદાયે તારો મીઠોરે, અંબા અલબેલી જેવી તે કો ન દીઠોરે, ૮
મેહેર રાખોછો માત મારી મોટીરે, દફે દુશ્મન કીધા તે વાત ન ખોટીરે. ૯
પાયે પડજો તે પાવડીની પીડરે, સદા સુખીયા થઈએ અંબાને દીઠરે. ૧૦
દુરગાદેવી તે દુ:ખડા ટાળોરે, મુરખ જાણી વચન માજી પાળોરે. ૧૧

જોર જ્વાળામુખીછે મારે તાઈરે, સાચી સાહેબ કામ કરો મારૂરે. ૧૨
નગદ નામ નારાયણીનું મોટુરે, ખરી ખોડીયાળ નવ્ય કરે ખોટુરે. ૧૩
માતા તુળજા તું મંનમાનારે, બાળી બહુચરાજી વાત સુણો છાંનારે. ૧૪
પાવાવાળી મહાકાળી કામ કરજોરે, રાજરાજેશ્વરીને રૂદે ધરજોરે. ૧૫
અંબા અજબેલી આરાસુર રાણીરે, તુથી નથી મારી વાત અજાણીરે. ૧૬
મારે માત તું તાત તું અંબારે, એવું જાણી હું ગરબે આવ્યો રંબારે. ૧૭
મારે માત તું તાત તું આધારે, સગા સહુકોમાંછો મંનાધરે. ૧૮
સદા સારછો હાથ વાત જાણુરે, ગાવું અંબાને દરબાર રૂડી વાણીરે. ૧૯
કરો માહાલક્ષ્મીજી માત મહેર આંણીરે, ઘેર આવો અંબ પુરણા રાંણીરે૨૦
દેવ દેવીને દરબાર દવા દઈયેરે, અરજી અજબેલી વીના તે કોને કહીયેરે.૨૧
અરજી અજબેલી માત સુ દીધારે, ફરદ દસ્કત મોહોર માયે કીધારે. ૨૨
એક ચાકરના ચાકર કીધારે, માયે દાંમ ખરીદ મુલ લીધારે ૨૩
આઈ પડ્યો છું અંબાવ તારે નામેરે, આવી ઊભા રહો ભીડ કામેરે. ૨૪
ગરકુવાળીનો ડંમકો વાજેરે, દોલત જાદી સેવકને શીર છાજેરે. ૨૫
બની ઠણીને બેસાડજો ઘોડેરે, સહુ ભાઈની બીરાદરી જોડેરે. ૨૬
તારો આદીત ગુલાંમ છે રાજીરે, એવું જાણી અંબા ત્રુઠી ગાજીરે. ૨૭

વીસ્વનાથની વાણી.

રાગ ઉપર પરમાણે.

જે કોઈ અંબિકાજી માતને આરાધશેરે, તેના પુત્ર પરીવાર જસ વાધસેરે. ૧
અંબા સુખડા આપે તે સંસારનારે, માજી દુઃખડાં કાંપે તે અવતારનારે. ૨
મારી અંબામાતા લોચન સોહામણારે, માને પુજીયે ને નિત્ય લૈયે ભામણારે. ૩
અંબા જેવી ફુટડી નથી કો ખંડમારે, અંબા જાગતી તે ચોદશ બ્રંહ્માંડમારે. ૪
માને આરાધે તે સુરીનર દેવતારે, માના ચરણ પુજીને સહુ સેવતારે. ૫
અંબા ગરબે રમવાને પોતે નીસરારે, તેવારે જન્મ જંજાળ દુઃખ વિસરારે. ૬
ત્રિપુરા સુંદરીને કાળીકા બે આવીયાંરે, માતા અંબાયે મોતીડે વધાવીયાંરે. ૭
આવ્યાં તુળજાને બેહેચરા તોતળારે, કેસ છુટાને ફુલે ભરચા ચોટલારે. ૮
આવ્યાં ઉરવસી મીનકા પીતાંબરારે, અંબા ફુટડી કે ઇંદ્ર જેવી અપછરારે. ૯
આવ્યાં લક્ષ્મીને માત ભુવનેશ્વરીરે, હાથમાં કુમ કુમ કેસર થાળી ભરીરે.૧૦

આવ્યાં સીતા રાધિકા સરસ્વતીરે, સાથે ઉમીયાં આવ્યાં તે કાંમની રતીરે. ૧૧
આવ્યાં ચંડીકાને ચોસઠ જોગણીરે, તેતો કંદ્રપ કળા તણી ભાગણીરે. ૧૨
સહુકો અંબામાને ચાચર આલિયારે, પુષ્પ ગોખલે મોતીડે વધાવિયારે. ૧૩
હાથમાં પ્યાલા ભરેચા તે મધુપાનનારે, લોચન ફેરવેને ચાળાં કરે તાંનનારે. ૧૪
સહુયે સોળ શણગાર પેહેર્યા શોભતારે, આવ્યા દેવતા તે મોતીડે વધાવતારે. ૧૫
હાથમાં ફુલના દડા તે માંહોમાંહ રમેરે, ગરબો ગાવામાંડ્યો તે સહુને ગમેરે. ૧૬
મતવાલી થઇને ફરે ફુદડીરે, નાના રંગની હોડી છે સહુએ ચુંદડીરે. ૧૭
શામા જાણે ઇશાન કેરી વીજળીરે, દીસે દીવાળીની રાત અતી ઉજળીરે. ૧૮
પાન ચાવે ને માંહોમાં છાંટી ભરેરે, થાકી બેસે ને મોહોડાં મીઠાં કરેરે. ૧૯
તાળી પાડે ને અંગ મોડે ઘણુંરે, શોભે આંગણું અતિશે અંબા તણુંરે. ૨૦
ઠમકે વાગે છે ઘુઘુરા પાયનારે, છંદ ગાય છે છત્રીસે રાગનારે. ૨૧
દીવા કર્યા તે ઘૃત કપુરનારે, દુઃખ ભાંગ્યાં તે અંબાયે સુરનારે. ૨૨
ચુડી ખળકે ને હાથ રસ ડાંડીયારે, એતા નાનના એન માએ માંડીયારે. ૨૩
વાજાં વાજે મૃદંગને ભેરડરે, ઢોલ કાંસાંતાલ ઝાંઝ ફેરનારે. ૨૪
કેડે બાહડી ઘાલીને લટકા કરેરે, નીચાં કેડથી વળીને મચકા કરેરે. ૨૫
કેસર કસ્તુરી બરાસ કેરાં છાંટણાંરે, વાગુ છુટીને કંઠે ઘરેણાં ઘણાંરે. ૨૬
માનો ઘેરતો કમળકેરી પાંખડીરે, નેન ભર્યાં ને રાતી ચટક આંખડીરે, ૨૭
સહુએ ઘાલ્યા ચંમેલી કેરા હારડારે, જે કોઈ અંબામાને ઘર થકી નમ્યારે. ૨૮
તેતો જીવતા થઈ મુક્તી રમ્યારે, અંબા જાગતી તે કુળી કાળમારે. ૨૯
અંબા ઉપાસે તેના ઉપર અમી ઝરેરે, માને ન જાણે તે મશાણ મધ્યે ફરેરે. ૩૦
માંના નાકનું તે અણીકું નમે નહીરે, માને વાહન છે શોભતું સહીરે. ૩૧
માનુ મોડું દીસે છે અભિમાનમારે, દૈત્ય ઉરાડી નાંખે તે એક તાનમારે, ૩૨
શશિ સુર્ય સરખા અકોટા કાનમારે, એ નીત્યે નાથને આવે છે ધ્યાનમારે. ૩૩
અંબા આરાધેતેને જમ જાચનાનહીરે, તે જન મુકતી પામેતેજીવતાસહીરે. ૩૪
જે કોઈ પુજશે અંબાજીના ચરણનેરે, તેતો જીતસે જનમ જરા મરણનેરે. ૩૫
વિશ્વનાથને માથે અંબા તું જાગતીરે, શત્રુ મારીને મશાણમાં રાખતીરે. ૩૬
રોમ રોમ વ્યાપી છું તું નાથ શુંરે, ભગત પોતાનો જાણીને સાહે હાથશુંરે. ૩૭
અંબાનો ગરબો ગાયે ને સહુ સાંભળેરે, સુખસંપત આપેને અંબાજી મળેરે. ૩૮
કાંમ ક્રોધથી તે પ્રાણી દુરવસેરે, રીદ્ધસિદ્ધ નવનિદ્ધ દ્વારે વસેરે. ૩૯

રીગ બાધી વીગતથી દુરખસેરે, જન ઉપાસે તેને અમા ધસેરે. ૪૦
રીદ્ધ આપે કુબેર અતિશે ઘણીરે, અંબાને પુજીયે તો થઈએ સ્વર્ગનાધણીરે. ૪૧
સ્તુતિ કરતા તે પાર આવે નહીંરે, મારે આશરો અંબાજીનોછે સહીરે. ૪૨
બેઉકરજોડીને વિશ્વનાથ વાણીવદેરે, હુંતો માગુછુ અંબાજી રહેજો રૂદેરે. ૪૩

પ્રાગરાજની વાંણી.

ચોસઠ જોગણીનો ગરબો. રાગ ઉપર પ્રમાણે.

ગરબે રમે છે તુળજા તુંકાઇરે, સંગે શોભા બની તે સિંધ વાઇરે. ૧
વજર જોગણી તે વસે કુંકણ દેશેરે, બાળી બહુચર બિરાજે બાળેવેશેરે. ૨
સત શૃંગે વસે છે ચંડી કાઇરે, આશાપુરે આરાસુરી આઇરે. ૩
ચાંપાનેરે વસે છે આઇ કાળીરે, માને પેહેરણ નવરંગી સાડીરે. ૪
સોજીંત્રે વસે છે મા ખોડાઇરે, આંબે મોહોલે વસે છે આલુણાઇરે ૫.
ધડ ધડનાળે વસે છે આઇ ઘેલીરે, સરસ્વતિ તે વિદ્યા આપે પેહેલીરે. ૬
વરદાઇ તે વરદાન આપેરે, પિતાંબરી પોતાનો કરી થાપેરે. ૭
માતર વસે છે અસારવાના વાવેરે. કાકરેશ્વરી કૃપા કરો ભાવેરે. ૮
ગાત્રેશ્વરી તણા તે ગુણ ગાજોરે. અંજ પુરણાનો પાલવ સાહાજોરે. ૯
મારવાડ વસે છે ચામુંડારે, માને ખડગ ખપર હાથ ડંકારે. ૧૦
હીંગળાજ પરસિદ્ધ નવ ખંડેરે, માયે અંમર કાધો તે મારકંડેરે. ૧૧
દેવી તોતળાને હાથમાંછે ત્રિશુળરે, માયે છેદ્યા છે દૈતોના મુળરે. ૧૨
કછ મધે આશાપુરી સાચીરે, માને સુરીનર મુનીવરે જાચીરે. ૧૩
ખાંન દેશે વશે તરણા સુખીરે. કન કાઇ તે કામ કરે સુખીરે. ૧૪
જવાળામુખી સદા રાખે સુખીરે, દુર્ગા દેવીથી કો ન થાય દુઃખીરે. ૧૫
ત્રીભોવનમાં ત્રીપુરા તારેરે, માતા આવતા તે વિઘ્નની વારેરે. ૧૬
ખોડિયાળને હાથે ખળકે ચુડોરે, માહાલક્ષ્મી તે વર આપે રૂડોરે. ૧૭
મહાલક્ષ્મીનું નામ છે પ્રસિદ્ધરે, હરીદ્વારે ઉભા છે સિદ્ધરે. ૧૮
બાળાસુંદરી સદામત બાળીરે, માતા હશી હશી લે છે તાળીરે. ૧૯
કામરૂ દેશે વસે છે કન કાઇરે, માન શરોવરે વસે અજાઇરે. ૨૦
અડસઠ જોગણી અયોધા વાસારે, ઉમિયા જઈ વસ્યા છે કાશીરે. ૨૧
પ્રાગ મધ્યે માહાદેવ દેવીરે, જુગત અંબાને માહાદેવે સેવીરે. ૨૨

કુંતાદેવી કહીતે કાશી માહેરે, વાઘ વાહની સાહાજો મુજ બાંહેરે. ૨૩
રેવા મધ્યે વસે છે બે બેનોરે, પેહેલી નંદા આનંદાને શેયેરે. ૨૪
ભરૂચ કોટમાં વસે છે સૌધવાઇરે, નગર ઠઠે તે કાળકા ગવાઇરે. ૨૫
વસે છે ધોળકે ઊંટવાળી માતારે, જેની નવ ખંડમાં વિખ્યાતારે. ૨૬
મપલીપરમાં વસે છે રાણી રૂડીરે, તેને હાથે સોનાની ચુડીરે. ૨૭
આબુઘડમાં અરબદા જાણોરે, બગલા મુખી રૂદે વાત આણોરે. ૨૮
મંગળા કાળી તે છે વીકરાળીરે, મુંગી પાટણે વસે છે ભદ્ર કાળીરે. ૨૯
ત્યાંતો સકળ જોગણી મળી આવીરે, માત ભૈરવી તણે મન ભાવીરે. ૩૦
ડુંગર માંહે તે ઘંટા વાજેરે, સિંહાસન પર બેઠી ગાજેરે. ૩૧
આરાસુરીમાં તે રમત રમાયેરે, ફેર ફુદડી ફરે ને ગરબા ગાયેરે. ૩૨
ત્યાંતો થતાક થેઇ થેઇ થાયેરે, વાજે રમઝમ ને પુર પાયેરે. ૩૩
ત્યાંતો ઢોલ દદામા વાજેરે, અંબા પ્રાગરાજને શોર છાજેરે. ૩૪

છંદ મીઠાની વાણી.

જે દેવી જે દેવી મા, જે દેવી જે દેવી;
દેવ દેવાથી દેવી મા, જે દેવી જે દેવી.
તારી જુગતી જોવા જેવી મા, જે દેવી જે દેવી;
તુજને કો નવ કળે હેવી મા. જે દેવી જે દેવી.
અભીમાન અંબા હેવી મા, જે દેવી જે દેવી;
તુને સુરીનરે મુનીવરે શેવી મા, જે દેવી જે દેવી.

ઝુલ.

પ્રાણી રૂપે પ્રાણ દેવી, જુગ જુગ તુંજને જાણે;
પવન રૂપે પરવત દેવી, ઘટ ઘટ માંહી પ્રમાણેરે. જે દેવી. ૧
દીગપાળ રૂપે ડગે તુ દેવી, પ્રથવી રૂપે પાળે;
સ્થાવર જંગમ રૂપે દેવી, બ્રહ્માંડને તું ન્યાળેરે. જે દેવી. ૨
વરસાદ રૂપે વરસે દેવી, કરે વીજ ચમકારા;
તારા ગગન સ્વરૂપે દેવી, કરે ધનુષ ટંકારારે. જે દેવી. ૩
શશીયર રૂપે શીતળ દેવી, સહુને અમરેત ઢાળે;
સુરજ રૂપે પ્રત્યક્ષ દેવી, અંધકારને તું ટાળેરે. જે દેવી. ૪

લોકા ચળને રૂપે દેવી, લોક વદનમાં રાખ્યું;
મોહ સ્વરૂપે માટી ખાતાં, જશોદાજીએ દાખ્યુરે. જે દેવી. ૫
દસ અવતાર ધર્યા તે દેવી, મોટા રાક્ષસ માર્યા;
ભુમિ તણો તે ભાર ઉતાર્યો, ભગતને ઓધાર્યારે. જે દેવી. ૬
મચ્છ કચ્છ ને વ્હારા નરસિંહ, તું વાંમન વીકરાળી;
ફરશુરામ રઘુરામ કૃષ્ણ તું, બુદ્ધ કલંકી કાળીરે. જે દેવી. ૭
તું તીરથ તું વ્રત ભવાની, બીજા સર્વે ભામા;
ગંગા જુમનાં સરસ્વતિ તું, સત્ય શિરોમણ શામારે. જે દેવી. ૮
તું દાતા તું ભકતા દેવી, તુજ વિના સર્વે ખોટું;
શ્રોતા વકતા સ્તુ પરમાણે, તારૂં કારણ મોટુંરે. જે દેવી૦ ૯
બ્રહ્મા વિષ્ણુને માહેશ્વર, ત્રણ દેવ તે જાયા;
ત્રણ ગુણ તારણી માતા, તું ત્રિભોવનના રાયારે. જે દેવી૦ ૧૦
તું બ્રહ્માણી તું રૂદ્રાણી, તું વિષ્ણુની ઘરણી;
હિમાચળની પુત્રી થઈને, શિવશંકરને પરણીરે. જે દેવી૦ ૧૧
માત તાતને રૂપે દેવી, સહુપર તારી માયા;
કર જોડીને કહેછે માંહો, કરો હાથ શીર છાયારે. જે દેવી૦ ૧૨

શિવાનંદની વાંણી.

થાળ વખત ગાવાના ગરબા.

પ્રાતશ કાળેરે કરૂણાવતી, મા તારૂ કંન્યાસ્વરૂપ;
તેજે ત્રિભોવન મોહિ રહ્યા, મોહ્યા બ્રહ્માંરે ભુપ,
છેડે વળગ્યોછુ માત શામને, માતે મેલ્યો કેમ જાય. અંબા મેલ્યો કેમ જાય.
આરાસુરની હો રાય, ગરવા ઘડની હો રાય, મહામત બાલી હો રાય,
કર સાહિને કરૂણા કરો. ૧
મધ્યાંનેરે મછર ઘણો, મા મત બાલી હો રાય;
ચોસઠ કુપા મદે ભરેચા, પાન કીજે મોરી માય. છેડે વળગ્યોછુ માત શામને.
માતે મેલ્યો કેમ જાય, અંબા મેલ્યો કેમ જાય, આરાસુરની હો રાય;
ગરવાઘડની હો રાય, મહામત બાલી હો રાય, કર સાહિને૦ ૨
સાયંકાળેરે સુંદરી, મા તારૂ વૃદ્ધ સ્વરૂપ;
ચોરી પેરી ચંપાવતી, પહેર્યા દક્ષણીના ચીર,

ઉભા સરસ્વતી તીર. છેડે વળગ્યોછુ માત શામને;
માતે મેલ્યો૦ અંબા મેલ્યો૦ આરાસુર૦ ગરવા૦ મહામત૦ કરસાહિ૦ ૩
મહિષાસુરનેરે મારવા, ચટપટ ચાલ્યા હો રાયં;
અવની ભારે ધ્રુજી રહી, શેશે સાંખ્યો ન જાય. છેડે વળ૦
માતે મેલ્યો૦ અંબા મેલ્યો૦ આરાસુ૦ગરવા૦ મહામત૦ કરસાહિ૦ ૪
તારૂ ધ્યાન સુરીનર ધરે, મુનીવર જપતા હો જાય;
તેને ધ્યાને આવો નહી, કાલા ઘેલાંના માત. છેડે વળ૦
માતે મેલ્યો૦ અંબા મેલ્યો૦ આરા૦ ગરવા૦ મામત૦ કરસા૦ ૫
જે ગાયે ને જે સાંભળે, તેની અંબા પુરે આશ;
દાશ શિવાનંદ એમ ભણે, રાખો ચરણની પાસ, આપો અવિચળવાસ.
છેડે૦ માતે મેલ્યો૦અંબા૦ મેલ્યો૦આરા૦ગરવા૦મામત૦ કરસા૦ ૬

ગરબી દેશી ફેર.

(મા) ધન ધન આરાસુરની રાણી, અંબા ચાર જુગમાં જાણી. ટેક.
(મા) હોડણ પેહેરણ લીલા ચરણા, જાંબાવેળા થાયરે મા. (૨)
પ્રાતસકાળે દરશણ દ્યો તારે, દીસો નાના બાળરે. ધન. ૧
(મા) સોના કેરૂં છત્ર બિરાજે, દશ આંગળીયે વેહેડરે મા. (૨)
મધ્યાને જ્યારે દરશણ દ્યો ત્યારે, દીસોછો આવેરરે. ધન. ૨
(મા) સાયંકાળે થાય આરતી, વાગે મરદંગ ચંદરે મા. (૨)
સાયંકાળે દરશણ દ્યો ત્યારે, દીસો ઘરડે અંગરે. ધન. ૩
(મા) સેવા કરે બ્રાહ્મણ વાણીયાને, સહુકો સંગે જાયરે મા. (૨)
કરજોડીને કરે વીનતી, રાંક અંબાઇદાસરે. ધન. ૪

દેશી ફેર.

મહંમાયા (૨) દેવિ બ્રહ્માણી રૂદ્રાણી, મહંમાયા. ટેક.
સતયુગ દ્વાપર ત્રેતા કળયુગ, કળજુગ ભેદ ન પાયા;
દેવી બ્રહ્માણી રૂદ્રાણી, મહંમાયા (૨) ૧
બ્રહ્મા વેદ ભણે તોરે આગે, શંકર ધ્યાન ધરાયા;
દેવી બ્રહ્માણી રૂદ્રાણી મહંમાયા. (૨) ૨
નારદ નૃત્ય કરે તોરે આગે, કાનડ બેન બજાયા;

દેવી બ્રહ્માણી રૂદ્રાણી મહંમાયા. (૨) ૩
કર દુલ્લભ સુલ્લભરે મૈયા, વલ્લભ જશગુણ ગાયા;
દેવી બ્રહ્માણી રૂદ્રાણી મહંમાયા. (૨) ૪

આરતિ.

જેજે અંબેમાત, જે આરાસુરી આઇમા. જે.
નૌતાંબર અતિ સુંદર, (૨) કીધા સુખદાઇ. જેજે અં. ૧
આદ્ય માતા તું તાત, અંબે તું આઇ. મા અં.
સુરીનરે મુની આરાધે, (૨) મંછા સુખદાઇ. જેજે અ. ૨
ચંડમુંડ ચકસુર, કીધા ક્રોધ આણી મા, કીધા.
દેવ કારજ સીધ્યા (૨) મા તે મન જાણી. જેજે અં. ૩
શંકર વસે સમશાન, તુજ કારણ માતા મા. તુજ.
કૃપા કરીને રાખ્યા (૨) કંઠે વિખ ખાતા. જેજે અં. ૪
બ્રહ્મા ચતુર વદન, ગુણગાયે તારા મા, ગુણ.
વનમાળી અતિ મોહન (૨) મોરલી વેણુ સારા. જેજે અં. ૫
વિનવે મંછારામ, કર સંપુટવાળી મા, કર.
ભલે પધાર્યાં માજી (૨) કોણ વેળા વાળી. જેજે અં. ૬
મોતીડે વધાવું ને મંગળ ગાવું, અંબામાને વારણે જાઉ;
તાલ પખાજ વેણાજંત્ર વાગે, આ શોભા મારી અંબામાને છાજે;
આરતિ કીજે અંબા નવનિધ દીજે;
નરત કરે ને ઉદો ઉદો ગાયમા, ભોળો ભગત માને વારણે જાયે મા.

આરાસુરી અંબાની. આરતિ બીજી.

જે દેવી જે દેવી જે અંબે આઇ, મા જે અંબે આઇ;
આદ્ય શક્તિ તું અંબા, (૨) આરાસુર આઇ. જે દેવી. ટેક.
ચોખંડે તારૂ નામ વ્યાપક તું માતા, મા વ્યા.
વિષ્ણું વિરંચી શીવજી, (૨) ગુણ તારા ગાતા. જે દેવી. ૧
મહાદેવ પાખ્યા દઇત્યો માર્યા, કપટી નાંખ્યા કુટી; મા ક.
તુળજા તારા ત્રિપુરા (૨) ત્રિભોવનમાં મોટી. જે દેવી. ૨
મા બરદ પોતાનું પાળે, તું બહુચર બાળી; મા તું.

આહા કાળને કંપાવે. (૨) માતા તું કાળી. જે દેવી. ૩
હીંગળાજ હીંગોળી માતા, અગણીત ગુણ દીઠા; મા અ.
ન પુરૂષ ને પુરૂષ, (૨) માતા તેં કીધા. જે દેવી. ૪
મારકુંડે મહીમા વખાણ્યો, સચરાચર સાચી; મા સ.
તારા ગુણને ગાતા (૨) શિવાનંદ રાજી. જે દેવી. ૫

શીવશક્તિની આરતી (નંદાઆનંદા માતાજીની)

જે આદ્યાશક્તિ મા જે આદ્યાશક્તિ. ટેક.
અખંડબ્રહ્માંડ નિપાવ્યાં, (૨) પડવે પંડે થયાં. જયો જયો. ૧
દ્વિતિયા બે સ્વરૂપ, શિવશક્તિ જાણું મા શિવ:
બ્રહ્મા ગુણપતી ગાવું, (૨) હરી ગાવું હરો મા જયો જયો. ૨
તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભોવનમાં બેઠાં મા ત્રિભો.
ત્રયસ્થકી તરવેણી (૨) તુતરવેણી મા જયો જયો. ૩
ચતુરા મહાલક્ષ્મીજી, સચરાચર વ્યાપ્યા મા સચ.
ચાર ભુજા ચોદશા, (૨) પ્રગટ્યા દક્ષિણમાં જયો જયો. ૪
પંચમી પંચ રૂષી, પંચમા ગુણ પદમા મા પંચ,
પંચ સહસ્ત્ર ત્યાં સોહીયે (૨) પંચે તત્વેમાં જયો જયો. ૫
શષ્ટી તુ નારાયણી, મહિષાસુર માર્યો મા મહિ.
નર નારીને રૂપે, (૨) વાપ્યાં સઘળે મા જયો જયો. ૬
સપ્તમી સપ્ત પાતાળ, શેવી ત્રી સંત્તા મા શેવી.
ગૌ ગંગા ગાયત્રી, (૨) ગૌરી ગીતા મા જયો જયો, ૭
અષ્ટમી અષ્ટ ભુજા, નંદા આનંદા મા નંદા.
સુરીનર મુનીવર જનમ્યા, (૨) દેવ દેતો મા જયો જયો. ૮
નવમી નવ કુળ નાગ, શેવે નવદુરગા મા શેવે.
નવરાત્રીના પુજન, (૨) કીધાં છે બ્રહ્મા જયો જયો. ૯
દશમી દશ અવતાર, જય વિજયા દશમી મા જય.
રામે રામ રમાડ્યા, (૨) રાવણ રોળ્યો મા જયો જયો. ૧૦
એકાદશી અગિયારસ, કાત્યાયની કામા મા કા.
કામ દુર્ગા કાળિકા, (૨) શામાને રામા જયો જયો. ૧૧

બારશે બાળા રૂપ, બહુચરી અંબા મા બ.
બટુક ભૈરવ સોહીએ, (૨) તારાં છે તુજ મા   જયો જયો. ૧૨
તેરસે તુળજા રૂપ, તું તારણી માતા મા તું.
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ, (૨) ગુણ તારા ગાતા   જયો જયો. ૧૩
ચૌદશે ચૌદ રૂપ, ચંડી ચામુંડા મા ચંડી.
મારકંડે વખાણ્યા, (૨) ગાઈ શુભ કવિતા   જયો જયો. ૧૪
પુનમે પુન્ય કરી, સ્થંભાવી નગરી મા સ્થંભા.
વશી તે માંહે વખાણી,(૨) સુણી કરજો કરૂણા   જયો જયો. ૧૫
સંવત સત્તાવન, સોળે તિથી ભાવે મા સોળે.
સંવત સોળે પ્રગટ્યા, (૨) રેવાની તીરે   જયો જયો. ૧૬
શિવ શકિતની આરતિ, જે ભાવે ગાશે મા જે.
ભણે શિવાનંદ સ્વામી, (૨) સુખ સંપત થાશે   જયો જયો. ૧૭

મુનીનાથની વાણી.

છંદ.

ચાલો જઈએ દરશણ કરવા, અંબેમાત બિરાજેછે.
જળહળ જોત જગતમાં જેની, સચરાચર પ્રકાશે છે.   ટેક.
આરાસુરમાં અંબા બિરાજે. સેવકને શીર છાજેછે મા સેવ.
છત્ર સોનાનું ધર્યું શીરપર, ત્રિપુરસુંદરી ગાજે છે.   ચાલો. ૧
ચુંવાળમાં બહુચરીયા બાળી, બરદ સહુના રાખેછે મા બર.
જે કોઈ આવે ભાવ ધરીને, સંકટ કાપી નાંખે છે.   ચાલો. ૨
લુલા આંધળા અંબા આવે, તે વર પામી જાયેછે મા તે વ.
ખરે મન સેવે સજ્જનપુરી, દુઃખ વામી સુખ થાયેછે. ચાલો. ૩
નપુરષને પુરૂષ કીધા; પુરૂષાતન પ્રકાશે છે મા પુરૂ.
એહેવાં ભવાની સદા સેવીયે, ચુંવાળમાં તે વાસેછે.   ચાલો. ૪
બરદાળી બહુચરીયા જાણો, સર્વે સેવકને જુએછે મા સર્વે.
જે જન આવી પાસે ગાયે, માહા પાપ તે ખુએછે.   ચાલો. ૫
પાવાગઢ માહાકાળી કહીયે, માનો પરતો સારોછે મા માનો.
ભાવ ધરીને ભજો ભવાની, ભવ તરવાનો આરોછે.   ચાલો. ૬
દક્ષણમાં તુળજાભવાની, ભવ સંકટ તે કાપેછે મા ભવ.

પ્રેમ ધરી પ્રણામ કરીયે, જે માગે તે આપે છે. ચાલો. ૭
જે કોઈ ભાવે છંદ સાંભળે, મન ધરીને ગાયછે મા મન.
પુરવજનમનાં સંચિત હોય તે, માનસરોવર• નાહેછે. ચાલો. ૮
ભવ તરવાં ભગવતિ ભજીયે, ભટવલ્લભે ગાઇછે •મા ભટ.
દાસ મુનીતો અરજ કરેછે, દામણી માતી સાહીછે. ચાલો. ૯
વડનગરો હું બ્રાહ્મણ જાણો, અમદાવાદમાં વાસછે મા અમ.
ભાવ ધરી જે ભજે ભવાંની, તે શેવકનો દાસછે. ચાલો. ૧૦

છંદ.

માત ભવાંની ભજ મન ભવમે, સફળ જનમ તેરા.
સફળ જનમ તેરા, મિટે ચોરાશીકા ફેરા; માતભવાની ટેક.
નરે નારી સબ મીલકે આયે, ફરે પ્રાત ફેરા. માજી માફરે.
માન સરોવર નીરમળ નાવે, કરે દરશણ હેરા. માજી માકરે.
મિટે ચોરાશી કાફેરા, માત ભવાંની. ૧
પ્રેમ ધરી પદ પંકજ પુજે, મેમાયા કેરા. માજી મામહં.
નેહ ધરી નજર સેન્યાળે, ધરે ધ્યાન નેહેળા. માજી માધરે.
મિટે ગોરાશીકા ફેરા, માત ભવાની. ૨
પ્રાત સમે જો ચરણ કમળશે, લગે લગન લેહેરા. માજી માલગે.
પાંચ પદારથ પલમે પાવે, કરે પાર બેડા. માજી માકરે.
મિટે ચોરાશીકા ફેરા. માત ભવાંની ૩
રતન સિંહાસન ઝગમગ જોતે, બેઠી માત ડેરા. માજી માબે.
•શાહ્ય કરે માર બે શરણજો, ગૃહે હાથ છેડા. માજી માગૃહે.
મિટે ચોરાશીકા ફેરા. માત ભવાંની. ૪
જો સમરે માતનકુ મનમે, લગે અષ્ટ પેહેરા. માજી કુલ.
ધન ધન વાકી માત જનનકુ, મિટે ભવ ફેરા. માજી મામીટે.
મિટે ચોરાશીકા ફેરા. માત ભવાની. ૫
કરે જાપ હરદંમસે ભારી, ચરણ મન ચેહેરા. માજી માચર.
અષ્ટ સિદ્ધ નવ નીદ્ધ રેહેજો, આંગનસુ મેરા. માજી મા આગન.
મિટે ચોરાશીકા ફેરા. માત ભવાની. ૬
જેજેજેજે મુખશે બોલો, હાથ ઘંટ ઘેરા. માજીમા હાથ.

દાસ મુની જો પડા ચરણમે, નહી કાળફેરા. માજી મા નહી.
મિટે ચોરાશીકા ફેરા. માત ભવાની. ૭

ગરબી.

સમરૂં સદા ભરપુર એ રાગ.

નિરખું સદા ભરપુર, નયણે નેહ ધરીરે મા. નિરખુ. ટેક.
મદ ભરી મતબાલી મૈયા, મલપતી આવ મોરી માય,
રમ ઝમ ચરણ ધરીરે મા, નિરખુ સદા. ૧
જળહળ જોત જગતમાં જેની, કોટી શશીનું તેજ.
આભુષણ અંગ ધરીરે મા, નિરખુ સદા. ૨
અદભુત લીલા આદ્ય ઇશ્વરી, અકળ કળા ન કળાય.
ધરૂં શીશ ચરણ પરીરે મા, નિરખુ સદા. ૩
દાસ મુની મૈયા અરજ કરે છે, બુદ્ધિ આપો ભરપુર.
ગાવું ગુણ લળી લળીરે મા, નિરખુ સદા. ૪

માતાજીનો છંદ.

અંબે મૈયા તું રખવાલી, સકળ ભુવનકી તું દાતા.
કયા કરૂં બરણવ આદ્ય ભવાની, બેર બેર તેરા ગુણ ગાતા. ટેક.
રતન સિંહાસન જગ મગ જોતે, બેઠી આરાસુર રાણી;
કર જોડી મા કરૂં વીનતી, દીન દયાળી મા જાણી.
શિર કંચનકા છત્ર બિરાજે, કલગી મોતનસે લળકે.
રત્ન જડીત્ર મુંગટ અનોપમ, હીરા ઝગ મગ તે ઝળકે.
કપોળ બંધી જળ હળ જોતે, મોતી તોરા લટકતા.
કયા કરૂં બરણવ આદ્ય ભવાની, બેર બેર તેરા ગુણ ગાતા. અંબે. ૧
ચુંદડી કસબી કોર માજીતેરે, ગળે હાર હીરા ઝળકે.
ગળુ બંધ કંઠ સરીમાળા, નાકે વેસર તે ઢળકે.
તક્ત ત્રિપુરે માત બિરાજે, બિષ્ણું વિરંચી શીશનામે.
શીવ સમાધી ધ્યાન ધરતહે, અપરમ પાર તે નવ પામે.
એસીરેતું માત ભવાની, સકળ ભુવનકી તું ભરતા.
કયા કરૂં બરણવ આદ્ય ભવાની, બેર બેર તેરા ગુણ ગાતા. અંબે. ૨

સુરે તણીમા વાહારે ચડીયાં, ચંડમુંડ નાંખ્યો ચોળી;
સિંહ ચડીમાં ત્રિશુળ લીધું, મહિશાસુર નાખ્યો રોળી,
રકત બીજ રગ. તર્ણમાં રોળ્યો, ધુંમ્ર લોચન સંહારકીયા.
ચડે માત ચામુંડા દેવી, ખપર ખાડા હાથ લીયા;
ભકત કાજમાં ધાઇને કોઈ, ઉદો ઉદો મુખસે કેહેતા,
કયા કરૂં બરણુવ આદ્યમવાની, બેર બેર તેરા ગુણ ગાત. અંબે. ૩
જગતકી દાતા સુન મોરી માતા, હાથ જોડ મે દ્વાર ખડા;
મેં અપરાધી માહાપાતકી, ચરન તેરે આયે ખડા;
સાહ્યકર અંબે ન કર વિલંબે, ભકત કાજ અભિમાન ભરો;
જ્યાં જ્યાં ભીડ પડે ભકતનકુ, પલમે સંકટ દુર કરો;
એસીરે તું ભોળી ભવાંની, સેવકજન કીજે શાતા;
કયા કરૂં બરણુવ આદ્ય ભવાની, બેર બેર તેરા ગુણ ગાતા. અંબે. ૪
સંતતણી સુખ દાયકમાં, અરજ કરૂં સુનિયે મેરી;
નીરાધાર મેફિરૂં જગતમાં, રખુ ડાળ શીરપે તેરી;
તુંરખવાલી સકળ ભુવનકી, દયા ભાવ દીલસે પેખો;
સાહ્ય સદા તુમ કરતાં માજી, નેહ ધરી નજરે દેખો;
મેહેર કરો તુંમ ભોળી ભવાંની, દુઃખ દારીદ્ર તું હરતા;
કયા કરૂં બરણવ આદ્ય ભવાની, બેર બેર તેરા ગુણ ગાતા. અંબે. ૫
અંબે બહુચર તું મતવાલી, બેઠાં ખેલ કરે ન્યારા;
ભાવ ધરી નજરસે દેખો, જળહળ જોતાંહે પારા;
મેહુ બાલક તેરારે મા, તું માતાજીહે મેરી;
મેહેર કરોમા કરૂણા સિંધો, શીશ ધરૂં ચરણે તેરી;
ભગત કાજમા ધાઇને કોઈ, ઉદો ઉદો મુખસે કેહેતા;
કયા કરૂં બરણુવ આદ્ય ભવાની, બેર બેર તેરા ગુણ ગાતા. અંબે ૬.
મદ ભરી મતવાલી અંબે, દેખો બેઠી મગનમે;
પુષ્પ સુગંધ અનોપમ મેહેકે, જળહળ જોત જગતમે;
શહસ્ર નામકા કળશ શીરપે, આશ રખુ જુગમે તેરી;
દાસમુની કેહે દેદાર પાવે, નાવે ચોરાશીકી ફેરી;

આજે ડંકું પરતોરારે મા, નિશાન અંબેકા;
કયા કરૂં બરણુવ આદ્ય ભવાંની, બેર બેર તેરા ગુણ ગાતા. અંબે. ૭

રાગ ભૈરવ.

અંબેકુ યાદ કરલે, ખુબ જીંદગાની પાયા.
કયા કરનેકુ આયા બંદે, કયા ખેલ લગાયા. અંબેકુ. ટેક
તખ્તપર જો બેઠી મા, જબાહ્ણ કે જોતસે;
આકુ તાબ ગીરકુ તારે ભયા, માકુ દેખકે. અંબેકુ. ૧
માકે ઉદરમે આયા, વાંતુ કયા કહે;
કરૂંગા તેરી બંદગી, એસા કરાર હે. અંબેકુ. ૨
પડંચ કરકે પ્યારે, ખુબ માલ કમાયા;
સબ છોડકે ચલેગે, સંગ કોરીન આયા. અંબેકુ. ૩
મરનાં હે હક જાનાં, વાં સાહ કોન હે.
મંન સમજ તુ યાર મેરા, મેરા કયા કહે. અંબેકુ. ૪
રંગ ભોગ કે ઇશકમે, ખુબ મંન મગન ભયા.
આપ આપકી ખુશીસે, હાલ મશ્ત ક્યું ભયા. અંબેકુ. ૫
પેદા કિયા હે જીને, ઉનકું તું યાદ લે.
મગ્રુબીસેં તું ચલતા હે, ગાફલ તું કયા રહે. અંબેકુ. ૬
અંબેકુ યાદ કીઆ સો, મંન મગન ભયા.
દાસ મુની માત કે, ચરેન જા રહ્યા. અંબેકુ. ૭

ઉપર પ્રમાણે.

સુનિયે જો મૈયા મેરી, અરજ ઘડી ઘડી;
દેદારકા મે પ્યાસારે, કોરૂં ગલી ગલી. સુનિયે. ટેક.
પાદશાહી તખ્ત બેઠે, આપ સેહેલસે;
કરજોડકે ખડાં હું દરસ, તરસ મેહેલસે. સુનિયે. ૧
ગુનેગાર હું મે તેરા, મેરા કયા હવાલ હે;
સુનિયે જો મૈયા મેરા, એઈ સવાલ હે. સુનિયે. ૨
આ જીયત બંદા તેરા બડા, ફંદમે પડા;
આયા હે જો મૈયા પાગ, પોકારૂં ખડા. સુનિયે. ૩

તેરે દરશનકું આયા મૈયા, દેખ લીજીયે;
હજરત જો બેઠી મૈયા, તસલીમ કીજીયે. સુનિયે. ૪
કયા કહું જો દીલકી બાત, માસેં ખોલકે;
રોશન હે સબ આપકુ, મા મોસે બોલકે. સુનિયે. ૫
કંગાલ હું મે તેરા મા, જરા મેહેર કીજીયે;
માત મુની દાસકે શીર, હાથ દીજીયે. સુનિયે. ૬

ઉપર પ્રમાણે.

નેનુસે નેહ ભરે કે દેખો, બેઠી મા લાલસે. ટેક.
તખ્ત પર જો બેઠી આપ, બકસેગી ગુનાસો માફ;
હરદુસે લીયે જો જાપ, આલંકી દાતાર હે. નેનુસે. ૧
વિરંચી હે વિશ્નુ પાસ, ઇશ જાકે ખડે આપ;
સીર પર કલગી તોરા, જોતી પ્રકાશ હે. નેનુસે. ૨
રંભા આઈ ઘરેકે આશ, નાચતી મૈયાકી પાસ;
ફુલુકી જોતી હે બાસ, બેઠી નીવાસ હે. નેનુસે. ૩
કયા જાને મૈયાકો ખ્યાલ, અંતરમે કપટકી જાલ;
અજ્ઞાસે હુઆ બેહાલ, કાલકા બેમાર હે. નેનુસે. ૪
માત મેરી સુનો બાત, આયા જો મૈયાકી પાસ;
બુદ્ધિકા કીજે પ્રકાશ, મુની તેરા દાસ હે. નેનુસે. ૫

ઠુમરી.

દેખો દેખો અંબે મત બાલીસે, જાકી જોત ત્રિભોવન લાલીસે. દેખો. ટેક.
રમણ કપરદી સુખહી દાયક, સાયક સુરપત લાલીસે;
જાકી જોત ત્રિભોવંન વાલીસે, દેખો દેખો. ૧
ચરેનહી સેવે સુખહી દેવે, રખે બરદ બારદાલીસે;
જાકી જોત ત્રિભોવંન વાલીસે, દેખો દેખો. ૨
આપહી આપો છાંડકે દેખો, પેખો નેનભરે ન્યાહાલીસે;
જાકી જોત ત્રિભોવન વાલીસે, દેખો દેખો. ૩
દાસ મુની પદ ચરણહી સેવે, રેહેવે મગન મતબાલીસે;
જાકી જોત ત્રિભોવંન વાલીસે, દેખો દેખો. ૪

ઉપર પરમાણે.

મેતો લૌરે બલૈયાં અંબે લાલીસે, મતવાલીસે. મેતો. ટેક.
વિષ્નુ વિરંચી પારન પાંવે, શિવ સમાધી લાગી તાલીસે. મેતો. ૧
ધારે જોગેશ્વર ધ્યાન ન આવે, મોટા મુની સુક ગયાનીસે. મેતો. ૨
જાકો ભેદહી બેદન જાને, સુર સનક મન માનીસે. મેતો. ૩
દાસ મુની કેહે બલ બલ જોઉ, જુગ આરાસુર જાનીસે. મેતો. ૪

ઉપર પરમાણે.

અંબે લાલીસે મેરો મન લાગ રેહો, ડુંગરવાલીસે, મેરો મન લાગરહો.
ચિત લાગ્યો આરાસુર ધામસે, અંબે લાલીસે મેરો મન લાગરહો. ટેક.
છાંડ્યો ન છુટત, તાંણ્યો ન તુટત, પુરવજનમકી બાંનીસે;
ચિત લાગ્યો આરાસુર ધામસે, અંબે લાલીસે. ૧
ઘડી ઘડી મન ચરનમે ધાવે, ગાવે નારદ બેન ગાનીસે;
ચિત લાગ્યો આરાસુર ધામસે, અંબે લાલીસે. ૨
સેશ મહેશ જાકો ધ્યાન ધરતહે, ભેદ બ્રહ્મા નહી જાનીસે;
ચિત લાગ્યો આરાસુર ધામસે, અંબે લાલીસે. ૩
ક્ષણ ચિત મહીયાં ચરનમે ધાવે, ઓર નહી દાસ મુનીસે;
ચિત લાગ્યો આરાસુર ધામસે. અંબે લાલીસે. ૪

ગરબી.

અલબેલીરે અંબેમાત, દરશણ કરવાને, બરબાળીરે બહુચરમાત. દરશણ. ટેક.
દરશણ દીજે કારજ સીજે, હુંછું તારો દાસરે;
કરગરી કરગરીને હુ કહુછું, દો દરશણ ઉલ્લાશ, દરશણ દીજેરે. અ. ૧
અદભુત મા સીંહાસન બેઠી, ઝળહળ ઝળકે જોતરે;
કમળ મુખ કમળ દળ લોચન, રક્ત અરૂણ ઉદ્યોત. દરશણ. અ. ૨
મહી મંડળ જગતમાં સરવે, સેસ શત સુર સંસારરે;
બ્રહ્મા વિષ્ણુ ઈંદ્ર જોગેશ્વર, લેશ ન પામે પાર. દરશણ. અ. ૩
અદભુત રૂપ અલૌકીક અંબે, મુખ શરદ શશિ ઇંદુરે;
ભાલ ભ્રગુટી વાંકી ભંમક, મધ્યે ઝળકે બીંદુ. દરશણ. અ. ૪
કેસરી તીલક છે ત્રણસેરનું, ટીલડીનો ઝળકારરે;

કાંને કુંડળ ઝાલ ઝબુકે, અરક ઇંદુ લલકાર. દરશણ. અ. ૫
ઝરકશી અંબર અંગે પેહેર્યાં, ચોળી ઝળહળ જોતરે;
રતન સિંહાસન આપ બીરાજો, વિજ તણો ઉદ્યોત. દરશણ. અ. ૬
નવશત આભ્રણ અંગે ધરીયાં, સોળ કળા ભરપુરરે;
અરીમાત તું બાર ચારમાં, ભેદશું જાણે સુર. દરશણ. અ. ૭
અંજન દીસે નેન મેહેરના, વરસે અમરત ધારરે;
દાસ મુની કેહે ચરણે નામું, ઉતારો ભવપાર. દરશણ. અ. ૮

ગરબો આણંદનો દેશી ફેર.

અંબામા દીઠી આણંદમાંજો, માના તેજ તણો નહી પારજો. અં. ટેક.
માજી નવરાત્રિ કેરા દીનમાંજો, શુકલ અષ્ટમી આસો ગુરૂવારજો;
રથે બેસીને માજી સાંચર્યાંજો, દીઠા રાજનગર બોજારજો. અં. ૧
માયે શણગાર સોળે ધર્યા જો, માયે પેહેર્યાં તે અંબર સારજો;
નખ શીખ તે શોભા ઘણીજો, તેનો કોઈ ન પામે પારજો. અં. ૨
માજી બહુચર કાળીકા સંગ છેજો, રથ સારથી ભૈરવ સારજો;
પુષ્પ સુગંધ બહુ પ્રેમશું જો, માને કંઠે અનોપમ હારજો. અં. ૩
શુંજાણું ભવાના કેરા ભેદનેજો, જેને નેતી નેતી કહે વેદજો;
વિષ્ણુ વિરંચી કળે નહોજો, ઇશ ન લહે કાંઈ ભેદજો. અં. ૪
માજીનુ વદન બહુ મલકતુંજો, મદ મુખ ભર્યાં તંબોળજો;
ટીલાં કીધાં તે ત્રણ સેરનાજો, કીધી પીયળ કુંમ કુંમ રોળજો. અં. ૫
માને બંદી કપોળે ઝળકતીજો, માને સેંથે ભર્યા સિંદુરજો;
દાંતે તે રેખ જડાવનીજો, ભરી કળા તે સોળ ભરપુરજો. અં. ૬
માના રથની ધમક ધમક વેગ છેજો, અશ્વ જોડ્યા તે બે અમુલ્યજો;
મધ્ય નિશાયે માજી સંચર્યાજો, તેને કોઈ ન આવે તુલ્યજો. અં. ૭
ચોસઠ જોગણી મા પુઠે ફરેજો, ઉદો ઉદો કરે જેજે કારજો.
દીસે તે દીપક જોતશુંજે, દીસે ઝળહળને ઝળ કારજો. અં. ૮
રાજ નગર સોહામણુંજો, આવી પોત પોતાને ધામજો.
ચાર પદારથ ત્યાં મળેજો, ધર્મ અરથ મોક્ષને કામજો. અં. ૯
સિંહાસન બેઠીમા મદ ભરીજો, બેઠી બહુચર કાળી માતજો.

ભૈરવ અષ્ટ આવી રહ્યાજો, ક્ષમા ક્ષમા કરે સહુ સાથજો. અં. ૧૦
છત્ર સોનાનું શીર ઢળકતું જો, ઉડે ચંમર ભૈરવ હાથજો.
નવ દુરગાત્યાં આવીયાંજો, બેઠાં સ્થાનક આપો આપજો. અં. ૧૧
હરી હર બ્રહ્મા આવીયાજો, મરજાદે બેઠા ભરી માપજો.
નારદ હસ્ત વેણા ગ્રહીજો, કરે વેદ તણું ત્યાં ગાંનજો. અં. ૧૨
ભજે તેની અંબા જાણજોજો, ચરણે રાખી એકે મનજો.
વેદ વચન પ્રમાણજોજો, તજે કામ ક્રોધને અન્યજો. અં. ૧૩
આબા અંબા કેહે સહુ મુખથીજો, ગાયે સહુકો માનવી જનજો.
પ્રેમે કરીને ભજે નહીજો, તેથી માને નહીં માનું મનજો. અં. ૧૪
લગન લાગે રસ પારનેજો, ગાઈ વલ્લભ જનજે જાણજો.
પ્રેમે ભજો ભવાની માતનેજો, તેનો જનમ સફળ આ વારજો. અં. ૧૫
નૃત થાય વાજાં વાગે છંદમાંજો, બેઠી મતવાલી મદ પુરજો,
પુષ્પ વિમાને વરસી રહ્યાજો, ઈંદ્ર આદ્યે આવ્યા સહુ સુરજો. અં. ૧૬
રમ ઝમ ઠમક નાચે અપછરાજો, ગાય ગાંન છેદ ભેદ કરી માનજો.
ગાંધ્રવ હસ્ત વેણા ગ્રહીજો, વરસે અમ્રત મેઘ સમાનજો. અં. ૧૭
નીત્ય પ્રતી અખંડતા થાય છેજો, ઠમક ઠમક થઈ કારજો.
તજે પોતે આપો આપથીજો, તેતો પ્રીત્યે અમ્રત રસ સારજો. અં. ૧૮
તેને તે સનમુખ દેવી થાયછે જો, ચીતચરણે રાખી મનજો.
આનંદમાં તે રહે સદીજો, પ્રેમ સહીત કરે ગાનજો. અં. ૧૯
એમ અખંડ રંગ દેખ્યો સદાજો, કેહે મુની બદરીનાથ ભાઈજો.
વડનગરો બ્રાહ્મણ ભણેજો, તેને કરૂણા છે અંબા આઈજો. અં. ૨૦

રાગ હોરી કાફી.

ખેલત હેરી ભવાંની, ભરી રંગ ખેલ મચોરી. ખેલત. ટેક
ચાવત પાંન ભરી પીચકારી, કેસર ગાગર ઘોરી. મઈયાકે.
મદ ભરી મઈયા ધુંમ મચાઈ, અંબે બહુચરજોરી.
ખેલત મતબાલી હેરી, ખેલ હેરી ભવાંની. ૧
ધામ આરાસુર ધુંમ મચાઈ, નવહી નવલકીસોરી. મઈયાન.
રમ ઝમ રમ ઝમ ઘુઘર ઘમકે, ઠમકે પાયે ઘોરી.

બની સબ જોરી જોરી, એલ હોરી ભવાંના. ૨
દાસ મુની શીશ ચરણ નમાવે, કરૂં બીનતી કરજોડી. મહાયાક.
એ રંગ રાસ સદાહી મે નિરખુ, ઓરન માગુ તોરી.
સદા સુખ દીજે મોરી, એલત હોરી ભવાંના. ૩

હોરી કાફી.

એલ મતબાલી હોરી, હોરંગ ધુમ મચાઈ. એલ. ટેક
ધુમ મચાઈ સબ સંગ આઈ, કેસર ગાગર ઘોરી. માજીકે.
હાથ લીએ પીચકારી રંગસે, એક એક પેદોરી.
એલ મતબાલી હોરી, હોરંગ ધુમ મચાઈ. એલ. ૧
રંગ રંગીલી સબ અંગભીનો, અંબર દંત ગ્રહોરી. માજીઅં.
મદભરી મતબાલી બાળા, કેસર કનક કચોરી.
એલ મતબાલી હોરી, હોરંગ ધુમ મચાઈ. એલ. ૨
આનંદ અંગ અંગ મનગંબા. રંબા રંગ રચોરી. માજીરં.
દાસ મુની શીશ ચરણ નમાવે, રહુ રંગ સંગ તોરી.
એલ મતબાલી હોરી, હોરંગ ધુમ મચાઈ. એલ.

ભજન સ્તુતિ, રાગ હલારી, શવાભગતની વાણી.

બેડો માજી બુડતો તારોરે, અંબેમા પાર ઉતારોરે. ટેક.
આ એપે હુંતો બહુ કમાયોને, બહુ ભરેચોતો માલ.
મધ દરિયાવચે તોફાન લાગ્યું, શારે થશે હવાલ. બેડો. ૧
ખલાશિયા તો કરે ખરખડો, માહા જુલમ મન માંહ;
માલ ધણી વીમાશીને બેઠો, ડોલ્યુ દરિયા માંહ. બેડો૰ ૨
મધ્ય દરિયા વચ્ચે ડોલ્યુ માતાજી, વાહાણ નથી વીશરામ;
એક નામનો આશરો તમારો, કરો ભગતનાં કામ. બેડો૰ ૩
ઊંચુ જોઉતો આભ માતાજી, નિચુ જોઊંતો નીર;
બાળા શકિત મારી ધુમ સાંભળજો, સાજાં કરો આ શરીર. બેડો૰ ૪
કુવાયુની તો લેહેરો લાગી ને, વાયુ ગુટણ હાથ;
ઝાઝ તણું જોર કાંઇએ ન ચાલ્યું, ધાઓ અંબે માત. બેડો૰ ૫
જગત જનુંનીએ સ્તુતી સાંભળી, થયાં વાઘ ઉપર અસવાર;

આઝ તળે જઇને ત્રિશુળ આપટ્યું, તાર્યું જળમાં નાભ. બેડો૦ ૬
હાથે પગેથી અંગુળ છુટ્યાં, કઠણ કરે દંડા છોડ;
અવશકનની આ વેળા આવીછે, મોટે માથે છો મોડ. બેડો૦ ૭
ડુંગરીએતો દવ લગાડ્યો, પુરણ કીધેલાં પાપ;
કર જોડી રાવો ભગત કહેછે મા, હોય જે ગુના કરો માફ. બેડો૦ ૮

ગરબી બીજી.

છોગાળી મા ચાચર તારો રે, દીસે જળહળતો પારોરે. ટેક.
તાલ પખાજ વેણાજંત્ર વાગે, ગુણીયલ ગુણ જ ગાય;
માનસરોવર ઝીલતામાં, ભવનાં પ્રાશ્ચિત જાય. છોગાળી૦ ૧
દેશ પરદેશથી દાખવીએમા, મધ્યે દરિયા માંહ;
બુડતો બેડો પાર ઉતારો, અંબા ઝાલો બાંહ. છોગાળી૦ ૨
આંધળાં લુલાં ને બોબડાં મા, દુઃખિયાનાં દુઃખ જાય;
વાંઝીયાંને વીસવાસ આપોમા, નારીનો નર થાય. છોગાળી૦ ૩
વરણવ કેઈ પેરે વર્ણવું મા, કોને કેઈ પેરે ગાવું.
ભોળી ભવાનીને બામણે મા, હું ભવો ભવ જાઉ. છોગાળી૦ ૪
ભાવે કરી લેઉ ભાંમણાં મા, લળી લળી લાગુ પાય.
કર જોડી રાવો ભગત કહેછે, સદાય રેહેજો સાહ. છોગાળી૦ ૫

ગરબી ત્રીજી.

નયણે નરખો નરને નારીરે, અંબામાની શોભા સારીરે. ટેક.
કુંદનમાં તોરે ભાલે હુતાં, ગાડી ઘોડા બહુ સાર;
બાવુડાં ઠાડી પવાઈ ફરેછે, અંબાબ્યને દરબાર. નયણે૦ ૧
વાજીંત્ર છત્રીશ વાજે, ઝાંઝરનો ઝમકાર;
અવછરા ઓછવ કરેછે, અંબાબ્યને દરબાર. નયણે૦ ૨
ઊંચુ દેવળ માને અજબ જરૂખા, જાળીયાંનો નહી પાર;
જરી પતાકા જુકી રહ્યા છે, અંબાબ્યને દરબાર. નયણે૦ ૩
ઈંદ્રપુરીનો આકાર સરવે, તેજ તણો નહી પાર;
દુઃખીયાના દારીદ્ર ભાગે, અંબાબ્યને દરબાર. નયણે૦ ૪
ઘર કોઠારને હવેલીઓ મા, ધરમ શાળાઓ અપાર;

કર જોડી રાવો ભગત કહેછે, અંબામાને દરબાર. નમણે૦ ૫

ગરબી દેશી ફેર.

અંબા જોયાની આડી રે, નિરખુ મોરી માડી. એ રાગ.

અલબેલી અંબેમાતરે, સુણો અરજ હમારી. ટેક.

પેરણ પિતાંબર શોભિતા માને, ચુંદડી દીસેછે સારીરે. સુણો૦ ૧

કલ્લાં કાંબીને વીછુવા શોભે, ઝાંઝરની ગત ન્યારીરે. સુણો૦ ૨

બાંહે બાજુબંધ શોભે માને, સોનાના ચુડલા વાળીરે. સુણો૦ ૩

નાકના મોતીને જળહળ જોતે, ટીલડી આનંદકારીરે. સુણો૦ ૪

કર જોડી રાવો ભગત કહેછે, માનાં વારણાં લઊ વારરે. સુણો૦ ૫

અલબેલી અંબે માતરે, ચાલો જોવાને જઈએ. ટેક.

માન સરોવર માજીનું માહાતમ, નીરમળ નીરજ માંહેરે. ચાલો. ૧

દુઃખીયાના માજી દુઃખજ ભાગ્યા, સદાય સુખીયાં થઈએરે. ચાલો. ૨

દુધ પુરીમા આપે દવાળી, મોજે માજી પાખીએરે. ચાલો, ૩

અંબા બહુચર સદા આણંદમા, માનો પાલવ સાહીએરે. ચાલો. ૪

કરજોડો રાવો ભગત કેહેછે, માના હરખે કરી ગુણ ગાઈએરે.ચાલો. ૫

અલબેલી અંબે માતરે, મા રમવાને આવો. ટેક.

ચાચર ચોક સોહામણુંરે, માનો મોતીડે ચોક પુરાવોરે. મા રમ. ૧

જળહળ જોત તે મંદીર માના, ચાચર દીપ મુકાવોરે. મા રમ. ૨

ઢોલ દદામા દુંદુભી વાજે, તાલ મ્રદંગ મંગાવોરે. મા રમ. ૩

સેવક ઉભા અરજ કરે છે, ભગતને લાડ લડાવોરે. મા રમ. ૪

કરજોડી રાવો ભગત કહે છે, માના હરખે ગુણ ગવડાવોરે.મા રમ. ૫

સમરંતા સુખ પામીયે, આરાસુરનીરાયે. ટેક.

સવારે આરાસુરીને સમરૂ, મેહેર કરો મહંમાયરે. આરા. ૧

બપોરે બહુચરાજી સમરૂ, દુઃખ દારિદ્ર જાયરે. આરા. ૨

ત્રિજે પોરે ત્રિપુરાને સમરૂ, બુડતાં સાહે બાંહ્યરે. આરા. ૩

સંધ્યાયે આદ્ય શક્તીને સમરૂ, કાયા કોમળ થાયરે. આરા. ૪
કરજોડી રાવો ભગત કેહે છે, સદાયે રેહેજો સાથરે. આરા. ૫

લખીયા કવીની વાણી.

ગરબો.

ત્યાં મન મોહ્યું માતા અંબાજી. ટેક.
પ્રાતસકાળે અંબા આંગણે, છોકરાં ચારેરે ગાય;
સુરીનર મુનીવર અંબાજણે. દીઠે દુરમત જાય. ત્યાં મન. ૧
મધ્યાનેરે નારાયણી, કર્યા તારૂં સ્વરૂપ;
તેજે ત્રિભોવન મોહી રહ્યા, મોહ્યા પ્રજાને ભુપ. ત્યાં મન. ૨
સંધ્યા કાળેરે શીવજી, વિષ્નુ બ્રહ્મા રહે પાસ,
કરજોડી ઉમીયાજીને કહે. પુરજો વિશ્વને આશ. ત્યાં મન. ૩
પેહેલી પુજા બ્રહ્મા કરે, કુંમ કુંમ કેસર કપુર;
અગરે ઉલટે ત્યાં અતિઘણા. હેવાંછો ચતુર. ત્યાં મન. ૪
એક હુતોરે વિમળ વાણીયો, બાપે મેલ્યોરે બાળ;
માતો પિયર વરત્યા કરે. મામો કરેરે રખ્ખવાળ. ત્યાં મન. ૫
વરસ બારનો વિમળ થયો, મામે મેહેલ્યો નિશાળ;
ભણતાં ગણતાં કાંઈ નવ આવડ્યું, કીધો ગાયનો ગોવાળ. ત્યાં મન. ૬
ગાયો ચારંતાં જ્ઞાન થયું, આવ્યો આઈને દરબાર;
પાતીક સઘળાં પ્રેલ્ર થયાં, વાધ્યો પુન્ય પરિવાર. ત્યાં મન. ૭
વરસ પાંચમે અંબાજી પ્રસન થયાં, મેહેલી પ્રગળ મંન;
આઘએ વધાર્યો વિમળ વાણીયો, આપ્યુ ધંન આનંદ. ત્યાં મન. ૮
સમરથ આપી મા ખામી નહીં, મોહોળો પ્રબળ પરિવાર;
હસ્તી જુલે વિમળ આંગણે, ઘોડા જુલે ઘમ સાણ. ત્યાં મન. ૯
સીંહ વાહને અંબાજી ચડ્યાં, આપે વીમળ વીસ્તાર;
તરકસ બાંધ્યા ત્રિભોવિની, નીભાવો સરવે સંસાર. ત્યાં મન. ૧૦
દળ દેશાવર લઈ ચાલીયો, જાણે નદીયોનું પુર;
રાજાઓ લાવે બહુ ભેટણાં, માણેક મોતી અમુલ. ત્યાં મન. ૧૧
સોમના રાજાને જીતીયો, રાણીયો લાગેરે પાય;

રાજા સ્ત્રીનુ રૂપે ધરી, વધાવે વિમળ રાય. ત્યાં મન. ૧૨
જુગ જીતીને વીમળ આવીયો, આવ્યો આઇને દરબાર;
જે માગ્યુ તે માયે આપીયુ, કરો ડેહેરાં પસાય. ત્યાં મન. ૧૩
અંબા આબુધડ સંચર્યા, જ્યાંહાછે અચળેશ્વર રાય;
ડેહેરાં દેવ નિપાવીયા, નામે વિમળ રાય. ત્યાં મન. ૧૪
અંબાએ અનુચર મોકલ્યો, જે પુછો વીમળ રાય;
ડેહેરાં કેઇ પેરે નીપન્યાં, નિપજ્યા ગુરૂજી પ્રતાપ. ત્યાં મન. ૧૫
ત્યાંહાં મન વીમળ અભિમાને ચડ્યો, રાજ મદ અપાર;
અંબા માને વીસારીયાં, સોશી લીધો તતકાળ. ત્યાં મન. ૧૬
હસ્તી હીંચતા ઉડી ગયા, ડોહોલ્યો પ્રબળ પરીવાર;
અગની પ્રજાળી ત્યાં અતિ ઘણી, લાગી ધોડા મ્રમશાણ. ત્યાં મન. ૧૭
કરજોડીને વીમળ વીનવે, ડેહેરાં રાખો મોરી માય;
હું પાપી પ્રેલ્ક્ષ થયો, અગનિ ચોદશ જાય. ત્યાં મન. ૧૮
અંબામા બેઠા સિંહાસને, આવ્યો વીમળ રાંક;
પ્રસન થઈ અંબા ઓચરે, રેહેશે ડેરારે પાંચ. ત્યાં મન. ૧૯
કાલો ઘેલોને કીકલો, લેસે અંબાનું નામ;
સમરથ સાથે તેને કરે, આપે અવિચળ ઠામ. ત્યાં મન. ૨૦
ડાહ્યા ડમકાની હું નહી, કાલા ઘેલાની માત;
કેહે લખિયોરે હું પાતકી, દરશણ દો મોરી માત. ત્યાં મન. ૨૧

સદાશિવની વાણી.

ગરબી.

જેજે આરાસુરના રાણીરે મા ઉદો ઉદો,
જેજે સલખન પુરનાગણીરે મા ઉદો ઉદો.
તુંને વેદે વખાણીરે મા ઉદો ઉદો. ૧
તું તો ચૌદ ભોવનની માતારે મા ઉદોઉદો;
સેવે વિષ્નુ ને વિધાતારે મા ઉદો ઉદો. ૨
દૈત્યે માહાતપ કીધારે મા ઉદો ઉદે;
થાંનક દેવ કેરા લીધારે મા ઉદો ઉદો. ૩

માયે રૂધીર તેનાં પીધાંરે મા ઉદો ઉદો;
કારજ ભગત કેરાં સીધાંરે મા ઉદોઉદો. ૪
દૈત્ય સુરજને સંતાપેરે મા ઉદો ઉદો;
વિપ્ર ત્રણ. કાળ જપેરે મા ઉદો ઉદો. ૫
અંજળી ભરી ઉદક આપેરે મા ઉદો ઉદો;
તેથી દૈત્યન વ્યાપેરે મા ઉદો ઉદો. ૬
રૂક્ષમણી અંબિકા પુજવા ચાલીરે મા ઉદો ઉદો;
રૂક્ષમૈયો લાવે ઝાલીરે મા ઉદો ઉદો. ૭
રૂક્ષમણીએ કીધી શેવારે મા ઉદો ઉદો;
પુજા લાવી બહુ વિધ મેવારે મા ઉદો ઉદો. ૮
શીશુપાળ આવ્યો લેવારે મા ઉદોઉદો;
ત્યારે આવી તમને કેહેવારે મા ઉદો ઉદો. ૯
હવેથી પેર થાશેરે મા ઉદો ઉદો;
શિશુપાળ લઈ જાશેરે મા ઉદો ઉદો. ૧૦
તેતો મુજને કેમ વાશેરે મા ઉદો ઉદો;
ત્યારે બરદ તમારૂં જાશેરે મા ઉદો ઉદો. ૧૧
જગત જનુની કેવાસેરે મા ઉદો ઉદો;
એવું કહીને પાયે લાગેરે મા ઉદો ઉદો. ૧૨
મનમાં કૃષ્ણ વર માગેરે મા ઉદો ઉદો;
પુજી બાહાર આવી બાળીરે મા ઉદો ઉદો. ૧૩
કૃષ્ણ લાવ્યા રથ વાળીરે મા ઉદો ઉદો;
તેતો પુરી આશા માહારીરે મા ઉદો ઉદો. ૧૪
બલીહારી માતા તારીરે મા ઉદો ઉદો;
રૂક્ષમણી લઈ ચાલ્યા મોરારી મા ઉદો ઉદો. ૧૫
પુરૂષ કામથકી ગયારે મા ઉદો ઉદો;
તેના ઉપર કીધી મયારે મા ઉદો ઉદો. ૧૬
તેતો સવીરજ થયારે મા ઉદો ઉદો;
પાયે લાગી ઘેર ગયારે મા ઉદો ઉદો. ૧૭
સ્વર્ગ મૃત્યુ ને પાતાળરે મા ઉદો ઉદો;

તેને બહુચરનો આધારરે મા ઉદો ઉદો. ૧૮
અંબામાની મોટી આશરે મા ઉદો ઉદો;
નામે ભીલ વિલાશરે મા ઉદો ઉદો. ૧૯
છો શેવકની પાસરે મા ઉદો ઉદો;
સદાશીવ તમારો દાસરે મા ઉદો ઉદો. ૨૦

પ્રાગરાજની વાણી રાગ ભૈરવની દેશી.

તખ્તપર બીરાજે, નગારી નાદ બાજે. ટેક.
ચાચર બિરાજે, સદા મંડપ બિરાજે.
છત્ર સોનાનું મારી અંબિકાને છાજેરે. મા તખ્તપર. ૧
યોગણી સર્વ જેજે કરે, મંગળ શુભ ગાવે;
મતબાલી મા અંબિકાને, ભરે પ્યાલા પિલાવેરે મા તખ્તપર. ૨
તોરે દરબાર સદા રાગ રંગ હો રહે.
સુરીનર મુનીવર મોહે, અંબા તોયેરે. મા તખ્તપર. ૩
મૈયા મુજ મેહેર કરો, પુરોમંનની આશરે;
ભક્ત કેરી સાહ્ય કરો, પ્રાગતોરો દાસરે. મા તખ્તપર. ૪

કવી રેવાશંકરની વાણી.

માતા જશોદા જુલાવે પુત્ર પારણે એરાગ.

અંબા અલબેલી રંભાને જમવા આવીયાં. ટેક.
હુંતો પ્રેમ ધરીને પ્રિત્યે લાગુ પાય, પાવાઘડવાળી બહુચર બાળીને લાવીયાં, બીજી બેનો ચાર મળીને આવીયાં ત્યાંહ. અંબા. ૧
માવડી પાવડીએ ચડી આવી સુંદર ચાલને, ઝણણણ ઝણણણ વાજે ઝાંઝરનો ઝમકાર, આવ્યાં જાણી જાવું વારી અંબેલાલને;
અમર ઓપિત ઉજવળ શોભિતા શણગાર, અંબા અ. ૨
આવી સુંદર સિંહાસનપર બેઠી સુંદરી, પુજા કરી કુંમકુંમ કેસર કપુર; થાળ સમે સેવામાં સામગ્રી સર્વે ધરી, કનક કચોળે મદ આનંદ કર્યા ભરપુર. અંબા. ૩
મંડપ મોગરડે છાયો વિધ વિધ શોભા સહુ, ચંદન અગર તગર મળીયાં ગરદીપક ધુંપ. શોભે નૌતમ તેની શોભા તે શી કહું,

મધ્યેમા મતબાલી અંબા બાળ સ્વરૂપ, અંબા. ૪
ગંગાજળની ઝારીવારી ઝરી હીરે જડી, પાસે ઢાળ્યા સોના બાજઠી યાને પાટ; આસનથી આવીને બેઠાં અંબે માવડી, મુક્યું ટાટ ભરી કરી જે અવલોકી ઘાટ, અંબા. ૫
ખારૂં ખાટું મીઠું દીઠું તે સર્વે સહી, ગળ્યું તળ્યું તીખું તાવેલું પય પકવાન, મેવા તેવા શાક પાક સૌ આરોગી રહી, માજી નામે નવ દુર્ગા ભગવતી ને ભગવાન, અંબા. ૬
પુરણ તૃપ્ત થઈ ઉઠ્યા તે મંડળ માનુંતી, તેજાનાં તેવા મુખ કર્યા છે તંબોળ; માયે એહેક બરાસે બીડી લીધી પાંનની, ચાવે ભાવે મા મુખ દીસે રંતુંચોળ. અંબા.૭
આરતી ભરી આરતી કરી જાવું વારણે. ઘણણણ ઘંટા વાજે ઘડી યાળી અન્ય મુલ, આવ્યા દેવ સરવે દરશણ કરવાને કારણે, ઉદો કહી વર ખાવે આકાશેથી ફુલ. અંબા. ૮
કરગરી બેગો રેવાશંકર પાગે લાગીયો, પરખી હરખી નરખી નજરે માન્યું મન, મરણ જનમ જંજાળ તણો બે ભાગીયો, જેજેકાર થયો ધન ધન આજુનો દીન. અંબા અ. ૯

ઉજમની વાણી.

* સંકટ વખત ગાવાનુ ગીત.

રાગ કાફી.

આવી ધારણ દીજેરે, ધોળાગઢવાળી;
કૃપા તમે કરજોરે, પાવા ધડયી માહાકાળી. ટેક.
ધોળાગઢમાં વાસ તમારો, જાણે સકળ મુની ઠામ.
દૈતચરી સલખનપુર આવ્યાં મા, પણુ બહુચરા નામ;
નામે નર તાર્યારે, મારી મા મતબાલી. આવી ધારણ. ૧
હું અગનાનીદાસ તમારો, આવી સધારોને કાજ.
શેવક જન શરણાંગત આવ્યો મા, તેની રાખીયે લાજ;
લાજ કોણ રાખેરે, મારી મા મતબાલી. આવી ધારણ. ૨
અવર બીજા કોને જૈ જાચીયે, અમો અજાચક જાત;

હો દેવી દાતાર દયા કરોને મા, પાયે લાગુછું મોરી માત;
માત હમારીરે, પાંગળાને જ્યો પાળી. આવી ધારણ. ૩
કાલા વાલા આઈ તમને કરૂંછું, વળી વળી નામું શીશ;
કર જોડીને ઉજમ એમ કેહેછે મા, રખે ચડાવતાં રીસ;
રીસ રખે ચડતીરે, મારી મા મતવાલી. આવી ધારણ. ૪

બજીયા પત્રાઈની વાણી.

ગરબી.

અલબેલીરે અંબે માત, જોવાને જઈએ;
બરવાળીરે બહુચર માત, જોવાને જઈએ. ટેક.
જોવા જઈએ મા સુખીયાં થઈએ, આરાસુરમાં રહીયેરે.
આપ આપણા મનની અવલેખા, અંબે આગળ કહીએ. જો. ૧
આરાસુરમાં અંબા બિરાજે, પાવાઘડ માહાકાળીરે;
દક્ષણમાં તુળજા ભવાની, ચુંવાળ બહુચર બાળી. જો. અ. ૨
માને પારે હવન થાયને, ખીર ચુંદડી હોમાયરે;
બ્રાહ્મણ સઘળા વેદ ભણે ત્યાં, માનુની મંગળ ગાય. જો. અ. ૩
આંધળાને આંખજ આપે, પાંગળાને પાયરે;
નીરધનિયાને ધનજ આપે, આપે પદારથ ચાર. જો. અ. ૪
માને પારે જે કોઈ આવે, તેની પુરે આશરે;
કર જોડી કહે બજીયો પાવઈ, હું છું તારો દાસ. જો. અ. ૫

માહાનંદની વાણી.

ગરબી.

અંબાસે કામહેરે, બોલો સબ મતવાલે અંબારે;
અંબાસે કામહેરે, હજી મૈયાસે કામહેરે. ટેક.
દાંતાકે ડુંગર ભારી, ચાચરકી શોભા ન્યારી;
માએ પેહેરી ચુંદડી સાડીરે. અંબાસે. ૧
દુર ડુંગરે મૈયા બિરાજે, છત્ર સોનાનું શીર છાજે;
મધ્યયા આસન બેઠી ગાજેરે. અંબાસે. ૨
સંઘવી સંઘ લેકર આવે, મન ગમતે ભોજન પાવે;

મૈયા રંગભેર રાસ રમાવેરે. અંબાસે. ૩
સુદ આઠમ રાણાજી આવે, મન ગમને પુજાપા લાવે;
નામે જાલમસિંગજી કાહાવેરે. અંબાસે. ૪
કર જોડકે માહાનંદ ગાવે, દુરસે જગત તોરે પાયે;
રેહો મહ્યા મેરેપર સાહેરે. અંબાસે. ૫

પીતાંબરની વાણી.

સંકટનો ગરબો.

આવને વેલીરે, અંબા તું આવને વેલી;
દુઃખ પડ્યું તારા દાસને, અંબા આવને વેલી. ટેક.
દુઃખ પડ્યુ તારા દાસને તું, વેહેલી થાજે વાહારે;
માહારાં પાપ નિવારજે, મુજ નોધારા આધાર. અંબા. ૧
માથે શતરૂ થઇને લાગ્યા, લેવા બેઠા જીવ;
માહારે માથે સમરથ તું છે. ભાગજે વેહેલી ભીડ. અંબા. ૨
સાચો ભરૂંસો માજી તારો, દુનીયાં આળપંપાળ;
કષ્ટ પડ્યુ તારા દાસને, તું વેહેલી કર સંભાળ. અંબા. ૩
કાલાવાલા ક્રોડ કરૂંછું, સાંભળ મોરી માત;
તું દાંતાના ડુંગર વાળી, પુર હમારી આશ. અંબા. ૪
વેળકેથી હમો ચાલી આવ્યાં, આવ્યા અમદાવાદ;
આદિતવારે અદાલત બાંધી, કેદમાં કીધો વાસ. અંબા. ૫
સુખીયાનાં તમો સંગી છો મા, દુઃખના ભાગણ હાડ;
હાથેથી કડીયો તોડાવી, બારશને સોમવાર. અંબા. ૬
અંત્રીક્ષથી ઉચકી લીધો, લીધો આરાસુર માંહે;
સંગ પેહેલાં માએ દરશણ દીધાં, પ્રસન થઈ તું ત્યાંહ. અંબા. ૭
આરાસુરમાં આપ બીરાજો, દક્ષણમાં ખોડીયાળ;
પુરવમાં અજાઈ બીરાજે, સામા બટુક કાળ. અંબા. ૮
શામો ગબડ ગોખ પાછળ, કોટેશ્વર કઇલાસ;
મોટા મોટા જોગી રેહેછે, સરસ્વતીનો વાસ. અંબા. ૯
ચાચરે ગણપતી બીરાજે, સામા શંભુ દેવ;

વેહેરાઇ માતા બેઠા પોતે, કરતા તેની શેવ. અંબા. ૧૦
કરજ જળ લોટો લઇ જઇને, માનશરોવર નાહ;
જનમ જનમનાં પ્રાશ્ચિત જાય, કાયા નીરમળ થાય. અંબા. ૧૧
જોડી હમારી ખાંડી થઇ તું, બેઠે સમરથ સહાય;
અડધી રાતની નોબત વાગી, ઉઠી આવો આંહ. અંબા. ૧૨
દાંતા કેરે ડુંગરે માજી, મોટો તારો વાસ;
કર જોડીને વારે વારે, કહેછે તારો દાસ. અંબા. ૧૩
સંવત અરાડ ને બાશીએ, કૃષ્ણપક્ષ શાવણ માસ;
પીતાંબરતો પ્રીતે ગાયે, અંબાં પુરે આશ. અંબા. ૧૪

ફુલજી બારોટની;

ગરબી.

લટકાળોરે ગીરીવરધારી. એ રાગ.

આરાસુરમાં બીરાજે અંબા. ટેક.
ભવ તારણ તું આદ ભવાની, જગત કરતા જુગત અંબારે. આ. ૧
સિંહ અસવારી ત્રિશુળ સજાવટ, દહીત દહની જુગત અંબારે. આ. ૨
જ્યાં જ્યાં ભીડ પડે ભગતોને, ત્યાં રખવાલી જુગતંબારે, આરા. ૩
ચઉદ ભોવન માજી ઘટ ઘટ વ્યાપી, જોહે ત્રુઠે જુગત અંબારે. આ, ૪
મુક્તિ આધારછે દેવી મંમાયા, તારણી જગત જુગત અંબારે. આરા. ૫
કરજોડીને ફુલજી કહતહે, તારો આધાર જુગતંબારે આરાસુર. ૬

ગરબી ઉપર પ્રમાણે.

ડુંગરમાં દેવી વસીયાં, માનો ચારખુંટ મહિમા રચિઓરે. ડુંગરમાં. ટેક
ખડગ ત્રિશુળ માને હાથ બિરાજે, સિંહ સ્વારી માજી સજીયાંરે. ડું. ૧
હવન થાયને મંગળ ગાવે, મંડપ રચના રચીયાંરે. ડુંગરમાં. ૨
દેશ દેશકે સંગ જાત્રાળુ, દરશણ કારણ આવે ધસીયાંરે. ડુંગરમાં. ૩
નાગર નીત્ય પ્રેત્ય નરત કરતહે, અંબે આગે નાચ નચીયાંરે. ડુંગરમાં. ૪
ગરૂડ સવારી મઇયા ગબર જાતાં, આગે ભૈરવ રંગ રસીયારે. ડુંગ. ૫
ચાચર નરનારી ગરબા ગાએ, કુમકુમ રચી મઇયા મચીયારે. ડુંગ. ૬
કનક કળશ માને દેવળ શોભે, ધજા ફરકે જરકસીયારે. ડુંગરમાં. ૭
દીપક જોત અહોનિશ દીપે, હીરા રતને જગમગીયાંરે. ડુંગરમાં. ૮

દરશણ જુગત અંબાનાં કરતાં, દુખ દાળીદર સબ ખસીવારે. ડું. ૯
કર જોડી જશદાસ કહતહે, અંબે અલબેલી રંગ રશીવારે. ડુંગર. ૧૦

આતમારામ કવિની વાણી.

ગરબી.

અલબેલી મા, હેત ધરી ઘેર આવો, હૈડાં હીસે.
બરદાળી મા, મુખડાંની બલીહારીરે. દરશણ દીજે. ટેક.
પ્રથમ ગણપતિનું દશણ કરવું, માને પારે આવી ચાચર ફરવું.
ધ્યાન અંબા માજીનું ધરવું, અલબેલી મા. ૧
માની જાળીયે રહી મુખડું જોતાં, દુનિયામાં રહી ફરવું ખોટાં;
તારાનામ તણા મહીમા મોટા. અલબેલી મા. ૨
માજી માન શરોવર નાહીને, જઈ કરીયે અરજ અજાઈને;
રહ્યો ગરબો ગાવા ચાહીને. અલબેલી મા. ૩
માના મંડપ ગરબો ગાઇને, સ્નેહ રાખ્યોછે સત સાહીને;
માહારે ભજવું અંબા આઇને. અલબેલી મા. ૪
માના ડુંગરમાં ડંકો વાગે, તેનો શબ્દ ગગનમાં બહુ ગાજે;
માને છત્ર સોનાનું શિર છાજે. અલબેલી મા. ૫
માનુ મુખડું જોઈ મનમાં હરખું, માજી દરશણ દો નયણે નિરખું;
મારે બીજું નથી કોઈ તમ સરખું. અલબેલી મા. ૬
ચાચર ફરતાં ગરબો ગાતી, હોડી ચુંદડીયો રંગ રાતી;
જોગણીયો મળી સહુ મદમાતી. અલબેલી મા. ૭
માયે ચંડ મુંડ નાખ્યા ચોળી, માર્યો રક્ત બીજ રણમાં રોળી;
બ્રહ્માદિક મુનિજન કહે ભોળી. અલબેલી મા. ૮
ગરબો ગાતા પાડે તાળી, પાવાઘડથી આવ્યા કાલી;
બોલાવો અંબા બહુચર બાળી. અલબેલી મા. ૯
ચાચર પુજા કરવા આવો, મારી માજી તણા હુકમ લાવો;
પાલવ જઈ અંબાનો સાહો. અલબેલી મા. ૧૦
કરજોડી કહું કીપા કીજે, આતમારામ કેહે માનુ નામ લીજે;
તારા શેવકને સરપાવ દીજે. અલબેલી મા. ૧૧

ગરબી દેશી ફેર.

અંબા આણંદી આણંદી, રેહુ ચરણ કમળ પરબંદી, બહુચર બહુ રંગી બહુ રંગી, માને બટુક ભૈરવ સંગી; અંબા આણંદીઆણંદી. ટેક.

મા શ્રાવણ મહિનો આવે, સરવેના મનમાં ભાવે;
ઇછા હોયતે પારે આવે, અંબા આ. ૧
પુંઠે માન સરોવર આરો, ત્યાં તો સંઘ ભરાયો સારો;
નાહે સફળ થયો જનમારો. અંબા આ. ૨
ડાબે ગણપતિ કેરો વાસો, શુધ બુધ છે બેહુ પાસે;
કીરપા કરી રાખો પાસે. અંબા આ. ૩
જમણી બાજુએ જઇએ, વેહેરાઇ શિવ ત્યાં સોહીયે;
દરશણથી દુઃખડા ખોઇએ. અંબા આ. ૪
સામા ગોખમાં જોત બિરાજે, પૃથીથી ગજ દોઢ છાજે;
આણંદ કરો વિધ વિધ આજે. અંબા આ. ૫
માને લુસે છે રૂમાલ અંગે, છે નિશદીન દરશણનો સંગે;
તેનું દીલ કદી ના હોય ભંગે. અંબા આ. ૬
માને પેરણ ચુંદડીને ચીર, સામી ચાચર વાવ્યતણી તીર;
સરવે લેછે વારણા થીર. અંબા આ. ૭
માને કોટે એકાવળ હાર, તુસી તરસથીયાનું સાર;
આભુષણનો નહી પાર. અંબા આ. ૮
માને કાને ઝાલર જોઇએ, લેલાટે ટીલડી સોહાયે;
ભ્રગુટીમાં મનડા મોહીએ. અંબા આ. ૯
માને જડાવ ચુડલો ખળકે, વદન ચંદ્ર સરખુ ઝળકે;
બાજુ બંધ બેરીયા લળકે. અંબા આ. ૧૦
માને કલ્લાં કાંબી ઠમકે, ઉપર ઝાંઝરીયા બહુ ઝમકે;
ગોફણો ગુઘરીએ ઘમકે. અંબા આ. ૧૧
માને વિધ વિધ થાળો આવે, મેવા સમસ્ત સહુ લાવે;
તેતો અંબાને મન ભાવે, અંબા આ. ૧૨
માની અકળકળા છે ભારી, નવકળે મુની વર નારી;
મેહેર કરો મા હમારી, અંબા આ. ૧૩

મા જુગ જુગનીતું માયા, હરિ હર બ્રહ્મા પાર નવ પામ્યા;
માદેવ સમસ્ત ઉપર છાયા, અંબા મા. ૧૪
મા શુંભ નિશુંભ તે માર્યો, મધુ કૈટભને વિડાર્યો
રૂષિ મારકંડને તાર્યો, અંબા મા. ૧૫
ચાચરની શોભા થાયે, ત્યાં ગરબાની ધુંમમચાયે;
ચોસઠ જોગણીયો ગાયે, અંબા મા. ૧૬
મા આબુગઢની રાંણી, શુદ્ધ સાચી આપે વાણી,
વાચના છે અમ્રત પાંણી, અંબા મા. ૧૭
ચાચરની જુવો પેર, ત્યાં અંબામાની લહેર;
ઉત્તમ રામ ઉપર કરો મેહેર, અંબા મા. ૧૮
સંવત નવાણુંની સાલે, શ્રાવણ કૃષ્ણ નોમ રવિવારે;
ગરબા કર્યો છે નિરધારે, અંબા મા. ૧૯
એક ચીત્તે ગરબો ગાયે, તેને અંબામા છે સાહે;
તેના ભવનાં બંધન જાયે, અંબા મા. ૨૦

કષ્ટ હરણનો ગરબો.

જેજે અંબે ઇસ્વરી માતરે, પાય શીર નામુંરે;
ક્રીપા કરો તે જાણી અનાથ, વાંણી શુભ પામુંરે. ૧
તુંછે અખંડ એકા એકરે, ભક્ત જક્ત પાળેરે;
ધર્યાં રૂપ તેં અવની અનેક, પ્રસિદ્ધ કળિ કાળેરે. ૨
મહી મંડળ નવખંડ તુંજ પંડરે બ્યાપીકછો આધરે;
તારૂં પ્રાક્રમ સદા પ્રચંડ, શેવક સુખદાઇરે. ૩
થાવર જંગમ સકળ તુંજ વાસરે, કહે કુણ મુખેરે;
નહી સેસ લહે નર લવ લેશ, ભ્રંમ ગીરા ચુકેરે. ૪
મા કાલા વાલા કરી ગુણ ગાઉરે, પસાયતું માતારે;
અહોનીશ દીન એહ ચાહુ, કરો તે શુખ શાતારે. ૫
તુંછે સુર સેસનુર ભરપુરરે, પુરે નીર માંહીરે;
જીવજંત પંચ તંત્રમાં ચતુર, ધુપ તુહી છાંયરે. ૬
વેદ ચારતું અઢાર રતિ બારરે, બાર મેઘ કાવેરે;
સરવે સાર તું અઢાર ચંદ્ર તાર, પાર નહી પાવેરે. ૭

તુંહી મછ તુંહી કછ છે પ્રત્યક્ષરે, અક્ષ થંભ કારીરે;
ફળ ફુલ અપાર વેલી વ્રક્ષ, મોર છે ધારીરે. ૮
ફરશ રાંમ વારાહ નામરે, વાંમ ન બુધ બાળારે;
નીચ કલંકી તુંહી બહુ નામરે, ધારે મુંઢ મેલારે. ૯
તુંછે સેસ તું માહેશ તું ગણેશરે, દશદીગ પાળરે;
સુર મુની કાહાવે સુર સેસ, વ્રષ તુંહી બાળરે. ૧૦
સહસ્ત્ર અઠાશી કેહે રૂષી રાયરે, સત્પ મુનીમાંયરે;
કોટી તેત્રીસ કહે દેવદાય, તાત તુંહી માયરે. ૧૧
નીધી સાત છે વીખ્યાત એ અધાતરે, દીસે છે સારૂંરે;
અનોપમ ઘાટ અતીસે માત, રૂપ છે તારૂંરે. ૧૨
રામા રંભ સુધા કુંભ કલ્પ વ્રક્ષરે, ધન નવ દુર્ગારે;
ગજ અસ્વધેનું પ્રતક્ષ. શંખ દક્ષણાવરે. ૧૩
વીખ અંબુજ મુક્તા પરવાળરે, પંના મુખ રાજેરે;
હીરા માણેક મોતી રસાળ, તુજ છબી છાજેરે. ૧૪
ખરદુષણ મધુકીટ જેહરે, ત્રીપુર મહિષાસુરરે;
કહે દુંદભી બગાસુર તેહ, વાળી તે બળ પુરરે. ૧૫
જાંબુવંત હનુમંત નળ નીલરે, પાષાંણ જેને તાર્યારે;
કહુ અંગદ સુગ્રીવ બળસીલ, અસુર બહુ સંહાર્યારે. ૧૬
રામ અનુજ ભારે સીતા હરણરે, વિભીક્ષણ રૂપેરે;
ઈંદ્ર જીત કહું કુંભ કરણ,નિસીચર ભુપેરે. ૧૭
એ રૂપ સરવે સંમાયરે, તુજ તણાં કાહાવેરે;
તું વિનાનું જગત માંહી, કોઈ ન સોહાવેરે. ૧૮
પાંડુ રાય સુત કોય પંચમાયરે, કરણ જુધવંતરે;
દ્રપદી લઈ થીર થાય, માહા સુભ સંતરે. ૧૯
વૈદેહી સાવંત્રી નારરે, ગીરા ગોરજાયરે;
સુધ બુધ સોધ તું આધાર, સ્તુતિ તે સદા ગાયરે. ૨૦
સુલોચના મનોત્રીર જેહરે, તર્યા હુતાશરે;
રૂક્ષમણી સતભામા એહ, રૂપ રાધિકાયરે. ૨૧
સતી રાણી કોશલ્યા કેકઈરે, સુભદ્રા સારીરે;

અણસુયા ખડીતા કહાઇ, કહેતે રાણી બારરે. ૨૨
કહે ચોસઠ જોગણી દુરગાયરે, નક્ષત્ર વીસ સાતરે;
રજો સતો તમો ગુણ ગાય, વીવીધ કહે વાતરે. ૨૩
સાંમ દામ કેહે ડંડ ભેદરે, રાજ રીત માએરે;
કેહે નીતી તે ચારે વેદ, પ્રત્યક્ષ તું ત્યાંહરે. ૨૪
કાંમ ક્રોધ લોભ મોહ કેહે ચારરે, દયા ધરમ ધારીરે;
ક્ષુધા તરશા થતી આધારે, અંત ધન કારીરે. ૨૫
પંચ ઇંદ્રી ખટરસ સ્વાદરે, જાગ્રત નીંદ્રાયરે;
ત્રણે નામ કેહે સપ્ત નાદ, એકી સમુનાયરે. ૨૬
ભુત ભવિષ્ય તુંહી વર્તમાનરે, ભરણ પોષણાયરે;
બટે ભેદ તું વેદ પુરાણ, રંક તુંહી રાયરે. ૨૭
તુંહી મંત્ર તુંહી જંત્ર તુંહી તંત્રરે, ખટેરી તું કાયરે;
છે જાગતી જોત સ્વતંત્ર દાંન પુન્ય માંયરે. ૨૮
ખટ વેશ પરવેશ દેશે દેશરે, ગાન ધ્યાન જોગેરે;
સુરદાની કહાવે વીશેશ, છે સંજોગેરે. ૨૯
કહે વાત પીત કફ પીંગલાયરે, ઇંદ્ર સુખમણાયરે;
ગતી સર્વે પ્રકારે લહાય, ચતુરે ચીત સહાયરે. ૩૦
ધાએ સાધ કહે કસ્ટ સાધરે, અષ્ટ જરર જેહરે;
માહા ભેદ તે કેહે આધા ધંત, રૂપ તુજ તેહરે. ૩૧
કેહે કવી તણા ગણ આઠરે, છંદ ગતી સારરે;
વરણ બતરીસ તણો ઠાઠ, બારાખડી બારરે. ૩૨
રસ્વ દીર્ઘ વરણ માત્રાયરે, નષ્ટ એ ઉદીષ્ટરે;
સરવે પીંગળ તણો ભેદ માંય, તહીત કરમ અષ્ટરે. ૩૩
પ્રોડા મધ્યા કહે મુગધાયરે, નવ રસ્વ રૂપરે;
હાવ ભાવ અનુભાવ કહાય, સંસારી સરૂપરે. ૩૪
ગોટી પંચાલી માગધી રીતરે, ચારવરતી જેહરે;
ખટ લક્ષણ કહે વેદ નીત, વ્યગદ વુતી તેહરે. ૩૫
અલંકાર ઉદીપન ભેદરે, વાચક ધરમ માઅરે;
છે કવીતા ભેદ અભેદ, ઓપમે ઉપમાયરે. ૩૬

એ સરવે માંહ ભરપુરરે, રૂપ તુજ બાળારે;
કહું કેટલાં તે મુખ અધુર, છો જોતિ વિસાલરે. ૩૭
મેન વાસ કહેતીથી પક્ષરે, શુકલ ક્રસ્ન માંહીરે;
તુંહી પ્રસ્ન કહે પરતક્ષ. પડતું પડાયરે. ૩૮
આચાર તું વિચાર છે અપારરે, બ્રમ રૂપ ધારીરે;
સરસ્વતી રથ તણી તું સાર, પાતક તેની વારીરે, ૩૯
ઘટમાંહી બોલેછે જેહરે, સાચ એઉ સાચરે;
બોલે મુન્ય ધરે સરવે તેહ, તુજ તણાયરે. ૪૦
તારી અકળ કળા છે અપારરે, ભેદ કુણ પાયરે;
નહી ગુપ્ત પ્રગટ સંસાર, અજોની કહાવેરે. ૪૧
નહી રૂપ નહીં રંગ ન કરૂપરે, પ્રધ નહી બાળરે;
નહી રેતન કહાવે ભુપ, અકાળ નહીં કાળરે. ૪૨
નહીં માત તાત બ્રાત નહી જાતરે, મુન્ય નહી બોલેરે;
નહી પુન્ય પાપ દીન રાત, ન હાલે ન ડોલેરે. ૪૩
આકાશ પાતાળ પવ નીરરે, પાંડ બ્રક્ષ માંહીરે;
નહી સ્વર્ગ મ્રત્યું અસર્થીર, વીછાંહ નહી છાયરે. ૪૪
નહી સીત નહી તું તાપરે, વીખના સુધાયરે;
નરે નારી નહી તું આપ, આવ નહી જાયરે. ૪૫
નહી વ્રધી નહી તું હાણરે, સુખ નહી દુઃખરે;
નહી મુરખ નહી સુજાણ, વીમુખ નહી મુખરે. ૪૬
નીજ દેશ નહી પરદેશરે, ગાંમના ભોવંનરે,
નહી ધરા નહી તું સેશ, મન નહી તંનરે. ૪૪
નહીં મેર નહી તું તરણરે, કરણ નહી નેત્રરે;
વીપરણ નહી તુ પરણ, રેતી તે નહી મનેરે. ૪૮
નહી જોગ ભાગના સંજોગરે, વીજોગ નહી કાયેરે;
નહી લોક નહી પર લોક, પાર નહી પાયરે. ૪૯
નહી દાનવ નહી તું દેવરે, ઇંદ્ર નહી સુર્ય ચંદ્રરે;
નહી સુર નહી તારા, અવંદ નહીં વંદરે. ૫૦
ઈંડા પીગલા નહી સુખમણાયરે, નાદ નહી નરતરે;

ખટ સ્વાદ નહી વધ્યા, તીરથ નહી વરતરે. ૫૧
ગંગા યુમના સરસ્વતિયરે, સમુદ્ર નહી સતરે;
વીહસ્ત નહી તું હસ્ત, ભુખ નહી આઘાતરે. ૫૨
ધાતુ સત્ય નહી તું કહાયરે, નહી તે રતન રાજરે;
ત્રતીથી નહી પક્ષમાંય, વરસાર તુ માંયરે. ૫૩
તુજ પારના લહે મુની દેવરે, હરી હર ભુલેરે;
સૌ શક્તિ તણી કરે જેવ, પ્રાક્રમી અતુલરે. ૫૪
ચાદ ભોવન માંહી નર નારેરે, પુછ્યુ તે પક્ષી પાહાડરે;
જળ થળ આકાશ આધાર, સુર ઈંદ્ર ઝુલેરે. ૫૫
સોધી જુવો સરવે સંસારરે, વીચારી મન માંહીરે;
છત્ર જોતી કાહાવે અપાર, શક્તિ વિના નહીરે. ૫૬
એવી અશરણા શરણની માતરે, અમીત બળ પુરરે;
સૌ સકળ ભોવન વિખ્યાત, હરણ દુઃખ દુરરે. ૫૭
તુજ વીના નહી દાતારરે, સંપત સુખ કારીરે;
મન ઇચ્છા તે પુરણા હાર, ભવાંની ભુપ ભાંખેરે. ૫૮
કરજોડી કહુછું માતરે, સ્તુતી મન ધારીરે;
મેહેર કરી કરો સુખ શાત, દ્રષ્ટી કીરપા કરીરે. ૫૯
વળી આશ મોટી ધરી મન માંહરે, જગ પીતુ જાચુરે;
કહે પાવન પ્રતીત સુખદાય, દેવ મુની સાચુંરે. ૬૦
એવા સામ્રથ ધણી છો આપરે, મુજ શીર બેલીરે;
હરો સરવે વીઘ્રન સંતાપ, મુજ શિર મેલીરે. ૬૧
જાણી પોતા તણો દાસ ખાસરે, પુરો તે મન આશરે;
રહો અહોનીશ મન પાસ, અજ્ઞાન સરવે નાસેરે. ૬૨
એહ ગરબો કષ્ટ હરણરે, ગાય નર નારરે;
સુણો મન ધરીને કરણ, શીખે કે વિચારરે. ૬૩
તેની આશ પુરે મોરી માયરે, સુખ સરવે આપેરે;
રીધી સીધી ભરે મન આપ, ત્રિવીધી તાપ કાપેરે. ૬૪
કોઈ નર તણે શીર દુઃખરે, હોય બહુ ભારીરે;
કષ્ટ હરણ પડે નીત મુખ, એક મન ધારીરે. ૬૫

તેનું દુઃખ આરાસુર આઇરે, સરવે કાપેરે;
ધન ધાન લહે મન ચાહી, માત સરવે આપેરે. ૬૬
લહે પુત્ર તણું બહુ સુખરે, કુળ વૃધી થાયરે;
નીત ગરબો કેહેજો મુખ, માન કરી ગાયરે. ૬૭
સંવત ઓગણીસે ત્રીરસની સાલરે, ભાદરવો માસરે;
પુરણ માસી ગુરૂવાર રશાળ, ધરીને ઉલાશરે. ૬૮
આ કરૂં અરજી ઉભો કરજોડરે, શ્રવણ ધરી સારીરે;
કરો ક્ષમા ગુણ લક્ષ કરોડ, ધ્યા રૂદે ધારીરે. ૬૯
તારા ગુણે ધરી બહુ આશરે, પરસોતમ ગાયરે;
સાથ્ર કરો આરાસુર વાસ, જેજે સુખ માયરે. ૭૦

રાગ ઉપર પ્રમાણે.

દેવી આરાસુરી દરબારરે, શોભે સારોરે;
તેની શોભાનો નહી પાર, જળહળ તો પારોરે. ૧
વરણવ કરતાં નાવે પારરે, સુકહુ મુખથીરે;
માજી બીરાજે છે આરાસુર, અખંડ ચાર જુગથીરે. ૨
લલાટે સોહે મોતી પરવાળરે, ચુનીયો ચળકેરે;
શોભે નંગ તે રતન અનેક, હીરા બહુ ઝળકેરે. ૩
કોટે સોહે સોનાનો હારરે. શોભે બહુ સારોરે;
દરશણ દેજો અંબા દયાળ, સફળ થાયે જનમારોરે. ૪
હાથે સોનાની ચુડીરે, કંકણ શોભે સારૂરે;
મોટા અનેક વિઘન દુર થાય, મુખ જોએ તારૂંરે. ૫
માથે પેહેરી તે ચુંદડી રસાળરે, ચરણે ચોળીરે;
અબીલ ગુલાલ રંગ રોળ. કેશરમાં બોળીરે. ૬
માજી બિરાજો છો ઉગમણે ગોખરે, પશ્ચિમ દ્વારેરે;
દક્ષણ વાંમને બટુક બે વીર, ભૈરવનાયરેરે. ૭
પાંચ જોતો અખંડ છે આદરે, શોભાય માન સારીરે;
હોમ હવન ઘણા ત્યાં થાય, ફળ શુભ કારીરે. ૮
બિરાજ્યાં સિંહસ્વારી માતરે, ત્રિશુળ ગ્રહી હાથરે;
કંઈક દૈતના લીધા પ્રાણ, જુગત વિખ્યાતરે. ૯

જમણા શોભે ગણપતિ માહારાજરે, ડાબા વેહેરાઈ માતરે;
પાછળ છે અજાવડી માત, સામો ભોળોનાથરે. ૧૦
માને સામો કલોદર વાવરે, ભરપુર પાણીરે;
તે પીએછે જાત્રાળુ લોક, હરખ તે આણીરે. ૧૧
જાતાં દરશણ કારણ આજરે, મોટા હરખેરે;
પરથમ દરશણ ખોડીયાળ, માત જાતાં મન નરખેરે. ૧૨
માન સરોવર વિખ્યાતરે, નીરમળ પાણીરે;
નાહે પ્રાશ્ચીત તહીં જાય, ઉમંગ મન આણીરે. ૧૩
ત્રણ મૈલ કોટેશ્વર ગામરે, ચાર જુગ કેરૂંરે;
માહાદેવ કોટેશ્વર ધામ, શીખર બંધ ડેરૂંરે. ૧૪
નદી સરસ્વતિ કેરે તીરરે, જુગતી સારીરે;
દેશદેશના જાત્રાળુ લોક, આવે નર નારીરે. ૧૫
અજગરે ગળ્યા નંદરાયરે, તાંહ જગોએ જોરે;
સાસ્ત્ર પુરાણ દે શાખ, વરણો ચાર લીજોરે. ૧૬
કર જોડી શેવક ચુનીલાલરે, કરગરી કોહેછેરે;
નીચો નમી કરે નમસ્કાર, વારણા લે છે રે, ૧૭

ગરબી.

સુણો સામળા હું તમ માટે ઘેલો થઈ જો એ રાગ.

અંબે માતના પરતાપથી નથી કમી જો,
માર મન સાક્ષાત પાવલે રહ્યુ નમી જો. અંબે માતના. ૧
મંત્ર તંત્ર જંત્ર જાણતો કશું નથી જો,
આઈ ધાંમ નામ આવી અંગમાં વશી જો. અંબે. ૨
નથી ગર્વ સર્વ જનથી હું રાંક છું જો,
બાળા બાઈની સગાઈથી નિસંકછું જો. અંબે. ૩
થયો અંગમાં ઉદય તે દયા વડે જો,
મુલાધાર થકી ધામની ખબર પડે જો. અંબે. ૪
દલ ચારનુ કમળ વેચ વરણનુ જો,
ત્યાં તો સુખ ગણ નાથના એ શરણનું જો. અંબે. ૫
દેહ દેવલમાં દેવની બની ગતી જો,

ખટ પાંખડીના પદમમાં પરજાપતી જો. અંબે. ૬
મણીપુર સુર નુર તે જડે થકી જો,
હરી ધામમાં તે લક્ષમી જાનકી જો. અંબે. ૭
કઠણ કરમ પાસના શીવજી કરે જો,
બાર તાર જો આધાર ચાર ત્યાં ફરે જો. અંબે. ૮
આદી સોળ કળા કંઠ તે વરી રહી જો,
વાણી વૈખરી તે શબ્દને ધરી રહી જો. અંબે. ૯
સોહંકારને સમારે અજપા જપે જો,
દલ જુગલમાં તેજ વણનું ખપે જો. અંબે. ૧૦
મુલા ધાર એ મહી ઉપર આકાશ છે જો,
માહા ધામમાં ગુરૂ તણો નિવાસ છે જો. અંબે. ૧૧
એવું જ્ઞાનનું ગગન મેંતો ભાળીયું જો,
તેના પુન્ય વડે પાપને પ્રજાળીયું જો. અંબે. ૧૨
એમ જાણીયું મે સુખ માહા માણીયું જો,
અંગ આપણામાં તીરથ સૌ આણીયું જો. અંબે. ૧૩
ઈંડા પીગળાંને મધ તે મોટી નદી જો,
તેના સ્નાન વડે નીરમળ થયું રૂદે જો. અંબે. ૧૪
માટે વાણી તારી જાણી લેજો સહી જો,
માટે આપના વિના તે બીજું કો નહીં જો. અંબે. ૧૫
મારા હાથની ફેરવણી ફરે બહુ જો,
મુદ્રા ન્યાસને ઠેકાણે જાણજો સહુ જો, અંબે. ૧૬
ભક્તિ પેટમાં પ્રગટી પ્રેમ રક્ષણા જો,
મારે ચાલવું તે આઇને પ્રદક્ષણા જો. અંબે. ૧૭
પાપ પુન્યનું સકળ ભરી મનમાં જો.
અભીમાન પશુ હોમાયો હવનમાં જો. અંબે. ૧૮
ચીત વહનીમાં સારી કરી વીભુતીયો જો;
જમુ કોળીઓ તે આઇને આહુતીઓ જો. અંબે. ૧૯
કરૂં સયન તે દંડવત કારણે જો;
કાંમ કળા આઇ ઉપર હું વારણે જો અંબે. ૨૦

દેહ રંગનો ભંગ કામ દેહ વસોજો;
જેવી સેવી દેવી તેવી લીલા પામશો જો. અંબે. ૨૧
ફળ સકળ વળે છે ચંડી પાઠનું જો,
જુઠ જાણશો મા કવીતાના ઠાઠનું જો. અંબે. ૨૨
પુત્ર પારણાની નીત્ય ઘેર ધુમ ી જો,
જીવે વર્ષ તે વિધેસ આઈ છો ઘણી જો. અંબે. ૨૩
ગરબો ગાઈને પુજો પદ આધના જો,
ધનવંતરના વચન વધાઇના જો. અંબે. ૨૪

ગરબી.

અમે ચરણે નમુંરે અલબેલો, મા આજ કારણ જેહ, અંબા અલબેલો. ૧
પ્રાક્રમ જેનું પ્રૌઢછેરે અ. જેનાં વેદ કરે છે વખાણ, અં. અ. ૨
ત્રીલોક જન તારવારે અ. રૂડાં ધર્યાં ચોસઠ રૂપ, અં. અ. ૩
સુરેજ કોટી મુખ શોભતારે અ. મા નમીયા સુરીનર ભુપ અં. અ. ૪
સહસ્ત્ર ભુજા જેને શોભતારે અ. ધર્યાં આયુધ વીવીધ વિચાર. અં. અ. ૫
વાઘ સ્વારી બિરાજીઆરે અ. મા કરવા સ્રષ્ટી કાજ અં. અ. ૬
પ્રીત ધરી પરમેશ્વરીરે અ. ભલી રાખી ભગતની લાજ અં. અ. ૭
ત્રિશુળ ધર્યું ત્રિપુરેશ્વરીરે અ. અસુર સંઘારણ કાજ અં અ. ૮
મોતીભણે પુરણ માતરે, અ. મા રાખો ભવો ભવ લાજ. અં અ. ૯

ગરબી.

ગેરી ગેરી અંબીકા રમે ગરબે રે, ગાએ સુરતણા ભેર શાંતરે.
આદ અનાદથી નારાયણી રે. ૧
તાલ માન્યમાં કરી તાળી પડેરે, પ્રેમ માન્યમાં ધરે છે પાએરે. આ. ૨
નવી નવી ભાતના નેણા નચાવેરે, પ્રેમે હાથ લટકો કરે છે માતરે. આ. ૩
દીપક તેજ અંગ અંબીકાનું દીપેરે, તેજમા તેજ નવ ભાસેરે. આ. ૪
સુર્ય કરણ શોભે ગરબો થકારે, શોભે અતી ઘણો તેનો અજુવાસરે. આ. ૫
નાદ સુણી દેવ આવીયારે, નમીયા વાંસળી વીણુએ વીસારીરે. આ. ૬
વિશ્વજોઇને સર્વે વિશમે થયુંરે, ધનધન કેહે મુખ માતરે. આ. ૭
મોતીરામ શરણે રટે માતાજીરે, જાણી અલબેલી માત ઉચારીરે. આ. ૮

ગરબી.

નીત નીત નોબતોરે વાગે, વિસંભરી દરબાર. ૧
અંમર સ્તુતિ કરેરે, સામટા ઉભાછેરે સમાજ. ૨
કોઈ કીરતાર કેહેરે, કોઈ કેહે દેવનો દાતાર. ૩
કોઈ બ્રમભેદ કહેરે, કોઈ કેહે વિશ્વપતી છો વિદાત. ૪
કોઈ અખંડ એક કેહેરે, કોઈ કેહે ભરણ પોષણની માત. ૫
કોઈ સરવે રૂપ કેહેરે, કોઈ કેહે મણી તણી છો માંડી. ૬
અનેક ભેદ ઓચરેરે, નીરમળ વચન વદે મુખથી. ૭
ધન ધન ધ્યાંન ધરેરે, દુર થાએ તરસના તણે દુઃખથી. ૮
મેંમાયા પાસે માગતાંરે, રાખ જોરજ ચરણ બિંદુરાજી. ૯
મોતીસુખ પામશુંરે, હવે તમે મેહેર કરો માતાજી. ૧૦

ગરબી.

મેતો ખુબ કરીને ખોલુંરે, આદ છે અંબિકા. ૧
સારી દુનિયાનું કારણ ડોલુંરે. આદ છે અંબિકા. ૨
મેતો પ્રેમે કરી પ્રકાશુંરે, આદ છે અંબીકા;
ભલુ રૂપ ભવાનીનું ભાળજુરે, આદ છે અંબિકા. ૩
મેતો શાસ્ત્ર જોયાં સર્વે સોધીરે, આદ છે અંબીકા;
જ્યાંહાં જોઈએ ત્યાં વાદ વિરોધીરે, આદ છે અંબીકા. ૪
પ્રથવીમાં તે પંથ અનેકરે, આદ છે અંબીક;
અવની માંતે ઈસ્વરી એકરે, આદ છે અંબીકા. ૫
જો તું તારા મંડળનું તેજરે, આદ છે અંબીકા;
તોહાતો ભુવન ચૌદનો ભેદરે, આદ છે અંબીકા. ૬
સુર્ય ચંદ્ર નોતા તેની સાખરે, આદ છે અંબીકા;
દેવો નોતાં એકા એક દાખરે, આદ છે અંબીકા. ૭
આખા અખીલ બ્રમાંડ નિપાવ્યારે, આદ છે અંબીકા;
જોગમાયા જુગત સરવે જાયારે, આદ છે અંબીકા. ૮
હેવી આદ આનંદીની રીતરે, આદ છે અંબીકા,
લખી અંબા તે લેહેરી લલીતરે, આદ છે અંબીકા. ૯
ભણે મોતીય ભવાંની ભાળ્યારે, આદ છે અંબીકા;

સારી દુનિયાના દુઃખડાં ટાળ્યાંરે, આદ છે અંબીકા. ૧૦

લાવણી.

આરાસુર આશરમજીનું કે, આદ્ય શક્ત બેઠે આસંન;
જય જય કરે નર નારી બંદગી, બાલ હજાર કરતે દરશન. ટેક.
ભરતખંડ ઔર જાંબુ દીપમે, દાંતા ગીરી આરાસુર ગામ;
માત જાગતી જોત બિરાજે, નવે ખંડમે જાહેર નામ. ૧
પ્રત્યક્ષ પડછાહે દેવીકા, મન વાંછીત જો પુરેકામ;
આપે ધન લક્ષ્મી જસવી પુત્ર, મીત્ર સુખ માદેવે નામ,
એસી અંબા આદ્યભવાંની, દુષ્ટ રીપુકુ કરે નાસંન. જય જય. ૨
તીન જોજન પર્વતકા ચડાહે, ઉસપર જગા બની રેસાળ;
કાકુ તેરી ફઉસ કીપેકી ચારો તરફ પકી ધરમશાળ,
આસપાસ આરાસુર નગરી, બીચ દેવલપર ઉડે રૂમાલ.
સનમુખ દેખો વાવ કલોધર, જ્યાં બૈઠે ભૈરવ મહાકાલ,
દરવાજે પર બજે ચોઘડીએ, ચડી ભવાંની સિંહાસન. જય જય. ૩
અજબ બના મંડપ માતાકા, વીર એલત સબ ચાચર;
સુંદર છબ દેવલ કે ન્યારી, ઉસ પર સોનેકા શીખર,
ગરજે ઘંટ ઘડીયાળ સારંગી, બજ બજ નોબત નરે છે મીલ કર.
સંત આરતી ધરે દેવીકી, આધીન હોકર કે જાતર,
રૂષી મુની ઇંદ્રાદિક બ્રહ્મા, કરતે માતકા ઉપાસન. જય જય. ૪
કરદશન અંબાકા સત જંન ગયે ધામ જ્યાં કોટેશન;
અવલમાન શરોવરે નાહે, ફીર નાહાવે ગંગા અંદર,
વસે જાતરૂ લોક સબીલે, ફળ અક્ષત ચડે ગબડ.
જ્યાં આસન હે આદ્ય માતકા, નીસંક બૈઠી નીવરાતર. જય જય. ૫
ભઈ પરસંન રાણાકુ અંબીકે, દીયા દેવીએ રાજ આસંન;
આરાસુરી કે ચરણ જાયેકે દીયા રાણાજીકુ દરશન, આદ્ય શક્તિ જ્યાં,
અંબે બિરાજે, અકળીત ગબડકી છાવા.
રસાલ ગીર ઉસ્તાદ હમારે, જીનકુ પરસંન મંમાયા,
કેહે કવી ગણુપતરામ વીપ્ર દેવીકા દરસંન કરઆયા.
પ્રગટ ભઇ જીસ દીન દેવી, ઉસદીન નહી હોતે ઇંદ્રાસન. જય જય. ૬

છંદ.

મંગલકી શેવા સુણો મેરી દેવા, હાથ જોડ તેરે દ્વાર ખડે;
પાંન સોપારી ધજા નાળિયેર, ચુંદડી તોરી ભેટ ખડે,
જગત અંબા, મકર વિલંબા, સંતનકે પ્રતિપાળ કરો.
સંતન પ્રતિપાળી, સદા ખુશાલી, જે કાળી કલ્યાણ કરો. ૧
શુભ વિધાતા તું જગ માતા, મેરા કામજ સિદ્ધ કરો;
જગત અંબા મકર વિલંબા, સંતનકા ભંડાર ભરો. ૨
ફિરે ફિરે સબ જુગ મોહ્યા, બ્રહ્મા વેદ ભણે દ્વારે;
સંકરજી તો ધ્યાન લગા રહે, નારદ ગાંન કરે પારે. જગત. ૩
સુકરે સુખદાઈ જુગમે ગાઈ સંત ખડે જેકારે કરે, પલમાં સંકટ
દુર કરે; મા દુશલનકા બેહાલ કરે, જુગત. ૪
વારે સનીસર સોભા વરન, તરણ અનોપત રૂપ ધરા;
દેવી હોકર દાંનવ મારે, ચંડ મુંડ ચકચુર કર્યા. જગત. ૫
આદીતવારે આદ્ય કુંવારી, જાણે આપણકા દુષ્ટ હણ્યા;
ક્રોધ કર કર દાંનવ માર્યા, રક્ત બીજકું ભસ્મ કર્યા. જગત. ૬
શામ શેભા વધારો મેરી માતા, સંત ખડે જેકાર કરે;
જ્યાં જ્યાં સંતન ભીડ પડે ત્યાં, આવીને રખવાળ કરે. જુગત.૭
નવે નોરતાં બેઠાં મારી માજી, દશમીકુ સંપુરણ ભયા;
દસમ દસાકી ચડે ભવાંની, શીરે કંચનકા છત્ર ધરા. જુગત. ૮

ગરબી.

• મોંઘાં થયાં મોહન મથુરાં જઇ કાગળ નવ લખ્યો કટકોરે. એ રાગ.
જેજે અંબે ભક્તની તારણ, કષ્ટ વિદારણ માત ખરી; ટેક.
સુરમુની ગાવે મન અતિ ભાવે, ગુણ મુખ ગાવે પ્રેમ કરી. જેજે. ૧
અતી મન રંજન અસુરની ગંજન, ભય ભે ભજન તું ધરી.જેજે.૨
અશરણા સરણની વીપતની હરણી, સંપતિ ભરની કીપાકરની.જે.૩
જગ પિતુ માતા સરવે સુખ દાતા, કરે જન શાતા વીઘનહરની.જે.૪
મા અષ્ટી થાપીક ઘટ સરવે વ્યાપીક, વ્યાધી કાપી દહન કરી. જેજે.૫
સુરે અરી કંદન અરચીત ચંદન, કરૂં નીત્ય વંદન આશ ભરી.જેજે.૬
જનમ નિવાસની સિંહ સુવાસની, સ્તુતી દાશની મન ધરી. જેજે. ૭

જાણી મનશા દેહ હરી આસને, પરસોતમદાસને સાથ કરી. જેજે. ૮

પદ.

તુજ બિન મેરૂ કોન દુઃખ ભાજે, આરાસુરકે રાણી હો; એ ટાર.
આરાસુરમે આપ બિરાજો, પાવાઘડ માહાકાળી હો.
દક્ષણમે હે તુળજાભવાની, ચુંવાળ બહુચર બાળી હો. તુજ. ૧
મ્રત્યુલોકમે રાક્ષસ પ્રગટે, આરાસુર મન ધારી હો;
તિન લોક દુઃખે હારન કારન, પ્રગટ ભયે મૈયા મેરી હો. તુજ. ૨
જબ જબ દુઃખ પડ્યો બિપ્રનકુ, તબ તબ કીની સાહે હો.
કેહેતહે હીરાલાલ નાગર, ચરન કમળ બલીહારી હો. તુજ. ૩

ગરબી.

મતબાલીમા, મુખડાની બલિહારીરે દરશણ દીજે;
આસબેલી મા, શેવકને સુખ સાતા આઈજી કીજે. ટેક.
મતબાલી ચાલી મતબાળે વેશે, વેણી કાળી મેહેલી છુટે કેશે;
માને ભજશે તેને નવ નીધ દેશે. મતબાલીમા. ૧
મા ખડગ કર ત્રિશુળ સાહી, માયે દૈત સઘળાં નયણે ન્યાળી;
માએ દુષ્ટ સઘળા નાખ્યા મારી. મતબાલી મા. ૨
માની ચુંદડી લાલ કસુંબે ઝળકે, માનો મોહોડ હાલેને વેસર લળકે;
મા ફુંદડી ફરેને ઘુઘરી ઘમકે. મતબાલી મા. ૩
તારો જન વાળમ મા એમ બોલે, તેતો મગન થઇ મનમાં ડોલે;
તારા નામ તણે મહિમા ખોલે. મતબાલી મા. ૪

તિથિયો.

દરશણ આપો મોરી માય, અંબા મુને દરશણ આપો;
તારા દરશણની મુને આશ, અંબા મુને દરશણ આપો. ટેક.
સરસ્વતીને વિનવું, ગણપત લાગુ પાય;
પંદર તિથિયો પુરી કરૂં, તેથી મન વાંછીત ફળ થાય. અંબા. ૧
પડવે માતા પ્રસિદ્ધ છો, નવે ખંડમાં નામ;
દુખિયાના સુખિયા થાય છે, જો જાય આરાસુરે ગામ. અંબા. ૨
બીજે બાળી બહુચરા, પશ્ચિમ કીધો વાસ;
આતુર જનને તેડીયો, માજી પુરી મનની આશ. અંબા. ૩

ત્રીજે માતા તુળજા, દક્ષણમાં છે નામ;
તુજ વિના મારે કો નહી, મને મોહોટી છે તારી હાંમ. અંબા. ૪
ચોથે ચામુંડા માતને, તેડયાં આરાસુર ડેઠ;
માજી મુખથી ઓચરે, તમે ચોસેઠમાં છો શ્રેષ્ઠ. અંબા. ૫
પાંચમે પાવાઘડ થકી, આવ્યાં કાળી માત;
પાંચ બેનો એકઠી થઈ, તાંતો રમવાને નવરાત. અંબા. ૬
છઠે છબિન્ની માત તું, જાણે મનની વાત;
અંબા મારે આદ્ય છો, માજી માત તાતને ભ્રાત. અંબા. ૭
સાતમે સિંધવાઈ માતને, તેડી લાવો આજ;
ગરબો ગાઈએ પ્રેમથી, તેથી સરસે સઘળાં કાજ. અંબા. ૮
આઠમે અંબા ઇશ્વરી, સરખા સરખી જોડ;
ગરબે ફરતી ગાય છે, ત્યારે પોંચે મનના કોડ. અંબા. ૯
નોમે નવરાત્રી એસીને, વળીયાં માજી આપ;
બ્રહ્મા વિષ્ણું માહેશ્વર, માજી જપે તમારા જાપ. અંબા. ૧૦
દશમે દેતી સર્વને, દેછે માજી ઘણું માન;
આપે બેઠાં આસને, પછી કરાવે સર્વને પાંન. અંબા. ૧૧
અગિયારસે આણંદ થયો, દીઠુ માનુ મુખ;
પાપ પુરવના પ્રલે થયાં, ત્યારે સઘળુ પામ્યો સુખ. અંબા. ૧૨
બારશે મા બળવંત છો, અંબા આપો આપ;
તુજવિના કોઈને નવ ભજુ, માજી તારો કરી મુને થાપ. અંબા. ૧૩
તેરશે તન તલપી રહ્યું, માજી પુરો આશ;
વરસ નીમે આવશું, જ્યારે આવશે શ્રાવણ માસ. અંબા. ૧૪
ચૌદશે ચાચર મધ્યમાં, હવન મોટા થાય;
તેથી માજી પ્રસંન છો, તારા ભગતને કરજો સાહ્ય. અંબા. ૧૫
પુનમે પુજુ પાવડી, કુંમ કુંમ અક્ષત લઈ;
શ્રાવણ કેરા સાથમાં, ત્યાંતો થાય છે થૈ થૈ. અંબા. ૧૬
પંદર તિથિ પુરીથઈ, મનમાં અતિ ઉલ્લાશ;
કર જોડીને વિનવે, એમ કેહેછે રવિયોદાશ. અંબા. ૧૭
જેવા દ્વાદશ માસ છે, તેવા પંદર દીન;

માજી શિખ્યાથી ઓચરૂં, હુંતો નિત્ય રાતને દીન. અંબા. ૧૮
સંવત ઓગણીસે બારમાં, ઉતરાણ કેરો જોગ;
પોસ સુદી સપ્તમી, રવિવારે આવે બહુ લોક. અંબા. ૧૯

શ્રી કૃષ્ણ જન્મનો ગરબો.

ગણપત લાગુછું પાય, ગરબો ગાવાને મન ધરૂરે;
સમરૂં સારદાજી માય, વાણી વિષ્ણુંની ઓચરૂંરે. ૧
વાસુદેવ તણી નારે, જેનું નામ છે દેવકીરે;
પામ્યા દેવ મોરાર, આદ્ય અંબા શેવા થકીરે. ૨
જેનો વિરો છે કંસ, મથુરા પુરીનો રાજીયોરે;
કાપ્યો ભગતોનો વંશ, મુરખ મનમાં ન લાજીયોરે, ૩
એણે માર્યા ખટ બાળ, હઈડે હંસાથી નવ ડર્યોરે;
સમે આવી પોતો કાળ, પાપ કુંભ પુરો ભર્યોરે. ૪
દેવકી ભજે ભગવાન, શુદ્ધ લેજો વૈકુંઠ ધણીરે;
વિનતિ ધરજો એ કાંન, હમને આશા છે તમ તણીરે. ૫
જોયુ વિશ્વ આધાર, દીન જાણી દયા કરીરે;
ધર્યો અષ્ટમો અવતાર, પુરણ પ્રગટયા ત્યાં શ્રી હરીરે. ૬
જાણે કોટી ઉગ્યા ભાણ, હેવું તેજ ત્રીકમ તણુંરે;
તેને કરીએ પ્રણામ, ધ્યાન ધરાયે પરી બ્રહ્મનુંરે. ૭
એમ કેહે છે વાસુદેવ, રખે વાત જાણી પડેરે;
લઈ આવ્યાં તત ખેવ, ગોકુળ ગામને ગાંદડેરે. ૮
દીધો જુમનાજીએ માગ, શેશ નાગે છાયા કરીરે;
ગોકુળ મુક્યાં માહારાજ, સાથે લીધાં છે †વીજળીરે. ૯
ધરૂં ધ્યાન અંબે પાળ, કંસ પ્રાણ લેશે હરીરે;
મેહેલ્યા હુતારખે વાળ, સર્વે શેવક આયુંદ્ધ ધરીરે. ૧૦
સરવે પામ્યો નિદ્રાય, વાણે વાત જાણી પડીરે;
બાળક પ્રગટ્યુ ઘરમાંહે, કંસ આવ્યો ઘોડે ચડીરે. ૧૧
મુને દેખાડોની બાળ, મારી કટકા તેનાં કરૂંરે;

---

† જુગદંબાયે વીજળીના અવતારનુ સ્વરૂપ દેખાડીને અષ્ટભુજા રૂપે આકાશ ઉડીને કંસને ભય દેખાડ્યો ને ભગવાનને ઉગાર્યા.

લઈ લીધું તતકાળ, હવે જીવ એના હરૂંરે. ૧૨
વીજ ઉડી આકાશ, બળ તેણે કીધું ઘણુંરે;
વાણી બોલી પ્રકાશ, તારો વેરી ગોકુળ કહુંરે. ૧૩
રાભો થયો કંસરાય, વિલુ મોને જોઈ રહ્યોરે;
પછી વિચાર્યું મન માંહિ, કોઈ શત્રુ પેદા થયોરે. ૧૪
દેવકીને વાસુદેવ, કારાગ્રહમાં તે નાંખીયારે;
ત્યાંથી ચાલ્યા તતખેવ, ધોડે પાખર નાંખીયારે. ૧૫
માતા જશોદાને ઘેર, નાટા રંગ બહુ થાયછેરે;
તરિયા તોરણ બંધાય, મંગળ માનુનીયો ગાયછેરે. ૧૬
હરખે કેહેછે નંદ તાત, મારા ભાગ્યનો ઉદે થયોરે;
પુત્ર લીધો ઓછંગ, માને ચરણે નમાવીયોરે. ૧૭
હરખે આવે આંસુ પાત, પ્રભુજીએ કીધી દયારે;
દુધે વરસ્યાછે મેહ, સાકર કેરા કરા પડ્યારે. ૧૮
મંદીર રંગ્યાછે જેહ, કેસર કંકુ કેરા છાંટણારે;
પુત્ર પામ્યા સુપાત્ર, વાજાં વાગે બહુ વિધનારે. ૧૯
આવે બ્રાહ્મણને ભાટ, દાંન પુન્ય કીધા ઘણાંરે;
ગોકુળ થયુંછે ઘેઘટ, દીધાં અંબાને વધામણાંરે. ૨૦
મોતીડે ભરાવી થાળ, ગાગરબેડાં ચડાવિયારે;
વાગે મૃદંગને તાલ, માને મંદીર આવીયારે. ૨૧
માનો મોટો મહિમાય, પુજા બહુ વિધ લાવીયારે;
પુજી લાગ્યાછે પાય, મુક્તાફળે વધાવીયારે. ૨૨
અંબા થયાંછે પ્રસંન, ખોળે લઈને રમાડીયોરે;
માએ મેલ્યો શીર હાથ, નાથ ખડખડીને ત્યાં હસ્યોરે. ૨૩
એછે અનાથનો નાથ, સઉ સુખીયાં એથી થશેરે;
કોઈક કારણ સ્વરૂપ, શોક સરવેના ટાળશેરે. ૨૪
થશે પૃથવીનો ભુપ, પ્રજા શઘળીને પાળશેરે;
વર આપી કર્યા વિદાય, ગોકુળ ચાલ્યાં છેહસ મસેરે. ૨૫
સંગે મળી વ્રિજનાર, મીઠાં બોલે મુકુંદજીરે;
ખાળુવાં કરેછે અપાર, એને નીરખે છે નંદજીરે. ૨૬

બાળ ચરિત્ર અનેક, એક જીભ્યાથી શું કહુંરે;
પાર પામે ન શેશ, અકળ ગતથી હું નવ લહુંરે. ૨૭
પેહેરે પિતાંબર સાર, હાથ ગ્રહી સુંદર લાકડીરે;
ગળે ગુંજાનો હાર, પાએ ચાલવા હિમ પાવડીરે. ૨૮
કેસર ખોળીછે મહેલ, ખાંધે નાંખીછે કામળીરે;
વાલો કરેછે કલોલ, સુરત જોતાં છે સામળીરે. ૨૯
ગાયો ચરાવે ગોવાળ, લીલા રચી વૃંદાવનમાંરે;
વાહી વેણ રસાળ, પેઠો રાધિકાના તનમારે. ૩૦
રાધા કેરો એ પ્રાણ, વિના મેલે નહિ ક્ષણુંરે;
હેના શું કહુ વખાણ, દાણ લીધુંછે મહી તણુંરે. ૩૧
નેન ચપળ ચકોર, સુંદર વદન સોહામણુંરે,
નવલ નવલ કીશોર, રાસ રમતાં રીઝ્યાં ઘણુંરે. ૩૨
ગોપી પામી આનંદ, વાલાજીના વિહારમાંરે;
કર્યો ગોકુળચંદ, તેતો વરસ અગીયારમાંરે, ૩૩
એના પ્રાક્રમ અપાર, વેદ વ્યાસજીની વાંણમાંરે;
કેતાં થાય વિસ્તાર, વાંચી શાસ્ત્ર પુરાણમાંરે. ૩૪
પછી માર્યો કંસ રાય, કેસ ગ્રહીને પછાડીયોરે;
તેનાં ઉરાડ્યાછે હંસ, સેજે સ્વર્ગે પમાડીયોરે. ૩૫
થયો મથુરાંનો રાય, માત તાતને છોડાવિયારે;
આનંદ ઓછવ થાય, સજન સૌકો તેડાવિયારે. ૩૬
પેહેર્યા શોળ શણગાર, રાજપુત્રી પટરાણીયોરે;
મહીમા વાધ્યો અપાર, માતા દેવકીને દીવો થયોરે. ૩૭
વૈભવ કહ્યો નવ જાય, હાથી ઘોડાને પાલખીરે;
બની શુંદર શોભાય, મોહન મંડપ બન્યો અતિરે. ૩૮
કેહેછે દેવકીજી માત, મેંતો માન્યાંછે નોરતાંરે;
એવે આવ્યાં નવરાત્ર, રૂષી દેવને તેડાવિયાંરે. ૩૯
અંબા તેડ્યાછે ઘેર, જેણે પુરી મનની રળીરે;
પુજા કીધી બહુ પેર, પાયે લાગે વળી વળીરે. ૪૦
મોટા કીધાછે હોમ, પાઠ વાંચી અંબામાતનારે;

પારણા કેરીછે નોમ, બ્રહ્મણ ભોજન બહુ ભાતનારે. ૪૧
અતિ મંડપની શોભાય, ગરબો ગાયે સહુ સુંદરીરે;
શ્રીફળ વસ્ત્ર અપાય, જ્યાં બેઠાંછે શ્રીહરીરે. ૪૨
પોતાં દેવકીના કોડ, તુન્ય એકે વાતે નથીરે;
ઉભો કેહેછે કરજોડ, દાસ દલપતની વીનતીરે. ૪૩
પુરો મનડાની આશ, સજન મેળાવો દુરથીરે;
ટાળ્યો બગ્ની કેરો ત્રાસ, સુખો મોકલ્યો હજુરથીરે. ૪૪
ગરબો શીખે સુણે ગાય. ભવસાગર જાયે તરીરે;
તુઠે ત્રિભોવનરાય, આશ પુરે અંબા માવડીરે. ૪૫

ગરબો મહિના.

ચાલો ચીત ચાચરમાં જઇએ, અરજીતો મારી અંબાવને કહીયે;
માજી વિના કોને જઇ નમીયે, ચાલો ચીત ચાચરમાં જઇએ. ટેક.
મા કારતગે કીરતી તાહારી જાણી, આવોને આરાસુર રાણી;
દયા કર દીન તારો જાણી. ચાલો. ૧
મા માગશરે મન થયુ ગાંડુ, પાપી દોશ આવી પડ્યું આડું;
તમે ચીત ચોરી લીધુ મારૂ. ચાલો. ૨
મા પોસે પાયો પ્રેમ તણો પ્યાલો, સ્નેહ તુજ સાથે બાંધ્યો ગાંડો;
અંબા આદ્ય અંત લગણ પાળો. ચાલો. ૩
મા માહાયે તો મોહ મદીરા પીઉ, વારૂ તોએ વાંકી વાંકી હીઉ;
અંબા વિના કોણ પાઉ ચીલ. ચાલો. ૪
મા ફાગણે ફોગટ છે માયા, જુઠી જાણું કાચી છે કાયા;
સાચી મારી જુગતની જાયા. ચાલો. ૫
મા ચઇતરે ચરણ કમળ તાહારૂ, ભમે ચીત ભમર પેઠે માહારૂ;
નએથીતે શીખ્યા લગણ બાળુ. ચાલો. ૬
મા વૈશાખે વિષમાં રહી વ્યાપિ, દયાળુજી દુઃખ નાખો કાપી;
રાખો ચીત ચરણ કમળ થાપી. ચાલો. ૭
મા જેઠેતો ઠેઠ થકી પડીયો, ભવજળ સિંધુ પુર ભરીયો;
માજી પાસે કાદવમાં કળીયો. ચાલો. ૮

મા અશાડે આશ ઘણી ધરીએ, પડ્યો પ્રાણી સાગર ભર દરીયે;
અંબામાના નામ થકી તરીએ. ચાલો. ૯

મા શાવણે શોધ લેજો માહારી, ભરૂસો છે અંબાનો ભારી;
કે સનમુખ સેવા કરૂં તાહારી. ચાલો. ૧૦

મા ભાદરવે ભે નાંખો ભાગી, બરદાળી બરદ બધા રાખી;
અપરાધ મારા ક્ષમા કરો સાંખી. ચાલો. ૧૧

મા આશોએ આણંદ કરીયો, ભવજળ સીંધુ પુરણ તરીયો;
શેવક માને ચરણે જઇ નમીયો. ચાલો. ૧૨

મહિનાતો પુરા થયા બારે, શીખે સુણે ગાયે નરે નારે;
અંબા આપે પદારથ ચારે. ચાલો. ૧૩

શ્રી માહારાણા શ્રી જશવંત સિંગજીનો જશ.

અંતર લાપીકા દુહો.

જય સબળે વરતો તમે, સિંહ ગરજીને સહાય
બાળક લાડ માજી કરે, અંબાના ગુણ ગાય.

શ્રી આરાસુર માહાત્મ પ્રારંભ.

નહી આપુ હો નંદજીના લાલરે, મહીડાં મારારે; એ રાગ.

પ્રથમ સંભુના સુત કેરૂં ધ્યાનરે, ધરૂંછું ભાવેરે.
સરસ્વતિ મા મન, જ્ઞાન બુદ્ધી આપેરે. ૧
આદ્ય સમરો મહંમાયરે, બહુચર માતારે;
કાળી તુળજા અંબાસાથ, ગરબો ગાતારે. ૨
અલ્પ બુદ્ધિથી વર્ણવું આજરે, અંબા આદ્ય શક્તિરે;
મને આપો બુદ્ધિ વિશાળ, હરમેવ કરૂં ભક્તિરે ૩
મારી જીભ્યાએ વસજો માતરે, ગુણ ગાઉ તારારે;
અખંડ રાખો આ જાત, રેહા શીર મારારે. ૪
હું વર્ણવું લઘુ આ ધામરે, ચાર જુગ કેરૂંરે;
રજા લેઈ કરૂં આ કામ, કરૂં માનુ ઉરૂંરે. ૫
ગિરિ મેરૂ શીખર પરવતરે, ગિરિશ્વેત કહીયેરે;
આરાસુર દીઠા માત, આપણ સહુ જઇએરે. ૬
રૂડો મંડપ આરાસુર ધામરે, સત યુગમાંથીરે;
ઇછાથી પ્રગટીયું નામ, માત મનમાંથીરે. ૭
કર્યાં પ્રગટ બ્રહ્મા હરરે, હરી છે સાથેરે;
બ્રહ્માણી રૂદ્રાણી આપ, વૈષ્ણવી હાથેરે. ૮
કરી દીતી અદીતી બે બેનરે, દેવાને કાજેરે;
અદીતીને પેટે અસુર, દીતીને દેવા છાજેરે. ૯
દેવો થયા પ્રગટ બહુ સારરે, દશા બધ ગાજેરે;
અસુર થયા છે અપાર, કોટી સુર ભાજેરે. ૧૦
દુઃખ દીધું દેવાને અપારરે, ગયા બ્રહ્મા કનેરે;
વિરંચીએ મોકલ્યા છે દેવ, જાઓ સહુ હરી કનેરે. ૧૧

હરિએ મોકલ્યા સુરરે, જાઓ શિવ પાસેરે;
સહુએ વિચાર્યું છે મન માંહે, શીપેર હવે થાશેરે. ૧૨
હરે કહ્યું વિરંચીં પાસ જાઓરે, સારી થશે ગતીરે;
પછી ગયા છે ત્યાં સહુ દેવ, થઇ સારી મતીરે. ૧૩
હરીહર બ્રંહ્માએ કરી વાતરે, હવે ક્યાં જઇએરે;
પ્રજાપતી બોલ્યા છે ત્યાંહ, આ દુઃખ કેમ સહીએરે. ૧૪
ચાલો જઇએ શ્વેતા ગીરી આપરે, પ્રગટ બાળા શક્તિરે;
મેરૂ શીખરે લખ જોજન, કરતાં જાઓ ભક્તિરે. ૧૫
નાટા રંગથી અમર સહુ જાયરે, ગાંધ્રવ ગાતારે;
અપછરા કરતી નાદ, વેદ ભણતારે. ૧૬
દેવો આનંદ કરતા જાયરે, પાયે ચડતારે;
કીધાં દર્શન ઉમંગે જઇ, ઉદો બડ બડતારે. ૧૭
માજી દ્વારે તે અનંદ થાયરે, બાળા જુવે ન્યાળીરે;
જુએ અમ્રત બે લોચન, જોતો પ્રજાળીરે. ૧૮
બાળા રૂપે તે દરશણ દીધરે, બોલ્યા મુખે માજીરે;
તમે કેમ આવ્યા છો અહીં, બોલી થાઓ રાજીરે. ૧૯
કરજોડીને બોલ્યા દેવરે, સન મુખ માનારે;
દુઃખ દીધું અસુરે અપાર. હમે ક્યાં રેહેવાનારે. ૨૦
વચન તે સાંભળી માતરે, વર દીધ મુખેરે;
સહુ જાઓ તમે આસંત, રેહો સહુ સુખેરે. ૨૧
પછી ગયાં પોતાને ઠામરે, ઉદો ઉદો કેહેતારે;
થાએ પુષ્પ તણી અતી વ્રષ્ટ, દુદુંભી ગડગડતારે. ૨૨
પછી બાળાએ કીધું સ્વરૂપરે, વીકરાળ છાજેરે;
દેવ રક્ષણ કરવા કાજ, ત્રણ ભુવન ગાજેરે. ૨૩
અસુર મારી આવ્યા ડુંગરરે, ધોળા ગીરી માતરે;
ત્યાં માર્યા અસુરો બહુ, આરાસુર જાતારે. ૨૪
આવ્યા મૃત્યું તે લોકમાં માતરે, મનુષ્ય જન કાજેરે;
થયાં કળી જુગમાં વિક્ષાત, આરાસુર મા આજેરે. ૨૫

શુ મધિ હવાં વિખ્યાતરે, શોક દુઃખ ટાળારે;
તેનું રૂપ કોથી ન કળાય, દેવોએ ન્યાહળીરે. ૨૬
બીજુ પ્રગટ કરૂંછું ધામરે, જેવુંતે તારૂંરે;
કુંદન પુર નામે ગામ, મુખેથી હું ભાણુંરે. ૨૭
શ્રીખસાઈ ભગવાંન છે ત્યાંહરે, મંદીર દીસેરે;
પ્રત્યક્ષ એધાણી હાથ, જોવા મન હીસેરે. ૨૮
કુંદનપુરની ભુપ નરરે, ભિમક રાયરે;
તેની પુત્રી રૂક્ષમણી બાળ, કૃષ્ણ વર ગાયરે. ૨૯
રૂકમૈયો હતો તેનોભ્રાતરે, શીશુપાળ ભાળ્યોરે;
પરણાવીશ એમ વદે વાત, ભગનીને નવ ભાવ્યોરે. ૩૦
ચાલી રૂક્ષમણી પુજવા માતરે, વારણા લેતીરે;
પુજા કરીને કેહેતી માત, દેજો હરી પતીરે. ૩૧
વર આપ્યો માજીએ આપરે, પતીએ વરસેરે;
દ્વારિકાંથી આવે છે નાથ, તે ચીત તારૂં હરશેરે. ૩૨
વર લેઈ તે ઉભીછે દ્વારરે, ઉભા ઘોડા ગાડીરે;
કૃષ્ણ આવ્યા તે રથ લઈ ત્યાંહ, કરે ગૃહી બેસાડીરે. ૩૩
લઈ ચાલ્યા દ્વારીકા માંહરે, પુઠે ભાઈ જાયરે;
તેની કરી વિચિત્રિ કાય, તેથી પુર ન અવાયરે. ૩૪
ડુંગરે કાંસાનો હાથરે, દાંતાથી વાય્ય ક્ષેણરે;
નિશાની હાથ પ્રત્યક્ષ, રથની એંધાણીરે. ૩૫
દાદા કોટેશ્વર કૈલાશરે, આરાધે માહા મુન્યરે;
અંત્રીક્ષથી આવ્યાં ભોમ, અતી હવું પુન્યરે. ૩૬
અરબુદાથી સરસ્વતી માતરે, પોતે આવિયાંરે;
આરાસુરમાં કીધો વાસ, શિવ મન ભાવીયાંરે. ૩૭
અજમેરે ગયો નંદરાયરે, હાથ નિશાનીરે;
કોટેશ્વર પાસે આજ, પ્રત્યક્ષ એધાણીરે. ૩૮
એક સમે લંડા સુર દૈતરે, અસુરે બહુ બળીયોરે;
આરાસુરથી પશ્ચિમ, તે પરવત પળીયોરે. ૩૯
છેખોરીબાન તેનો દેશરે, ચોવીશ ગાઉ ફરતોરે;

ત્યાં હતું તે રણ રણાકાર, અંબાજીથી ડરતોરે. ૪૦
હાલ વસ્તી નથી લવ લેશરે, એમ સંભવે છેરે;
માર્યો છે માયે તે દૈત, ત્યાં અઘોરીયે રેહેછેરે. ૪૧
કેશ કૃષ્ણ તણા માયે લીધરે, બેથી ગોએરે;
ત્યાં ગફા દીસે છે આજ, જોવા જઈએ શોએરે. ૪૨
ચાચરથી ઉગમણી દીશાવરે, ઘોળાગઢ કહીએરે;
આરસ મઠછે ત્યાંહ, સજીવ જળ લહિયેરે. ૪૩
મહિષ મર્દની છે ત્યાંહ, હાલ દીસે ખરીરે;
માર્યો તો મહિષાસુર દૈત, તેને ધ્યાને ધરીરે. ૪૪
હિમાચળે કર્યો છે યજ્ઞરે, કુંદન પુર પાસેરે;
ઉગમણી ગંગા વહે, પીપળાનું વૃક્ષ દીસેરે. ૪૫
એક વિમળ નામે જૈનરે, એડાવાળ વાણિયોરે;
માયે આપી હતી નવનીધ, અધીક જશ પામીયોરે. ૪૬
તેનું નામ જગતમાં આજરે, પ્રસિદ્ધ એધાણીરે;
દેરાં કીધાં વિમળશા રાય, ત્રણસે સાઠ આંણીરે. ૪૭
દયા આણી રાખ્યાંછે પાંચરે, એધાણી માટેરે;
પાળી મોટો કાપ્યો તો રાંક, જીવને સાટેરે. ૪૮
એક હતો પારેખ અએરામરે, ઝવેરના વંશમરિ;
મંદસોર ગામમાં પુત્ર, માળવા દેશમાંરે. ૪૯
હતો માહા વેપારી પ્રૌઢરે, ઝાઝ ભરી આવતોરે;
રત્નાગર મધ્યે વાહાણ, રત્ન ભરી લાવતોરે. ૫૦
બધો માલ હતો અમુલ્યરે, બુડવા લાગ્યોરે;
ઉભો સ્તુતી કરેછે રાંક, આશરો માનો માગ્યોરે. ૫૧
બહુ સ્તુતિ કરી અપારરે, અંબા માનીરે;
ઉતારો આ પાણીપાર, હું રહું શીર નામીરે. ૫૨
મારી વાહારે આવો મહંમાયરે, અપ્રાધ બહુ કીધોરે;
તમે આવી કરો શુભશાત, કામ મારા સાધેરે. ૫૩
આસનથી ઉઠી માતરે, વાધે ચડી ચાલીયારે;
ત્રિશુળે તાર્યું છે ઝાઝ, સમુદર મહાલીયારે. ૫૪

દરશણ દીધાંછે માતરે, શેવકજન સાથેરે;
ઉતાર્યું સમુદ્ર પાર, પારેખને માટેરે. ૫૫
હાલ પડછો છે પ્રસિદ્ધરે, ત્રિશુળછે વાંકુરે;
જઇ જુઓ આરાસુર માંહે, મુખે હું ભાંખુરે. ૫૬
ઝાઝ તારી આવ્યા મંદીરરે, સ્વપ્ન દીધું ભટનેરે;
ઝબકીને જાગ્યો ત્યાંહ, ઉઠ્યોછે ઝટનેરે. ૫૭
જઇ જુઓ માજીની કાયરે, શરીર દિસે ઝાંખુરે;
અંગવસ્ત્ર ભીંજાયલુ દીઠ, મુખેથી ભાંખુરે. ૫૮
કીધું નિચોવી જળ પાનરે, ખારૂં લાગેરે;
જળ મોકલ્યું રાણાની પાસ, એંધાણી માટેરે. ૫૯
એમ નિશ્ચ થયો તતકાળરે, શેવક વાહારે ચડ્યારે;
ભટજીએ કીધીછે પખાળ, આસન આવી અડ્યારે. ૬૦
માલ બધ લેઇને શેઠરે, આરાસુર આવિયોરે;
અરપી દીધો સહુ માલ, મા અંગે ધરાવીયોરે. ૬૧
પારેખે કર્યો વિચારરે, ઝવેર પાસછે ખરૂંરે;
એક હીરામછે રસાળ, મુગટ માંહે ધર્યુંરે. ૬૨
રૂડું પંનુ માતાજી કપોળરે, હીરામ પાસ લળકેરે;
વચે અમુલ્ય પત્ર લલાટ, મુગટ બહુ ઝળકેરે. ૬૩
પછી દીધો માએ શીર હાથરે, પારેખને સાહીરે;
કુંમકુમ રેખાપોછે હાલ, જુવો જઇ ધાઇરે. ૬૪
ચાર જોતો બળેછે પાસરે, ઘીની અખંડરે;
તેના નામથી ચાલે હાલ, તેતો નહી ફંદરે. ૬૫
એના વંશના શેવે માતરે, સુખીછે માનવીરે;
તે આવે આરાસુર માંહ, જવું ન પડે ઝાનવીરે. ૬૬
લઘુવરણન કરૂં આખ્યાનરે, માતાજી પ્રતાપરે;
શેવક બાલાજી ગાય, મળ્યા આપો આપરે. ૬૭

ગરબી.

સાર સારૂરે સુરત શેહેર, મુંબઇ અલબેલી. એ રાગ.

ધનધન ધન તમને આજ, જસવત સિંહરાણા;
તમે ચતુર છો માહારાજ, દીસો છો શાણા. ટેક.
રાણા કેરૂં આખ્યાન કહુછું, લઘુ લઘુ હું આજરે;
સાંભળજો સજન સહુ રસીયા, સરસે સઘળાં કાજ. જસ. ૧
એક સમે શ્રી ફરસરામે, નક્ષત્રી કીધી નવ વારરે;
નવ રેહ્યો ભુ ઉપરક્ષત્રી, થયા અસુરે અપાર. જસ. ૨
બ્રહ્મા તે સમે ક્રોધે ભરાયા, ગયા વિશ્નું પાસરે;
શિવ સુરોયે વિચાર કીધો, અંબામાની આસે. જસ. ૩
અરબદા ચળગીરીપર જઇએ, અનળ કુંડની આગળરે;
કરવા માંડ્યો રાજ સુયત્ન, બ્રહ્માએ હળા હળ. જસ. ૪
તેમાંથી થયાં છે ઉતપન્ન, ક્ષત્રી ચાર બહુ રૂડારે;
પેહેલો પઢીહાર બીજો સોળંકી, ચુંવાળ ત્રણે સુરા. જસ. ૫
પુવાર ચોથો રાજવી હુંવો, બ્રહ્મા સામો કીધો બાલોરે;
બ્રહ્મા એ વર આપ્યો એને, જાઓ અસુરને મારો. જસ. ૬
તે રાજાએ રણમાં રેહીને, પુત્ર સકળ સહુ પાળ્યારે;
રણમાં રેહીને જસજ લીધો, નામે રજપુત ત્યાહળ્યા. જસ. ૭
બ્રહ્માએ પુવારને આપ્યું, આબુ ઊજણનું રાજરે;
ધારાનું રાજ્યપણ તેને આપ્યું, બહુ કર્યાં છે કાજ. જસ. ૮
ત્યારપછી રાજ પુવારે, આબુથી ઉજણ કીધુરે;
અડસઠ ભવાંની ઉજણમાં, નામ કુળદેવી લીધુ. જસ. ૯
પ્રથમ કુળદેવી આરાસુરમાં, સરવે રજપુતો ની છેરે;
અધિકાર પણછે રાજાનો, શીરોમણી માનીછે. જસ. ૧૦
પુવારની ચાળીસમી પેહેડીએ, સવપાળ રાજા હુંતોરે;
સિંધ ઉજણ રાજ કર્યું છે, વિક્રમથી ચાળીસ જોજો. જસ. ૧૧
રેવપાળજી દ્વારકાં ગયાતા, ત્યાંથી કછમાં આવ્યારે;
માતાજી પ્રસંન થયાં છે પુજાયો બહુ વિધ લાવ્યા. જસ. ૧૨
દરશણનો એને નિયમ હતો, માતાજી પરબારોરે;
જળ પીયે દરશણ કરીને, હેવું મન વ્રતધારી. જસ. ૧૩
પ્રસંન થયાં માતાજી પોતે, વર આપી ને ચાલ્યારે;

સિંધનું રાજ કરો તતબર થઈ, આઠ લાખ ગામ મહાલ્યા. જસ. ૧૪
નગર ઠઠામાં રાજ કર્યું છે, ચૌદમી પેહેડીએ પુત્રરે;
દામાજી રજપુત થયા છે, દીવા ઉઠ્યો ઊરપુત્ર. જસ. ૧૫
નગર ઠઠામાં સિંધવાઈ માતા, સ્થાપન કીધું રજપુતેરે;
પુત્ર નહીં તેથી દામાજીના, મનના મનોરથ તુટે. જસ. ૧૬
કાલા વાલા કીધા છે અતી, પ્રસંન થયા માતાજીરે;
શરીર પોતાનો મેલ ઉતારી, પુત્ર કર્યો છે રાજી. જસ. ૧૭
રાજાને તે પુત્રજ આપ્યો, શીર હાથ માએ દીધોરે;
જસ રાજજી નામજ પાડ્યું. જશ કરશે એવો કીધો. જસ. ૧૮
માતાજીએ રાખ્યો પાસે, રાજ કરો આ ઠામરે;
મારા સ્થાનકની પાસે રહીને, કરો સેવકના કામ. જસ. ૧૯
વર એવો આપીને પોતે, સિંહાસન જઈ બેઠીરે;
ત્યારપછી ઉપજ્યો મુસલમાન, દામો થયો અતી દુઃખી. જસ. ૨૦
મુસલમાનોએ જુલમ કીધો, રાજ લેવા અતી મોટુરે;
વરસ એક સુધી યુદ્ધજ ચાલ્યુ, દામોજી મુવે થયું ખોટુ. જસ. ૨૧
કુંવર તેનો જસ રાજાએ, લડાઈ કીધી ભારીરે;
છીનવી પાછું રાજ કીધું, મુસલ માનો ને મારી. જસ. ૨૨
પછી સહુ મુસલમાનોએ, જાદે છળભેદ કીધોરે;
થઈ પ્રસન્ન માતાજીએ, જસ રાજ બોલાવી લીધો. જસ. ૨૩
રાજ કરો હમારી પાસે, આવોને આ વારરે;
વળતું રાજા બોલ્યા પોતે, પાછો સિંધ જનાર. જસ. ૨૪
મુસલમાનોને મારીને, કરનાર નહી બીજુ રાજરે;
માતાજી વળતું એમ બોલ્યાં, તારો કેદાર કુંવર રાજ. જસ. ૨૫
કુંવરછે જસ રાજાનો રૂડો, કેદાર સિંધજી રાયરે;
નિશાન ડંકાથી જસ રાયે; લાવ્યાં પોતે ત્યાંહ. જસ. ૨૬
પોચાડી ચાલ્યા આરાસુરમાં, જસ રાણાજી પોતેરે;
રાજ કરશું કેદાર સિંગજીએ, માતાજીમાં એક જોતે. જસ. ૨૭
નિશાની હાલ છે જસરાયની, આરાસુરમાં દેખોરે;
ઘોડા ઉપર ગણપતી પાસે, સ્વાર થયાછે પેખો. જસ. ૨૮

મરણ પામ્યા છે સિંધ જઈને, રહ્યા કુંવર ચારરે;
ચાચરમાં ત્રિશુળ છબી છે, સનમુખ હાથી આગળ. જસ. ૨૯
જસ રાજા સ્થાનકે આવ્યા, રાખ્યો કુંવર મા પાસરે;
રહ્યો હતો પોતે ગબડમાં, માતાજીની આશે. જસ. ૩૦
વચન બોલ્યા વાઘ આપી, સ્વાર થઈ જાઓ સહુ દેશેરે;
સ્વાધીન રહે રાજા સહુ દેવો, જ્યાં સુધી વાઘ ચરેશ. જસ. ૩૧
આવો ચારે દીશા ફરીને, થાય અધિકાર બંધરે;
રાજા સાતસે સાઠ ગામનો, થઈ જાય ફંદા ફંદ. જસ. ૩૨
માતાજી સનમુખ ઝરી વાવ છે, દીસેછે અદભુતરે;
નાગની કન્યા સુંદર દીસે, તે પરણાવી કેદાર સુત. જસ. ૩૩
તેના વંશમાં નારસિંગજી. તેના જાલમસિંગજીરે;
ભાઈ તેના હરિસિંગજી, તેના પુત્ર જસવત સિંગજી. જસ. ૩૪
એના ભાઈ મોહોબત સિંગજીછે, રતન સિંગજી ત્રીજારે;
ભિમસિંગજી ચોથા ભાઈ, તેમાં પોતે પાટવી રીઝ્યા. જસ. ૩૫
કુંવર બે જસવત સિંગજીને, અમાર સિંગજી સારારે;
બાલજી લાલા દીસે રૂડા, લાગે સહુને પ્યારા; જસ. ૩૬
દાણ લેછે રાજા પોતે, બ્રાહ્મણો ન આપેરે;
બીજી વરણો સરવે આપે, માફ રાણાની હોય છાપે. જસ. ૩૭
આ જશ ડંકાનો પાર ન પામું, કેહેતાં ન આવે પારરે;
ડુંગરમાં હિમત છે સારી, શતરૂ ત્રાસ પામે આપાર. જસ. ૩૮
માતાજીમાં ચોકી પેહેરો, રજની દીવસ રેહેછેરે;
આશ રાખી આરાસુરીની, અંબા નામ વદેછે. જસ. ૩૯
દેરાં જીરણ થયાં વીમળનાં, પ્રાચીન જુના અપારરે;
અમદાવાદનો પેમા ભાઈએ, મદદ કરી આ વાર. જસ. ૪૦
પાલણપુર રૂપૈયા રાખ્યા, માસ એકને બ્યાજેરે;
દેરાની મજબુતી સારૂ, રાખ્યા પોતે આજે. જસ. ૪૧
આવેછે જાત્રાળુ લોકો, સુખી થાય દીન રાતરે;
સંઘવીઓ સહુ આશીશ દેછે, ચરણ જીવો મહારાજ. જસ. ૪૨
આરાસુરની યાત્રા કરીએ, ભવનાં પ્રાશ્ચિત જાયરે;

વાઘ્યકુંડમાં નાહી જઇએ, વેદ પુરાણે ગાય. જસ. ૪૩

વાત ઉડાવી પાપી એકે, અંબા ગયાંછે એડમારે;
દાણ ચોરાવી રજપુત ચાલ્યો, તેને નાંખ્યોં હેડમાં જસ. ૪૪

આદ્ય શકિત આ ધામ વસ્યાં છે, પ્રતક્ષ પારો આજેરે;
આસનથી ઉઠી નથી જાતાં, જાએ શેવકને કાજે. જસ. ૪૫

ડુંઅર મધે રાજ કરોછો, માતાજી પરતાપેરે;
દાંતા મધ્યે ધ્યાન ધરોછો, અંબાજી જશ આપે. જસ. ૪૬

આરાસુરમાં અંબા બેઠી, જાગતી જળહળ જોતેરે;
આશા પુરે ગફામાં પેઠી. સકળ અષ્ટીમાં પોતે. જસ. ૪૭

જસ કરોછો સંઘવી જનને, સહુ પાસે બોલાવોરે;
સરપાવ આપોછો કૃપાથી, તનના તાપ સમાવો. જસ. ૪૮

દાંતા કેરૂ રાજ કરોછો, તખ્ત તમારો શોભેરે;
માતાજી પરતાપે આવું, મન હમારૂં થોભે. જસ. ૪૯

જાતરાળુને સુખ્ખજ દોછો, ભય સઘળાના ટાળ્યારે;
દુશમનના તમે રીપુ કહાવો, હમ સરવેને પાળ્યા. જસ. ૫૦

ઘોડા ગાડી નિશાન ડંકા, અસવારી બહુ લાવેરે;
અંબાજીની જાત્રા કરવા, ઉમંગથી સહુ આવે. જસ. ૫૧

સંઘજ આવે અંબાજીના, નરનારી વૃધ બાળરે;
ગાન તાન કરતા સહુજન, તેની કરો સંભાળ. જસ. ૫૨

સુંદર રૂપ દીસેછે તમારૂ, કોમળ કાંતી સારીરે;
પારે ના આવે વરણન કરતાં,શોભાછે બહુ ભારી. જસ. ૫૩

આદ્ય સંઘ છે નાગરી નાતનો, શાવણ મહીનો કાવેરે;
નાગરો સંઘવી સહુ રેશીઆ, સરવે જનને લાવે. જસ. ૫૪

રૂડી ચોદશ શ્રાવણ માસની, કૃશ્નપક્ષની સારીરે;
અમદાવાદથી કુબેરજી આવે, સંઘ લાવે બહુ ભારી. જસ. ૫૫

કુબેરજીપર મેહેર હતી બહુ, હરીસીંગજીની ચાર હાથેરે;
જસવંત સિંગજીની પણ તેવી, અંબા મા છે માથે. જસ. ૫૬

સંઘવી સરવે નાગરો છે, ખંભાતના હરદેવજીરે;
અંબાલાલ નડીઆદથી આવે, જાદવલાલ પેટલાદથી. જસ. ૫૭

ભાદરવાનો સંઘજ બીજો, જોઈતાભાઇ સંઘવીનોરે;
તે પણ નાગર બ્રાહ્મણ હતો, અમદાવાદમાં દીવા. જસ. ૫૮
કારતગ મહીને તે પણ સંઘવી, લઇ જાય માને દ્વારરે;
બીજા સંઘવી નારણ ભાઇતે, આવે માજી પારે. જસ. ૫૯
અસલ સંઘ શ્રાવણ મહિનાનો, લાવે નાગરી નાતરે;
રાણાજી હુકમજ આપે, બેસાડે કેવાને વાન. જસ. ૬૦
હાલ કુમેરજી નામે ચોકી, આપેછે રાણાજીરે;
ભટના ઉપર હુકમ થાયછે, પુજા કરે થઈ રાજી. જસ. ૬૧
નાટારંગ ચાચરમાં થાએ, નાગર સરવે નાચેરે;
મુળ મંડાણે ચાચર આવે, અંબાજીને જાચે. જસ. ૬૨
નાગરોની છે કુળ દેવી, હાટકેશ્વર અંબાઆરે;
થાળ આરતી કરે ત્યારે, સહુથી સાથ જમાય. જસ. ૬૩
હેવો ટેક છે નાગરી નાતનો, અસલથી ચાલ્યો આવેરે;
વડનગરથી આવે સહુ જન, કેશ એક માસે ઉતરાવે. જસ. ૬૪
ભાદરવામાં નાગરો ત્યાં, ચાચર આવી ગાયરે;
નાટા રંગ કરેછે પોતે, ઉમંગ ઉરના માય. જસ. ૬૫
નાગરોની કુળદેવી છે, રાણાની પણ કેહેવાયરે;
દેવીએ અંતરમાં સૂઝ્યો, અરૂ તરત એ સહાય. જસ. ૬૬
આરાસુરમાં આદ્ય શકિત છે, શિર રાણાને બિરાજેરે;
પ્રતાપ છે અંબાયા કેરો, નાગરો અસલથી ગાજે. જસ. ૬૭
માતાજીનું માન સરોવર, તાપીશંકરે કરાવ્યુરે;
બીજા આરસ દેવડાવ્યા પોતે, અંબા પ્રતાપ પધરાવ્યું. જસ. ૬૮
આ જસ ગાવું શ્રાવણ માસે, માતાજી પારે આવુરે;
કૃપા કરીછે રાણાજીએ, વરસે એકે હું આવું. જસ. ૬૯
ગાઉ ગુણ હું રાણાજીના, ચરણ જીવો આ જાતરે;
કટકા કરશે દુશમન કેરા, માતાજી રાખે લાજ. જસ. ૭૦
ઉગ્ર પીઠ અંબાજી સેવો. અચળ છે આ ધામરેઃ
ચાચરથી બેડ નથી ચાલ્યા, દ્વેશે હેવું કરેચુ કામ. જસ. ૭૧
ચાચર મધે ગણપતી બેઠા, વેહેરાઇ માતા દીસેરે;

સામા શંભુ બેઠા પોતે, સનમુખ માને હિસે. જસ. ૭૨
કાળ ભૈરવ અષ્ટ ભૈરવ, વાબ્ય માજીની ચારીરે;
ખોડીયાળ માજી બેઠાં નાકે, રક્ષા કરે સુખ ભારી. જસ. ૭૩
માનસરોવર તીરે શંભુ, બેઠી અજાઈ માતરે;
વન તરૂવર શોભા બહુ સારી, ત્યાં નાગર નિરાસ થાતા. જસ. ૭૪
કોટેશ્વર કૈલાસે જઇએ, સરસ્વતીમાં નાહાવારે;
પંચતીરથી કરીએ સહુ જન, સંપુરણ યાત્રા થાવા. જસ. ૭૫
કુદીએ ચાચર આવી પાછા, ઉદો ઉદો ઓચરીયેરે;
માજીનું શીખર વધાવીયે, પ્રભાતે ઉઠી નીસરીયે. જસ. ૭૬
ભોળેભાવે ભાવ ધરીને, ગુણ અંબાના ગાઉરે;
કુબેરજી ત્રીકમજી ભાઈ, ડાહ્યાભાઇને લાવું. જસ. ૭૭
ઓગણીસે છતરીસામાં, રૂડો શ્રાવણ માસરે;
ચાલી આવું વદ ચૌદશે, રાખી માજીની આશ. જસ. ૭૮
માતાજીનો સેવક ગાયે, બાલાજી સુભ નામરે;
પીતા ભગવાનજીછે સારા, અમદાવાદમાં ઠામ. જસ. ૭૯
ગાશે સુણસે ભાવ ધરીને, નરનારી વ્રધ બાળરે;
અંબાજી જસવત જસ આપે, કોઇને નવ દે આળ. જસ. ૮૦
અંબામાની મેહેર થઈ, નમી નમી પાએ લાગુરે;
નાગરબ્રાહ્મણ ઉપર કરૂણા, કરો મા આત્તા માગુ. જસ. ૮૧

ગરબી.

જસવંત સિંગરાજ, મહંમાયા પરતાપે રાજ કરોછો;
મા ઉપર ભાવ, રઇયતને સુખ કરવા ધ્યાન ધરોછો. ટેક.
તમોછો ગુણસાગર બહુ રશીયા, પરતાપ ઘણો જાતે હશીયા;
આવી દાંતા ડુંગરમાં વશીયા, જસવત. ૧
તારા મહોલ અતી સુંદીર સારા, કોટ બુરજે મુક્યાછે મારા;
તે જોતામાં શત્રુ હાર્યા. જસવત. ૨
ઘર મેડીયો સરખા સરખી, હેવી શોભા દાંતાની નિરખી;
જોતમાં બુદ્ધિ રેહે હરખી. જસવત. ૩

અંબાના મોહોલ ઘણા સારા, નીકળેછે સરસ્વતીની ધારા;
ચાચર આવી રંભા બાળા. જસવત. ૪
માના માનસરોવરમાં.પાણી, જળમાં નાંખ્યું અમૃત આણી;
ડુંગરામાં ના મળે એધાણી. જસવત. ૫
માના માનસરોવરમાં નાહે, ભવના પ્રાશ્ચિત ત્યાં જાએ;
માનો પુજાપો લેઈ લાગે પાએ. જસવત. ૬
ઘડમાં વાઘોની બિક ભારી, વાટે આવે સઉ નરનારી;
રક્ષા કરે અંબા સારી. જસવત. ૭
ત્યાં જસવતસિંગ ચીઠી આપે, અંબાની છાપ કરી છાપે;
તેનુ ્રાણુ નાગરના આપે. જસવત. ૮
રાણાનો ડુંગર બહુ શોભે, જોવા મનકુ અતિસે લોભે;
આવી ઉભેથી ચીત્ત થોભે. જસવત. ૯
નાગરો આવે સંગ લઇને, દરબાર કને આવે જઇને;
જાએ અંબાજી એક રાત રહીને. જસવત. ૧૦
આ બાલાજી વાણી કેહેછે, અમદાવાદમાં તે રેહેછે;
માજીની આશીશ ઘણી લેછે. જસવત. ૧૧

લાવણી.

જસવતસિંગ માહારાજ, મેરે મતવાલા; તુમ સદાસલામત રોહોને ડુંગરવાલા. ટેક.
દાંતામે ડંકા બજા, દેખો સબ ભાઈ, બીચમે મેહેલ બિરાજે, શોભા પાઇ;
ડુંગરમે દેખો, ઢાલ તરવાર ઓર ભાલા. તુમ. ૧
દેખો શોભા રાણાકી મનમે લાઈ, સબ રૈયત કેહેતી દાતામે અંબે આઈ;
ઘોડેકા સ્વારકુ ચમક રહે કરેભાલા. તુમ. ૨
હાથુમે દેખુ બંધુક ઓર હથિયારા, સબ રખે વાલુકુ હુકમ દિયાહે સારા;
ડુંગરમે ચોકી કરતા હે ખુબલાલા. તુમ. ૩
રાણાકે પાંઉમે કડા હિમકા છાજે, દો ભાઈ ભતિજેકે પાંવુમે બિરાજે;
દાંતા કે ઘડમે ગયા હુતા સબ લાલા. તુમ. ૪
અંબે મઈયા મીલી તુમકુ શાણી, ઓ મીઠી રાણી કુસતી મનમે આણી,
સબ રૈયત કેહેતી ઓઈ દાંતાવાલા. તુમ. ૫
રાજાકુ પરસન માજીહે ખુરબાની, મે ગાતાહું અંબેકુ મનમે માની.

દરબારમેં તુમ બેઠ રહે મતવાલા. તુમ. ૬
અંબે મેરી ઉસ્તાદ ગાવું છંદ તેરા, મે કરતા તુમકુ યાદ રહ્યા મે ડેરા;
ગાવું બજાવું ગુન અંબે લાલ. તુમ. ૭
ડુંગરમે તુમ રખતે હે સબ પેરા, ગાવે નાચે ચાચર નાગર લહેરા;
મંટપમે આઈ ગુન ગાયે સબ બાલા. તુંમ. ૮

ગરબી.

ધનધન આજ, જસવત સિંગરાણા;
મોહોબત સિંગ ચતુર છે શાણા. ધન. ટેક.
ડુંગરનું રાજ કરો સારૂ, તે જોવા ચીત બમે મારૂ;
તમારા ગુણગાવા ધારૂ. ધન. ૧
શાવણે માજીનો સંગ આવે, નાગરો રાણાને મંન ભાવે;
અંબામાને ઉરમાં સહુ લાવે. ધન.
જસવત સિંગ જસ થયો આજે, માજીની મેહેર અતી છાજે;
માજી દરબાર અતિ ગાજે. ધન. ૩
મુખાર બીંબ દીસે છે રૂડુ, તમારા વેરી બોલે ભુંડું;
તેને માથે માતાજીનું છોડું. ધન. ૪
માતાજી પ્રસંન છે તમને, માર્યા તમે આવીને જમને;
અતીશે લાભ થયા હમને. ધન. ૫
મોહોબત સિંગ મોજ કરે સંગમાં, જસવત સિંગ દીસેછે રંગમાં;
માનવી સહુ રહ્યા ઉમંગમાં. ધન. ૬
આસીરવાદ સંગમાં સહુ દેછે, ચરણ જીવો રાજાને એમ કહે છે;
માતાજીનું નામ આવી લેછે. ધન. ૭
ખુશી થયાં સંઘવી બહુ ઝાઝા, આવી થયા આણુંદી તાજા;
બાલાજી જોડે બેઠા રાજા. ધન. ૮

ગરબી.

આ જસવતસિંગ માહારાજ, રૂપે રંગીલા.
આ મોહોબતસિંગ મહારાજ, રૂપે રંગિલા. ટેક.
રૂપે રંગીલા છેલ છબીલા, સસી સરખુ મુખ શોભેરે;

આરાસુરમાં અંબે બાળા, જોતાં મનડું થોભે. રૂપે. ૧
કોમળ કાયા સુંદર સરખી, મુખ હસતું બહુ રાખોરે;
સંઘવી સરવે આવી બેસે, તમે સહુ મુખથી ભાખો. રૂપે. ૨
હાથી ઘોડા પાલખ સોહિએ, ટકોરખાનું વાગેરે;
શરણાઈઓનો શબ્દ સુણતાં, મારૂં મનડું જાગે. રૂપે. ૩
દરબાર સરવે જઈએ ચાલી, બેશીએ સનમુખ જઈનેરે;
સંઘવી સૌજન આવી બેસે, અરજ મુખથી કહીને. રૂપે. ૪
અતી હુવા જસ સંગમાં આજે, ધન ધનછે માહારાજરે;
આશીરવાદ સૌ મુખથી કેહેછે, અખંડ રહો આ રાજ. રૂપે. ૫
મહોબતસિંગજી દીસે રૂડા, આરાસુરમાં પધાર્યારે;
સૌ સંગ ઉપર કરૂણા કીધી, ભક્ત સઉને ઉગાર્યા. રૂપે. ૬
ચોકી પેહેરો સારો કરાવ્યો, પડ્યુ નથી કાંઇ દુઃખરે;
જેજે અંબા બોલે સઉજન, કર્યું અતિશે સુખ. રૂપે. ૭
નરનારી નાગર સૌ બ્રાહ્મણ, ચાચર આવી જાયરે;
જસવતસિંગજી મોહોબતસિંગજી, પાસે બાલાજી ગાય. રૂપે. ૮

ગરબી તિથીના રાગની દેશી.

આ જસવતસિંગ માહારાજ, ચરણ જીવોરે;
અંબામાના કુળમાં, થયો એક દીવોરે. ૧
રૂપ જોઈ તન મનમાં હું અતિ હરખુરે;
અંબામાના દરબાર, અધિક મણી સરખુરે. ૨
ધન ધન આજુનો દીન, થયો બહુ સારોરે;
નાગર રાણાજી સાથ, પુજેછે પારોરે. ૩
કુળદેવી રાણાની નાગર સાથેરે;
આ બે જણનીછે માત કુળથી માથેરે. ૪
રાજ કરેછે જસવતસિંગ, માહારાજારે;
નાગર બ્રાહ્મણ સૌ સાથ, બેઠા રાજારે. ૫
આરાસુરી અંબાના ચરણ સેવોરે;
આ જનમ ધરી એકવાર લાભજ લેવોરે. ૬

શોભે રાણાનો મેહેલ, અતિશે સારોરે;
હાથી ઘોડા છડીદાર ઉભા દ્વારોરે. ૭
પ્રેમે પુજો માત આરાસુર રાણીરે;
આવી દરબારે ગાય,બાલાજી વાણીરે ૮

ગરબી.

ગુણ ગાઉ હું આજથી, જસવતસિંગજીના. હાંહારે જ.
દરબાર શોભે રાજથી, જસવતસિંગજીના. હાંહારે જ. ૧
ડુંગરમાં ડંકા થયા, જસવત. હાંહારે જ.
ભાંખરામાં ભાવડાં રહ્યાં, જસવ. હાંહારે જ. ૨
દાંતામાં પેહેરા ફરે, જસવ. હાંહારે. જ.
દુઃખદારિદ્ર માહરે. જસવ. હાંહારે. જ. ૩
જસ સઉજન મન ગાયછે. જસવ. હાંહારે જ.
પાલવ આવી સાહ્યછે. જસવ. હાંહારે. જ. ૪
હુકમ ત્યાંથી થાયછે. જસવ. હાંહારે. જ.
સૌ સાથે સિપાઈ જાયછે. જસવ. હાંહારે જ. ૫
નાગર સઉએ આવીને. જસવ. હાંહારે. જ.
સુખેથી સાજ સજાવીને. જસવ. હાંહારે જ. ૬
ભાઇછે મોહોબતસિંગજી. જસવ. હાંહારે જ.
બીજા રતનસિંગજી. જસવ. હાંહારે, જ. ૭
ત્રીજા ભાઈ ભીમસીંગજી. જસંવ. હાંહારે. જ.
કુવર પાટવી અમીરસીંગજી. જસવ. હાંહારે. જ. ૮
નાના કુંવરછે લાલજી. જસવ. હાંહારે. જ.
તે થઈ રહ્યાં અતિરંગજી. જસવ. હાંહારે. જ. ૯
વડા ભટ કેવળરામછે. જસવ. હાંહારે જ.
બીજા ભાઇ અંબારામછે. જસવ. હાંહારે જ. ૧૦
કૃષ્ણારામ ત્રીજા ખરા, જસવ. હાંહારે. જ.
પુજારા ત્રૈણે કર્યા. જસવ. હાંહારે જ. ૧૧
અંબા પુજે આપથી. જસવ. હાંહારે જ.
સર્વે હુકમ કરે છાપથી. જસવ. હાંહારે જ. ૧૨

કોઠારી ચોકીદારછે. જસવ. હાંહાંરે. જ.
ધર્મશાળાની હારછે. જસવ. હાંહાંરે જ. ૧૩
મંડપની રચના થઈ. જસવ. હાંહાંરે. જ.
આશ અંબાની બઈ. જસવ, હાંહાંરે. જ. ૧૪
શેવક અંબાજી તણા. જસવ. હાંહાંરે જ.
ટોળા આવે સંગ ઘણા. જસવ. હાંહાંરે જ. ૧૫
અંબા ચાચરે જાય જે. જસવ. હાંહાંરે જ.
બાળાજી જસ ગાય જે. જસવ. હાંહાંરે જ. ૧૬

ગરબી.

કારતગ મહીને કરૂણા કરી તમે આજરે. જસવતસિંગજી.
આ સંગ આવે સૌ સાથે રાખો લાજરે. જસવતસિંગજી. ૧
માગશરે મહીને મન થયુંછે ભારેરે. જસવત.
આ કાયા સુંદર દીસે મુખ શશી ધારેરે. જસવત. ૨
પોસ માસે તખ્ત તમારૂં શોભેરે. જસવત.
આ અંબામા અંતરછે મનડું લોભેરે. જસવત. ૩
માહા મહીને મળવા તણું મન થાયરે. જસવત.
આ અંબામા દરબારે સૌ જન જાયરે. જસવત. ૪
ફાગણ મહીને ચાચર રંગ રમાયરે. જસવત.
આ રંગમંડપમાં નારી નર સહુ ગાયરે. જસવત. ૫
ચૈતર મહીને ચરણકમળ હું શેવુંરે. જસવત.
આ અંબામા હું શીર ધરી તમ જોવુંરે. જસવત. ૬
વૈશાખે વનવગડામાં તમ શરણેરે. જસવત.
આ ઘેર ઘેર મા ગાએ જઈ તને ચરણેરે. જસવત. ૭
જેઠ મહીને જનમ ધર્યો છે માજીરે. જસવત.
આ સેવક ઉપર રાણા રેહે છે રાજીરે. જસવત. ૮
અષાડ મહીને આદ્ય ભવાંની શેવારે. જસવત.
આ ભક્તિ ભાવે ભજી ભજી લાવો લેવારે. જસવત. ૯
શ્રાવણ મહીને સંગ ભરાય છે સારોરે. જસવત.

મા નાગરે આવે અસલથી પુજે પારોરે. જસવત. ૧૦
ભાદરવે ભક્તોનું માનજ રાખોરે. જસવત.
આ સરવે આવે સગ મળી જંન લાખોરે. જસવત. ૧૧
આસો મહિને આરાસુરે આણંદ થાયરે. જસવત.
આ વિજીયા દશમી એ રાણાજી ત્યાં જાયરે. જસવત.. ૧૨
આસો મહિને ગરબા જોવા જઇએરે. જસવત.
મા નવરાત્રીની પંચમી એ ગુણ કહીએરે. જસવત. ૧૩
પુરણ મહીને રાણાજી થયા રાજીરે. જસવત.
મા બાલાજી પર કરૂણા કરી રહ્યા ગાજીરે. જસવત. ૧૪

ગરબી.

જસ જુગમે હુવા આઈ અંબે, આરાસુરી દીન કર લંબેરે. જ. ટેક
દાંતાકે ડુંગર બેઠી, રાણા કે તન મે પેઠી;
સબ દુનિયા કે મન અંબેરે. જસ જુગ. ૧
જસવતસિંગ રાજ કરે છે, માજીનું ધ્યાન ધરે છે;
રાણો રાજ કરે એક થંભેરે. જસ જુગ. ૨
સંગવી સંગલે કરઆયે, નાગરો મંનમે પાએ;
જસ અંબેકા મંન ગાયેરે. જસ જુગ. ૩
મે દુર દેસ સે આયા, આનંદ બહોત દીપાયા;
ચાચર મે ગાન લગાયારે. જસ જુગ. ૪
નાટા રંગ હોવત હે આજે, સિંગાસન નૈયા બિરાજે;
ત્રિલોકમે અંબા ગાજેરે. જસ જુગ. ૫
વાગે તાલ મ્રદંગ પખાજે, ભેર ભુંગળ સભા મે વાજે;
ગાન કરે બહોત અવાજેરે. જસ જુગ. ૬
સબ નાચત કુદત જંબે, હાથ કરતેસનમુખ લંબે;
સ્નાન કરતે સરોવર ગંગેરે. જસ જુગ. ૭
આએ ચાચર હોડી દો શાલા. ગાતાહે મંનમે લાલા;
ગાયે શાવનમે મુખ બાલારે. જસ જુગ. ૮

॥श्री गणेशायनम:॥

પ્રભાત.

ગણપતી ગુરૂ જ્ઞાન દીજે, ગાવું એકદંતા;
મંગળ કર શીર રીજે, નમુ વક્રતુંડા. ટેક.
કૃપાળુ પરમ પ્રાત: ભયો, ધ્યાન ધરંતા;
અમર આવે પુજન કાજ, સરવ જુથ જુંડા. ગણ. ૧
ચરન સેવે શક્ર દેવ, સુર મુની ભણંતા;
પુજન પાઠ પ્રથમ હોત, નાચત કુરંતા. ગણ. ૨
પદ્મ હાથ ફરશી સાથ, રીધી સિધિ કરંતા.
પંનગ ઉપવિત હે કંઠ, મશક પર ચલંતા. ગણ. ૩
ગાવત આજ મંડળી સાથ, બાજત બજંતા;
મેહેર બેર કીજે બાલાકુ, આવે ગુણ ગજંતા. ગણ. ૪

રાગ ઉપર પ્રમાણે

જેજે જેજે જે અંબે, ધ્યાન ધરૂ તેરા;
કૃપા કીજે મા જુગદંબે, મે ફીરૂ તુજ ડેરા. ટેક.
વેદ વિરંચી પાર ન પાવે, શિવ કરત લહેરા;
નારદ કાનડ બેન બજાવે, શુક મુનપર મેહેરા. જેજે. ૧
મે હું બાળક આઈ તેરા, કરો આપ મેહેરા;
માત સ્મરણ હોત ન આવે, ચોરાશી ફેરા. જેજે. ૨
તુળજા ભવાની કાળી, બહુચર અંબે મેરા;
મન બાળા શ્રી હે ત્રિપુરાઈ, રખો કર શિર મેરા. જેજે. ૩
અંબાકે લાલપર કરૂણાહિ કીજે, બાલક હે તેરા;
પાયે પડકે આ સરણ, કરતા હે લેહેરા. જેજે. ૪

રાગ ઉપર પ્રમાણે.

જાગીએ અલબેલી માત, પ્રાત ભયો માઈ;
અમર આવી સહુએ ગાત, રહ્યાછે હરખાઇ. ટેક.
કામી ક્રોધી મોહ લોભ, સ્થીર રેહે પાજી;
અંધકાર ર થોભ, દેવ કરયા રાજી. જાગીએ. ૧

હરિહર વેદ આજ ગાત, વિરંચી રહે સાધ;
ઈંદ્ર નારદ સારદ સાહાત, ગાંધ્રવ રહે ગાઇ. જાગીએ. ૨
ચાચરમાં શિશ નામુ આવી, શેવક ર્યો.સાહી.
હર્ષે અંબા લાલને કરાવી, રાખો અમર માઈ. જાગીએ. ૩

રાગ ઉપર પ્રમાણે.

શકિત સાચી સરવે શેવો, ગંભીર ગુણ ગાવે.
અંતરે અભી માન તજો, મનકુ શુ ભમાવે. ટેક.
માકે ઉદર મે આઈ, ઉન્મત શુ ધરાવે;
કામ ક્રોધ માયા લોભ, પડ પંડ શુ કરાવે. શકિત. ૧
આપકી ખુબીસે આજ, ચીત કયુ ચોરાવે;
રંગ ભોગ ઇશક કરે, મન તુકયુ ચલાવે. શકિત. ૨
હાથ ખુબ માલ પાયે, કયુ ધરણી ધરાવે;
મરનાહે જરૂર દેખ, કોડી સંગ ન પાવે. શકિત. ૩
સમજલે મન યાર મેરા, ગર્વ કયા ધરાવે;
ગયે રતન છોડ સબ, કોરી નહિ આવે. શકિત. ૪
ચલતાહે મગરૂબિસે તુ, રંડી કયા નચાવે;
પેદા કીયા જીને યાર, ઉનકુ કયુ ન બોલાવે. શકિત. ૫
બંદા જીયતાહે તેરા, નામ ધરત રેવે:
અંબેકુ યાદ કરો, નાહિ ફુંડ વાવે. શકિત.. ૬
સીધી દેવે સકળ માજી, ત્રિતાપકુ તજાવે;
દુઃખ ન પામે દેહ ધરી, ચરણ શીશ નમાવે. શકિત. ૭
મારકુંડ અમર કીયા, બટ વલ્લવ ઉગારે;
અંબાકુ લાલ પડત પાય, ગાવત ગવરાવે. શકિત. ૮

પ્રરભાતીયાં દેશી ફેર.

આરાસુર મંડપમાં એલે, રંગે રમે નવ રાત્રીરે. ટેક.
પ્રાતશ કાળે માના પુજન કીધા, સન સુખ બેશી તારારે;
ગંધાક્ષત પુષ્પ અરપી દીધા, કીધાં અંગ રંગ સારારે. આરા. ૧
મધ્યાને છે મા મત બાળી, સરવે બેન બોલાવીરે;

નવ દુરેગા નવ દાહાડા ભેળી, હરખે સહુને લાવીરે. આરા. ૨
સાયંકાળે સંગ મળીને, આનંદ ઓછવ ગાયેરે;
બાળા બહુચર ત્રિપુરા કાળી, શ્રી તુળજા મન ગાયેરે. આરા. ૩
હરીહર બ્રહ્મા નારદ વિમાને, બેશી વેદ ગુણ ગાયારે;
અંબાને લાલ હરખી નીરખે, પ્રાત સમે કરે માયારે. આરા. ૪

રાગ ઉપર પ્રમાણે.

ભવાંની ભવ તારણી અંબે, અંમર તારી કાયારે. ટેક.
અંમર કીધુ અંમર વરસાવી, સરવ તારી માયારે,
અરૂણ ઉદે થયો આંગણે આવી, ઉભી ત્રિદેવ જાયારે. ભવા. ૧
મુની માર કંડ અંમર કીધો, તારા ચરિત્ર જણાવ્યારે;
અષ્ટ ભુજા આપે થઈ લીધો, કંશના પ્રાણ હણાવ્યારે. ભવા. ૨
રાજા સુરથ વૈશય વન ચાલ્યા, સાથે ઉદાશી આવ્યારે;
મેધા રૂષી આશ્રમ બેઠા ત્યાં, તેના શોક ઉડાવ્યારે. ભવાં. ૩
શુંભ નીશુંભ મહીષાસુર સરખા, ભંડાસુરે ભડ કાપ્યારે;
અંબા પુજવા ચાલી રૂક્ષ્મણી, રઘુવર પરણાવ્યારે. ભવાં. ૪
મહર્ષી મુનીયે સેવી અંબા, રાવણ શીર રખડાવ્યારે;
અગસ્ત્ય પતિ રંગે ઉપાસે, હયગ્રીવને ભણાવ્યારે. ભવાં. ૫
કાળી રૂપે કરૂણા કીધી, સહસ્ત્ર આયુધ કર ધારચારે;
મોહિની રૂપ ધરીને આવ્યા, વિષ અસુરને પામ્યારે. ભવાં. ૬
ત્રિપુરા તુ બાળા અજાઈ, અંબા ત્રિભોવનની રાયારે;
સહસ્ત્ર રૂપે સઘળે વ્યાપી, આયુધ કરમા સહ્યારે. ભવા. ૭
રક્ષા કરી ભુમીપર વસિયા, મેરૂ શીખરથી ધશીયારે;
ડુંગરે આવ્યાં, અંબા લાલના મનમાં, અતિ રંગ ઠશીયારે. ભવ. ૮

રાગ ઉપર પ્રમાણે.

આવી હમને ધારણ દીજે, દેવી દીન દયાળીરે. ટેક.
આરાસુરમાં વાસજ કીધો, મેરૂ શીખર વાળીરે,
દૈત ચરી સલખનપુર આવ્યાં, પાવે વશી જઈ કાળીકા. આવી. ૧
નારાયણી સહુ નરને તારયા, અંબા બહુચર બાળીરે;

હમે અગનાની દાસ તમારા, આવી લો સંભાળીરે. આવી. ૨
શરણાંગત શેવક જન આવ્યા, રહિયે માજી પાએરે;
બ્યાસ મુની મા હરશે શેવે, છાયા દેવોને રાખેરે, આવી. ૩
શેવક જનની તુ વિણ બાજો, કોણુજ રાખે હમારીરે;
અવર બીજા કોને જાચીયે, તુંવીના ન કો સારીરે. આવી. ૪
દેવી દાતાર દયા કરો મા, પાગળાને લ્યો પાળીરે;
કાલા વાલા તમને થાયે, પાયે પડીએ રહો ન્યાળીરે. આવી. ૫
આ અવસર આવોની અંબા, રહ્યો છું પાલવ સાહીરે;
રીસન ધરસો અંબાના લાલપર, તમેછો પાહી માં પાહીરે. આવી. ૬

આ અવસર આવોની અંબા, રાખો લાજ હમારીરે. ટેક.
પ્રાતસ કાળે રૂમ જુમ કરતા, સોભા આપો ભારીરે;
ચાચરમાં આવીને રમતા, શેવક લ્યો ઉગારેરે. આ અ. ૧
ઝરમર ઝરમર મેહુલા વરસે, શેવક જન અકળાયરે;
પારે આવે માજી હરસે, કેમ આ દુઃખ સહવાયેરે. આ અ. ૨
નાટા રંગ હમે સહુ કરતા, તારા સામો મુજરોરે;
તન મનમા ધ્યાન તારૂ ધરતા, દુકૃત માજી હરજોરે. આ અ. ૩
પ્રેક્ષે પાપ નથી કેમ કરતા, શુ કરવા અકળાવોરે;
હાવુ ના કીજે માજી હમને, વર્ષ એકે બોલાવોરે. આ અ. ૪
સુખી રહીસુ તો આવીસુ, તારા ગુણલા ગાગુરે;
હરખી નરખી સુખીયા થઈસુ, ચાચર આવી જાસુરે. આ અ. ૫
આ લોક નવરા નાગર આવે, અટ પટુ મનમાં બોલેરે,
તે માજી તમે મનમાં રાખો, મગન થઇને ડોલરે. આ અ. ૬
રંગ મંડપમાં ઉભા રહીને, નરખી હરખી રમીએરે;
દાસ ઉપર દયા કરી દીજે, ચરણ કમળ તારે નમીયેરે. આ અ. ૭
કાલાવાલા કરીને શેવિયે, મેહેર કરો મંમાયારે;
જેજે થાયે સકળ સંગમાં, તુ જુગ જુગની રાયારે. આ અ. ૮
બાળા બહુચર બાળક તારા, આ દુખે અકળાએરે;
તારા વણ કોણ સાહે થાએ, પ્રેમ પ્રસાદજ પાયેરે. આ અ. ૯

સકળ સભા ટોળે મળી રંભા, અંબાને મન ગંમારે;
લેહેરી અંબાના લાલ દુઃખિ થાએ,સાહે મા મન અંબારે.આ અ. ૧૦

શ્રી અંબા બાળા કામેશ્રી, ત્રિપુરા તનથી ન્યાળીરે;
ત્રિકોણ બીંદુ વસુ કોણ ત્રિકુટા, લલિતા લો સંભાળીરે. ટેક.
શ્રી કલ્યાણી બાળા બુધિ, કુબુધિ નાંખો ટાળીરે;
ત્રિપુર સુંદરી ત્રિદોશ કાપો, સંકટ નાંખો વાડીરે. શ્રી અંબા. ૧
કામેશરીમા કામ કરોછો, સુખિયા રાખો ન્યાળીરે;
કળજુગ કાળી ખડગ ધારી, રાખો સૌને પાળીરે. શ્રી અંબા. ૨
બીંદુ રૂપે શંકર જાણું, ત્રયક્ષરી ત્રિકોણ વાળીરે;
લલિતા શરણે દેવા આવ્યા, પરતક્ષ પાસે નિહાળીરે. શ્રી અંબા. ૩
અકાર રૂપે આપ બિરાજો, ઉકાર ઉદય ,પ્રકાસીરે;
મકાર માયા મહતા ભારી, ત્રયક્ષરી પદ ધારીરે. શ્રી અંબા. ૪
બ્રહ્માદિ ઇંદ્રાદિ જોવે, ત્રિકોણ બીંદુ બાળારે;
નારદ વેદ વદે મુખ ચારે, ગાયત્રી ગત વાળારે. શ્રી અંબા. ૫
સોળ કળા શશિ બીંદુ શોભે, બાળા બહુચર બાળીરે;
ચંડ મુંડને નાખ્યા મારી, રકત બીજને રોળીરે. શ્રી અંબા. ૬
ધુંમ્ર લોચન મહિષાસુર સરખા, ક્ષણમાં નાખ્યા ટાળીરે;
શુંભ નિશુંભને ત્રિશુળે માર્યા, હિમાચળીએ આવીરે. શ્રી અંબા. ૭
અકળ કળા રૂપ તારૂ દીસે. જોઈ તારી ગતી ન્યારીરે;
મુંઢમતી હું શરણે આવ્યો, ચરણે નમુ હું તારી. શ્રી અંબા. ૮
શેવક જન શરણાં ગત રાખો, નેન ભરી નિહાળોરે;
પાતીક સર્વે ટાળી નાંખો, દુરી જનને બાળોરે. શ્રી અંબા. ૯
બ્રાહ્મણ થઈ નહીં ભજે ભવાંની, ગયો જુઠ જન મારોરે;
નારાયણી નવરાત્રી મધ્યે, એલે રાતને દહાડોરે. શ્રી અંબા. ૧૦
ઉત્તર મધે આપ બિરાજો, દેવા સરવે નીહાળોરે;
ધોળા ગઢ શ્વેતા ગોરી શિખર, બેઠી આરાસુરી પાળે. શ્રી અંબા. ૧૧
પુરવમાં પાવા ધઢ ગીરી, ઉપર બેઠી કાળીરે;
ચલ્લુ રાજાને રાજ કરાવ્યું, રાખો ઉગારી પાળીરે. શ્રી અંબા. ૧૨

દક્ષીણમાં તુળજા ભવાંની, આયુધ અષ્ટ ભુજાઇરે;
રક્ષા કરે છે શેવક જનને, રાખે સુખી મંમાઇરે. શ્રી અંબા. ૧૩
બાળા બહુચરી ચુવાળ મધ્યે, લીધો વલ્લભ પાળીરે;
નારીના માથે નર કર્યા છે, પરતક્ષ છે એધાંણીરે. શ્રી અંબા. ૧૪
દાસ ઉપર દયા કરી દીજે, કાપો કુબુધી હમારીરે;
અંબાનો લાલ શેવક ગાયે, દાસને લો ઓધારીરે. શ્રી અંબા. ૧૫

પરભાત.

આરાસુરી કરૂણા કરો હને, પ્રેમે પાયે લાગુરે. ટેક.
પ્રાતસકાળે દરશણ આપો, બાળા બાળ સ્વરૂપેરે;
જરકશી અંમર અંગે અરપો, મોહ પામ્યા એ રૂપેરે. આરા૦ ૧
મધ્યાને જ્યારે દરશણ આપ્યાં, તરૂણ રૂપ જોઇ બેઠારે;
મદ ભરી મદ પાંનજ અરપ્યાં, ગવરે ગફામાં પેઠારે. આરા૦ ૨
સાયંકાળે દરશણ દીધા, વૃદ્ધસ્વરૂપે નિરખ્યારે;
કારજ સરવે દેવના કીધા શેવકજન મન હરખ્યારે. આરા૦ ૩
હોડણ પેહેરણ લીલા ચણીયા, નવરંગ સાળુ પહેરીરે;
કરકંકણ ચુડી પાયે વેડવીછવા, આવો હરખતાં લેહેરીરે. આરા. ૪
અરૂણ ઊદે થયો રજની ભાગી, આવો ચાચર ચાલીરે;
દેવ દેવાંગના નીદરા જાગી, લાગી સહુને વહાલીરે. આરા૦ ૫
સાહ કરો સલખનપુરી રાંણી, નવદુરગા મન આણીરે;
દાસના દાસની લે આ વાંણી, સાહ કરો સંભાળીરે. આરા૦ ૬
કાળી કલ્યાણી કામ કરોછો, બાળા ત્રિપુરા આસેરે;
શ્રી અંબીકા દુઃખ હરોછો, દૈત રહ્યા તારે ત્રાસેરે. આરા૦ ૭
રાખો જોડી કુશળ હમારી, કુબુધી કાપી નાખોરે;
અંબાના લાલ વિનતિ કરે તમારી, સુખડા કરીને રાખોરે. આરા૦ ૮

આજ ઓછવનો દીનછે અંબા, રાત રહિછે થોડીરે;
ઉઠો સનમુખ ઉભા સાહુ રંભા, રહ્યાછે કર જોડારે. ટેક.
ભોર ભયો અવની બધ ભાગી, ઉઠો અંબા માડીરે;

ચાચર આવો સેજથી જાગી, સભા રહિ સહુ લાડીરે. આજ૦ ૧
રંગમંડપ અતીસે કચ મચીયો, આવો આળસ ત્યાગીરે;
નરેનારી ગરબા રંગ રચીયો, રમવાની લેહ લાગીરે. આજ૦ ૨
સેજ થકી સુખ કરવા આવો, મુખડા પખાળી સુખ કીજેરે;
દાસ ઉપર મા દયા ભાવ લાવો, મુજરો હમારો મન લીજેરે. આજ૦ ૩
શીશ નમાવું શીંગાસન ઊપર, પ્રેમ થકી મા ધાજોરે;
અંબાના લાલ નાગરના શીર પર, આવી આઇ બીરાજોરે. આજ૦ ૪

દેશી ફેર.

સુખના દીવશ માજી આવીયા, અંબામાને દ્વાર;
આનંદ ઉપર સહુ લાવીયા, હુવો સઘળે જેકાર. ટેક.
આ શોભા સહુ વિશ્વમા, થઇ ગઇ બહુ સાર;
અકળકળા તારી જક્તમાં, કરેચા તે ઉપકાર. સુખ૦ ૧
હરીહર બ્રહ્મા પુજીને, રહ્યા તારી પાસ;
વેદ વદે કરી અર્ચને, રાખે મુનીજન આશ. સુખ૦ ૨
ગાંન તાંન અતી ઘોશથી, ગાયે મંગળ ગાન;
નાચે રાચે પારે હોશથી, ભાખે અમ્રત વાંણ. સુખ૦ ૩
આજ દીશો છો ઉમંગમાં, છે દીવાળીનો દીન;
અંબાના લાલો રંગમા, ગાયે થૈ ગયા લીન. સુખ૦ ૪

આણંદી ઓછવ થાય છે, ગુણીય ગુણ ગાય;
રજની અંબા હવે જાય છે, ઉઠી આવોને માય. ટેક.
અરૂણ ઉદે થયો માવડી, આવો ચાચર માહે;
સનમુખ નમીયે પાવડી, ઉઠો શેવકો સાહે. આણં. ૧
રંગ મંડપ રચના બહુ, ઉલટ અંગ નમાયે;
પુજન પાઠ સમે સહુ, ગાંન તારાં ગાય. આણં. ૨
તાલ પખાજ આ વાગીયા, રંગ તાન ગવાય;
ઉદો ઉદો કહી જાગીયાં, લાગીયા વિપ્ર પાય. આણં. ૩
અબીલ ગુલાલ ઉડાવીતા, તારા સનમુખ ધાય;
અંબાના લાલ નચાવીયા, નાગર ગુણ ગાય. આણં. ૪

દેશી ફેર.

આજ અંબા મારે આણંદ ઘણેરો, મારા ઘટમાં અંબે માતારે;
ચાચર ચોક છે અતિ રૂપાળો, નયણે નીરખુ ગાતારે. ટેક.
એક સમે વિમળ ચાચર મા, ધેન ચરાવા અવ્યોરે;
મામો મુકવા આવ્યો મંડપ, માયે ભુપ બનાવ્યોરે. આજ. ૧
દેશ ફર્યા દેશાવર જીત્યો, જીત્યું ચોદેશ બાધુંરે;
નગર નગર કુંતલ પર સોહાયે, વાવ્ય કુંડ જળ લાગ્યુંરે. આજ. ૨
બ્રહ્મા વિષ્ણું ને માહેશ્વર, મોટા મુનીજન આવ્યારે;
આવી સરવે બેઠા મંડપ, રંગ મંડપ રમાડ્યારે. આજ. ૩
મોહ્યા મોહ્યા ત્રિલોક મંડળ, યોગણી ગરબા ગાયરે;
માજી આજ થયો શીર મંગળ, અંબાના લાલ પર છાંવારે. આજ. ૪

ગરબી.

તમે ઓરાને આવોરે, કહુ એક વાતલડી. એ રાગ.
આઈ અંબા શેવોરે, જુગમાં એ સાચી;
મીઠો અમરત મેવોરે, બ્રહ્મા હરિ હરે જાચી. ૧
નારદ ગુણ ગાયેરે, અમર સહુ રેહે કાંમે;
વેદ ચારે વદે છેરે, મુનીજન પદ નામે. ૨
અદભુત સ્વરૂપેરે, જોગી જતી તપ કરતા;
અઘોરી ઉપાસેરે, બ્રાહ્મણ જપ કરતા. ૩
રૂષિ પતનીયો ગાયેરે, ઉમંગે બહું ફરતા;
જોગણીયો આવીરે, ઉદો ઉદો વદતા. ૪
ચાચર મા ઉભાંરે, દીઠી બેઠી અંબા;
સીંગાસન રંભારે, સહુ આવી રંભા. ૫
મોહનિ મોહ રૂપેરે, અકળ કળા ન્યારી;
કોઇથી ન કળાયેરે, અંબા બહુચર પ્યારી. ૬
નવરાત્રી આવીરે, આનંદ મન થાતા;
સહસ્ત્ર દેવી તાળીરે, પાડે થાતારાતા. ૭

દેવ ભૈરવ જોવારે, આવ્યા ઉમંગ ધરેતા;
નાદ દુંદુભી થાયેરે, ભેર ભુગળ કરેતા. ૮
ગરબા ગાયે બાળારે, તુળજાને કાળી;
ખોડીયાળ અજાઇરે, મચાવી લે તાળી. ૯
ચામુંડાને ચંડીરે, ત્રિપુરા સુખદાઈ;
અનપુરણા પારવતીરે, લલીતા શ્રી માઈ. ૧૦
સોળસે સાથ રાંણીરે, ચાચર થઈ લાલી;
ગાવા સહુ મળીનેરે, એક એક લે તાળી. ૧૧
એન નઉતમ કરતારે, આરાસુરમાં આવી;
રાસ રમતાં ફરતારે, કંલ્યાણીને લાવી. ૧૨
એવી શોભા સુણીનેરે, શેવે નર નારી;
અંબા મન ગમીનેરે, નમી શેવા વારી. ૧૩
નવરા સહુ નાગરરે, આવે માજી પારે;
સંગ લાવે શાવણરે, માસજ એ તારો. ૧૪
ચઉદશ અંધારીરે, હવન થાયે રાતે;
સુત ભગવાનજીનોરે, કરે હવન જાતે. ૧૫
હોમે શ્રીફળ ચુંદડીરે, ખીર ઘૃત સહુ સાથે;
ગાયે મંગળ નારીરે, પાડે તાળી હાથે. ૧૬
નમી પાવલે લાગેરે, ઉલટ મન આણી;
જુગ અંબા જાગેરે, આરાસુરની રાણી. ૧૭
કરૂણા કરો હમનેરે, પ્રેમે પાયે લાગુ;
રાખો અખંડ જોડારે, નમી મુખે માગુ. ૧૮
રાખી આશ તારીરે, ગરબા મે ગાયો;
અષ્ટમી અજવાળીરે, પ્રસાદ પુરણ પાયો. ૧૯
સોમવાર ભાદરવેરે, સાતરી સની સાલે;
અંબાનો લાલજીરે, ચાચરમા મહાલે. ૨૦

રાગ ઉપર પ્રમાણે.

મુને દરશણ આપોરે, થઈ પુજન વેળા;
શિર કર મુજ થાપોરે, સહુ બેઠા ભેળા. ૧

તારૂ મુખડુ જોવારે, ઉમંગ બહુ થાયે;
તારે ચરણે રેવારે, હમ મન અકળાયે. ૨
શરોવર નાહીનેરે, પાસે તાહારી આવ્યો;
જળ પુજાપો લઇનેરે, થાળ નૈવેદ લાવ્યો. ૩
આરતી ઓવારણારે, કરીયે માજી તમને;
રહિયે તમ આશ્રેરે, કરૂણા કરો હમને. ૪
શેવકની સાહેરે, દીન દીન મા આવો;
ઝાલુ હુ પાલવરે, અમરેત રસ પાવો. ૫
બ્રંહ્માજી ભજે છેરે, વદે હરી હર આદે;
ધ્યાન તમારૂ ધરેતારે, કરે શેવના જાદે. ૬
જોગી મુની ઘરથીરે, યોગણીયો હરખે;
દુરીજ રેતારે, દેખી તમને થરકે. ૭
હેવું જાણી હુ શેવુરે, ભવમાં ભટકીને;
કર્ણા મા તારૂ દેવુરે, દઇયે અટકીને. ૮
કળે નહી કોઇરે, કળીકાળમા તુજને;
સાહ કરજે હમનેરે, સરવે વશી તુજ ને. ૯
તારાવણ હીંમતરે, નચાળે કો જનની;
કળી નથી કોયેરે, વાતો તારા મનની. ૧૦
હુતો કોણમાત્રજરે, રહુ તારી સાહે;
અંબા ઉઠી સેવુરે, અઘ ભવના જાયે. ૧૧
સુખ રાજ હુ પામુરે, કરો રાજી રાજી;
સુખીયા થઈ ભજીયેરે, સરવે વશયા ગાજી. ૧૨
પાવડીયે પડીનેરે, પુજી હુ શીર નામુ;
શીર હાથજ દોનીરે, જર જજમાન પાંમુ. ૧૩
આઈ અજાઇ અંમારે, ખોડીયાળ પાળે ખરી;
આરાસુર માહેરે, તારા લાલે શેવકરી. ૧૪
રંગ મંડપ આવ્યારે, નાગર તારા સહુ;
તારા લાલે ભાળીરે, અંબના લાલે કહું. ૧૫

ગરબી દેશી ફેર.

અંબા જોયાની આડીરે, નીરખુ મોરી માડી. એ રાગ.

દરશણ દો છો માજીરે, રાખોછો રાજી. ટેક.

સોળ શણગાર સજીને બેઠા, ચણીયાં ચોળી સાડીરે. રાખો. १

વેદ વિરંચી સ્તુતી કરે હર, હરિ કરે છે જીજીરે. રાખો. २

ચાચર ચોકમાં દોડીને આવું, ઉદો ઊદો મુખ ગાજીરે. રાખો. ३

દેસ દેસ થી સંગજ આવે, ગાડી ઘોડે બેઠુ રાજીરે. રાખો. ४

કાલો વોલો માજી પારે આવે, રાખો ચરણ બાળાજીરે, રાખો. ५

ગરબી.

આઈ આરાસુરની રાણીરે, વદિયે સહુ વાણી. ટેક.

શેવક જન તારે શરણે આવે છે, તેનાં તે સુણજો કાણી. વદિ. १

આદ્ય શકતીને નયણે ન દીઠી, મીચ્યા દેહ તણે તાણીરે. વદિ. २

તત્રિશ કોટી દેવ મળીને, વદિયા તે પ્રાક્રમ વાણીરે. વદિ. ३

નર નારીયો ચાચર ગાયે, મંડપ માતા શાણીરે. વદિ. ४

પાયે નમી નમી દરબાર આવું, સુખી કરો સુત જાણીરે. ५

અંબાજીના લાલ પાયે વળગે, કરો મહેર દયા આણીરે. વદિ. ६

આજ આણંદની રેલરે મા, રમવાને આવે. ટેક

રૂમ ઝુમ કરતી બેનડી આવે, પાંન પ્રસા અપારરે. મા રમ. १

ચોસઠ જોગણીયો ગીત ગાયે, વચમાં અંબા આવીરે. મા રમ. २

ઘરચોળુ સાડી રંગ કેશરીયા, પેહેરી લેહેરી થઇનેરે. મા રમ. ३

અંબા બહુચર રંગે રાતા, કાળી તુળજા બોલાવીરે. મા રમ. ४

તાલ પખાજ વેણા જંત્ર વાગે, મોહોલે હાથા દેવડાવોરે. મા રમ. ५

માજીને આંગણે શોભા બની છે, જોવા મળા સહુ દારે. મા રમ. ६

હરખી નરખી ને વૃષ્ટીકરે છે, કુંમ કુંમ ચોખે વધાવેરે. મા રમ. ७

જેજે બોલે છે અંબાજીના લાલા, પારણા મોહોલે બંધાવોરે. મા રમં ८

ગરબી દેશી ફેર.

મેલો મોહન માગી માટલી. એ રાગ

અંબાતે રમવા નીસરયાં કે, સાથે બેનો બેચાર;
ઉદો ઉદો મુખ ઓચરેકે, આવ્યા હારોતે હાર. અંબા. ટેક.
આસો માસે અલબેલડી કે, ઉભી કરે જવાર;
સાથે બહુચર બેનડી કે, કરે કાળી કરાર. અંબા. ૧
અજાઈ આનંદે આવીયાં કે, ખોડીયાળ છે પાસ;
તુળજા ત્રિપુરાને લાવિયા કે, ચોસઠ ઉભી છે સાથ. અંબા. ૨
સરખે તે સરખી સાહેલડી, કે આવી ચાચર માંહ;
ગાવાને થઈછે ઘેહેલડીકે, વચે ઉભી અંબાય. અંબા. ૩
બ્રહ્મા બ્રહ્માણી આવીયાકે, ઉમીયા શિવ સાથ;
હરી લક્ષમી લક્ષ લાવીયાં કે, મુખે કરેછે રાગ. અંબા. ૪
રૂષી રામા રંગ ભેરમાં કે, અતિ થયા ઉમંગ;
ઈંદ્ર ઈંદ્રાણી લહેરમાં, કે રવી ચંદ્ર એ રંગ. અંબા. ૫
આવ્યાં પાતાળથી નાગીણી કે, આવ્યા નભનારે જન;
પાણી પરવત થંભી રહ્યાકે, જુવે ત્રણ ભોવન; અંબા. ૬
મોહી રહ્યા સહુ માનવી કે, કરે કલોલ અપાર;
ફુલ તણી વ્રષ્ટી કરે કે, વાગે દુંદુભી નાદ. અંબા. ૭
મંડપમાં માતંગિયે કે, દીવા કીધા અખંડ;
નારાયણી નવ રાતમાં કે, ગાયા ગરબા પ્રચંડ. અંબા. ૮
સોભા સુણી અંબા તણી કે, થાય આનંદ આજ;
ગાવું તે ગરબો મંડપે કે, સજી સઘળો સાજ. અંબા. ૯
મેર પધારજો માવડી કે, થાએ લીલા તે લેહેર;
અંબાના લાલ પડે પાવડીકે, થાય અખંડ મેહેર. અંબા. ૧૦

ગરબી દેશીફેર.

સજખલ પુરની રાણીરે, જાણી બાધા જક્તમાં જેને, સન. એ રાગ.
માજી પારે આવ્યોરે, રંગભેર રમતાં રાજી. માજીપારે આવ્યો. ટેક.
સીંગાસનપર આપ બીરાજો, પુજાપો સરવ મંગાવ્યોરે. રંગ. માજી. ૧
શીવ સનકાદીક ધ્યાન ધરેછે, વેદ વિરંચી ભણાવ્યોરે. રંગ. માજી. ૨
મહરષિ મુની પાર ન પામ્યા, નારદ વેણ લજાવ્યોરે. રંગ. માજી. ૩
અમર ગાંધરવ ગાન કરે મા, અંબાના લાલે રંગ માણ્યોરે. રંગ. માજી. ૪

વારણા લેઉ વારીવારી, રંગભેર રમતાં રાજી, વારણા લઉ વારી વારી. ટેક.
મારકંડ મુનીને મરણ ઉગાર્યું મા, ગણાઇ જુગસારી સારીરે. રં. વાર. ૧
મંડપમાં અંત્રીક્ષથી દેવી, આવી રમેછે ભારી ભારીરે. રં. વાર. ૨
અંબા બહુચર કાળી કલ્યાણી મા, બેનીના મન ઠારી ઠારીરે. રંગ. વાર. ૩
દેવ દેવાંગના ગીરીએ ચડીયા મા, ભંડાસુરને વીડારીરે. રંગ. વાર. ૪
ત્રિલોકમાંથી માનું તત્વજ લઇને, બાલાજી ગાય ધ્યાને ધારીરે. રંગ. વાર. ૫

આજ આનંદની હેલીરે, રંગભેર રમતા રાજી; આજી આનંદની. ટેક.
ચરણકમળમાં વળગી રહીને, શેવક સેવે તુને પેહેલીરે, રંગ. આજ. ૧
અરભકને માજી અંનજ આપો, સુરથ વૈશને મળી પેલીરે. રંગ. આજ. ૨
લાડ લડાવ્યા દેવ રૂપિને, દઇતને નાખ્યા ઠેલીરે. રંગ. આજ. ૩
આરાસુરીએ આનંદ રચ્યોપો, દેવાંગના થઇ ચેલારે. રંગ. આજ. ૪
અંબાજીના લાલ રંગ ઠસીને, મંડપ નારી ગાવા ઘેલીરે, રંગ. આજ. ૫

નારાયણીનું રૂપ, વિશ્વમાં વ્યાપિ રહ્યુંછે, નારાયણીનું રૂપ. ટેક.
નારાયણીનું ધ્યાન ધરૂંછું, દીસે અમરીત રૂપ. વિશ્વ. નારાય. ૧
ભાગ્ય ઉદે સૌભાગ્ય કરીને, સાનિધ રેહો તદરૂપ. વિશ્વ. નારાય. ૨
શિવ શનકાદિક ધ્યાન ધરેછે, મોહિ રહ્યા છે તારૂ રૂપ. વિશ્વ. નારાય. ૩
કોમળ કાયા અંબાના લાલની, રાખી ટાળો કદરૂપ. વિશ્વ. નારાય. ૪

અંબા બહુચર માત, વિશ્વમાં વ્યાપી રહ્યાંછે, અંબા બહુચર માત. ટેક.
આરાસુરમાં આપ બીરાજે, ચુવાળ બહુચર માત. વિશ્વ. અંબા. ૧
પાવાઘડમાં કાળી ગાજે, દક્ષણ તુળજા માતરે. વિશ્વ. અંબા. ૨
જગત જનુની એ જનમી સર્ષ્ટી, રહ્યા શીર માત તાતરે. વિશ્વ. અંબા. ૩
કળા ન જાણી કોઇએ તારી મા, ગુણ અંબાના લાલ ગાતરે. વિશ્વ. અંબા. ૪

નયણાંના દુઃખ હરજોરે, માડી મારી આવી આજે નયણાંના દુઃખ હરજો ટેક.
નયણે માજી અખંડ વસીયે, અંબા બહુચર બેનીરે. માડી. નયણા. ૧
સકળ સંસારમાં સામુ જોઇમા, મારા નયણે ઠરજોરે. માડી. નયણા. ૨

દેવ અમર સહુ નેત્ર નીહાળે, શેવકને પર વરજોરે. માડી. નયણા. ૪
રવી શશી સરખા મા લોચન, હવાં બાલાને અંગ ધરજોરે. માડી. નયણા. ૫

કરજોડી કરગરીયેરે, માડી મારી આવી આજે, કરજોડી કરગરીયે. ટેક
ભવ ભવ ભટકયા ભોળી ભવાંની, દયા આંણી દુઃખ હરીયેરે. માડી. કરજોડી. ૧
દેવો તણા મા દુઃખજ ટાળયા, ભાગ્ય હમારા ભરીયેરે. માડી. કરજોડી. ૨
જકત જનુની તે જનમ આપ્યા મા, હમ કર શીર દઇ ઠરીયેરે. માડી. કર. ૩
કરજોડીને બાલો શીર નામે, ગાઉ ભવાંની કાંમ કરીયેરે. માડી. કરજોડી. ૪

ગરબી.

મારૂ મન માન્યુ માજી સાથે. એ રાગ.

વદીયે વાહાલ ધરી તમને, કૃપા કરો અંબા મા હમને. વદીયે, ટેક
સુંદીર મુખ દીસેછે રૂડું, બીજુ સહુ લાગેછે ભુડુંરે. વદીયે. ૧
ધરીયે ધ્યાન સહુ તારૂ, રાખો ધરે સુત્ર તમે મારૂરે. વદીયે. ૨
ત્રિભોવન તું તારણી માતા, દેવો સહુ ગુણ તારા ગાતારે. વદીયે. ૩
અંબાને બહુચર માહાકાળી, અંબાના બાલને લો પાળીરે. વદીયે. ૪

નાગર નમન કરે આજે, અંબામાં વિશ્વ બધે ગાજેરે. નાગર. ટેક
નારાયણી નામ તારૂ સાચે, આવીને લાગેછે પાયરે. નાગર. ૧
નમી નમી નૃત્ય કરે રંગમાં, આવે સહુ સાથે સરવ સંગમારે. ના. ૨
રમી રમી રાતા ફરે ગાતા, મંડપ મા મગન કરે માતારે. નાગર. ૩
જમી જમી અંબાનાલાલ ફરે, આરાસુરે આવીને નાચ કરેરે. ના. ૪

અંબા તારા લાલ કરે લાલી, બાળા બહુ લાગેછે વાહાલી. અંબા. ટેક.
જનુનીયે જનમ ખરો આપ્યો, સઘળે જસ જસ કરી થાપ્યો. અંબા. ૧
રંગીલા રંગે બની રમતા, તેતો અંબા માને બહુ ગમતા. અંબા. ૨
વાગે તાલ મરદંગ ભુગળ સાજે, કરે થૈથૈકાર સહુ આજે. અંબા. ૩
રમે પાંચ રાત જાતે ભમતા, નાગરો થાળ કરી જમતા. અંબા ૪
નટખટ નાગર નર રમતા, મસ્તાન થઈ થઇને ફરતા. અંબા. ૫

આવે શીર સાટે અંબા જાચે, રાજા જસવતનુ મન રાચે. અંબા. ૬
ખુશી થાય આનંદ ઉર આણી, બોલે સહુ અટપટી મુખ વાણી. અંબા.
નાગરે અટપટુ બહુ બોલે, મગન થઈ અંબાના લાલ ડોલે. અંબા. ૮

છબીલી શુંદીર મુખ દીસે, તારૂ મુખ જોવા મન હીસે. છબીલી. ટેક.
રૂપાળુ રૂપ ઘણુ ભાળુ, અંગે હીમ શણગાર ને સાળુ, છબીલી. ૧
કેસે સેથે અત્તર બહુ બેકે, ત્રિભોવન માહિ ફેર લેકે, છબીલી ૨
લલાટે લીલમણી ઝળકે, મુગટ મણી છત્ર છે તુજ શીસે. છબીલી. ૩
શીંગાસન બેઠી તુ રૂડી, તુ સહુને પ્રેમી લાગે પુરી. છબીલી. ૪
અટપટુ નાગર સહુ બોલે, લાગે નહી તુને લગાર રીશે, છબીલી. ૫
અંબાના લાલજી નમ્યાં તુંને, રેહો માજી અખંડ મુજ શીશે. છબીલી. ૬

ગરબી દેશી ફેર.

લિંધુરે લટકે મારૂ મન લિંધુરે લટકે. એ રાગ.

પ્રણામ કરીયે, માજી માને પ્રણામ કરીયે. ટેક.
સીંગાસનપર સિંહ બીરાજે, નમનસદા કરીયે. માજી માને પ્ર. ૧
માનસરોવર સ્નાંન કરીને, આવે જળ લઈને. માજી માને પ્ર. ૨
શેવક તારા શરણે આવ્યા, રહ્યા શીર ધરીને. માજી માને પ્ર. ૩
અંબાજીના લાલે વાહાલ કરેછે, ચાચરમાં રમીને. માજી માને. પ્ર. ૪

ચાચરમાં રમીયે, અંબા તારા ચાચરમાં રમીયે. ટેક.
સહુ સહોદર મંડપ આવી, નાચે કુંદે જમાને. અંબા તારા. ૧
સુંદર મુખડુ સુખડુ પામ્યા, જોઇ રહ્યા મોહાને. અંબા તારા. ૨
થૈથૈ કરતા ફરતા ગાતા, મુખ માનુ જોઇને. અંબા તારા. ૩
અંબાનાલાલ નાચે માસ આસણે, મારા દુષ્ટનેદમાયે, અંબા તારા. ૪

નામને બલિહારી, અંબા તારા નામને બલીહારી. ટેક.
શીવ સનકાદિક સેવ કરેછે, ઇંદ્ર અમર તારી. અંબા તારા ના. ૧
યોગણી આનંદ ચાચર ટોળે, મળી ગાયે ભારી. અંબા તારા. ૨
મદપી થૈ મત્તબાળી બાળા, ચોસઠ રંગ રોળી. અંબા તારા ના. ૩

વિમળસા મન આનંદ પામ્યા, ગૈ ચાચર ચારી. અંબા તારા. ૪
બહુચર અંબા તુળજા કરેછે, ગાવાની તઇયારી. અંબા તારા. ૫
સુંદડી તેલ ફુલેલ અરગચા, ચોળી પેરી સાડી. અંબા તારા ના. ૬
રાવા ભગતને દેહ દુઃખ ટાળુ, અખેરામ લીધો તારી. અંબા. ૭
મારકંડ ભટ અંમર કર્યા વરે, અંબાના લાલ વાણી. અંબા તારા ના. ૮

ગુણગાવુ તારા, આરાસુરી ગુણગાવુ તારા. ટેક.
ત્રિલોક માજી વાસ તમારો, લાગે શેવક પ્યારા. આરાસુરી. ૧
આઈ અજાઈ વંનમાં બેઠી, મનથી નોધારા. આરાસુરી. ૨
બેઠા કોટેશ્વર કૈલાશમાં લઇ, સરસ્વતીની ધારા. આરાસુ. ૩
અંબાના લાલને કરૂણા કરો દાસ, જાણીને તારા. આરાસુ. ૪

દીસોછો રંગમાં, અંબા આજે દીસોછો રંગમાં. ટેક.
ચોસઠ જોગણી ચાચર રમતા, અંબાના સંગમાં, અંબા આજે. ૧
કુંમકુંમ કેશર આડ કપોળે, શણગાર સાજુ અંગમાં. અંબા. ૨
અબીલ ગુલાલ ઉડે મંડપમાં, રહ્યામા ઊમંગમાં. અંબા આજે. ૩
અંબાજીના લાલ વાહાલ કરીને, આવે નાગર સંગમાં. અંબા. ૪

ગરબી દેશીફેર.

કે મુજરો માજીનો કરીએ, સનમુખ રહી અંબાને નમીએ; ટેક.
થઈકાર કરતા ચાચર આવી, સહુ સાથ સાજ સરવ લાવી.
કરવાને રમજુમ બહુ ભાવી, કે મુજરો માજીનો કરીએ. ૧
કે આનંદ ઓછવ બહુ થાએ, કે ગરબો ગાવાને જાયે;
કે ચાચર રંગ રાગ ગાયે. કે મુજરો. ૨
કે રમતાં ભેર ભુંગળ વાજે, કે સાથે તાળ મૃદંગ સાજે;
કે થેઈ થેઈ નાચ કરે આજે, કે મુજરો. ૩
કે અટપટુ આવીને બોલે, કે જમે રમે ચાચરમાં ડોલે;
કે નાવે કોઈ તુ ચરણ તોલે. કે મુજરો. ૪
કે આજે આઈ જોઈ મોહ્યા, કે નાવે કોઈ દેવ સરવ જોયા;
કે દુઃખડાં દરશણથી ખોયાં. કે મુજરો. ૫

કે અંબા બહુચર છે સાથે, કે કાળી તાળી લે હાથે;
કે રહ્યાં છો વિશ્વ તણે માથે, કે મુજરો. ૬
કે રંગીલો રંગ મંડપ કીધો, મારકંડે અમર રસ પીધો;
કે દૈતોને દંડ અતિ દીધો, કે મુજરો. ૭
કે વળતાં નમન કરી જઈએ, કે અંબા જે અંબા કહીયે;
કે અંબાના લાલ વાણી લહીએ. કે મુજરો. ૮

દેશી ફેર.

પુજન આવી પારાનું કરીયે, અંબાનું ધ્યાન હૃદે ધરીયે; પુજ. ટેક.
નમાવી શીશ ચરણે ધરીએ, કર જોડી વિનતી આ વરીયે;
ઉભા રેહી ચર્ણ પુજન કરીએ. પુજન. ૧
કર જળ કળશ લઈ જઈએ, આજ્ઞા લઈ પુજાપો લઈએ;
કર જોડી મન ગમતું કહીએ. કે પુજન. ૨
સાયંકાળે સર્વ મળી સાથે, કચ મચ કંકુ દીધા હાથે;
વાજાં બહુ વીધવીધનાં વાજે. કે પુજન. ૩
પળાયા પંચ તીરથી કરવા, સહુ જન મન ધ્યાને ધરવા;
આવે સહુ ભવસાગર તરવા. કે પુજન. ૪
પુજન પેહેલુ ગણેશનું કરીએ, રીધી સીધી માગીને લીજીએ;
કુમ કુમના હાથા મંદીર દીજીએ. કે પુજન. ૫
પુજા આવી આચરમાં કરીયે, નમન કરી વાવે સહુ જઈયે.
નમન કરી ભૈરવ હાજર થઈયે. કે પુજન. ૬
ભૈરવ રણ જઈ આડે બેઠા, પુજા કરીયે પુજન હેઠળ બેઠા;
ગફામાં આડે સીધ પેઠા. પુજન. ૭
સહુજન આવે પાયે ચાલી, પાસ આવી ખોડીયાળ છે લાલી;
શેવકની રાખે છે લાલી. પુજન. ૮
નમન કરી સરોવરે જઈએ, પુજન હરેનું કરી જળ લઈએ;
અજાવડી માને અરજ કરીએ, પુજન. ૯
માજી મોટી અજાવડી જાણો, એ બેનોમાં ભેદ કશો નાણો;
પુજન કુંભનું થાય ઉર આણો. પુજન. ૧૦

માજી ગરબા ગાયે સામા, બેસે સહુ માડીને ધામા;
સાથે સહુ બાળા નરે રામા. પુજન. ૧૧
કળશ શીર લેઈ ત્યાંથી પળીએ, આવી માને ચાચરમાં રમીયે,
ઉદો ઉદો નાચી કુદી કહીએ. પુજન. ૧૨
ચાચર આવી થેઈથેઈ સહુ કરતા, સહુજન હળીમળી ફરતા;
અમો છાંટ શેવકને વરતા. પુજન ૧૩
સીંહાસન બેઠા મા હર્શીયા, અંબા આરાસુરે વાસો વશીયા;
શેવકની વહારે મા ધશીયા. પુજન. ૧૪
નાગરે નમી ગરબા માના ગાયે, કરી પંચ તીરથી ચાલી પાયે;
રહિ રાત એક દાંતાએ જાયે. પુજન. ૧૫
રંગીલો રંગ મંડપ કરીયો, આશીશ લેવા સનમુખ હુ અડીયો;
માજીને પાયે નમી પળીયો. પુજન. ૧૬
શાવણ માસે આશ તારી ધરીયે, વરશમાં આવી પુજન કરીયે;
અંબાના લાલના દુઃખ હરીયે. પુજન. ૧૭
મંડપમાં કંકુ ચોળી નાહ્યા, ગરબા ફરતા ચાચર ગાયા;
બાલાજી છે ત્રિપુરાના જાયા. પુજન. ૧૮

આરાધો ચોળાચ્રડ વાળી, શેવકને શરણે લો પાળી. આ. ટેક.
આદીતવારે આરાસુર રાણી, શેવકને પોતાનો જાણી;
કૃપા કરો ઉર દયા આણી. આરાધો. ૧
શોમવારે શીવ શકિત સારી, પુજન કરે સરવે નરનારી;
તમારી મને સ્તુતી લાગે પ્યારી. આરાધો. ૨
મંગળે મંગળ મા કરીએ, આરાસુરી ધ્યાન રૂદે ધરીએ;
અરજીતો મારી અંબાવને વદીએ. આરાધો. ૩
બુધે શુધ કરી બહુચરીએ, જઈને વાસો ત્યાં રહિયે;
માજી સુખ આપી દુઃખ હરીએ. આરાધો. ૪
ગુરૂવારે જ્ઞાન લાગે સારૂ, તેતો તમને લાગે અતિ પ્યારૂ;
નાટારંગ કરવા હું ધારૂં. આરાધો. ૫
શુકરવારે સરસ્વતી જઈએ, સ્નાન કરી કોટેશ્વર નમીએ;

પુજન કરી આવી ચાચર રમિયે. આરાસુરી. ૬
શનીવારે બેઠા સિંહ ઉપર, માથેછે સોનાનું છતર;
શરીરે બોહેકે બહુ અતર. આરાસુરી. ૭
સાતેવારે રહે નાગર રંગમાં, આરાસુરી દીસે ઉમંગમાં;
શ્રાવણ માસે આવે સહુ સંગમાં. આરાસુરી. ૮
નરનારી આવીને નમીયાં, ચાચરમાં ગરબે સહુ રમીયા;
તેતો મારી અંબામાને ગમીયા, આરાસુરી. ૯
હરીહર બ્રમાએ ગુણ ગાયા, શક્રાદીને શરણે મા ધાયાં;
અંબાના લાલને કરો છાયા. આરાસુરી. ૧૦

આરાસુરી આણંદી માતા, દરશણથી થાયે સુખ સાતા. ટેક.
મેરૂ ધડમાં સ્થીતી છે તારી, મહર્ષિને મંન છો ઉપકારી;
તમારી શ્તુતી લાગે પ્યારી. આરા. ૧
દરશણથી તો દોશો દુર થાયે, ત્રિવિધ તણા તાપ સહુ જાયે;
બ્રંમ્હા દિક ગુણ તારા ગાયે. આરા. ૨
કળયુગ મા મહાત્મ રહેશે તારૂ, બીજુ નામ નત ડુરેગા તારૂ;
તેથી તમ શરણે રહેવા ધારૂ. આરા. ૩
પંચ તીરથી કરે ઉમંગ આંણી, ભજે તને માત જેવી જાણી;
તેના તમે દુઃખ લોછો તાણી. આરા. ૪
વાળ્ય કુંડ શુધ્ધ કરે દેહને, આકીન હોય તારા ઉપર જેને;
મન ગમતુ આપે છે એહને. આરા. ૫
સરેસ્વતી સ્નાન કરૂ જેને, કોટેશ્વર સુખ આપે તેને;
પુજન કરી પાયે પડે એને. આરા. ૬
માજી સામા સંભુ ભેરવ ગાજે, આકીન રાખી શેવે તુને આજે;
થાયે કર શીર રહી મા જે. આરા. ૭
તારો સુત ગણેશ કષ્ટ કાપે,કોઈ જન જે રદએ રાપે;
સીધી નવ નીધી સદા આપે. આરા. ૮
વેહેરાઈ મા વાત કરે છાની, દેવા સહુ આશ રાખે માની;
શેવે ઓ રૂષી મુની ગ્યાની. આરા. ૯

આ ચાચર રમવાનું પુન્ય મોટું, તેથી પ્રીત તમ ચરણે ચોટું;
બીજુ સહુ લાગે છે ખોટું. આરા. ૧૦
ખોડીઆળ ખરી ખપરવાળી, શરણે આવે નંજરે જુવે ન્યાળી;
કાપે નાખે પાપ સરવ બાળી. આરા. ૧૧
ભટજીના ઘરમાં છો છાંની, ગબરવાળી ગણ્યા માતાની;
બાલાજી આશ રાખે માની. આરા. ૧૨

ચાલો જઇએ દરશણને કાજે, બાધા વિશ્વ માંહી તુ ગાજે. ટેક.
બીરાજ્યા ઉગ્ર પીઠે આપે, માહાકાળી સાહ કર આપે;
દક્ષણમાં અષ્ટ ભુજા આપે. ચાલો જઈ. ૧
બહુચર બાળા તુ સાચી, અમર લોક સરવે મળી જાચી;
ધોળે ધડથી ચાવાળ તુ રાચી. ચાલો જઈ. ૨
અમર આવે સ્તુતી કરે તારી, સુંભ નીસુંભ નાખ્યા મારી;
દેવો માયે લીધા ઉગારી. ચાલો જઈ. ૩
મારકંડ માહાતમ કર્યું તારૂ, તારામાં મંન રહ્યુ મારૂ;
બધુ કુળ અત્રીનુ તાર્યું, ચાલો જઈ. ૪
ભરૂસો તુજ નામનો આખો, ત્રિભોવંન માહી તારો શાખો;
મુખે માગુ દાસ કરી રાખો. ચાલો જઈ. ૫
કોટી કષ્ટ કરૂણા કરી કાપ્યા, અભે વર ભક્તોને આપ્યા;
વાટે ઘાટે સખીયા સહુ રાખ્યા. ચાલો જઈ. ૬
શ્રાવણ વદ ચોદશે આવે, નાગરો સંગ સહુ લાવે;
હવન માનો સંનમુખ ત્યાં થાયે. ચાલો જઈ. ૭
અંબાના લાલ ગાશે વાણી, કૃપા કરો પોતાનો જાંણી;
નાગરોને રાખો દયા આણી. ચાલો જઈ. ૮

ગરબી.

નાથ તમે જાનત હો સબ ઘટકી. એ રાગ.
અંબા તમે રમવાને જમવા આવો, નવ દુરગાને સાથે લાવો. અંબા. ટેક.
પ્રેમ ધરીહું પાયે લાગુછું, બહુચર કાળી બોલાવો;
બીજી બેનોની આશ માગુછું, ચોસઠને તેડાવો. અંબા. ૧

માજી તમો સહુ સાથે લઈને, સુંદરી મંગળ ગાવો;
હોંમ તણી તમે પાવડી પેરીને, ઠણણણ ઠમકે આવો. અંબા. ૨
આગ્ના જાણી સહુ વારણા લેઉં, અમર પેરી મોહાવો;
આવી સુંદરી કુદડી દે છે, થયો ચાચરમાં ભરાવો. અંબા. ૩
સીંગાસન પર અંબા બેઠી, બોલાવે સહુએ મા આે;
પુજા કરો ઉપર ચારે બેશી, કુંમ કુંમ શીર કરાવો. અંબા. ૪
સુના તણા બાજઠીયા ઢાળ્યા છે, સામગરી સહુએ અણાવો;
ટાટ ભરી વીધવિધ પકવાનો, માજી સનમુખ લાવો. અંબા. ૫
કનક કચોળે મદ ર્ક્યો આનંદ, મંડપ મોગરડે છાયો;
ચંદન અગન તગર મળ્યા ધુપદીપ, શોભે નઉત્તમ માવો, અંબા. ૬
બાળા સ્વરૂપે માજી બેઠાં, મદ ગંગ પાત્ર ભરાવો;
પાસે ઢાળ્યા સુના બાજઠીયા, સિંગાસનથી મા પધારો. અંબા. ૭
ગળ્યુ તાળ્યુ તીખુ પય પકવાન, શાક પાક સહુએ મંગાવો;
ખારૂં ખાટુ મીઠુ દીઠુ શરવે, સરવે મળીને ધરાઓ. અંબા. ૮
થાઓ પુરણ ત્રપ્ત જમીને, તેજાના મુખ કરાવો;
એક બરાશ બીડી લઈ પાનની, ચાવી ભાવે ચવડાવો, અંબા. ૯
આરતી કરી લઉ હુ વારણા, ઘડીયાળી ઘંટા વગડાવો;
વેમાન બેશી આવ્યા અંમર, ચંમર શીશ ધરાઓ. અંબા. ૧૦
આનંદ મંડપ થાય રૂપાળો, સભા સદ સરવે તેડાવો;
હેવું જાણી આવ્યો આરાસુર, પાળો ન્યાહળો મેહેર લાવો. અંબા. ૧૧
નાગર નાર શેવક જન બ્રાહ્મણ, સરવેને માજી બોલાવો;
આદ્ય આરાસુરી આનંદ રંગમાં, મદ ભરી માત ડોલાવો. અંબા. ૧૨
પાયે લાગુછું કરગરી તમને, મુજ ઘેર આનંદે આવો;
પરખી હરખી નિરખુ હુ જાતેરે, જન્મ મરણ બે ટાળો. અંબા. ૧૩
ધન ધન દીન દીવાળીનો આજે, મુજ ઘેર એનર વાવો;
જગતમાં આજ હુવોજેજે કાર, અંબાના લાલ પર ધાવો, અંબા. ૧૪

રાગ ઉપર પરમાણે.

ભવાંની ભજ મન ભવમે ભાવે, દુનિયામે ડંકા બજાવે. ભવાની ટેક.
સિંગાસન પર બેઠી સુંદરીયો, નેન કમળ લલચાવે;

ભાલે તિલક કુંમ કુંમ કેસરીયા, કપોળે આડ લગાવે. ભવાંની. ૧
આદ્ય અનાદ્ય હે અંબા રંભા, સકળ સૃષ્ટિ ઉપજાવે;
ભવતારેણ તું મા મંન ગંભા, જનમ મરણ છોડાવે. ભવાંની. ૨
અમરે ઇશ્વરી આપ બિરાજી, અમરે કીયા દેવ ભાવે;
અસુરે મારકે જય જય ગાજી, દેવ આસન પર પાવે. ભવાંની. ૩
અમ્રત વ્રષ્ટી કરત હે અંમર, દુંદુભી નાદ ગજાવે;
ઈંદ્રાણી આવે ચરણે શીશ ધરી, હરિહર બ્રહ્મા આવે. ભવાંની. ૪
ભુમિ ઉપરનો ભાર ઉતાર્યો, રૂષી મુની મન પોકારે;
મારકંડ મુનિને ચરણ જીવાડ્યો, રાક્ષસ સહુને વિડારે. ભવાંની. ૫
બાળા બહુચરે અંબા કાળી, ચોસેઠ એનો બોલાવે;
ગરબા ગાયે પાડી તાળી, મંડપ તાલ બજાવે. ભવાની. ૬
અકળ કળા રૂપ દેખીતારૂ, નીત લોક મોહપાવે;
દશ અવતાર ધરીને મેરી, અખંડ જોડી રખાવે. ભવાંની. ૭
માનસરોવર સ્નાન કરેજે, પ્રાશ્ચિત વિઘ્ન છોડાવે;
અંબે અંબે નામવરી ધર લે, સેહેજમાં ઘોડા દોડાવે. ભવાંની. ૮
નર નારી વારી વારણા લેછે, લહેકે માજીને ભાવે;
અંબાના લાલ નાગર સંગ લઇને, માજીની થાળ ધરાવે. ભવાંની. ૯

રાગ ઉપર પ્રમાણે.

ત્રીપુરા તન મન પ્યારી લાગે, બાળા બહુચર દુનિયામાં જાગે. ટેક.
બિંદુ ત્રિકોણ રૂપે બિરાજી, સૃષ્ટી રચી એક રાગે.
દૈત્યો મારી દેવા કર્યા રાજી, આરાસુરે હાકજ વાગે. ત્રીપુરા. ૧
સિંગાસન પર શણગાર પેર્યા, મુસ્તક મોડ બિરાજે;
અદ્ભુત આભુષણ ઓપીતા અંગે, સંગે શામ, સારી લાગે. ત્રિપુરા. ૨
હરનીશ ધ્યાન ધરે મન તારૂ, મારૂ વદન સોહાગે;
આશ રાખીહર બ્રહ્મા ઉભા, બિશુ વેદ વદે આગે. ત્રિપુરા. ૩
આરાસુરમાં આનંદ મચીયો, અજાઈ બિરાજે બાગે;
અંબાના બાલજી એ રંગ રચીયો, સન મુખ પાયે લાગે. ત્રિપુરા. ૪

રાગ ઉપર પ્રમાણે.

આવી આસો માસ દીવાળી માજી, હુતો નિરખી થાઉ ઘણું રાજી. આવી. ટેક.
હિંમ સિંગાસને બેઠાંછો માજી, અંગે ઘરેણાં સજ્યાંજી;
અત્તર તેલ ફુલેલ અગરજા, શીંહ ચડીને ધર્યાંજી. આવી. ૧
અંગે અનોપમ શણગાર ધરીયા, શીર કંકુ કેસર રચ્યાજી;
સુરીનર મુનીવર કામ કરીયા, પ્રેમ મગનમાં મચ્યાજી. આવી. ૨
ત્રણ ભોવનમાં તોરણ બાંધ્યાં, ઓછવ સહુએ કર્યાજી;
કાળી કલ્યાંણીના જપ તપ સાધ્યા, તેને શીર આપ વરયાજી. આવી. ૩
વૈભવ શોભા અનોપમ જાણી, અકળકળા ન કળાંણી;
અદભુત કારણ તારૂ પ્રમાણી, દીઠા ત્રીભોવન રાણી. આવી. ૪
સૌભાગ્ય મંગળ દ્યો મુજ વાંણી, ચરણ કમળ નમતાજી;
નાગર નૃત્ય કરે નર નારી, તે તુજને ગમતાજી. આવી. ૫
કુંમકુંમ કેશર પીળી હુ નરખુ, હરખી કરો રાજી રાજી;
અખંડ જોડી રાખો હુ હરખુ, પ્રેમ પ્રણામ કરૂ માજી. આવી. ૬
અવીચળ ચુડો રાખો હમારો, મંડપ ગાઇયે ગાજી;
નાગ્રારંગ ઢંગ અતી તારો, તારા આગળ સહુ પાજી. આવી. ૭
આ સહુ સુંદરી ગરબા ગાયે, ઇંદ્ર સભામાં રહ્યાજી;
અંબાના લાલ વ્યાહલ થઈ ગાયે, મગ્ન થયારે સદાજી. આવી. ૮

ગરબી.

મોઘાં થયારે મોહન મથુરાં જઇ, કાગળ નવ લખ્યો કટકોરે. એ રાગ.
મગન થયારે મનમાં અતિ અંબા, આરાસુરમાં આવીરે. ટેક.
મેરૂશિખર પરવાસ તમારો, મારવા મહિષ મંન લાવીરે;
આદ્ય થકી અવતારજ તારો, કહેવા તે મન ભાવીરે. મગન. ૧
બાળા બહુચર કાળી કલ્યાંણી, તુળજાને બોલાવીરે;
કામાક્ષી કામણ કરી પાળે, જવાળા મુખો ડોલાવીરે. મગન. ૨
નવદુર્ગા નવ દહાડા રમવા, આવી મળીછે બેનોરે;
ચોસેઠ જોગણી ગરબા ગાવા, મંડપ આવી એનેરે. મગન. ૩
માગતબાલી કરે ખુશાલી, ત્રિપુરા તન મન જાણીરે;

અમર રહ્યાં ચંમર ઝાલી, વેદ વદે મુખ વાણીરે. મગન. ૪
મગન થયાં મનમાં અતિ અંબા, સણગાર અંગે સજાવીરે;
મોર મુગટ મણી મોતીની માળા, અણવટ વિછુવા ધરાવીરે. મગન. ૫
કર કંકણ ચુડી કટીએ મેખલા, બાંહે બાજોઠા પેરાવીરે;
ચાંલો ચળકે હીરા ઝળકે, કાજળે નેન ઘેરાવીરે. મગન. ૬
મગન થઈ આસન ઉઠી આવ્યાં, ચાચર રંગ મચાવીરે;
ગાવા ગરબા દેવી લાવ્યાં, અંગા વચમાં બોલાવીરે. મગન. ૭
ગરૂડ વાઘ સિંહ ચડીને ફરતા, શુંભ નિશુંભ રખડાવીરે;
વન તન મન કર ત્રિશુળ લેઈને, નાંખ્યા અસુર ઉડાવીરે. મગન. ૮
સકળ જુગ સંસારનું તારણ, સકળ પાપ પ્રજાળીરે;
દુઃખ નિવારણ ભવ ભય તારણ, શેવક જૈન મતિ પાળીરે. મગન. ૯
આવી સુરને અમ્રત પાયું, અમર કરી બધી પ્રથવીરે;
કાલો વાલો થઈને ગાયે અંબા વિજાએ હસાવીરે. મગન. ૧૦

રાગ ઉપર પરમાણે.

રંગ લગાયા રંગ મંડપમે, ચાચર ધુંમ મચાયારે. ટેક.
બિંદુ ત્રિકોણ પર આપ બિરાજે, અકળ સ્વરૂપ દેખાયારે;
આપકુ સેવે બ્રહ્મા વિષ્ણું, શિવ સમાધ લગાયારે. રંગ. ૧
મુનીવર દેવ અમર સહુ દેખે, વેદ વદકે પઢાયારે;
જંત્ર મંત્ર ઓર તંત્રમે બેડી, નારદ ગાન કરાયારે. રંગ. ૨
સકળ શાસ્ત્ર મે આપ રહીહે, બારો પુરાને પઢાયારે;
અકાર ઉકાર મકાર માયા, ઈનમે તત્વ ધરાયારે. રંગ. ૩
રંગે રમતા અંગે જમતાં, જુગમે ધતધન પાયારે;
આઈ અંગે મનમાં ગમતા, રૂમ ઝુમ કરતે આયારે. રંગ. ૪
અંબા બહુચર બાળા તુળજા, શ્રી ત્રીપુરા ગુણ ગાયારે;
આરાસુરમાં ધ્યાન લગાયા, અંબાના લાલ પર છાયારે. રંગ. ૫

ગરબી.

નવરાત્રીના દીન રૂડા આવ્યારે, અંબામા કરવા લેહેર ઘેર પધાર્યારે. ૧
આસો માસે આથ ધરૂછું તારીરે, આ ગરબો ગાવા આજ મળીછે નારીરે. ૨

પડવે જોડી હાથ નમીયે તમનેરે, અંબામા દેજો વાંણુ જીભાએ હમનેરે. ૩
બીજે બાળા બહુચર કાળી મળીયારે, આ ગાવા ગરબા આજ ચાચર વળીયારે. ૪
ત્રિજે ત્રિપુરામાત તન મન સુરારે, કલ્યાંણી કમળા કામ કરવા પુરારે. ૫
ચોથે ચંડી મંડી ચોદસ જોવારે, ચતુરાઈ કરી મળી સાથ વદી છે ગાવારે. ૬
પાંચમે પુરણ પ્રેમ થયોછે અંગમારે, દે છે સહુને ઘણું માન અંબારંગમારે. ૭
છઠે છબીલી માત રાત અંગ રાતીરે, મદ પીયે મળીને રાત સાથ સહુ ગાતીરે. ૮
સાતમે સુંદર મુખ તમારૂ જળકેરે, આચાચર રમતા હાથ ચુડલા ખળકેરે. ૯
આઠમે હવન થાય માય નરનારીરે, શ્રીફળ ચુંદડી હોમાય ભણે વેદ બારીરે. ૧૦
નોમે નવ દુરગા મળીછે રમવારે, બ્રાહ્મણ ભોજનની સાથ બેઠી જમવારે. ૧૧
દશમે દીધા માન દેવોએ આવીરે, કરી કુલતણી અતી વૃષ્ટ નાદ બજાવીરે. ૧૨
એકાદશી હસી ધસી હરીહર આવ્યારે, જોવાને ગરબો રાત બ્રહ્મ બોલાવ્યારે. ૧૩
બારશે બારે મેઘ પરવત આઠેરે, તારાછે નવગ્રહ સાથ મળી રહ્યા ઠાઠેરે. ૧૪
તેરશેત્રિભોવન દેવદેવી મળીયા સાથેરે, અક્ષત કુંમકુંમ લઈ આજવધાવેમાથે. ૧૫
ચૌદશે ચોશર હાર ચુંદડીયો હોડીરે, દીસેછે અદ્દભુતઆજ અંબામાની જોડીરે. ૧૬
પુનમે પુરણ ત્રપ થઈને ચાલ્યાંરે, કીધાં સરવે ને વદાય ફૌફળ આલ્યાંરે. ૧૭
શ્રાવણ સુભ માસે આસે ચાચર જશેરે, નાગર અંબાનાલાલ મળીને ગાશેરે. ૧૮

ગરબી.

કારતગ માસે કરૂણા કરો મા આવી નમીયે, હાંહારે મા આવી નમીયે;
દીવાળીના દીન લીન મા, થઈ રંગ રમીયે, હાંહારે મા થઈ. ૧
માગસર માસે મેહેર કરો મા, દરશણ દઈને. હાંહારે મા દ;
પાપ કાપ શીર હાથ ધરો મા, સનમુખ રહીને, હાંહારે મા સ. ૨
પોસે હોસે પુરણ પ્રેમે, રક્ષણ કરજો. હાંહારે મા ર;
પ્રેમ પ્રસાદે કુશળ ક્ષેમે, અંન ઉર ભરજો. હાંહારે મા અં. ૩
મહામાસે મહા કાળ ટાળમા, ત્રિશુળ લઈને. હાંહારે મા ત્રિ;
શેવક જન પ્રતિપાળ પાળે મા, વહારે થઈને. હાંહારે માહા. ૪
ફાગણ મહીને ફગુવા ખેલે, રંગભેર રમતાં. હાંહારેમા રંગ.
રંગ અંગ વળગી મા ડેલે, રંગ મન ગમતાં. હાંહારેમા રંગ. ૫
ચઈતરે મહીને ચરણ કમળેઆ, હું તમ સેવું. હાંહારેમા હું.

પારો તારો જોઈ સકળમા, સુખથી સેવું. હાંહાંરે મા સુ. ૬
વૈશાખે મા વહારે ચડીયે, શેવક જનને. હાંહાંરેમા શેવ.
માહા મારીના રોગથી મા ઉગારો હમને. હાંહાંરેમા ઉ. ૭
જેઠ માસે એંટ તમે મા, જુગ જુગ વ્યાપી. હાંહાંરેમા જુ.
ભવસિંધુમાં ભજીયે હમે, મા તુજને થાપી. હાંહાંરે મા તુ. ૮
અશાડ માસે આશ ધરી મા, અંબે તારી. હાંહાંરે મા અંબે.
સેવકને કીરપા કરી, ગાય નરને નારી. હાંહાંરેમા નરને. ૯
શ્રાવણ મહીને સરવ મળીને, નાગર આવે. હાંહાંરે મા ના.
શીશ નમાવે આરાસુર આવી, માજીને ભાવે. હાંહાંરે માજી. ૧૦
ભાદરવે ભય ટાળજો, મા સંઘનો આવી. હાંહાંરે મા. સંઘ.
કપટીના તમે કાળછો, મા દ્યોને નિભાવી. હાંહાંરેમા દ્યો. ૧૧
આસોએ અંબા જોડી મા, કુશળ રાખો. હાંહાંરેમા કુ.
નવરાત્રીમાં ચુંદડી હોડી, મુખથી ભાખો. હાંહાંરેમા. મુ. ૧૨
સકળ નારી નર ગાઇએમા, હરખ ધરીને. હાંહાંરે મા હરખ.
માન શરોવરે નાહીએ, મા ઝાંખી કરીને. હાંહાંરે મા ઝાંખી. ૧૩
પુરણમાસે પ્રેમ ધરી, શેવક જન ગાએ. હાંહાંરે મા શેવક.
અંબાનાલાલ આવહાલ કરીને, આરાસુર જાએ. હાંહાંરેમા. ૧૪

ગરબી.

પારાની પાદશાહરે, ડુંગરવાળી મા; પારાની પાદશાઈ. ટેક.
આરા તે સુરમાં માજી વાસ તમારો, પુરણ થયોછે પરકાશરે. મા ડુંગર. ૧
શીંગાસન માજી શોભતારે, ગબર તારો વાસરે. મા ડુંગર. ૨
સણગાર માજી સાજતારે, અંગે છો લાલમ લાલરે. મા ડુંગર. ૩
માનસરોવર વન તરવરમા, અજાઈ અંબે માતરે. મા ડુંગર. ૪
કોટેશ્વર ઈશ્વર મા પોતે, સરસ્વતીનો વાસરે. મા ડુંગર. ૫
શાવણમાસે સંઘજ આવે, નાચે ખેલે સારી રાતરે. મા ડુંગર. ૬
વરસ એક માજી દરશણ દોછો, હરોછો તનના તાપરે. માડુંગર. ૭
ભવસંસારમાં બુડી રહ્યોછું, તારો તમે અંબામાયરે. મા ડુંગર. ૮
વિમળશાનું માજી નામજ રાખ્યું, ટાળ્યા તનના તાપરે. મા ડુંગર. ૯
અંબાનો લાલજી ભગત તારો, અંબા વધારો મામરે. માડુંગર. ૧૦

ગરબી.

રઘુપતીરામ રૂદેમાં રેહેજોરે, એ રાગ.

અંબા મા આણંદ ઘેર આવોરે, બીજી બેનોને તેડી લાવો. અં. ટેક
લાવો કાળી કલ્યાણી માતારે, નમે થાયે દેખી સુખ સાતારે;
મારી અંબામાના ગુણ ગાતા. અંબા૦ ૧
બાળા બહુચર તુળજા ભવાની, સાથે ત્રિપુરા સુંદરી આણોરે;
વાણી ગાયછે અંબામાની. અંબા. ૨
અલબેલી અજાઈ સાથેરે, ગીરી મેરથી બેઠી માથેરે;
આવી મંડપ તાળી લે હાથે. અંબા. ૩
નવરાત્રી એવે માજીરે, નવદુરગા થાયછે રાજીરે;
બધી શ્રજીમા રહીછે ગાજી. અંબા. ૪
ચંડી ચામુંડા દેવીરે, સુરમુનીએ સરવે સેવીરે;
શ્રી બાળા બહુચર તેવી. અંબા. ૫
બ્રહ્માણી રૂદ્રાણી ફરતારે, કલોલ કલ્યાણી કરતારે;
વઇસ્નવી વારાહી વરતાં. અંબા. ૬
અનપુરણા અજાઈ ગાયેરે, પારવતી પુરણ પાયેરે;
ત્રિપુરા તનમન સાએ. અંબા. ૭
તારા તોતળાં તન ખોલીરે, જોગણી સહસ્ત્ર સત ડોલીરે;
વીનાઇકી વેણુજ બોલી. અંબા માજી. ૮
ખોડીયાળ નવ કરે ખોટુંરે, અંબા માનુ નામ છે મોટુંરે;
માના મંડપમાં આવી લોટું. અંબા માજી. ૯
કરજોડીને બોલો અંબારે, જગમા માજીને મન ગંભારે;
આવ્યો અંબાનો લાલજી રંગા. અંબા માજી. ૧૦

ગરબી.

સુતા ઉઠી સુભ રીતથી સાહેલીરે. એ રાગ.

આજ અનંદના દીન મા અંબાજીરે,
આ થયા સહુ જન લીન મા અંબાજીરે. ૧
આસો માસ ઉમંગ મા અંબાજીરે;

યોગણીયો છે રંગમાં અંબાજીરે. ૨
પડવે ગરબા ગાય મા અંબાજીરે;
મંડપમા સરવે જાય મા અંબાજીરે. ૩
ગરબો ધરીયો શીશ મા અંબાજીરે;
દીવા ધૃત તેપર દીધ મા અંબાજીરે. ૪
બાળા બહુચર કાળી મા અંબાજીરે;
સાથે બેનોને વાળી મા અંબાજીરે. ૫
તુળજા સાથે સહુ આવી મા અંબાજીરે;
ચોસઠ દેવીઓ લાવી મા અંબાજીરે. ૬
સીંગાસન ઉઠી આવો મા અંબાજીરે;
અજાઈ વેહેરાઈ લાવ્યા મા અંબાજીરે. ૭
ફરે ફુદડીના તાંન મા અંબાજીરે;
જુલે છે સહુ મધુપાન મા અંબાજીરે. ૮
ચાચરે ગરબા ગાય મા અંબાજીરે;
પાલવ એક એકના સાય મા અંબાજીરે. ૯
હંબોડા લે વાકી વળી મા અંબાજીરે;
એક એક પેર જાયે ઠળી મા અંબાજીરે. ૧૦
એવી રચના જોવા મળ્યા મા અંબાજીરે;
સહુ સ્વર્ગ થકી દેવો વળ્યા મા અંબાજીરે. ૧૧
વિમાનથી વરસે ફુલ મા અંબાજીરે;
કો નથો ભોવન તે તુલ્ય મા અંબાજીરે. ૧૨
બોલાવ્યા વિપ્ર સહુ જાત મા અંબાજીરે;
હવન અષ્ટમી રાત મા અંબાજીરે. ૧૩
નવમીયે બ્રહ્મ જમાત અંબાજીરે;
મળી જમે મોદીક દુધપાક મા અંબાજીરે. ૧૪
દસેમે દીધાં માન મા અંબાજીરે;
વળાવ્યાં સહુને માનમાં અંબાજીરે. ૧૫
વળગી વળગીને જાય મા અંબાજીરે;

વારણા લેઇને પળાય મા અંબાજીરે. ૧૬
એમ સોળ સહસ્ત્ર દૈવી ગઈ મા અંબાજીરે,
ઉદો ઉદો મુખથી કહી મા અંબાજીરે. ૧૭
આવ્યા સીંગાસન માજી મા અંબાજીરે;
બેઠા આસન રાજી થઇ. મા અંબાજીરે. ૧૮
દેવ નમી સહુએ ગયા મા અંબાજીરે;
આસન પોતે જઈ રહ્યા મા અંબાજીરે. ૧૯
રૂડોછે શ્રાવણ માસ મા અંબાજીરે;
આવે જન રાખી આશ મા અંબાજીરે. ૨૦
લાવે સંગ નાગરી નાત મા અંબાજીરે;
સહુ ચઉદશ આવે રાત મા અંબાજીરે. ૨૧
કરે હવન મળી રાત મા અંબાજીરે;
આવે સહુ મળી જાત મા અંબાજીરે. ૨૨
રહે ચાચર મળી રાત મા અંબાજીરે;
નાચે કુદે એક નાત, મા અંબાજીરે. ૨૩
નર નારી ચાચર ગાય મા અંબાજીરે;
એક મંને માજી સાય મા અંબાજીરે. ૨૪
રાખે છે મા સૌભાગ્ય મા અંબાજીરે;
સુખ સંપત આપે ભાગ્ય મા અંબાજીરે. ૨૫
ગાઉછુ કારતક માસ મા અંબાજીરે;
મોટી છે માની આશ મા અંબાજીરે. ૨૬
હું રહુછુ અમદાવાદ મા અંબાજીરે;
એકાદશીયે કર્યો સાદ મા અંબાજીરે. ૨૭
નાગર બ્રાહ્મણ આ જાત મા અંબાજીરે;
માયેછો માતને તાત મા અંબાજીરે. ૨૮
હુવો સઘળે જેજેકાર મા અંબાજીરે;
તાહારો સહુને આધાર, મા અંબાજીરે. ૨૯
રાખુછુ હરની આશ મા અંબાજીરે;
અંબાનો લાલ દાશ મા અંબાજીરે. ૩૦

સંવત ઓગણી અડતરો મા અંબાજીરે;
પુરી કરી કડી એકતરી મા અંબાજીરે. ૩૧

ગરબી.

લાવ લાવ સખી એક કાગળ લખીયે હરીનેરે. એ રાગ.

સુભ આરાસુર છે ગામ, શોભે સારૂરે;
રાજા જસવત સીંગનુ નામ, પ્રજાને પ્યારૂરે. ૧
મણી આરસ ચાચર ચોક, રચના સારીરે;
વસે ભાવડાં રજપુત લોક, વણીક વેપારીરે. ૨
વાવ્ય સરસ્વતીનુ નીર, શરોવર સમીપેરે;
દેવતાઓ તેને તીર, ઉભા દીપેરે. ૩
એવી જુગતી જોતા અનેક, મન લાગે મીઠુરે;
ત્યાં અચરત મોટુ એક, નયણે દીઠુરે. ૪
એક વીમળ શાવક જાત, પારે આવ્યોરે;
પાસે ચારતો ગાયો માત, બહુ મન ભાવ્યોરે. ૫
આપી માયે તેને નવનીધ, ભુપ બનાવ્યોરે;
હાથી ઘોડાને પ્યાદળ દીધ, વિદેશે પળાવોરે. ૬
જતી આવો તેની પાસ, અભિમાને ભરીયોરે;
માયે પુછ્યુ આ કોના પ્રતાપ, વરે આવરીયારે. ૭
તેણે કહ્યુ ગુરૂજી પ્રેતાપ, માજી થયા કોપેરે;
ગયા આબુ માજી દઇ શ્રાપ, વચન માનુ લોપેરે. ૮
દેરાં કીધાતા ત્રણસેને સાઠ, અગની પ્રજાળીરે;
એવો કીધો માયે ઠાઠ, પાછો લીધો પાળીરે. ૯
એધાણી રાખવા આજ, દયા આવી માને;
રાખ્યાં છે ડેરા પાંચ, સહુ જોવા જાયેરે. ૧૦
હેવાં કામ કીધાછે અપાર, પારના આવેરે;
લખાયે નહી કાંઇ સાર. પારો પુજાયેરે. ૧૧
તિથિ ચૌદશ છેલી પક્ષ, નાગરો ધાસેરે;
હોમ કરવાનો છે લક્ષ, શ્રાવણ માસેરે. ૧૨

દીન પાંચ સુધી સહુ જન, ઘી પય જમેછેરે;
મોટો હરખ ધરીને મન, રોજ રમેછેરે. ૧૩
પુજે આવી અંબા ચર્ણ, માજી રીઝાવેરે;
આવે સરવે મળીને વર્ણ, કોટેશ્વર જાયેરે. ૧૪
કરે સ્નાન જઇને ત્યાંહ, સરસ્વતી તીરેરે;
ભાવનાતે પ્રાશ્ચીત જાય, નીરમળ નીરેરે. ૧૫
સહુ જાયછે વિમળ દેવ, મળી જન ભેગારે;
જુવે હર્ષ કરી કેવી શેવ, થઇ જાય ઘેલારે. ૧૬
હેવી જુક્તી જોવા ઉમેદ, ધરી મન લેશેરે;
જાતરાળુ કરીને મન, જઇ જોઇ ક્હેશેરે. ૧૭
જોઇ વિમળસાનો મહેલ, સહુ જન વળીયારે;
તેતો થઇ ગયુ હવે સહેલ, આવી માને મળીયારે. ૧૮
વિસરાંમ કરીયે અજાઇ, માતછે મોટીરે;
એને નમીને જઇયે ભાઇ, એ નથી ખોટીરે. ૧૯
પછી આવો શરોવર પાળ, ચાચર જઇયેરે;
માજીછે દીનદયાળ, નમી જે રહીયેરે. ૨૦
મંડપ કરે ઉદમાત, સારૂ ભાકેછેરે;
ચાચર રમેછે રાત, ઘણા મલકેછેરે. ૨૧
સભામાં વધેછે લાજ, મળેછે સાબાશીરે;
એવા નાગર લોકો આજ, સહેરના વાસીરે. ૨૨
ચાચરમાં સુત ગણેશ, તારો દીસેરે;
પહેરી વસ્ત્ર નમી રમે વેશ, જોવા મન હીસેરે ૨૩
શંભુછે સનમુખ માત, તારી સામારે;
આવે રમવા નાગર જાત, ગાયે નર રામારે. ૨૪
આરાસુરી સમાચાર અત્ર, શ્રવણે ધરજોરે;
દુઃખ દેહના તે સર્વત્ર, માજી હરજોરે. ૨૫
ઘણી નીંદાથી બોલે કોક, દેખાડજો નીતારે;
હેવા મુરખ મતિયા લોક, કરેછે અનીતીરે; ૨૬
હવે કહુછુ જોડીને હાથ, અંબાને ગમવારે;

મને રાખો ચરણમાં સાથ, મંડપ રમવારે. ૨૭
ધરો મોટો હરખ મન માંહે નોધ્ધે પાળીરે;
તજો જારકરમ સહુ તાહિ, નાખીદો શાળારે. ૨૮
માટે મનમાં શેવો માત, નથી એ જીુઠારે;
લઇયે ત્રિપુરેશ્વરીનુ નામ, પ્રભાતે ઉઠીરે. ૨૯
પતી માત પીતાની શેવ, કોડે કરીયે;
જેથી શક્રાદી સરવે દેવ, મનમાં રીઝેરે. ૩૦
નરનારી મળીને ગાય, તાળી પાડીરે;
અંતરમાં અંબે સાહ્ય, રાખે મા વાડીરે. ૩૧
ઉર આરાંધુ અંતર માત, પુરણ પ્રીતેરે;
દાસ અંબાના લાલ શીર હાથ, રાખો નીત્યેરે. ૩૨

ગરબી.

ઓ જીુગદંબા, તારોરે ડંકોરે બાધા દેશમાં;
જાગો અંબા, ઉરાડો પાપીને પગની ઠેશમાં. ટેક.
મા જસ તારો જીુગ જીુગ લીધો, તે ત્રીભોવનમાં જસ કીધો;
રણમાં રાક્ષસોને દંડ દીધો, ઓ જીુગદંબા. ૧
તે જીુગતમાં સરવે જાયા, તે ઉદરમાં રાખી માયા.
તારી દીધે જીુગ અંમર કાયા, ઓ જીુગદંબા. ૨
તે નીપાવ્યા સરવે દેવો, દાખલો વાસુદેવનો લેવો;
તે અષ્ટભુજા અમ્રત મેવો, ઓ જીુગદંબા. ૩
સુર શક્રાદીયોને તાર્યા, દુઃખ દેતા દૈતોને વાર્યા;
પળ એકમાં શુંભનિશુંભ માર્યા, ઓ જીુગદંબા. ૪
સુરથ વૈશની સંભાળ લીધી, બેઠા હુતા વન રૂપી સિદ્ધિ;
રૂષિ મારકંડ દેહ અંમર કીધી, ઓ જીુગદંબા. ૫
મહર્ષિ મુનીયો મન રાખે, છે નિશ્ચે વેદ પુરાણ શાખે;
કરીછે ઉપમા જન મળી લાખે, ઓ જીુગદંબા. ૬
હરીહર કરે સ્તુતી બ્રહ્મા, રાખેછે ભાવ દયા મનમાં;
સંકટ ભાગેછે તુ વનમાં, ઓ જીુગદંબા. ૭

તુ એક અનેક દસ સહસ્ત્ર નામે, તુ દેશ દેશ ઠામો ઠામે;
શિવો ત્રિપુરા તે જસ પામે, ઓ જુગદંબા. ૮
ચાર જુગે નવખંડ મા વ્યાપી, તુને દેવે મળી જુગમાં થાપી;
તુને ના જાણે જે હોય પાપી, ઓ જુગદંબા. ૯
અવતારે દશેમાં તુ પહેલી, ભણુ ગણુ ગાયના તુ ઘેલી;
વાંણી લાગે સહુને સહેલી, ઓ જુગદંબા. ૧૦
તુ બાળ તરૂણ વૃદ્ધ રૂપ દીસે, જોઈ જોઈ મનડુ મારૂ હીસે;
અંબાના લાલને શ્રી શીશે, ઓ જુગદંબા. ૧૧
આવી સનમુખ રમીયે તારી, સહુ ગરબા ગાઇયે નર નારી;
કાળી અંબા બહુચરછે પ્યારી, ઓ જુગદંબા. ૧૨

ગરબી દેશી ફેર.

કેસુંદર મુખડુ જોઈ નીરખુ, અંતરે અંબા અંબા હરખુ; ટેક.
કે રૂમ ઝુમ કરતા મંડપ આવી, કે થૈથૈ કરીયે ઉલટ લાવી;
કે મનમાં અંબે તું ભાવી, કે સુંદર. ૧
કે મુજરા માજીના કરવા, કે ધ્યાનજ માજીનું ધરવા;
કે શેવીયે સલખન પુર તરવા, કે સુંદર. ૨
કે વાજે તાલ મ્રદંગ બાજે, કે નાટારંગ કરૂ આજે;
કે સાથે ભેર ભુંગળ વાજે, કે સુંદર. ૩
કે નાગર અટપટુ બહુ બોલે, કે નાવે કોઈ તેને તોલે;
કે આવી મંડપ મા ડોળે, કે સુંદર. ૪
કે આજે રંગીલી મોહ્યા, કે તોલે નાવે સહુ જોયા;
કે સરવે દુઃખ ચાચર ખોયા, કે સુંદર. ૫
કે બહુચર અંબા બાળા સાથે, કે વિશ્વમા વશીયાંછો માથે;
કે નીપાવી સ્રષ્ટી સકળ હાથે, કે સુંદર. ૬
કે વળતાં નમન કરી જઇયે, કે અંબા અંબા મુખ કહીયે;
કે બાલાની વાંણી મન લઇયે, કે સુંદર. ૭
કે મોહી જોઈ રહ્યા મુખડુ, કે સુંદરી આપોછો સુખડું;
કે ટાળો જનમ તણું દુઃખડુ, કે સુંદર. ૮

ગરબી.

કામણ દીસે છે અલબેલા, તારી આંખમાંરે એ રાગ.

હુ આરાધુ કરજોડી શ્રી ત્રિપુરેશ્વરીરે, લલીતા શીર ધરીરે. ટેક

શ્વેતગીરી મા વાસ તમારો, શક્રાદિના દુઃખ નીવારો;
ભંડાસુરને મારચો છે, ત્રિશુળ ધરીરે. હુ આરાધુ. ૧

વેદ વીરંચી પાર ન પામ્યા, શિવ શનકાદીક દુઃખ વિરામ્યાં,
વિધા તરંપો આવી, ઉભી ત્યાં ખરીરે. હુ આરાધુ. ૨

ચંડી રૂપ થઇને બેઠો, રાજા વૈશના તનમાં પેઠા;
મારકંડ મુનીવરે, આરાધી મન કરીરે. હુ આરાધુ. ૩

આરાસુર આવી બીરાજ્યા, સહુ સેવકના મનમાં છાજ્યા;
યોગણી આવીને ગાયેછે મન ધરીરે. હુ આરાધુ. ૪

પાવા ઘડમાં કાળી બેઠાં, પતાઈ રાજા એ રણ દીઠાં;
ચહલુ રાજાની વહારે મા તુ ચડીરે. હુ આરાધુ. ૫

આઈ અષ્ટ ભુજા સુખદોછો, શરણાં ગત ના દુઃખ હરોછો;
દક્ષણમાં સીંગાસન ઉપર તુ સુંદરીરે. હુ આરાધુ. ૬

બહુચર બાળા રૂપે શોભે, ચુવાળમાં જાવા મન લોભે;
સાચુ સમરણ વલ્લભને શીર બહુ ચરીરે. હુ આરાધુ. ૭

ચારે દીશાયે આપ બીરાજો, શેવકને શરણે મા ધાજો;
ત્રણ લોકના તાપ, શમાવ્યા ઇશ્વરીરે. હુ આરાધુ. ૮

સાગરમાંથી વિખજ કાઢ્યું, અસુરોનું મન જાુઠુ પાડ્યું;
પાયુ વિખ અસુરને, અમરેશ્વરીરે. હુ આરાધુ. ૯

ચંડમુંડને નાખ્યા ચોળી, રક્તબીજને નાખ્યા રોળી;
શુંભ નિશુંભને મારચા તેં સહસ્રેશ્વરીરે. હું આરાધુ. ૧૦

મહિષાસુરનું શીશ ઉડાવ્યુ, ધુમ્રલોચનનું અંગ રખડાવ્યું;
મ્રત્યલોકમાં આવીછે કમળેશ્વરીરે. હું આરાધુ. ૧૧

સતજુગ દ્વાપર ત્રેતા યુગમાં, કળજુગમાંહે રહ્યાછો રંગમા;
જુમોપરે શરણાંગત તુ જાુગદેશ્વરીરે. હું આરાધુ. ૧૨

નવદુરગાનું નામજ પ્યારૂ, જોગેશ્વરે જોગ ધ્યાને ધાર્યું.
નારાયણી નવદુર્ગા દીન પુર્ણેશ્વરીરે. હું આરાધુ. ૧૩

અશાડ આશો માહા ચઇતરમાં, અંકુરા રોપેછે ઘરમાં;
કુમ કુમ અક્ષત થાળ ધરી આરતી કરીરે. હું આરાધુ. ૧૪
પુર્ણેશ્વરી મા પુરણ કરીને, નઉતમ મેવાથી થાળ ધરીને;
અંબાને લાલાએ ત્રપ્રજ કરીરે. હું આરાધુ. ૧૫

ગરબી.

આ અવસર આવોની માજી અંગમારે, રાખો રંગ મારે. ટેક.
શક્રાદિને શરણે આવ્યા, મારકંડને મન માહાવ્યા;
બ્રંહ્માણી રૂદ્રાણી વૈદ્રવી સંગમારે. આ અવ. ૧
મહિષાસુર ધાઈ માર્યા તે, શુંભ નિશુંભ સરખા હાર્યા તે;
રક્ત બીજ રણ ચંડ મુંડ, હણ્યા રંગ મારે. આ અવ. ૨
વાર ન લાગે વહારે આવો, પુરણ પ્રેમ ધરી હેત લાવો;
તારા નામથી સહુ જનરેહે, ઉમંગ મારે. આ અવ. ૩
હમને દુઃખજ શાને દોછો, અવળા થઈ શુંકરવા રેહોછો;
કળજુગ માં કો નહી માને, અભી માન મારે. આ અવ. ૪
આ અવસર હવે સાહ્ય કરોને, દેહ તણાં અતી પાપ હરોને;
નિશ્ચે તારૂ નામ સમરીએ, મંનમારે. આ અવ. ૫
અટપટુ બોલેં નાગરી નાતો, કરશે મનમાં તારી વાતો;
લાડ લડાવા પડશે તારે, હંમને રે. આ અવ. ૬
શ્રાવણ કેરો માસજ આવે, મન ગમતા ભોજન કરાવે;
ભાવ ધરીને રાખી છે, મા અંગ મારે. આ અવ. ૭
કાલો ઘેલો થઇને ગાયે, અભી માનીઓ આંધળાં થાએ;
આરાસુરમાં ગાએ, બાલો સંગમારે. આ અવ. ૮

પદ.

નારાયણી નવરાત્રિ ખેલે, સલખન પુરની રાંણીરે. એ રાગ.
નારાયણી નવરાત્રી, રમવા, જમવા સરવે આવોરે. ટેક.
કાળી કલ્યાણી કમળા કામી, કામેશ્વરીને બોલાવોરે;
ચામુંડા ચંપક વરણીમા. ચંડીને ઓળખાવોરે. ના. ૧

બાળા બહુચરે તુળજા અંબા, નવ દુરગાને લાવોરે;
ચોસઠ જોગણી ચાર દીશાથી, બેનોને તેડાવોરે. ના. ૨
પ્રાતસ મધ્યાન સાયંકાળે, દેવોને પુજન કરાવોરે;
ત્રિવેણી જળ હીમ કળશમા, પુરણ મદ ભરાવોરે. ના. ૩
કુંમ કુમ કેશર પુષ્પ અરગચ્યા, ધુપ દીપ પ્રગટાવોરે;
થાળ ભરી અમ્રત સાહિતની, વિવિધ પ્રકાર ધરાવોરે. ના. ૪
ખાટું ખાટુ તીખુ સરવે, પ્રેમ પ્રસાદ જમાવોરે;
એક બરાસ સાથ કસ્તુરી, તાંબુલ મુખમાં અપાવોરે.ના. ૫
ત્રપ્ત થઈ ઉઠ્યાછો સુંદરી, પારણા કરી મન ભાવોરે;
બ્રાહ્મણ ભોજનથી તમો ખુશી, મંડપ મંગળ ગવરાવોરે.ના. ૬
શાવણ માસે ક્રષ્ણ ચૌદશે, ડુંગર હરશે ચડાવોરે;
અંમર દેવ આશાસુર રાખી, ડંકા વિશ્વ વગડાવોરે. ના. ૭
રંગીલો રંગ મંડપ થાયે, મહોલેરે હાથ દેવડાવોરે;
અંબાના લાલ નારી નર નાગર, ગરબા મળી ગવડાવોરે. ના. ૮

છંદ.

માત ભવાંની ભજ મન ભવમે, અકળ કળા તેરી;
દરશણ આવે સબ સુખ પાવે, સફળ ફળે ફેરી. ટેક.
આદીત વારે આદ્ય અંબીકા, ધ્યાન ધરો મનમે;
ચરણ કમળ મુખ શુંદર દાશે, આ શરખુ તનમે. માત. ૧
શોમજ વારે સનમુખ દેખો, શિવશક્તિ ન્યારે;
ભવદુઃખ ભંજન રિપુ અતિ ખંજન, ઉતારે પારે. માત. ૨
ભોમજવારે બે દુનિયામે, કર્યો દુર અંબે;
ભોળી ભવાની રાખો જવાની, નમતે કર લંબે. માત. ૩
બુધવારે મા બુદ્ધિ દીજે, બાળક હુ તેરા;
બાહ્ય ગ્રહી મે દ્વાર ખડાહું ફરતા મે ફેરા. માત. ૪
ગુરૂવારે ગુરૂ પુરણ ગિરિમે, બેઠા ગફા બીચમે;
ભંડાસુરકા શીર ઉડાયા, સાહે કરી સુરે જનને. માત. ૫
શુકરવારે સાચી મૈયા, સનમુખ આયે ખડા;

સેવક ચાચર આયા માજી, ચરણ તોરે પડા. માત. ૬
સનીવાર મા સાત બખતમે, ચરણ શીર નામુ;
મહંમાયા મુજ મેહેર કીજીએ, રિધિ સિધિ પામુ. માત. ૭
આદ્ય શક્તિ તું અંબા બહુચર, જુગ જુગમાં ગાજે;
અંબાજીના લાલ કાળીકા, શીર સેવક છાજે. માત. ૮

દેશી ફેર. છંદ.

મહંમાયા મતબાલી અંબે, ધ્યાન ધરો સબ મતવાલા;
ચાર જુગ નવ ખંડમે બ્યાપી, ત્રિપુર સુંદરી શીર બાળા. ટેક.
અશાડ માસમે આદ્ય ઈસ્વરી, આશ પુરી હે જુગતમે;
અષ્ટ ભુજ ધરી અસુર મારે,નવ દુરગા નવરાત્રીમે. મંમાયા. ૧
શાવણ માસમે સનમુખ સેવે, શિવ શક્તિ પુજન પ્યારે;
સરસ્વતી શુંદરી સારદા, ઉપાસન કરતે જ્યારે. મંમાયા. ૨
ભાદ્ર માસે ભદ્રકાળીમા, ભુવનેશ્વરી ભવમે સાચી;
ભાવ ધરે ભગવાન તાનમે, ઉનકુ સચરાચર રાચી. મંમાયા. ૩
આસોમાસ અલબેલી માતા, ઘેર ઘેર નવરાત્રી હોતી;
નારાયણ નવ દીન હે ન્યારી, ઉદો ઉદો મુખસે કેહેતી. મંમાયા. ૪
કારતગ માસે કાળી કલ્યાણી, કળજુગમે ત્રિશુળ ધરતી;
ક્રશ્ન સ્વરૂપે કંસને માર્યો, રક્ષણ કારણ તું કરતી. મંમાયા. ૫
માગશર માસમે સિંહ વાહિની, મહિષાસુર અસુર માર્યા;
માત તાતને ભ્રાત ભગ્ની, હોકે સુર સબકુ તાર્યા. મંમાયા. ૬
પોસ માસમે પાર્વતી કહિએ, રહિ હે શિવ શંકર અંગે;
અનપુરણા પુરણ કરી પાળે, બાળકકુ રાખે સંગે. મંમાયા. ૭
માહા માસમે મન અંબીકા, વસંત ખેલનકુ આઇ;
ચોસઠ જોગણી મળી જોડણી, સાજુ પચરંગી લાઇ. મંમાયા. ૮
ફાગણ માસે હોળી ખેલે, સોળ સહસ્ત્ર યોગણી ભેળી;
કુંમ કુંમ કેસર અતરે અરેચા, ઉરાડવાને થઇ ઘેલી. મંમાયા. ૯
ચઇતર માસમે ચિંતા ટાળો,મા પાળો બાળક હું તેરા;
એસા ન રાખો આદ્ય ભવાની, તારાવણ નહી હે મેરા.મંમાયા. ૧૦

વૈશાખ માસમે વહારે ચડીયે, કોગળીઆકા હે ધારા;
અરજ સુનકે ચડિયે સિંહપે, કાળજ્વર દુઃખ કરો ન્યારા.મંમા. ૧૧
જેઠ માસમે અરજ સુનલ્યો, પોકાર કરેતા સબ કંગાળ;
સાહ કરે હરે તાપ દેવકે, દુસરા દેવહે આળપંપાળ; મંમાયા. ૧૨
પુરણ માસ પુરશોતમ કહિયે, પુરણ પ્રેમ ધરી પાળો;
જેજે બોલો બહુચર અંબા, બાલાજીના દીન વાળો. મંમાયા.૧૩

દેસી ફેર છંદ.

તારી માયા કરી હમે ઘણા થયારે રાજી.
ઘણી વહાલી મોરી માત અંબે માતાજી. ટેક.
હુ સનસુખ આવી ઉભો તારે દ્વારે;
હવે નિભાવ કરવો અંબે બહુચર તારે. ૧
આ સકળ સભાઓ મળી ઉભી છે આજે;
આ ભુગળ તાળ પખાજ ઝાંઝરો વાગે. ૨
હુ રૂમ જુમ કરતો આવ્યો સનસુખ માજી;
ઘણી વહાલી૦ તારી૦ ઘણીવા. ૩-૪
આ હરખી નીરખી રંગ મંડપમાં આવ્યા;
આ ચાચર આવી મળી રંગ મચાવ્યા. ૫
આ ગાન તાન કરી હરખાયા સહુ સાથે;
આ સેવકને અંબામા બીરાજે માથે. ૬
હમે મુજરો કરીયે તારા આગળ પાજી;
ઘણીવા૦ તારીમા૦ ઘણીવા૦ ૭-૮
આ સુંદર મુખડુ જોઈ મન મોહ લાગ્યો;
તારા દરશણનો મને ચટકો અંગમા વાગ્યો. ૯
આ અંગ ઘરેણા સાળુ મુગટ શીર છાજે;
વન ફરતી દુખડા હરતી ત્રિલોકે ગાજે. ૧૦
આ નાગર કરતા ગાન તાંન રસ બાજી;
ઘણીવાલી૦ તારી૦ ઘણીવા૦ ૧૧-૧૨
દીન દીવાળીનો આજ થયો છે હમને;

સુખ આપો શીર કરથાપો મારો જમને. ૧૩
હમે રાજી રહીશુ તો અવીશુ પારે;
આ નારી નર, નાગર રહે તુ આધારે. ૧૪
આ આંખડીયે નીહાળો અંબા લાલાજી;
ધણીવાલી૦ તારી૦ ધણીવાલી૦ ૧૫

દેસી ફેર છંદ.

નજરે કરો નારાયાણી અંબે, શેવકનુ રાખોને મન.
કાયા હમારી થર થર કંપે, નમન કરિયે દો દરસંન. ટેક.
હમારે તમારે પ્રીત પુરવની, જરાએ છે નથી કાચી;
વેદ દેવ વદે સહુ વાણી, સચરાચર જુગમે જાચી. ૧
સુરમુની ગાંધ્રવ ગાનજ કરતા, મોહ માયા લાગી તારી;
સાહ્ય કરીને આવ્યા અહિયા, મહર્ષિયોને ઓધારી. ૨
સચરાચર સંસારે માજી, આપબીરાજો છો આસંન. કાયા. ૩ નજ. કાયા. ૪
અમૃત નજરે ન્યાહળો માજી, સેવકને રાખો રાજી;
સુંદર મુખ આ અંગ અનોપમ, દીસે છે તારૂ માજી. ૫
આ કાયા કરમના દોશ અતી છે, દુર કરો રાજી થઇને;
રાગ રંગ મંડપમાં રમીયે, સનમુખ મા તારા રહિને. ૬
મેહેર કરો અંબા મારા પર, નથી સહેવાતુ દુઃખ જાજુ;
જરજરે વ્યાધી વહી ગઈ છે, તે દેખી હઇયે દાજુ. ૭
પાલવ તારો સાહ્યો આવીને, મહેર કરો માતાજી મન. કાયા. ૮. ૨
દીન દયાળી દયા કરોને, દીન દીવાળીનો કરીયે;
સદા ચરણમાં આવી નમીયે, શેવકને શાતા ધરીયે. ૯
પ્રેમ પ્રસાદજ પૂરણ આપો, અંન પૂરણા મા મહેર કરો;
કરૂણા સિંધુ કરૂણા કરીને, શરણાંગતને શીશ ઠરો. ૧૦
ભાવ કુભાવે તમને શેવું, જુગ જુગ માજી તમે વશીયાં;
જનમ જનમના પ્રાશ્ચિત ટાળી, સીંગાસન બેશી હશીયા. ૧૧
રૂમ ઝુમ કરતા તારા સામુ, સદા ચરણમાં રાખુ તંન. કાયા.૧૨
રૂધિ બાળા બહુચરો તારી, શ્રી ત્રિપુરા કલ્યાણ કારી;

ગૌરી ગાયત્રી મા ગાજે, વિપ્ર જનોયે મુખ ધારી. ૧૩
વિશ્વંભરી વિસ તારૂણી અંએ, વારી વારી જાવુ વરેણાગી;
નાગર નજરે ન્યાહળે તમને, રૂદય કમળમાં તું જાગી. ૧૪
વિપ્ર વિશ્વંમરી રૂપે થઇને, નરે નારીના મન રાખ્યા;
ચાચર ચોકે વશી રહીને, સેવકના દીલ મા દાખ્યા. ૧૫
તારા નામનો પ્રસાદ માગુ, દો તન મન અંબા લાલને ધંન. કાયા. ૧૬

છંદ.

મહંમાયા મુજ મેહેર કરો, મા આશ રખુ જુગમે તેરી;
ગુલામ તેરી બંદગી કરતા, ધાઈ આવો હરદંમેરી. ટેક.
પ્રથમ હકીકત કહું હુ માજી,અરજ હમારી કાંનધરો;
આયા બંદગી કરતાં શેવક, ઉનકે શીર રખવાલ કરો;
એક નામ આધાર હે તેરા, જુગબાધામાં તુ સાચી;
મેહેર કરી હે શકાદીકુ, સનકાદી મુની એ જાચી;
વાહારે ગઇતી રાજા વૈશકુ, શુંભ નિશુંભ તે માર લીયા;
ચંડ મુંડ ચકચુર કરેકે, ધુંમ્ર લોચન સંહારકીયા;
એ સીહિતું જુગત જનેતા, જુગ બાધામાં તુ લેહેરી. મહં. ૧
બાલુપનસે મે ખ્યાલ રખતા, માજી જાચુ હરદંમ તુજકુ;
આયે સંકટ દુરનીવારો, ઢાલ રખો તેરી મુજકુ;
બાલા અેહેકી લાજ નિભાવો, એ મંગતા હરદંમ માજી;
એતના મંગનહે હમારે, ઇશ દુનિયામે રખોરાજી;
સકળ સભામે રહ્યા હું આજે, સનમુંખ માજી આયેખડા;
કરગરી મા શીશ નમાવું, હાથ જોડકે પાઉ પડા;
દીન હમેરા તેરે ચરણે, નીભાઈ લેના મા મેરી. મં. ૨
કળજુગમે તું કાળી કલ્યાણી, કાયા હમારી તુંમ શરણે;
માહાદુઃખ ભંજન રીપુ અતિ ખંજન, પારે પડા હે તુમ ચરણે;
તું હે સાચી મંગળ રાચી, માયા મોહ મમતા તેરી;
સદા કલ્યાણી મંનમે આંણી, નાવે ચોરાશી ફેરી.

અલ્પ બુદ્ધિ હે માજી હમારી, કમ જાનુ પદ બંધ કડી;
ગાંઉ ઘેલે છંદ બનાતે, આશ રખી હે ઘડી ઘડી;
નાગર નટખટ સદાહો ચહાતે, ઉડાતી હે તું ઉનકાવેરી. મં. ૩
નાચત કુદત તાલ બજાવત, ચાચરમેં ફરતા ફેરી;
ઉદો ઉદો મુખસે સબ બોલે, જેજે જેઅંબેમેરી.
આતે જાતે બડી મજામે, ખાતે પીતે રમતેહે;
સકળ સભામે મજા ઉડાતે, માજીકુ મન ગમતે હે;
ચરન નમાતે જમીવતરામ હી, ઉનકુ આધારહે માજી;
ખુબહિ ફરતા રહે મગનમે, અંબાજી કે લાલાજી;
બાળક તેરા ગાયે હરદંમ, પુજાકરે માજીકેરી. મં. ૪

ગરબી.

સણખપુર સાચો મા બહુચરા. એ રાગ.
આરાસુર રાણી મા અંબિકા, શેવક પ્રતિ પાળણ વંદિકા;
સુણો બરદ હમારા અંબિકા. આરા. ટેક.
માનું માનસરોવર ગાજતું, શરણાઇયો નોબત વાજતું;
માને શરણે આવો દુઃખ ત્યાં જતું, આરા. ૧
માનો ચાચર ચોક રળિયામણો, પાસે આવે છે સહુ બ્રાહ્મણો;
વિપ્ર પાઠ વાંચે, સહુ તમતણો. આરા. ૨
એક વિમળ વાણીયો આવીયો, માજીયે સુત કરી પાળીયો.
તેને અષ્ટમા સિદ્ધિ આપીયો. આરા. ૩
કરૂણા કરીને નામ રાખીયુ, દેશ વિદેશે પરવાસિયું;
નામ અંમર કરી સ્થાપીયું. આરા. ૪
નવ ખંડમાં બર્દ તમારૂંરે, કરો કામ શેવક મન ધાર્યુરે;
નમે આપો પદારથ સારરે. આરા. ૫
બાઉડાં કુકડાં ચાચર રમે, તેતો માજીને અતિશે ગમે;
આવી નાગર અંબાને નમે. આરા૦ ૬
રૂપ તારૂ અતિ માજી ઓપતુ, સિંહાસન પર મન થોભતું;
સુત ચરણ જીવ માજી સોંપ તું. આરા. ૭

ઘડીવાળીને ઘંટા વાગતા, સુણી નાદ અસુરો ભાગતા;
માજી જુગ સચરાચરે જાગતા. આરા. ૮
મોહ પામ્યા તારે રૂપે દેવતા, અખંડ આવી ચર્ણ સેવતાં.
પુસ્પતણી કરી વૃષ્ટી જતા, આરા. ૯
માર્યો મહિષ ક્રોધે બળવાનરે, સિંહ ચડી કર્યું તેણે પાનરે;
તે થયો ગતી અતી મંદરે. આરા. ૧૦
કર્યા પ્રાક્રમ માજી તે ઘણા, રાખી નહી તેમાં કાંઈ મણા;
આવી યોગણી ગાઈ લે વારણા. આરા. ૧૧
લઈ બેઠી તું પાસે ગણપતયરે, સામા સંભુ ભૈરવ છે સત્યરે;
જાણે અજાણ સાચી ગત્યરે. આરા. ૧૨
બેઠા કોટેસ્વર કૈલાશેરે, ધરી ધ્યાન તમારો આશેરે;
માત સરસ્વતી છે પાસેરે. આરા. ૧૩
ગુણ તારા ગાયે દેવ સહુરે, એક જીભ્યાયે શુ કહુરે;
માજીનું નામ ચિતમાં લહુંરે. આરા. ૧૪
વિશ્વ વ્યાપી રહ્યું તુજ આશેરે, જીવી અંબા કો એક મને સાહાશેરે.
તેના કારજ સરવે થાશેરે. આરા. ૧૫
રાખો અખંડ સૌભાગ્ય જોડીરે, ખોડીયાળ ન કરશો ખોડીરે;
આવું દરબડતા પાયે દોડીરે. આરા. ૧૬
વાંઝ મેહેણુ ટાળ જો માડીરે, કરો કુળમાં અમૃત વેલ વાડીરે;
ગાયે અંબાના લાલજી લાડીરે. આરા. ૧૭

ગરબી.

રંગતણી હેલી, અંબા આજે રંગ તણી હેલી. ટેક.
તાળ પખાજ વેણા જંત્ર વાજે, વદાયે અંબા પેલીરે. અંબા આ. ૧
થૈ થૈકાર થાય મદ માતા, લાગે અંબા વાહાલીરે. અંબા આ. ૨
રૂમ જુમ રંગ અતિ અંગ કરતા, ઉભા સહુ પાળીરે. અંબા આ. ૩
સુંદર મુખને ભામણે જઈયે, રમતા રંગ રેલીરે. અંબા આ. ૪
અબીલ ગુલાલ ઉડાવે લાલા, એક એકને ઠેલીરે. અંબા આ. ૫
અંબાના લાલ વાહાલ કરી રમતા, નારી આવા ઘેલીરે. અંબા આ. ૬

લાગે છે વાહાલીરે, અંબામા લાગે છે વાહાલી. ટેક.
સનમુખ સિંહાસન પર બેઠા, અંબા બહુચર કાળીરે. અંબા. ૧
જરકશી અંબર અંગે ધરેણા, અતી બેઠી ધાલીરે. અંબા. ૨
ઉઠીરે સિંહાસન પધાર્યાં, મદ મન થઈ લાલીરે. અંબા. ૩
અજાઈ વેહેરાઈ ખોડીયાળ ભૈરવ, ગણપત નિહાળીરે. અંબા. ૪
ચાચર જાતર જુગ સચરાચર, સર્વે રેહ્યા ભાળીરે. અંબા. ૫
અંબાનો લાલજી રંગ રંગીલો, રમતા રેહ્યો માહાલીરે. અંબા. ૬

અષ્ટમી અજવાળીરે, અંબામા અષ્ટમી અજવાળી. ટેક.
આસો માસમાં અંબા રંભા, મળી સહુ નારીરે. અંબા. ૧
ઘેલીરે થઈને મદરે મહાલે, વાહાલે લાગે પ્યારીરે. અંબા. ૨
ચોસઠ જોગણી રંગભેર રમતાં, બની ઠણી સારીરે. અંબા. ૩
આઠેમ હવન બહુરે કરાવે, બ્રાહ્મણ પુજારીરે. અંબા. ૪
પારણા પ્રેમ પ્રસાદે કરાવે, ખીર ચણા ધારીરે. અંબા. ૫
અંબાના લાલ વિજીયા દશમાંયે, ગાએ વાણી તારીરે. અંબા. ૬

બહુચરમાં રંભા, અંબા આવો બહુચરમાં રંભા. ટેક.
નારાયણી નવ ઘોડા ખેલે, બોલે ઉદો અંબા. અંબા. ૧
કાળી કલ્યાણી તુળજા ભવાની, બાળા મન ગંભા. અંબા. ૨
યોગણીયો મદમારે મળીને, આવી મંડપ રંભા. અંબા. ૩
અષ્ટમી રજની રમતા ગમતા, બેઠી ચાચર જંભા. અંબા. ૪
અંમર ગમર ઘોરે થઇને, પાયે પડે લંભા. અંબા. ૫
અખંડ જોડી અંબારે લાલની, રાખો અખંડ અંબા. અંબા. ૬

મહિના ગરબી. દેશીફેર.

આમાસે અંબામા આવો આશરે, સેવક દુઃખીયા તારા થાય અપારજો;
કેમ કરી જીવે આ પાપી પાસરે, અન્ય કરેથી સરે નહી કાંઇ સારજો.
આમાસે. ટેક.
ચેતરમાસે ચંતા હમને થાય છે, મહા મારીના રોગે મન અકળાયજો;

તારે શરણે દેવો રહીને ગાય છે, તારે નામે પાતીક સઘળાં પળાયજો. આ. ૧
વઈશાખ માસે વાહારે રહીને સાચવો, સચરાચરનું નોધારા આધારજો;
જગત તણું સુખ થાએ માજી જાળવો, સુખી રાખો ગાઈયે ગુણ સંસાર
જો. આમાસે. ૨
જેઠ માસે ઠેઠ થકીરે આવીયે, સેવક જનને આવી ધારણ આપજો;
દઈત્ય ચરીને યોગણીયો સહુ લાવીયે, સમાવો રક્ષા કરીને તનના તાપ
જો. આ. ૩
અષાડ માસે આદ્ય ઇશ્વરી માતને, સાચે દીલથી સેવો નરને નારજો;
મતીયા મત છાંડીને રાખો સાથને, એનાથી તો ઉતરશો ભવ પારજો. આ.૪
શ્રાવણ માસે અરજ હમારી લીજીએ, દેહતો પાપી પાવન તારે નામજો ;
કાળાવાલા ગાઉ ચાચર રીજીયે, આવું તારે રમણીક મંડપ ઠામ જો. આ.૫
ભાદરમાસે ભે સઘળાનો ભાગીયે, ઝરમર ઝરમર મેહુલા વરસે અપારજો;
તારા નાગર સેવકને કામ લાગીયે, ના આવોતો કોઇ નાવે તારે. દ્વારજો.
આ. ૬
આસો માસે અરજ હમારી સાંભળો, ન જાણોતો જીવતર જાશે વેઠજો;
મુકી ધોને હાવાં માજી આંબળો, નવ દાહાડા નવરાત્રીમાં શેઠજો. આ. ૭
કારતગ માસે કીંકરને કરણા કરો, કર શીરપર રાખોને અંબા માતજો;
અતી થયુંછે અંગે દુઃખ માજી હરો, તમે છો માથે માત તાતને
ભ્રાતજો. આ. ૮
માગશર માસે મન મળવા અકળાયરે, શું કરીયે હવે રાખો શેવકની લાજજો ;
શરમ નહી હવે માજી દેહ પીજાયરે,સકળ સહોદર રાખો થાયે રાજજો.આ. ૯
પોષ માસે પડપંચ માજી ના કરો, કરશોતો કોણ નામ તમારૂં લેશેજો;
મેહેણાં ખાશો માનવીના મનમાં ઠરો, નહી ઠરોતો કરગરી મેહેણાં
દેશેજો. આ. ૧૦
માહામાસે મંગળ કરીયે માજી હવે, ઘણું કરગરીયે સકળ સહોદર સાથજો ;
ભાવે કુભાવે ભજીયે માત મને હમે, કીંકર ઉપર કરણા દો શીર.
હાથજો. આ. ૧૧
ફાગણ માસે ફગુવા ખેલો જોગણી, હોળી રૂપે માજી તમે પુજાઓ જો;
રક્ષા કરવા આવે ફરતી ભાગણી, રંગ ગુલાલ કેસર શીર ધરી લાવજો.આ.૧૨

પુરણ માસે પુરણ ત્રપ્ત થઇ તમે, અંબા કાળી બહુચર તુળજા સાથજો;
બીજી બેહેનો આવા આશ ધરીએ હમે, બાળક લાલને શીર રાખો
હાથજો. આ. ૧૩

આબાર માસે માજી જે મનમાં ધરે, દેહ તણું દુખ માજી કાપશો આપજો;
કોગળીયું ઊટીયું ટુંટીયું માજી હરે, નિસ્ચે નાવે દેહ દુઃખ જુગમા છાપજો. આ. ૧૪

ગરબી.

નારાયણી નવરાત્રી રમવા, જમવા સરવે આવોરે. ટેક.
કાળી કલ્યાણી કમળા કામી, કામેશ્વરીને બોલાવોરે;
ચામુંડા ચંપક વરણી, મા ચંડીને ઓળખાવોરે. નારા. ૧
બાળા બહુચર તુળજા દેવી, નવદુરગાને લાવોરે;
થાળ સમે પુજન કરે દેવો, હરીહર વેદ ભણાવોરે. નારા. ૨
ગંગા જમનાં સરસ્વતીમાં, હિમ કળશ ભરાવોરે;
કુંમકુંમ કેસર પુષ્પ અરગચા, ધુપ દીપ સળગાવોરે. નારા. ૩
થાળ ભરી અમ્રત સાહીતની, વિવિધ પકવાન અપાવોરે;
ખારૂં ખાટુ તીખુ સરવે, લાવું માજી ધરાવોરે. નારા. ૪
ચોસઠ જોગણી ચારે દીશાથી, બેનોને તેડાવોરે;
બેક બરાસે કસ્તુરી સાથે, તાંબુલ મુખ કરાવોરે. નારા. ૫
ત્રપ્ત થઈ ઉઠ્યાંછે માજી, પારણાં કરી મન ભાવોરે;
બ્રાહ્મણ ભોજન કરે રાજી, મંડપ મંગળ ગાવોરે. નારા. ૬
આરાસુરમાં આપ બિરાજો, ડુંગર માજી ચડાવોરે;
અમર દેવ ત્યાં સ્તુતી કરેછે, દુનિયામાં ડંકા વગડાવોરે. નારા. ૭
રંગીલો રંગ મંડપ થાયે, મહોલે હાથા દેવડાવોરે;
નારી નર અંબાના લાલજી, સનમુખ ગરબા ગવડાવોરે. નારા. ૮

ગરબી.

જોગીંદ્ર પણુરે શીવજી તમારૂં મે જાણ્યુંરે. રાગ.

બાળા ત્રિપુરા હુતમ મન ગાવુંરે, તમને છોડીને બીજા કોને જાવુંરે. ટેક.
રતન સિંહાસન આસન બેઠારે, તેજમાં ત્રિભોવન શશી રવી પેઠારે, બાળા. ૧
વેદ વીરંચી વદેછે તારી વાણીરે, હરીહર નારદ મન નવ જાણીરે. બાળા. ૨

અકળ સ્વરૂપ અતિશેજ ઓપેરે, માજીનું વચન પદ કોઇ નહી લોપેરે. બા. ૩
ઉદો ઉદો આવી યોગણીઓ ગાયરે,ફુલ તણી વૃષ્ટી અતિ બહુ થાયરે. બાળા.૪
ચાચર નાગર કરતા સહુ ગાનરે, આવે વરસ એક નીમે માજી ઠામરે.બા. ૫
શુંભ નીશુંભ અસુર ઘણા માર્યારે, દૈત્યોને મારી દેવોને તે તાર્યારે. બાળા. ૬
અંગે ઘરેણાં અમુલ્ય બહુ દીશેરે, દેશ પરદેશથી આવે સહુ હીસેરે. બા. ૭
દુષ્ટ હમારાં સર્વે માજી કાપોરે,કરૂણા કરી અંબાનાલાલને સીધી આપોરે. બા.૮

ગરબી.

મોહ્યા મોહારે માહા મુની જંન. સુંદર મુખ જોઇ. ટેક.
સુંદરીનું સુંદર મુખ જોઇ, મોહ્યા માહામુની દેવરે;
કુંમકુંમ અક્ષત પુષ્પજ લઇને, હર્ષે કરતાં શેવ. સુંદર. ૧
કૃષ્ણ સ્વરૂપે મોહ પમાડ્યા, લઇ ત્રિલોકનું તત્વરે;
કંસને માર્યો મોહ પમાડી, ખરૂં તમારૂં સત્વ. સુંદર. ૨
બ્રહ્મ પુત્રી તુ થઇ બેઠી, પેઠી કમંડળ માંહેરે;
રૂપ પ્રકાશી દાસ ઠરાવી, પ્રથમ પુજાઇ ત્યાંહિ. સુંદર. ૩
શિવ દિવ્ય રૂપે થઇ બેઠા. આસન દ્રઢજ વાળીરે;
બીજડી રૂપ પાર્વતી પ્રકાશીત, થૈ ગંગા શીર ખાળી. સુંદર. ૪
ત્રણ દેવ ત્રણ રૂપ ધરીને, ત્રિગુણાત્મક કેહેવાયરે;
દશ અવતારે દેવ મળીને, કારજ તુ થકી થાય. સુંદર ૫
દેવ ઉગાર્યા દૈતને માર્યા, તાર્યા સકળ સંસારરે;
અંમર આદ દેવા પુજે, કોઇ ન પામ્યા પાર. સુંદર. ૬
અકળકળા તારી જાણી નહીં, મોહ્યા જોગી જતીયોરે;
જંતર મંતર તંતર કરે પણ, કોઇ ન પામ્યા રતીયો. સુંદર ૭
ગહન ગતી અતીછે મા તારી, સહુને શીરપર છાજેરે;
ધરમ ધજા તારી બધ ફરેછે, દુનિયામાં ડંકા વાજે. સુંદર. ૮
ભોળી ભવાંની ભાવ ધરીને, મોહી રહ્યાં અબળા જંનરે;
અંબાના લાલજી તમને વળગ્યા, દો તન મનને ધન. સુંદર. ૯

ગરબી.

ગોકુળીયે લઇ ચાલોરે, હરી ઓધવરાજ હમને. એ રાગ.

ધન ધન આજનો દીનરે, બહુચર માત અંબે. ટેક.
ધન ધન આજનો દીન હમારે, ઓછવ મંગળ થાયેરે. બહુચર. ૧
ચાલી હમો મા ચાચરે આવ્યા, લાગ્યા બહુ વિધ પુજરે. બહુચર. ૩
સુંદરી સિંહાસનપર બેઠા, દીઠું અલોકીક રૂપરે. બહુચર. ૪
સજ્યા સોળ સણગાર રે પોતે, જોતો બળેક પાસરે. બહુચર. ૫
વદન તમારૂં જોઇ મોહ પામ્યા, નામ્યા કળી સુર દેવરે. બહુચર. ૬
નાગર નટખટ નૃત્ય કરેછે, હરેછે શેવાથી આપ્ર પાપરે. સહુચર. ૭
પુજન નિરાંજન થાળ કરેછે, આવી આરાસુર માંહ્યરે. બહુચર. ૮
શ્રાવણ માસે સેવે સદાયે. કદાયે ના દે એ છેહ રે. બહુચર. ૯
ધોળારે ગઢમાં વાશીરે વશીયા, આવ્યાં ચાચર માંહ્યરે. બહુચર. ૧૦
કૃષ્ણ ચતુર્દશી હશી ધશી આવ્યા, અર્ધ નિશાયે થાય હોમરે. બહુચર. ૧૧
ધરમ ધજા તારી ધરણી ફરકે, થરકે દુરીજન લોકરે. બહુચર. ૧૨
સુંદર મુખ જોઈ પાલવે વરગ્યો, બાળક લાગો મા દાસરે. બહુચર. ૧૩

ગરબી.

ગણાધિપતી તુજઆ શરણ આવોરે. એ રાગ.

છબીલી મૈયા અરજ કરૂંછું આજેરે. ટેક.
અરજ કરૂછું આજે, શેવકોને શીર ધાજે;
માજી તું માથે બિરાજેરે, છબીલી० ૧
શેવકની આવો સાહે, સનમુખ આવી ધાએ;
સકળ સભામાં ચાહેરે, છબીલી० ૨
અંતર અંબા આરાધો, એક ચીતે જપ સાધો;
અમરને ભેદ ન લાધ્યોરે, છબીલી. ૩
મારકંડ ઉગારી લીધો, ભટજીને કવી કીધો;
શીર હાથ માતે દીધોરે, છબીલી० ૪
શીવજીની બેઠાં સંગે, કૈલાશમાં બેઠાં રંગે;
સાથે બેન રાખ્યાં ગંગેરે, છબીલી० ૫
મૈયા મુજ સામુ ભાળો, કૃપાદ્રષ્ટી કરી ન્યાળો;
દાસને દયાથી પાળોરે, છબીલી. ૬

સંસારમાં સુખ જાણી, પાપની પીલીછે ધાણી;
નિવારો દુઃખ દેહ આણીરે, છબીલી. ૭
બાળા બહુચર કાળી આવો, નવલ નવદુર્ગા લાવો;
ત્રિપુરા તન મન ધાયોરે, છબીલી. ૮
સરવે સભામાં ગાવું, અભીમાન તારૂં લાવું;
પાયે નમી નમી સાહુરે, છબીલી૦ ૯
પ્રેમ ભરી પાયે પડીયે, દેહ દુઃખથીમાં સડીયે;
સુખડાં કરો આ ઘડીરે, છબીલી૦ ૧૦
અકળ કળા છે માજી, જુગ ચાર રહ્યા ગાજી;
સેવક કરોને રાજીરે, છબીલી. ૧૧
અંબાજીનાલાલ મળી, ગાયે ગુણ વળી વળી;
આવ્યો હવે કાળ કળીરે, છબીલી. ૧૨

ગરબી દેશી ફેર.

થૈ રંગની હેલીરે, અંબા આજે થઈ રંગની હેલી. ટેક.
તાલ પખાજ વેણા જંત્ર વાજે, ગાજે દેવલ અપાર. અંબાઆજે. ૧
અબીલ ગુલાલ ઉડાવે લાલા, વાહાલ કરી તમને. અંબાઆજે. ૨
થૈથૈ કાર અપાર મા કરીયે. ધરીયે તારૂ ધ્યાન. અંબાઆજે. ૩
મતવાલી મા તતપર થઈ, લાગે અતિ વાહાલી. અંબાઆજે. ૪
રમત જમત મા ગમત કરે છે, મદ્યથઈ ઘેલીરે. અંબાઆજે. ૫
સિંહાસન આસંન પાંન કરતી, દુષ્ટનાંએ ઠેલીરે. અંબાઆજે. ૬
શ્રી.ળ શણગાર સજી આઈ બેઠા, જળ હળ જોત પ્રકાશ. અંબાઆજે. ૭
આજ હુવો રંગ જે કારે સંગમાં, બાલો ફેરી ફરે. અંબાઆજે. ૮

રાગ હોરી.

હોરી કે દીન અંબા આઇ. ટેક.
જગત જનુનીએ જનમ દીનો, પુજન કાજ બોલાઇ, મૈયા પુ.
કુંમકુંમ ચંદન અગર તગર ધુપ, અબીલ ગુલાલ ઉડાઇ;
સાથે બાળા બેહેન બોલાઈ. હોરી૦ ૧
સિંહાસનપર બેઠી અંબે, વેદ વિરંચી ભણાઈ; મૈયા વે૦

ગાંન તાંન ઝાંઝર ડફ બાજત, કેસર ગાગર સાઇ;
એક એકપે દોડી આઈ. હોરી૦ २
હારી કે દીન ચાચરૂ મંડપ, ચીર સુંદડી સોહાઇ. મૈયા ચી૦
પાયે નેપુર અણવટ વીછુવા, અંગે ઘરેણાં ઘરાઇ;
ઉમંગસે પાન પીવાઈ, હોરી૦ ३
દોડત ચાચર ચોસેઠ જોગણી, દેવ સકળ મોહઆઈ, મૈયા દે૦
ફેર ફુદડી ફરતા ચાચરમે, ઉદો ઉદો મુખપાઇ;
બાની અંબાના લાલે ગાઈ. હોરી૦ ४

હોરી.

ચાચર ખેલે હોરી, બેઠી શીર અંબા મોરી. ચાચર. ટેક.
જોગણીયો સબ ધાઇ આએ, આયે બહુચર મોરી. આ.
આયોહી ફાગણ ધુંમ મચાઇ, કેસર ગાગર ઘોરી;
લાયે સબ અંગપર ઘોરી, ચાચર ખેલે હોરી. १
આઇહે કાલી રંગ અંગ લાલી, સાથ બાવાંની મોરી. મૈયાસા૦
આયે સિંહાસનપર બેઠી મઇયા, આશ ઘરે સબ તોરી;
હાથ ગુલાલકી ઝોરી, ચાચર ખેલે હોરી. २
આઇ તુળજા અષ્ટભુજાઇ, નેત્ર અમૃત ઝરોરી. દેખો મૈયા૦
આયે દુષ્ટ સામીમાં વેરે, પાગે નાંખે મઇયા રોરી;
અરજ સબ કરે મન ગોરી, ચાચર ખેલે હોરી. ३
શીર કંચનકી ગાગર ભારી, રંગહી બોહોત ભરોરી. મૈયારં.
હાથસાંથે સબ પીચકારી મૈયા, એક એકપે દોરી;
જુવે સબ દેવહી હોરી, ચાચર ખેલે હોરી. ४
વેદ વીરંચી ધ્યાન ધરતહે, મોહે સારી હર હોરી. મૈયાકુ,
ચરન કમળ પર છાજત પોતે, ભીજાઈ સારી અંગોરી;
મોહોપે સબ ડારીહે જોરી, ચાચર ખેલે હોરી. ५
રંગ રંગીલી સબ અંગભીજી, સારી ચુંદડીયા ભીજેરી. દેખોમૈયા.
અણવટ વીછુંવા પાયે ઘુઘરીયાં, નાચે નૌતમ લેરી;
આંખ ભર રંગ ભીજેરી, ચાચર ખેલે હોરી. ६

હોરી કે દીન આનંદ પાયો, દરશણદ્યો માત મોરી. મૈયાદ.
આ સબ એલ્ન મચ્યો ચાચરમે, ચરણ ધરૂં શીશ તોરી;
કરૂણા કરો માત હમેરી, ચાચર એલ હોરી. ७
સિંહાસનપર આપ બિરાજો, સ્નાન કરી સબજોરી. મૈયા.
પુજન કાજ સબ ધાઈ આવે, પાર ન પાવે કોઈ;
રહ્યા સબ મોહી મોહી, ચાચર એલહોરી. ८
ગુણ ગાયે ઉમંગ નરે નારી, ધ્યાન ધરે કરજોડી. મૈયાધ્યા.
સનમુખ આઈ ગરબા ગાવે, શક્ત રેહે આશ તોરી;
અંબા કે લાલ વહાલ કરોરી, ચાચર એલ હોરી. ९

હોરી.

શિવશંકર એલ હોરી, સંગબેઠી ઉમીયા ગોરી. ટેક.
ફાગન આયો હે શિવશંકર, ઉમંગ બોહોત કરોરી. શીવજી.
ધ્યાન ધરતહે વેદ વીરંચી, આશ રખે મન તોરી;
જટાબીચ ગંગા ધરોરી, શીવશંકર. १
ચુવા ચુવા ચંદન ઓર અરગચા, કેસર ગાગર ભરોરી. શીવ કે.
ભરી પીચકારી હાથ લીયેહે, સનમુખ મૈયા દોરી;
એલત મન આપહી હોરી, શિવશંકર. २
અબીલ ગુલાલ ઉડતહે અંગે, ભભુત રૂંઢમાળા ધરોરી. શીવ.
બાજત તાલ પખાજ ઝાંઝરે ડફ, ઘંટા નાદ કરોરી;
પીયે સબ ભાંગહી ઘોરી. શિવ. ३
આક ધંતુરા પીયે સબ સાજન, ગાવતે હોરી નારી. શીવ.
ડાક હીડમરૂ સાથહી બાજત, રીઝવત હે ત્રિપુરારી;
હટકેશ્વર હે શુભકારી. શિવ. ४
એ સબ રંગ રચ્યો હે જંગલમે, સાથે ભુત ગણકી ટોળી. શીવ.
એ સબરંગ ગાવે મંદીરમે, ગાવે સુણે પાડે તાળી;
એ સો શિવ શેવા નિહાળી. શીવ. ५
સુરીનર મુનીવર ધ્યાન ધરતહે, તિન લોક શુભકારી. શીવ.
આશ ધરો સબ ઉરમે પાઈ, હોરી મન રંજન પ્યારી;

અબધુત મંગળકારી. શીવ. ૬
આશ ધરો ઉરમે મતવાલે, શિવ શકિત પીતા માઈ;
અંબાનો બાલ આનંદ ગુણ ગાવે, કૈલાશમે અનંદ કરાઇ,
ઊર આશ રખીયે ધાઇ. શીવ. ૭
મોક્ષ દિયતહે ધ્યાન ધરતનકુ, શિવહે અલૌકીક બારી. શીવ;
આધી વ્યાધી દુર કરતહે, નિજજન રોહા મન ધારી,
જેજે બોલો શ્રી ત્રિપુરારી. શીવ. ૮

હોરી.

નારાયણી હોરી ખેલન આઇ. ટેક.
ફાગન આયો મઇયા મોરી, ચાચર ધુંમ મચાઇ. દેખો મૈયા ના.
સબસખીયન મીલ સાથે બેઠે, સબપટરાણી આઇ;
અંબા સાથ દુર્ગા પાઇ. નારાયણી. ૧
કાળીબાળા ત્રિપુરા બહુચરી, વેહેરાઇ પીતાંબરી લાઇ, દેખો મૈયા વે.
ઇંદ્રાણી અનપુરણા આકે બેઠી, જવાળા મુખી દેખપાઇ;
કેસર સંગ ગાગર લાઈ. નારાયણી. ૨
તારા આશ પુરી તુળજા ભવાની, બ્રહ્માણી રૂદ્રાણી પાઇ. દેખોમૈયા બ્ર.
એક એકપે દોરી આયે, હાથ લીની પીચકારી;
એશી શબ ધુંમ મચાઇ. નારાયણી. ૩
ચંડી ચામુંડા રંનાદે દેખી, આઈ લલીતા માઈ. દેખો મૈયા આઈ.
ત્રિપુર સુંદરી મનમે પાવત, સરસ્વતી સાથ બોલાઈ;
આઇ સબ ચાચર માઈ. નારાયણી. ૪
પાન ભરી પીચકારી મોરો, એક હાથ ઝોરી લાઈ. દેખો મૈયા;
અબીલ ગુલાલ ઉડાવત અંગપે, જોગણીયો કું બોલાઈ,
આઇ ખોડીયાળ અજાઈ. નારાયણી. ૫
બ્રહ્મા વેદ પઢે તોરે આગે, કાનડ બેન બજાઇ, દેખો સબ;
નારદ ગાંન કરે તોરે આગે, શંકર ધ્યાન ધરાઈ,
યોગણી સબ ધાઈ આઈ. નારાયણી. ૬
નવ દુર્ગા હે મનમે પ્યારી, વિનતી કરૂં ઉરલાઈ, દેખો મૈયા;

સિંહાસન પર જાકે બેઠી, ખડી રહી સબ માઈ,
આજ્ઞા દીસબકુ પળાઈ. નારાયણી. ૭
એ સબ રંગ રચ્યો ચાચરમે, ઉદો ઉદો મન માઈ, દેખો મૈયા;
આશ રખો નર નારી મનમે, શિવ શકિત પીતા માઈ,
રહો શીરપે મા આઈ. નારાયણી. ૮
સતયુગ દ્વાપર ત્રેતાયુગમાં, દેવાકુ દુઃખ પળાઈ, જુવો સહુ;
ઉનકા દુઃખની વારણ કરેકે, દુષ્ટ અસુરકુ મરાઈ,
આગના લેકે કલયુગ પાઈ, નારાયણી. ૯
આ સબ મૈયા હરનીશ ગાવું, એક દીન ચાચર આઈ જુવો સબ એ;
શ્વેતાગીરીમે આપ બિરાજો, મૃત્યુ લોકમે પાઈ,
નાગરે સબ મન ગાઈ. નારાયણી. ૧૦
એશી મહ્યા ચારો દીશામે, રક્ષા કરે બેઠાઈ, દેખો સબ રક્ષા;
ભુમીપર સબ પ્રાણીહી શેવા, આદ્ય અનાદ્યહે માઈ,
અંબાકુ લાલે વધાઇ. નારાયણી. ૧૧

ગરબી.

સમરૂ સદા ભરપુર. એ રાગ.
અમ ઘેર આવોને આજ, વાણી તારી પ્રેમ વદુરે મા ટેક.
આરાસુરમા સુરપતી બેઠી, ચુવાળ બહુચર મા,
સિંહ કુડ કુટ ચડારે મા, અમ ઘેર. ૧
પાવા મા પાદશાઇ બીરાજો, દક્ષણમાં તુળજાય;
વહારે વેલી વળી વળારે મા, અમ ઘેર. ૨
કરૂણા કરી મા કષ્ટજ કાપ્યા, દેવાની રાખી લાજ;
અસુરને રણ મારારે મા, અમ ઘેર. ૩
નમી અંબાને લાલજ વિનવે મા, સહુને કરજો સાહ્ય;
ગાયે દાસ ચરણે પડીરે મા, અમ ઘેર. ૪

ગરબી.

ગોકુળાયે લઇ ચાલોરે, હરી ઓધવ રાજ હમને. એ રાગ.
કુંમ કુમ પગલે પધારોરે, અમ ઘેર આજ અંબે. ટેક

દીન દીવાળીનો આજ છે અંબે, પ્રેમધરીને પધારોરે. અમ. ૧
કૃપા કરીને માજી કારજ કરવા, આવી મનમાં વિચારોરે. અમ. ૨
સકળ સાહેલીઓ સાહ્ય કરીને, કુળ મંગળ સુધારોરે. અમ. ૩
અંબાને બહુચર કાળી કલ્યાણી, અન્નઈ અંન પુર્ણ ધારોરે. અમ. ૪
નારાયણી નવ રજની મહાલી, દસેરે દેવી બીરાજોરે. અમ. ૫
કુંમ કુંમ કેસર અબીલ ગુલાલે, અરગચ્યા ઉડાવી રમાડોરે. અમ. ૬
આનંદ ઓછવ આજ હમારે, પારણા મહોલે બંધાવોરે. અમ. ૭
બ્રહ્માને વિષ્ણુ શિવ સહુ પુજે, સકળ મળી તમ પારોરે. અમ. ૮
વિપ્રભોજન માજીકરોને આગણીએ, આશીશ દેવા પધારોરે. અમ. ૯
નાગરે નવરા લોક નમેછે, પ્રતી પાલણ પરવારોરે. અમ. ૧૦
અંબાને લાલ વહાલ કરી શેવો, સફળ થાયજનમારોરે. અમ. ૧૧

ગરબી.

ધન અંબેમાત, મોટી તુ ભવાંનારે જુગમાં જાણી. ટેક.
માજી અશાડે આરાસુરમાં, માજી બેઠાછો ધોળાગઢમાં;
ચાચરમાં અંબાછો ભડમાં. ધન અં૦ ૧
માજી શાવણમાં સનમુખ આવે, નરેનારી નાગર સહુ બાવે,
સંગવી થઈ સંગ તારો લાવે. ધન અં૦ ૨
માજી ભાદરવે ભડ ગાજોછો, સિંગાસનપર બીરાજોછો,
શેવકના શીરપર છાજોછો. ધન અં૦ ૩
માજી આસોએ તુ અલબેલી, ચોસઠ માહી તુ બને ઘેલી;
ગાવા ગરબે થાયે તુ પહેલી. ધન અં૦ ૪
માજી કારતગે કાળજ ટાળોછો, તારા છઈયાઓને ઉગારોછો;
તન મન અલબેલી પાળોછો. ધન અં૦ ૫
માજી માગરે મળવા મન ગાંડું, વચે પાપનુ પડીયુછે આડું;
મારી નાખો દુષ્ટનુ ધાડું. ધન અં૦ ૬
માજી પોસે પામરને પાળો, મારા વેરીઓને મા ટાળો;
પુરવના પ્રાશ્ચીત તમે બાળો. ધન અં૦ ૭
માજી માહે મન મળવા ચાહુ, અંતરગત રૂદયામાં ચાહુ;

માજી અમૃત રસમાં હુ નાહુ, ધન અં૦ ૮
માજી ફાગણે ફાગ રમે બાળા, રમ તે જોગણીયો કરે ચાળા;
ઉડાવે રંગ અતી મદ પ્યાલા, ધન અં૦ ૯
માજી ચઇતર ચીંતાથી ડરતા, માજી મતવાળા તુજથી ડરતા;
માજી ઉદો ઉદો કરીને ફરતા, ધન અં૦ ૧૦
માજી વઇશાખે વહારે વળીયાં, મહંમાયા મુનખમાં કળીયાં;
નવખંડમાં દુઃખ તમથી ટળીયાં, ધન અં૦ ૧૧
માજી જેઠે વેઠ હમે કરીયે, અવસાને આવીમાં ઠરીયે;
માજી શેવકની વેઠ પુરણ ભરીયે. ધન અં૦ ૧૨
પુરણ માસે પુરણ થઇને, અષ્ટમાસિદ્ધ નવનિધિ દઇને;
અંબાના લાલને જાઓ આશીશ દઇને ધ.૧૩

ગરબી. રાગ કાફી.

વિકરાળ રૂપેરે, મહિષાસુર મારયો; રાજ દેવ રૂપેરે મારકંડને તાર્યો. ટેક.
વિકરાળ થઇ ભંડાસુર આવ્યો, દેવોને અતિ દુખ દીધાં;
ઇંદ્રાસન ઉપર જઇ બેઠો, નારદે કામજ કીધાં.
ભંડને ભમાવ્યોરે, બાળા વેશે અસુર માર્યો. વિકરાળ. ૧
રાજા વૈશ્ય વરેજ આપ્યો, દીન દયાળી માત.
મેધા રૂષીને જ્યારે આશ્રમ ગયા હતા, દુઃખની સુણી વાત;
અંબામા ઉપાશીરે, રાજ વૈશને તાર્યો. વિકરાળ. ૨
મહરષિ મુનીએ, તેમજ કીધું, જગદંબાનું આજ;
ચંડમુંડ રક્ત બીજને રોળ્યા, સજી આયુધ સહુ સાજ;
શુંભ નિશુંભ માર્યારે, જગ વિશ્વ બધ પાળ્યા. વિકરાળ. ૩
મહિષ મારી આરાસુર આવ્યાં, શ્વેતાગીરી તજી માય;
બ્રહ્મા વિષ્ણું શીવજી પાળ્યા, યોગણી ગરબા ગાય;
મંડપ માહે ગાતારે, બાળક લાલજી તારો. વિકરાળ. ૪

વિપત્તીનો વિલાપ.

આબુને વેહેલીરે અંબા તું આબુને વેહેલી. એ રાગ.

શરણ આવ્યો રે માજી હું શરણ આવ્યો, કૃપા કરો પરમેશ્વરી હું શરણ આવ્યો; અપરાધ મારો ક્ષમા કરો માજી શરણ આવ્યો;
દુઃખ દાવાનળ સહુને મઇયા શરણ આવ્યે. ટેક.

અમદાવાદથી ચાલી આવ્યાં, આવ્યાં નદીની તીર;
નિશાન મઇયા તારૂં ફરકે, આવ્યાં સર્વે ધીર. માજી. કૃપા. અપ. ૧

સંવત ઓગણીસ ચોતરીસામાં, રૂડો શ્રાવણ માસ;
કૃષ્ણ અષ્ટમી બુધવાર સારો, માજીની રાખી આશ. મા. કૃ. અ. ૨

સાબર તીરેથી સંગજ ચાલ્યો, આવ્યા કુંડાશણ ગામ;
સુખ શાતાથી સરવે આવ્યા, ધરો મઇયા તાહારી હામ. મા. કૃ. અ. ૩

આછી આછી વૃષ્ટી થાય, સંગ બહુ અકળાય;
માણસા ગામની વાટ મધ્યે, પાણી અતિશે ભરાય. મા. કૃ. અ. ૪

આકુળ વ્યાકુળ થાય સરવે, ઉતારો પાણી પાર;
ચરાડા પછી કુકડવાડુ, તે ગામમાં પાણી અપાર. માજી. કૃ. અ. ૫

આ દુઃખનો માજી પાર નહીને, ધાઓ અંબે માત;
ઉભો ઉભો સંગ અરજ કરેછે, સુજે નહી કાંઇ વાત. મા. કૃ. અ. ૬

અપાર વૃષ્ટી થાય રણમાં, વાહારે આવો નિજ માય;
પ્રાશ્ચિત સર્વે પ્રજા કરો, આ દુઃખ નવ ખમાય. મા. કૃપા. અપ. ૭

ત્યાંથી ચાલ્યાં આવ્યાં માજી, ગાંમ કડા સુભ સાર;
બેઠીછે મહંમાયા પોતે, ક્ષમા કરો આ વાર. માજી. કૃપા. અપ. ૮

આશા પુરેછે માજી પોતે, પારણાં બંધાવે દવાર;
અદભુત મઇયા સ્વરૂપ તારૂં, મે જોયું પ્રત્યક્ષ સાર. મા. કૃપ. અ. ૯

વીસનગરને વડનગર, વચે છે ગુંજા ગામ;
ત્રણે ગામનું પાણી એકઠું, સુજે નહી કાંઇ હામ. મા. કૃપા. અપ. ૧૦

કઇલાશ વાશી સંકર બેઠા, હટક મણી શુભ સાર;
નાગરોનો ઇષ્ટ પોતે, ઊતાર્યા મેઘની પાર. માજી. કૃપા. અપ. ૧૧

અરજ સુણી સંકરજીએ, દુઃખ રાખ્યાં પોતે પાસ;
દાસ ઉપર દયા રાખી, સહુએ ધરી એની આશ. મા. કૃપા. અ. ૧૨

માહાદેવજીએ આજ્ઞા આપી, સુખી થવા સહુ જંન;

અરજ સુણી વહારે આવ્યાં, થયાં ખુશી રાત દીન. મા. કૃ. અપ. ૧૩
વડનગરથી ચાલ્યા સરવે, માજી શરણે જાય;
મહંમાવાએ દુઃખ નિવાર્યું, સુખી કરી આ કાય. મા. કૃપા. અપ. ૧૪
કૃપાસિંધુ કૃપા કીજે, આવું કષ્ટ ન દેશો કાય;
આશ પુરો આ નાગરી નાતને, સહુ આવી નમે પાય. મા. કૃ. અ. ૧૫
દાંતા મધ્યે રાણો છાજે, દ્વારે સઉએ જાય;
રાણાજીયે બહુ દુઃખજ દીધુ, સંગ સહુ અકળાય. મા. કૃ. અપ. ૧૬
આખો દીવસ વહીગયો ને, ભુખ્યો રહ્યો સહુ સંગ;
કૃષ્ણ પક્ષની ચતુર્દશીએ, થઈ ગયા સહુ પતંગ. માજી કૃપા. અપ. ૧૭
હવન કરવા માજી કેરો, સનમુખ જઈને ત્યાંહ;
ઉદાશ થયા સર્વે સજન, મંન ઉતરી અંબા ત્યાંહ. મા. કૃ. અપ. ૧૮
દાંતાથી ઉચકીને લીધો, જ્યાં બેઠી અંબેમાય;
સંગ પેહેલા માયે દરશણ દીધાં, ઉમંગ અંગન માય. મા. કૃ. અપ. ૧૯
પાતીક સર્વે ટાળી નાખ્યાં,હવન કરાવ્યો રાત;
અડધી રાતની નૌબત વાગી, સંગ આવ્યો સહુ જાત. મા. કૃ. અપ. ૨૦
પ્રાતુસકાળે પુજન કીધુ, ઉમંગ ઉરન માય;
ભુખ ત્રશ નીંદ્રા ત્યાગી, સાંજ સવાર થાળો થાય. મા. કૃ. અપ. ૨૧
આરાસુરમાં અંબા બિરાજો, પુરવછો મહાકાળી;
દક્ષણ માતા અષ્ટભુજા, ચોવાળ બહુચર બાળી. મા. કૃપા. અપ. ૨૨
મહેર કરી મહંમાએ. ત્યાં ચાચર મધ્યે ગાય;
ઉદો ઉદો મુખ બોચરે, નાચે કુદે ગાન તાંન થાય. મા. કૃ. અપ. ૨૩
હેલીવાર ઉગારી લીધા, કૃપા કરીને માય;
ભવો ભવ હુ પારે આવું, જ્યાં સુધી રેહે આ કાય. મા. કૃ. અપ. ૨૪
ચાચર મધ્યે આપ બિરાજો, દક્ષણમાં ખોડિયાળ;
વામાંગે ગણપતી બીરાજે, શિવ સામા બટુકબાળ. મા. કૃ. અપ. ૨૫
માનસરોવર તીરે બેઠી, વડીલ અજાઈ માત;
આશ પુરે છે શેવક જનની, કોટેસ્વર કૈલાશ. માજી. કૃપા. અપ. ૨૬
સરસ્વતીની તીરે માજી, આવે છે સહુ દેવ;
બ્રહ્માદી ઈંદ્રાદી સરવે, કરે છે માની શેવ. માજી. કૃપા. અપ. ૨૭

ચારે જુગે આપ બિરાજો, શેવક જન પ્રતિપાળ;
ધોળા ગઢથી ચાલી આવ્યા, ક્ષણુ ના લાગો વાર. મા. કૃ. અપ. ૨૮
કાલો ગેલો થઇને ગાવું, પાળો અંબેમાત;
અરજ સુણો આ ઘડીએ, સાંભળો દુઃખની વાત. મા. કૃપા. અપ. ૨૯
ન્યાહળોને નિજદાસ આવી, પાલવ તારો સાય;
એક વાર હું અરજ કરૂંછું, નરે નારી સરવે ગાય. મા. કૃ. અપ. ૩૦
ચરણા ચોળી સાડી બીરાજે, ઝરે છે અમ્રત કાય;
એ માજીને જનમ ધરી જન, એક વાર જાતે જાય. માં. કૃપા. અપ. ૩૧
ઉઠો ઉઠો મન ઓચરીને, ધરૂંછું તારી આશ;
નાગર સહુજન અરજ કરેછે, બાળાને રેહેજો સાહય. મા. કૃ. અપ. ૩૨
ભટજીયે કરૂણા નવ કીધી, અરજ સુણી નહી મન;
આકુળ વ્યાકુળ થાય સરવે, શિરે બેઠી અંબા તન. મા. કૃ. અપ. ૩૩
એક વાર સહુ જંન મન, બોલો જે અંબેમાત;
ત્રીપુર સુંદરી મનમાં ગાજે, અખંડ રાખો આ જાત. મા. કૃ. અપ. ૩૪

વસંત તિલકા છંદ.

પ્રણામ.

શ્રી અંબિકા શિશ ધરૂ ચરણે તમારે;
બાળા ભવાંની ભજવા ઉરમાં હમારે;
નિત્યે ભજુ હરનિશા સમયે હું નામ,
શ્રી ચક્રબિંદુ ત્રિપુરેશ્વરી ને પ્રણામ. ૧
કાળી કૃપાળી કરૂણા કરજે તુ આજે,
અષ્ટી વિશે અતિ કર્યા વિઘનો પરાજે;
કલ્યાણ થાય જગમાં અતિ હર્ષ કામ. શ્રીચ. ૨
કામેશ્વરી તુ કપિલા કમલાજ ધાત્રી,
સિધેશ્વરી શિવ દુતી લલીતા છે માત્રી;
પામુ પરાત્પર પદે અતિ હું વિરામ. શ્રીચ. ૩
ચંડી નમુ ચરણ આ નવ દુરેગાને,
જ્વાળા મુખીજ સચરાચરે મારે ધ્યાને;

તારા સદા સરસ્વતી સતી સર્વ ઠામ. શ્રીચ. ૪
શિંહાસને પુરણ આ પદવી પ્રમાણુ,
પાદાર વિંદ કરી સત્ય હું ચિત્ત આણુ;
દેવિ ગિરેશ ત્રિપુરેશ્વરી આત્મ રામ. શ્રીચ. ૫
સાનિદ્ધ સત્ય વદિયા પરી બ્રહ્મદેવ,
શક્રાદિ આદ્ય કરતા હરનીશ શેવ;
પ્રાણી પશુ કરગરો ધરરિજ દામ. શ્રીચ. ૬
સર્વે સ્થળે વશિ રહ્યા જગદંબ આજે,
ત્રિલોક પાલણ કરી જગમાં બિરાજે;
ભક્તોનુ પાલણ કરો અતિ સર્વ ઠામ. શ્રીચ. ૭
સંસારમાં સકળ મંગળ કાર્ય થાય,
સંકષ્ટ વિઘ્ન ભય દુઃખ સમસ્ત જાય;
રાખુ નિરંતર ચિતે બહુ તારી હામ. શ્રીચ. ૮
સંધ્યા સમે જપ જપે ધરી મૂખ પાઠે,
બાલાજીએ સ્તુતિ કરી ભણી શ્લોક આઠે;
અંતે મળે સમિપ મુક્તિ તણુજ ધામ. શ્રીચ. ૯

ધ્યાન.

અંબા ન જાણી ભગતી અતિસે તમારી,
તારા વના જડ છે દેહ મિથ્યા હમારી;
દેવી પરાત્પર વિશાળ છે શક્તી માને,
માતા પિતા શ્રી જગદંબ ધરીએજ ધ્યાને. ૧
જે પૂર્ણ ઈશ્વરી ખરી નિજ શક્તિ યોગે,
ઉત્પન્ન વિશ્વ કરી તુ થકી છે વિયોગે;
દેવો તણી ગતિ મતિ ખરી છેજ માને. માતા. ૨
જેના મહાન મહિમા નહિ કોઈ પામ્યા,
ઉત્સા કરી રૂશી મુની મનથી વિરામ્યા;
જેને ભજે પરમ તત્વ રહ્યુજ છાને. માતા. ૩
છો નિત્ય મુક્ત અતિ સુદ્ધ વિબુધ માતા;

સર્વથી પાર પરિ પૂર્ણ હમેજ થાતા,
જેને અનેક રચના રચિકેજ પાંને. માતા. ૪
દેહો તણી કર્તી તમે સઘળી નિહાળો;
સત્યે રહી પ્રથક શ્રષ્ટિ સમસ્ત પાળો,
આ સર્વ દેવ સરજ્યા કરી ભાવ નાને. માતા. ૫
તુ સર્વ માત અવિકાર અનાદિ દેવી,
શક્રાદિ દેવ મણિને તમનેજ શેવી;
મારયોજ દૈત મહિશાસુર રાંત રાંને. માત. ૬
સ્વર્ગાપ વર્ગ સુખ સન્મતી શાંન્તિ દાતા,
આ મ્રત્ય લોક મહીંછો અતિ સત્ય ત્રાતા
શરણાગતો પ્રતી કરો કરૂણા કૃપાને. માતા. ૭
ભગ્તોનુ કાર્ય કરવા અતિશિઘ્ર થાઓ.
વંદો કરૂ સ્મરણ હુ ઉર ભાવ લાઓ;
આધાર આશ્રય કૃપા નિધિ સત્ય દાંને. માતા. ૮
એકાગ્ર ચિત્ત થકી ધ્યાન ધરૂ હું તારૂ;
કલ્યાણ મંગળ કરો સઘળુ હમારૂ;
પાએ પડી કરગરે અતિ આવશાને. માતા. ૯
પુરાંકરો હવ તમે સુભ સર્વ કામ;
સાષ્ટાંગ માત તમને કરીએ પ્રણાંમ,
માગુ ક્ષમાજ શિર રહો આજ્ઞાજી ધ્યાને. માતા. ૧૦

વસંતતિલકા છંદ.

શ્રી માત ઇશ્વરી દિસે જગત નિવાસ;
પાદારવિંદ નમુ દેવિ તને હુ દાસ,
નિત્યે નરંતર કરૂ સ્તુતિ પ્રાર્થનાઓ;
શ્રી અંબિકા જગ વિશેજ પ્રસંન થાઓ. ૧
તારા અપાર મહિમા નહિ કોઇ પામે,
વાણી સહીત મન વેગે સહુ વિરામે;
તારા અભેદ્ય પટમાં નહિ કલ્પનાઓ. શ્રી. ૨
તારી કૃપાથી ગિરિ પંગુ ચડેજ પ્રાણી;

તારી કૃપા થકી વદે વિભુ ભુક વાણી;
તારી કૃપાથી જગમાં સઘળી વિજ્ઞાઓ, શ્રી. ૩
મારા કુકર્મ સઘળા તમને વિદિત,
વિસ્તાર માત કરવો નહિરે ઘટિત;
કારૂણ્ય ભાવથિ કરો કરૂણા કૃપાઓ. શ્રી. ૪
લજ્જા રહિજ સઘળી મતિ હાથ તારે,
મારો નિભાવ કરવો અતિ અંબેમા રે;
તારા પ્રસાદ બળથી ભયના અભાઓ. શ્રી. ૫
તુ નિત્ય એક અજ ઇશ્વરી લોક પાળ,
બુદ્ધિ પ્રકાશક તને નમુ સર્વ કાળ;
ટાળો કૃપા કરી બધી દુર વાસનાઓ. શ્રી. ૬
જે જે અહી અતિ સુખો બહુ પ્રાપ્ત થાય,
તે સત્ય તારી સઘળી કરૂણા જણાય;
સદ્ભક્તની પુરિ કરો બધિ વાંછનાઓ. શ્રી. ૭
વિદ્યા વિવેક મતિ સંપતિ સર્વ આપો,
સંભાળ મારી કરિ સંકટ સર્વ કાપો;
દ્યો ધર્મ કર્મ કરવા શુભ સુચનાઓ. શ્રી. ૮
સંપૂરણ પ્રેમ કરીને ઉપકાર કીધો,
આ મૃત્યું લોક મહિ માનુષ દેહ દીધો;
બાલાજીનેજ ચરણ મા રાખી નિભાઓ. શ્રી. ૯

ભુજંગી છંદ.

ગણેશાધિને આવીને શિશ નામુ, નવનિધિ રિદ્ધિ બહુ સિદ્ધ પામુ;
અહો વક્ર તુંડા વતારં પધારો, નમુ અંબિકા માત શ્રીજી ઉગારો. ૧
નમી માજીનુ ધ્યાંન રૂદેજ ધારો, કરૂ કલ્પના આવીને પાસ તારી;
હરો પાપબુદ્ધિ હમારીજ તારી, નમુ અંબિકામાત શ્રીજી ઉગારો. ૨
કરૂ કલ્પના તાહરી માત આજે, બધા વિશ્વમાં માત તુ બહુ ગાજે;
કરે દેવ ઉદ્યોગ આજેજ તારો, નમુ અંબિકામાત શ્રીજી ઉગારો. ૩
વદે વેદ વિષ્નુ શિવજી પ્રભાતે, વિરંચિને નારાયણી તુંછે માથે;

થયા તેજ શક્તિયે પ્રત્યક્ષ પારો, નમુ અંબિકામાત શ્રીજી ઉગારો. ૪
ગિરિમેરૂથી પરવરયા દેવી માજી, બિરાજ્યા હિમઆસને આપ રાજી;
પરાદેવિપો આવીને કામ સારો, નમુ અંબિકામાત શ્રીજી ઉગારો. ૫
દિસો શ્વેત વર્ણે સહસ્રસ્વરૂપં, ઉરે ત્રિપુરા અંગ અમ્રતકુપં;
શરીરે હરો તાપ કાળ નઠારો, નમુ અંબિકામાત શ્રીજી ઉગારો. ૬
સદા આજ રાજેશ્વરી મા ભવાની, ધરે ધ્યાન રાખો હવે આજવાની;
સમે આવી આ દુઃખ માજીનિવારો, નમુ અંબિકામાત શ્રીજી ઉગારો.૭
વિનંતી કરે શ્લોક આઠે કરીરે, ગ્રહ ભુત મ્રત્યુ હવે લ્યો હરીરે;
નમે ચરણ બાલાજી પુત્ર બિચારો, નમુ અંબિકામાત શ્રીજીઉગારો.૮

શિખરણી છંદ.

અહો માતા મારી, અનહદ ગતી તારિ દિસતી;
કરો કામો ભારી, નિજ ભગત દુઃખો મનધરી;
ગ્રહો પીડા એજે, અતી દહન તે દેહ કરતા;
નમું માટે અંબા, હરનીશ તુને સર્વ નમતા. ૧
દીસોછો રૂપાળા, અવની સુરે માંહિ તમખરાં;
રહ્યા તું આધારે, સકળ સુખ આપો અતીખરાં,
કૃપા તારી સારી, ત્રિપુર જગમાતા તમ થતાં. નમુંમાટે. ૨
તારા સારા દેવો, મન ગ્રહી રહીને સુખવતા;
પ્રકાશે સાકારે, ધરથી તમ લીલા જગવતા;
રચી કામી માયા, કઈક પણ તે કામ કરતા. નમું માટે. ૩
સરીતા સિંધુઓ, નભ શશી રવો તેંજ રચેલા;
રૂડાં ધાન્યો પાકે, સકળ વિકળો સર્વ કરેલા;
લે અદ્ભુત રૂપો, નિજ ભગતના કષ્ટ હરતા. નમું માટે. ૪
ખરી માયા તારી, અતી સુખજ આપ્યાં જગ વિષે;
અતી માર્યા દેતો, સુત સુર તારામાં મન હીસે;
બહાં છો આસંને, ધરી ધનુષ્ય મા વાહારે વળતા. નમું માટે.૫
અંન પુર્ણા માતું, બરદ કરીને અંજ ભરજે;
ત્રિપુરા બાળાતું, કર્જ હમતણાં માજી કરજે;

લલીતા કામાક્ષી, જીવ હમ નિભાવો સકળતા. નમું મારે. ૬
પુરણા બાણેશી, મુનીયો કળીકાળે કકળતા;
દુર્ગા તું કામાક્ષી, હળી મળી આદે દેવ•નમતા;
માતુ વાહારે થા, અસુરે દળ રેહેજ દમતા. નમું મારે.૭
ભણી શ્લોકો આઠે, ચરણ કરજોડી નમું તને;
સુખ શાતા આપો, પુરણ ભક્તજમાં કરો મને;
કરે સ્તુતી બાલો, સુખ સન્મતી થાયે તમ થકાં. નમું મારે.૮

છંદ. કકાનો.

નિરાકાર નિરધારે નિરંજન, કલજુગમે દેખો માજી;
આશ રખુ મહંમાયા કેરી, ભગતનકુ રખતી રાજી. ટેક.
ગુરૂ ગણપતી મંગળ રૂપે, સારદાને સમરૂં મનમે;
માત સરસ્વતી મુખમે બેઠી, ગાવત હું ગુનહિ તનમે. ૧
કકા રૂપે માત કાળીકા, પાવાઘડ પર બિરાજતી;
કલ્યાણી કલી કસ્ન રૂપહે, કામેશિ રૂપ ધરાવતી. ૨
ખખા રૂપે માત ખેચરી, ખપર મનમે ધરાવતી;
અરજ સુણકે ખોડિયાલ માજી, ખડગ ધરી રક્ષણ કરતી. ૩
ગગા રૂપે માત હે ગૌરી, ગંગા ગોમતી હે પ્યારી;
ગબર વાળી ગોખમે છાજે, ગાયાત્રકિ જુગતી ન્યારી. ૪
ઘઘા રૂપે માતહે ઘોરી, અઘોરીકુ મન ચળાવતી;
ગરીબ ચાહે શરણ તુમારે. ઘોડા વાહન કરાવતી. ૫
ચચા રૂપે માત ચંડિકા, ચામુંડા ચંપક વરણી;
ચંડ મુડકુ ચોળી નાખકે, ચુંવાળ ચાચરમે ફરતી. ૬
છછા રૂપે માત છાનીહે, જુગતમે છાયા ધરતી;
છંમ છંમ છંમ ગુગરૂ બાજે, છાની વાત નયણે વરતી. ૭
જજા રૂપે જવાળા મુખીહે, જોત જુગમે જગાવતી.
જગનનાથજી જીવન મુક્તહે, જાગી અસુરકુ ભમાવતી. ૮
ઝઝા ઝવેરા રૂપે બેઠી, ઘેર ઘેર અંબે માજી;
ઝાકઝમાળ હાંડી તકતા, ઝવેર જુમર સેરાજી. ૯

ટટા રૂપે માત ટેકસે, ટેક રાખો માજી મેરા;
ઠકોરખાના ખોતહિ બાજે, ટાટ ભરે નઇવેદ ધરા. ૧૦
ઠાઠા રૂપે માંહિ ઠમકે; ઠાંમ ઠાંમ નજરે દેખુ;
ઠમ ઠમ ઠમ ઠમ ગુઘરૂ બાજે, નાચતહે નયણે પેખુ. ૧૧
ડડા રૂપે માત ડુંગરમાં ડંકા હે ઉનકા ન્યારા;
ડીંમ ડીંમ બાજે ડકૂહિ ડમરૂ, ડીંગ મુંડ ફરતે તેરા. ૧૨
ઢઢા રૂપે માત ગાજતી, ઢોલ દદામા હે સારા;
ઢાળ દેખી સબ શીર ઉપરે, ઢોરનકુ રક્ષણકારા. ૧૩
ણણા રૂપે માતહે રણમે, શુંભ નીશુંભ તે મારલીયા;
ઝણણણણણ ઝાંઝર બાજે, નારદ નાચતહે પઇયા. ૧૪
તતા રૂપે માત તુળજા, તોતળા હે તારણ વાળી;
તાતા મુખસે બોલે બાળક, ઉનકુ દેખતહે ન્યાળી. ૧૫
થથા રૂપે માત થીર હે, થાળ ભરી નઈવેદ ધરતાં;
થૈથૈથૈથૈ નાચે સનમુખ, થીર રહી મન ઉર ભરતા. ૧૬
દદા રૂપે માતા દેવી, દેવોકુ દુઃખ નિવારતી;
દરશન આવે દેશ દેશકે, ઉનકુ મંગલ કરાવતી. ૧૭
ધધા રૂપે ધુંધવાઇ, ધનુશધારી નામ ધરાવતી;
ધમ ધમ ધૈંમ ધમ ધરતી ધુજે, ધારણ શેવકકુ કરાવતી. ૧૮
ધધા રૂપે માત ધનુશ લઇ, ધોળાધડ પરવત બેઠી;
ધનુશ ધારી નામ ધારકે, ગામ નરોડામે પેઠી. ૧૯
નના રૂપે માત નરમદા, નારાયણી નાની મોટી;
નવદુરગા નવ ચંડી નામહે, નવ દીવશ નહી એ ખોટી. ૨૦
પપા રૂપે માત પાર્વતી, પિતાંબરી પુરણ દેખી;
પાંન કરે અસુર દળ હણતાં, પચરંગી નિશાન એખી. ૨૧
ફફા રૂપે માત ફગુવા, ફાગણમે હોળી ખેલે;
ફેર ફુદડી ફરતી જાએ, ઉદો ઉદો મુખસે બોલે. ૨૨
બબા રૂપે માત બહુચરા, બાળા બગલા મુખોહિ;
બેર બેર બટુક મન કહાવે, બારમાસ મેર રખતીહિ. ૨૩
ભભા રૂપે માત ભવાની, ભક્તી તુમારી સાચીહે;

ભગવતી ભવતારણી અંબે, ભુવનેશ્વરી મન જાચીહે. ૨૪
મમા રૂપેમાં મહંમાયા, મેહેર કરી આઇ સતયુગમે;
મારકંડે મનમાં જાચી, માત પાળતી કળજુગને. ૨૫
યયા રૂપે માત યાદહે, રખો ઉરમે મતવાળા;
યાદ કરકે મનમે પ્યારે, પેહી રખો સબ શીરબાળા. ૨૬
રેરા રૂપે માત રેનાદે, રમઝમ કરતી ઉમંગ નારી;
રોહિણી રાણી રૂક્ષમણી રેવા, રાધિકા રમતી પ્યારી. ૨૭
લલા રૂપે માત લક્ષ્મીહે, વિસ્નુ મનમે રખતીહે;
લજા રાખે સબ ધન આપે, લાજ સુખ લખ લખતીહે. ૨૮
વવા રૂપે વાંણી વેદ કહી, વાચ્ય કુંડ અમરીત કરતી;
વાગિશ્વરી વર આપે દેવકું, શેવકકુ શીરપર ફરતી. ૨૯
શશા રૂપે માત સારદા, શિવ શકતી મનમે સાગી;
શરણ આયકે આપ ખડાહું, મેહેર કરો મનમે રાગી. ૩૦
ષષા રૂપે માત શાક સો, પાક અમરેત થાઞ ધરો;
શંખ નાદ આકાશે હોતે, આંન પાંન સબ આઇ કરો. ૩૧
સસા રૂપે માત સીતાજી, સરશ્વતી સુભ કામ કરો;
શેવક આયે શરણ તુમારે, સાંબ સાંબ શિર ઉર ધરો. ૩૨
હયા રૂપે હય ગ્રીવકુ, અભેવર શિર હાથ દીયા;
હાથી હથીયાર હાથ પકડકે, હંશ વાહની કામ કીયા. ૩૩
અયા રૂપે માત અંબિકા, આરાસુર અંગા બેઠી;
અજાવર્ડહિ આદ્ય ઇશ્વરી, અકળ કળા નજરે દેખી. ૩૪
અયા રૂપે માત ઇશ્વરી, આદ્ય શકતી અનપુરણાહે;
અષ્ટ ભૈરવી અષ્ટ ભુજાઇ, ઇંદ્રાક્ષી દુઃખ હરણીહે. ૩૫
માત અંબિકા સકળ જુગમે, બેઠી ચારે દીશામે;
રક્ષણ કરતી દુષ્ટકુ હરતી, સંસાર રૂપી દરિયામે. ૩૬
વેદ વિરંચી વિસ્નુ શિવજી, ધ્યાન ધરે જુગદંબેકા;
નારદ શારદ મહામુની આદે, જપ તપ ધ્યાન ધરે ઉનકા. ૩૭

છંદ.

સબ સુરવાલે સબ મતવાલે, બેર બેર બોલો અંબે;

સદા કલ્યાંણી પ્રેમ પ્રણામી, આરાસુરમાં જે અંબે. ટેક.

યોગણી દેવી ગુણહી ગાવે, ગાંધ્રવ ગાંન કરે ઉનકા;
નાચત કુદત એન્નવ ગાવત, તાલ મદૃંગ વાગે સુરેદા. ૧
તાલ પખ્વાજ વેણા જંત્રવાગે, ભેર બુગળ ઢોલ ઢમકા;
ઝણ ઝણ ઝણ ઝણ ઝાંઝરે વાગે, ઘંટા ઘડીયાળી રણકા. ૨
સારંગી તંબુરા વેણા, હરેણાંહ્યોકા નહી પારા;
નર નારી સબ મોહ પામતે, દુસરા નહિ સુજે આરા. ૩
ચરણા ચોળી સાડી બીરાજે, મુગટ અનોપમ શિર છાજે;
કલગી તોરા છત્ર કંચનકા, સિંગાસન બેઠી ગાજે. ૪
ગળે હાર હિરા મણિ મોતી, મુકતા ફુળ દીસે કંઠે;
હિમ ઘરેણાં ઘણાંજ શોભે, સ્વરૂપ અકળ કળા દોઠે. ૫
કાને કુડળ નાકે વેસર, અણવટ વીંછુવા પાએ ધરી;
બાહે બાજુ બંધબી ગજોડા કડાં કરે ચુડીયો પહેરી. ૬
કલાં કાંબી વહેડ ને વીંટી, કપોલ બંદી સારીહે;
કમળ નેનને કાજળ છાજે, તિલક કપોળ કેસરીહે. ૭
ઝાલ ઝબુકે જુમણાં લેકે, સાંકળી તુશી હિમકીહે;
ગજ મોતનકી માગ બીરાજે, હોઠ ગાલપે ડપકી હે. ૮
સ્વરૂપ અનોંપમ જગમગ જોતે, રવિ ચંદ્ર નેનુ આગે;
મોહની રૂપે મોહ પમાડ્યા, અસુરેકુ નાખ્યા પાગે. ૯
દશ ભુજા અસુરેકુ મારકે, હાથલીયા સબ હથીયારા
સંખ ચક્ર ગદા પદમ બીરાજે, ચાપ પરીઘ ધરતે સારા. ૧૦
શિર ભુશંડી શુળ લીયાહે, ખડગ હાથુમે હેત્યારા;
ધ્યાન ધરો ઉરમે મતવાલે, રક્ષણ કરતી મેઘ ધારા. ૧૧
તિન લોકમે હે મહંમાય, ઈંદ્રપુરીમે એ છાજે;
ચાર ખુટ નવ ખંડ ભુમીમે, સચરાચર જુગમે ગાજે. ૧૨
એસી ભવાંની ભવ સાગરમે, આશ રખો શબ મન ઉનકા;
ગ્રહ ભુત અસુર સંકટમે, ધ્યાન ધરો જુગદંબેકા. ૧૩
ઘેલ ગાડે છંદ બોલતે, ગાવે સબ સારી શક્તિ;
નર નારી ઉમંગે ગાવો, ઉરમે કરો હરનીશ ભક્તિ. ૧૪

ગાશે સુણસે સાંભળસે કોઈ, ઉદો ઉદો મુખસે કેવે;
નાચત કુદત ભાવ ધરીને, ભુખાકુ ભોજન દેવે. ૧૫
માત પિતા એહે દુનીયામે, અરજ સુનીએ આઈ અંબે;
કરગરી કરગરી પાએ પડાહુ, દુખ નિવારો જુગદંબે. ૧૬
સુરતણાં મા વાહારે આવ્યા, ચંડ મુંડ નાખ્યો ચોળી;
રકતબીજ રકત રણમાં રોળો, ધુંમર લોચન નાખ્યો રોળી. ૧૭
સિંહચડીમા ત્રિસુળ લીધુ, મહિષા સુરકુ માર દીયા;
શુંભ નિશુંભકુ માર માર કે, ખપર ખાંડા હાથલીયા. ૫૫
ચંડિ માત ચામુંડા દેવી, ઉદો ઉદો મુખથી ભાખે;
ફુલ તણી ત્યાં વૃષ્ટી થાયે, આકાશથી દેવો નાખે. ૧૮
દુંદભી વાગે નિશાન ફરકે, અં માડીકા;
નેન ભરી નજરૂસે દેખો, મે બાલક હું આઈ તુમકા. ૧૯
ભકત કાજ મા ધાઈ આવો, શિશ ધરૂ ચરણે તેરી;
મેહેર કરો મહમાય આકે, નાવે ચોરાસી ફેરી. ૨૦
તું રખવાળી સકળ ભુવનકી, દયા ભાવ દીલસે દેખો;
સહાય સદા તુમ રખતા બાઇ, ભાવ ધરી નજરે દેખો. ૨૧
મેહેર કરો તુમ ભોળી ભવાંની, દુઃખ દારીદ્ર તુમ હરતાં;
બહુચર અંબે તુ રખવાળી, ઘેર ઘેર તેરા ગુણગાતા. ૨૨
સહસ્ત્ર નામકા કલશ શીરપે, આશ ધરૂ જુગમે તેરી;
કૃપા સિંધુ મુજ કરૂણા કીજે, લાજ રાખો અંબા મેરી. ૨૩
સંવત એક નવ ત્રણ પાંચમા, ચૈત્ર માસ પુરણ માસી;
ભાનુવારમે અરજ કરૂ હું, શિવશકિત શ્રી ઉપાસી. ૨૪
જકત ત્રિપુરે ત્રિપુર સુંદરી, ભોળીભવાંની મુખલાયા;
જેજે અંબે બોલો પ્રાણી, રખાંયે બાલાપર છાયા. ૨૫
નાગર જાતે હુંછુ માજી, વડનગરો બ્રાહ્મણ જાણો;
ચાચર મધે દોડી આવું, ચમદામાં રહુ શાણો. ૨૬
માજી દાસનો દાસ બાલાજી, રહો શિરપર મા ગાજી;
નીરાકાર નીરધાર નીરંજન, કલજુગમે દેખે માજી. ૨૭

રાગ હાલારી. ગરબી.

બાળા તમો આસુરે બીરાજ, ચોગાધડ બીરાજોજી.
રૂડાં સારસ્વતીની તીરકે, કોમળ બેઠા ગાજેજી. ટેક.
વાગે મોધડી શરણાઇ, નાચંતાં લોક આવે છે;
શંગવો મોટા મોટા થઈ, શંગ માજીનો લાવે છે. બાળા. ૧
પચરંગી નીશાન ફરકે, વાજીંત્ર વાજે છે;
શણગાર તણો નહિ પાર, ઘોર શબ્દ ગાજે છે; બાળા. ૨
નાટા રંગ અતી થાય, ગાન તાંન થાય છે;
કરે કરૂણા અપાર, અમરે પાંન પાય છે. બાળા. ૩
મોટા મોટા મુનીજન, માનું પુજન કરે છે;
હેવું જાણી સઉ જન, માજીનુ ધ્યાન ધરે છે. બાળા. ૪
હવન અર્ત થાય મોટા, ઘી ખાંડ દુધ પાકે;
શીફળ ચુદડી હોમાય, બેઠી ખોડીઆળ નાકે. બાળા. ૫
પ્રાતસ કાળે ભટજી શેવે, મંદીર મંગળ થાય છે;
પુજન કરીને લોક, પોતાને ઠામ જાય છે. બાળા. ૬
મધ્યાંન કાળ સમે થાય, શેવક મંદીર આવે છે;
રૂડી કરીને રીત, માજીને ભોગ ધરાવે છે. બાળા. ૭
સાયંકાળ પુજન થાય, માજી લાડ લડાવે છે;
થાળ ધરી આરતી કરી, નાગરોને ખવરાવે છે. બાળા. ૮
શાવણ માસ સંગ ભરાય, નાગરલોક આવે છે;
ભાદરવાની બીજી ભરાય, ત્રિજી કતંગી કહાવે છે. બાળા. ૯
એ સંગ તણો નહી પાર, નાગરો સંગ લાવે છે;
શોભાનો બહુ સાર, નરે નારીઓ આવે છે. બાળા. ૧૦
દેવલ ગરજના થાય, બહુ વાજીંત્ર વાગે છે;
સઉ સંગતણો છે સાથ, અતિ ઉત્સાહ જાગે છે. બાળા. ૧૧
માનશરોવરનો ઘાટ, મા અજાઈ બિરાજે છે;
મહાદેવ બેઠા આસ પાસ, માનશરોવરે ગાજે છે. બાળા. ૧૨
સામાં બટુક શિવ બેઠા, ભવ દુઃખને ટાળે છે;
છે પ્રતાપ માજી કેરો, પાતિક બાળે છે. બાળા. ૧૩

કોટેશ્વર કૈલાસે બેઠા, ત્યાં સરસ્વતી આવે છે;
દયા આવી દીલમાં આણી, સઉ મનમાં ભાવે છે. બાળા. ૧૪
વાવ્ય કુંડ માજી કેરા, પવિત્ર એહ્ને ભારે;
પાસે આરાસુર ગામ, અંબા માને નમે પારે. બાળા. ૧૫
આરાસુરેની શોભા, કહિ નવ જાય મુખે;
માતાજીની પાદુકા પુજન, નાગર કરે સુખે. બાળા. ૧૬
મોટા મોટા મુની હધોરી, સરસ્વતી તીરે રેહે છે;
અંબા સામો ગબર ગોખ, ધાંમ માજીનું કહે છે. બાળા. ૧૭
અંબા બહુચર કાળી તુળજા, ચારે દીશા બિરાજે છે;
શેવક જન સાહ્ય કરી, અખંડ શીરે છાજે છે. બાળા. ૧૮
બ્રહ્મા વિષ્નું શિવ આરાધે, નારદ ગાંન કરે છે;
ઇંદ્ર વેદ યોગણીયો સઉ, કરજોડી રેહે છે. બાળા. ૧૯
બાળા ત્રિપુરા શ્રી પાએ લાગુ; વિનવું હું તમને;
અંબાને લાલ કહે એટલું માગુ, કરૂણા કરો હમને. બાળા. ૨૦

માનશરોવરનો ગરબો.

માનશરોવર જઈ, સ્નાન કરી નમિયે;
મા આગળ હાજર થઈ, ચાચરમાં રમિએ. ટેક.
સ્નાનજ કરીએ દુઃખડાં ખોઇએ, માના ગુણલા ગાઇએરે;
પ્રાત કાળે અંબા નિરખી, માનશરોવર જઇયે. સ્ના. ૧
આદ્ય સ્થાનક મેરૂ ગીરીએ, ચાચર પરતો મોટોરે;
જનમ ધરીને આ દેહ આવી, એકવાર મંડપ લોટો. સ્ના. ૨
દેહ સુધ થાયે નીરમળ નીરે, શિવજી પુજો તીરેરે;
અંગે શુધ પાવન તતખર થે, અજાબ્ય જઇએ ધીરે. સ્ના. ૩
ચાચર મંડપ મધે આવો, બેઠાં અંબા માજીરે;
ત્રણ લોકનું તત્વજ એ છે, રેહે છે સરવે ગાજી. સ્ના. ૪
ગણપતી બેઠા માનીજ પાસે, શિવજી સનમુખ દીસેરે;
વહેરાઈ માતા બેઠા પોતે, માજી મનમાં હીસે. સ્ના. ૫
સનમુખ આવો વાવ્યજ રૂડી, નીર અમરત અતિ છાજેરે;

ભૈરવ બેઠા આડે પોતે, ગંભીર ગોખે ગાજે. સ્ના. ૬
ગબ્બર જાવો હેત ધરીને, સ્થાપન પોતે કીધુંરે;
અઘોરીયો તેમાં અગ્નિ રહે છે, તેનુ કારજ સીધુ. સ્ના. ૭
પેહેલે દરબાજે બેઠી મૈયાં, ખોડીયાળ ગડખ ધારીરે;
રક્ષા કરે સહુ વાટ ઘાટમાં, દુષ્ટને નાખે મારી. સ્ના. ૮
આવો મંદિરે સનમુખ થઇને, માને પાવલે લાગોરે;
ચાચર આવી સનમુખ રહિને, મનવાંછિત ફળ માગો. સ્ના. ૯
કર જળ લટો લઇને જઇયે, માનસરોવર તીરરે;
ગંગા જુમના સરસ્વતીથી, વશીયા અધીક નીર. સ્ના. ૧૦
માનશરોવર સાર દીસે, ધરમશાળાઓ અપારરે;
મહેર કરી શેવક જન ઊપર, બંધાવી છે વિશાળ. સ્ના. ૧૧
કોટેશ્વર કૈલાસે બેઠા, સરસ્વતનો વાસરે;
વિમળસાના દેહેરા કીનારે, રાખ્યા એંધાણી કાજ. સ્ના. ૧૨
બંધાવ્યુંછે માનશરોવર, તાપીશંકરે પોતેરે;
આસપાસ શોભા અતી સારી, શિવજી બેઠા જોતે. સ્ના. ૧૩
સંગવી શાવણના કુબેરજી, ત્રીકમજી છે ભ્રાતરે;
દીસેછે અકલ અતી સારી, નાગરીનાત સુપાત્ર. સ્ના. ૧૪
શરોવરે સજીર્વન જળછે માયે કીધો વાસરે;
અઘોરે શબ્દ થાયે ગરજના, ગંગાયે કીધો વાસ. સ્ના. ૧૫
સ્નાન કરે અંગ શુધિજ થાયે, અષ્ટ કોડ ત્યાં જાયરે;
ભવોભવના પ્રાશ્ચિત જાયે, માનશરોવરે નાહ્ય. સ્ના. ૧૬
વનતરૂવરે શોભા અતી સારી, શોભાનો નહિ પારરે;
બીલી પુષ્પ ફળ અતી શોભે, જોતા લાગે વાર. સ્ના. ૧૭
માને ચાચર ગાયે ગરબો, કરે પ્રદક્ષા માનારે;
અકળ કળા દીસે છે બાળા, વાત સુણે છે છાંની. સ્ના. ૧૮
ચારજુગ નવખંડમાં વ્યાપી, ત્રિપુરા રહિછે તનમાંરે;
શરોવરે કાંઇ નીર મળ દીસે, માજી રહે તેમાં. સ્ના. ૧૯
પ્રતિષ્ટા તે શરોવર કેરી, મંગળ શંકરે કરાવીરે;
માસ એકથી વિપ્રજ રાખો, ફુલ ફળ કેળો વાવી. સ્ના. ૨૦

પાર ન આવે વરણન કરતા, અમ્રત રાખ્યું જળમારે;
મદત કરી દાંતા દરબારે, રૂડુ દીસે ગામ મા. સ્ના. ૨૧
ચાચર મધે ગાવો આજે, શાવણમાસ ઉમંગેરે;
અંબામા બહુ લાડલડાવે, રે અતિસે રંગે. સ્ના. ૨૨
ભોળે ભાવે ભાવ ધરીને, માના ગુણલા ગાઉરે;
સુખી થઈ અંબાની પાસે, શાવણ માસે આવુ. સ્ના. ૨૩
જેજે બોલો સ્નાન કરીને, ઉદો ઉદો નર નારીરે;
મનવાંછિત અંબાના લાલને, ફળ આપો મનધારી. સ્ના. ૨૪

ગરબી દેશી ફેર.

બેરનિયા લગરહી આંખરે, એ રાગ.

ચરન કમળ પર આશ રખુ, દુનિયામે ડંકા બાજેરે; ટેક.
વેદ વિરંચી પાર ન પાવે, શિવઅંગે મા છાજેરે;
અમર લોકુ આયે હે મઇયા, ઉનકે સીરપર ગાજેરે. ચરન. ૧
ચરન કમળમે શોભા હોગઇ, સિંગાસન બિરાજેરે;
દરશન આયે હમ પરદેશી; શેવકકુ મન સહાજેરે. ચરન. ૨
આશ ધરૂ દુનિયામે તેરી, અંબા ઉલટ કરાજેરે;
દુઃખ નિવારણ નમુ નારાયણી, ભવકે સંકટ ભાજેરે. ચરન. ૩
ડંકા અબધુત બાજ રહ્યા હે, દુશમન કરો પરાજેરે;
બાલાજી આયે શરણ તુમારે, હરદમ શીરપર છાજેરે. ચરન. ૪

ગરબી દેશી ફેર.

અંબાસે કામહે રે એ રાગ.

હુ પ્રણામ કરૂ કરજોડી, ચાચરમાં આવું દોડીરે. ટેક.
મેરૂ શિખર બિરાજો, દાંતા ડુંગરમાં છાજો;
શેવકના ઉપર ધાજોરે. હું પ્રણામ૦ ૧
શીરપર મુગટ મણી છાજે, મંડપમાં ઘંટા ગાજે;
સિંહાસનપરે અંબા બિરાજેરે. હું પ્રણા૦ ૨
માએ પહેરચાં સાળુ ચોળી, કેસરમાં મેહેલો બોળી;
રંગભેર રહ્યા રંગ રોળીરે. હું પ્રણા૦ ૩

અણવટ વીંછુવાછે પાએ, હિમ અંગે ઘરેણા સોહાએ;
અંગા અંબા લટક ન માયરે. હું પ્રણા૦ ૪
માજી રૂપ દીસેછે સારૂ, ચિત ભમર પેઠે ભમે મારૂ;
તમ વિના બિજુ લાગે ખારૂરે. હું પ્રણા૦ ૫
ત્રણ લોકમાં આપ બિરાજો, શેવકને સંકટે ધાજો;
રસ અમ્રત સહુને પાજોરે. હું પ્રણા૦ ૬
માજી અંગે બહુચર બાળી, તુળજા જોડેછે કાળી;
શ્રી ત્રિપુરા શિરપર ધારીરે, હું પ્રણા૦ ૭
વેદ વિરંચિ હરિહર ગાએ, તને શુકાદી લાગે પાએ;
દરશણ કરે સુખી થાએરે. હું પ્રણા૦ ૮
માજી તારૂ માનશરોવર ગાજે, વન અજાઇ અંબા બીરાજે;
પાસે શંકર બેઠા છાજેરે. હું પ્રણા૦ ૯
મા કઇલાસે આજે જઇએ, નાહી સરસ્વતી જળ લઇયે;
આવી કોટેશ્વર પુજા કરીયેરે હું પ્રણા૦ ૧૦
ગણપતી ગજાનન દેવા, કરૂ પ્રથમ એહેની શેવા;
વહેરાઇ થઇ આવુ કેહેવારે, હું પ્રણા૦ ૧૧
શિવ સનમુખ ચાચર બેઠા, પ્રણામ કરિએ રહિ હેઠા;
ગબરમાં મૈં જઇ પેઠારે. હું પ્રણા૦ ૧૨
ગોખ ગબડ સનમુખ જૈયે, અરટ ભઇરવ આશકા લૈયે;
આવી ખોડીઆઇ અરજ કહિયેરે. હું પ્રણા૦ ૧૩
મંડપમાં ગેંટા બાજે, શરણાઇ નોબત ગાજે;
પચરંગી નિશાન છાજેરે. હું પ્રણા૦ ૧૪
માજી શાવણ માસે હું આવુ, ગાંનતાન માજીનુ ગાવું;
કરજોડી માઇને સાહુરે. હું પ્રણા૦ ૧૫
જસવતસિંગ રાજ કરેછે. માજીનુ ધ્યાન ધરેછે;
નાગર ચાચરમાં રમેછેરે. હું પ્રણા૦ ૧૬
નર નારી ગાએ ઉમંગે. વર્ષ એકે આવે સહુ સંગે;
નમી બાલાજી ગાએ સહુ સંગેરે હું પ્રણા૦ ૧૭

ગજલ.

સતારારે બુઝબુઝ નિપાયા યાર એ રાગ.

અંબેકુ યાદ કરો પાજી, મન નહીં કરના ત્યાજી. ટેક.
હરદંમ જદે રખો મૈયા, સબિ હે ઉનકા છઇયા. અંબે. ૧
ગાફલ યારો રેહો નાહી, ધરો દીલમે રખો ચાહી. અં. ૨
પુરબકી હે ભવાંની માત, એ બેઠી હે સિંહાસન આપ. ૩
ભૈરવ બેઠે પકડ નિશાન, હાથુમે લીયા હે પાન. ૪
કરતા દેવ દીલુમે યાદ, ઈંદર જદે વદતા દાદ. ૫
અસુરોકુ કીયા ડંડ, ચડી સિંહે કરે ફંને. ૬
મહિષ મારા અસુર બુરા, હુઆ હે દુષ્ટ અતી સુરા. ૭
ડુંગરમે તેરા ડંકા બજત, અંબેકા નાદ અતી ગંજત. ૮
બેઠી સિંહાસનપર આપ, દીખાયા રૂપ આપુ પરતાપ. ૯
સભા બેઠી ચાચર આઈ, મચાતા રંગ મહંમાઈ. ૧૦
સિંગાર સજે અતી અંગે, અંબે બેઠી દીસે રંગે. ૧૧
ગરૂડ બેઠી અંબે માજી, સેવકકુ રખતી રાજી. ૧૨
કાળી તુળજા ભવાંની હે, બાગા અંબે રેહેવાના હે. ૧૩
નમુ દુરગા નવે નારી, ત્રિપુરા જાગતી પ્યારી. ૧૪
નમુ આરાસુરી માતા, કરૂ સલામ મે કરો શાતા. ૧૫
તારે ચરણે ધરી કાયા, બાલાજી પર તેરી છાયા. ૧૬

ઠુમરી ખ્યાલ.

બતાદે સાનુ પંજાબ કીતની દુર એ રાગ.

લગાદે ચિત મૈયાકો મનમે આજ, સરત સબહી કાજ, લગાદે ચિત.ટેક.
આદ્ય અનાદ્યહિ આદ ભવાની, અમરોકિ રખતિહે લાજ. લ. ૧
મહિશ મારકે પ્રાક્રમ કીનો, આરાસુર આયે આજ. લ. ૨
સુરત દિવાની કાયા ભઇહે, બાલાકો કરીએ કાજ. લ. ૩

રાગ ઉપર પરમાણે.

હાંહારે ચિત અંબે ચરનમે લગા, ટેક.
મારકે મહિષ ગર્જના કીની, અસુર સબહી ભગા. હાંહારે ચિત. ૧

વેદ વિરંચી પારે આયે, દેવોકુ દીની જગા. હાંહાંરે ચિત. ૨
માજીકો નામહી ઉરમે લાવત, શીવજી મનમે ડગા.હાંહાંરે ચિત. ૩
જાકે ખડાહે સનમુખ બાલા,નહીં માજી મે ડગા, હાંહાંરે ચિત. ૪

ખ્યાલ. ૧

મે વારી જોબના મે લાગીલો એરાગ.

હરદંમ પ્યારે, રખો મઇયા (એવાર) ટેક.
આદ્ય ભવાની ભજમન અંબે, સકળ ગુણ મત દઇયા. હ. ૧
અમર લોકકુ અમર કરતહે, મંડપ નાચત છઇયા. હ. ૨
ગુનહી ગાઓ અંબેકુ મનમે, ચરનકમલ લે બલઇયા. હ. ૩
રંગ મંડપમે બાલોહી ગાવત, આવત નાચ કરઇયા. હ. ૪

ખ્યાલ. ૨

ત્રિપુરા શ્રી ધરો દીલમે. (એવાર) ટેક,
રાજગીરી બેઠ મેરૂશીખરે, આદ્ય આરાસુર ધાંમ. ત્રિપુ. ૧
દાંતા ડુંગર અદભુત છાજે, રાજ કરે જસ રંક. ત્રિપુ. ૨
સિંગાસનપર બેઠીહે મઇયા, ચાચર મંડપ રંગ. ત્રિપુ. ૩
વેદ વદે ચારો મુખબાની, શિવ સમાધી ધરંત. ત્રિપુ. ૪
બ્રહ્મા વિશનું,ઇંદ્ર અમરકુ, શીર હાથ દિયાહે માત. ત્રિપુ. ૫
કયા પડપંચ લગાયા દીલમે, કપટ ઝપટ કયા કરંત. ત્રિપુ ૬
ઇશક બાજી કરતાહે પાજી, ગાફલ નહી ફરંત. ત્રિપુ. ૭
જીકર કયા કરતહે દીલમે, પેદા કીનાહે તંન. ત્રિપુ. ૮
ખુશી હુવા અતિ દીલમે બાલા, નાચત ગાવત મંન. ત્રિપુ. ૯

બારમાસી.

હમકુ છાંડ ચલે બનમાધુ. એ રાગ.

અંબે યાદ કરો હરદમસે,
કયા દેખત હે મતલબસેરે;
અંબે યાદ કરો હરદમસે. ટેક.

કારતગ માસે કાળી ભવાની, પાવાઘડપર બેઠીરે;
અજાઇ અંબીકા દોનું મઇયા, નજરસે હમ દેખીરે;

અંબે યાદ કરો હરદમસે. કયા દેખ૦ અંબે. ૧
માગશર માસમે માતહે ન્યારો, મહંમાયા મન દેખોરે;
કયા શણગારે અનોપમ ધારો, નામ લીએ માઈ પેખોરે.
અંબે. યાદ કયા દેખ. અંબે. ૨
પોસ માસમે પારવતો કહાયે, શંકરજી મન પ્યારારે;
હીમાચલ ગીરી બેટી મઇયા, ઉનકા સુત ગનપત સારારે;
અંબે. યાદ કયા દેખ. અંબે. ૩
માહામાસમે મરજી રખતીહે, બહોત મગન મન પાયગારે;
હમ સબ ધાઈ સમરન કરતે, શેવક મનમે લાયગારે;
અંબે. યાદ કયા દેખ. અંબે. ૪
ફાગન માસમે ફરત સબ સુંદરી, ફગુવા ખેલે ચાચરમેરે;
કેસર ગાગર ધરીહે કરમે, એક એકપે દોડે રંગમેરે;
અંબે. કયા દેખ. અંબે. ૫
ચઈતર માસમે નમતા ચરનમે, ચંપક કંઠે ધરાતીરે;
ફુલ ફુંવારે બહોતહિ દેખુ, પોગની મંડપ આતીરે;
અંબે. કયા દેખ. અંબે. ૬
વઈશાખ માસમે અરજહી સુનિએ, શેવકકુ સુખ દીજેરે;
એ કાયામે દુખ નહીદેના, કારજ અપના કર લીજેરે;
અંબે. કયા દેખ. અંબે. ૭
જેઠ માસમે જવાળા અતિહે, સીતળ કાયા રખતીરે;
છાયા કર દેતી હે હમકુ, આરાસુર મન હરખતીરે;
અંબે. કયા દેખ. અંબે. ૮
અશાડ માસમે અંબે બેઠી, મેરૂ શીખર માઈરે;
આરાસુરમાં આઈ બીરાજે, સુંવાળ બહુચર બાઈરે;
અંબે. કયા દેખ. અંબે. ૯
શ્રાવણ માસમે આબ્બા સંગ સારા, નાગરે ચાચર લાયારે;
હવન હોતહે ચતુર દશીયે, શ્રીફળ સુંદડી હોમાયારે;
અંબે. કયા દેખ. અંબે. ૧૦
ભાદરવા માસમે ભોળી ભવાની, ભવ સંસારમે તારેરે;

ઇશ દુનિયામે પેદા હુવાહે, આતાહે નાગર પારેરે;
અંબે. કયા દેખ. અંબે. ૧૧
આસો માસમે આનંદ હોતે, નવરાત્રી ઘરઘર હોતીરે;
નવદુર્ગા ખેલન સબ આઇ, બીચમે અંબા જોતીરે;
અંબે. કયા દેખ. અંબે. ૧૨
અધીક માસમે આઈ અંબીકા, બરસાત અન મેહ ધારરે;
ગાવત આવત બાલેહી નાચત, ચાહત શેવક સબ સારરે;
અંબે. કયા દેખ. અંબે. ૧૩

કાળીદાસની વાણી.

અંબા અષ્ટક ભુજની ચાલ.

પ્રથમ સરસ્વતી માતને પાયેલાગુ, વર્ણાને વળી હું રશીક વાણી માગુ.
ભવામન ભવાંનો કરૂ સ્તુતી તારી, કૃપારૂપ જગદંબ આનંદ કારી. ૧
આદ્યતુ સકળ વિશ્વનીમૂળ માયા, હરિહર વિરંચી ત્રિગુણાત્મ જાયા;
રચ્યો સર્વ સંસારતે સુખકારી, કૃપારૂપ જગદંબ આનંદ કારી. ૨
તારી કિર્તિ કહેવા મને આશ પૂરી, આદ્યદાસ થાપી દેવાણી મધુરી;
વદનમાંવસો બ્રહ્મ કન્યા કુવારી, કૃપારૂપ જગદંબ આનંદ કારી. ૩
મારેમાત તુ તાર્તુ ભ્રાત ભગ્ની, સહોદર પરિવાર તું સુજવગની;
તારે શર્ણ છુંહુંય વિશુળ ધારી, કૃપારૂપ જગદંબ આનંદકારી. ૪
નથીજાણતો ધર્મ ખટકર્મ શેવા, નથી જાણતો જપ તપ દાન દેવા;
તારા નામનો છે ભરૂસોજ ભારી, કૃપારૂપ જગદંબ આનંદકારી. ૫
નથી જાણતો જ્ઞાનની વાત સાચી, રહ્યો તે થકી મોહ માયાને રાચી;
કરો જ્ઞાનવંતો કબુધિ નિવારી, કૃપારૂપ જગદંબ આનંદકારી. ૬
નથી જાણતો વેદ કે મંત્ર વિદ્યા, સકળ શાસ્ત્રનુ સાર તુ સર્વ સિદ્ધા;
મને ભક્ત જાણી મેલો ભવ તારી, કૃપારૂપ જગદંબ આનંદકારી. ૭
માહામંદ મતિહિન છુ હું ભવાંની, તમારી કરી વાત સર્વે થવાની;
કોને જૈ ભજુ તુવિના માત મારી, કૃપારૂપ જગદંબ આનંદકારી. ૮
પડી પીંડને પેટની પીડ મોટી, તેને જ્ઞાનની વાત કીધી છે ખોટી;
મારા દુઃખ દારેદ્ર નાખો વિદારી, કૃપારૂપ જગદંબ આનંદકારી. ૯

હુંતો દીન દુર્બળ થઈ શર્ણું આવ્યો, ભવાંની વળી ભક્ત તારો કહાવ્યો;
તેની લાજ છે તને સારી નઠારી, કૃપારૂપ જગદંબ આનંદકારી. ૧૦
કાળીદાસની વિનતી મંન આણી, મનેદાસનાઁદાસનો દાસ જાણી;
ધરિદ્રષ્ટી મીઠી મને રાખ્ય ઠારી, કૃપારૂપ જગદંબ આનંદકારી. ૧૧
ભણે સાંભળે વિનતી ભાવ આણી, તેને દાસ થાપે અંબાદીન જાણી;
મહાપાપના તાપથી લે ઉગારી, કૃપારૂપ જગદંબ આનંદકારી. ૧૨

સારૂ સારૂરે સુરત શેહેર, મુંબઈ અલબેલી એ રાગ.

બ્રહ્મકવચ.

નમુ નમુ હુ અંબે આજ, નવદુરગા ચંડી;
સારો સઘળા મા કાજ, દુઃખ નાખો ખંડી. ટેક.
(ધ્યાન) ચરણ કમળનુ ધ્યાન ધરીને, હરીહર બ્રહ્માગાયરે;
માર્ગ ગ્રહે જળ અગ્ની શત્રુથી, રક્ષા કરે મહંમાય. ન. ૧
(કવચ) એક સમે બ્રહ્માજી પ્રતે, પ્રશ્ન કર્યું માર્કંડેયરે,
ગુહ્ય મા ગુહ્ય પિતાજી કહીએ, રક્ષણ સુખીયા સહુ થાય. ન. ૨
ત્યારે બ્રહ્માજી મુની મારકંડ ને, બોલ્યા અમ્રત વચનરે;
પ્રાણી માત્રને દેવિ ચરિત્ર આ, સંભળાવી થાઓ પ્રસંન. નવ. ૩
ગુહ્ય કવચ આ સાંભળો મુનીજન, ધરી એક ચીત ધ્યાનેરે;
દેવીયોના નામ હુ કહુછુ. સાંભળી થાય સનમાન. નવ. ૪
પ્રથમ પહેલી શૈલ પુત્રિને, નમન કરૂ આવારરે;
બીજી બ્રહ્મ ચારણી કહીએ, ચંદ્ર ઘંટા ત્રિજી સાર. ન. ૫
ચોથી છે કુશ્માંડા દેવી, પાંચમી સ્કંદ માતારે;
છઠી કાત્યાયની ખરીછે, કાળ રાત્રી સપ્તમીગાતા. ન. ૬
આઠમી મહાગૌરી સોહીએ, નવમી સિદ્ધિ કહેતારે;
નવદુર્ગાને નમન કરીએ, બ્રહ્મા મુની ને કહેતા. ન. ૭
અગ્નીમાં બળતા ઊગારે, શતરૂઓને બહુ મારેરે;
વિષદુર્ગ સ્થાનકને ટાળે, આ જીવ રેહે નમવા ડેરે. ન. ૮
રણ સંકટ કાંઈએ નવ આપે, નાશ અશુભ સઊ જાયેરે;
આપતી શોક દુઃખ ભય કાપે,મા સ્મરણથી સિદ્ધિ થાય. ન. ૯

ચામુંડાપ્રેત ઉપર બેઠા, મહિષ ઉપર વારાહીરે;
ઇંદ્રાણી હસ્તી પરબેઠા, વૈષ્ણવી ગરૂડને સાહી. ન. ૧૦
માહેશ્વરી વૃષભ ઉપર બેઠા, મોર ઉપર કૌમારીરે;
આભુષણુ શોભાવે અંગે; બ્રહ્માણી હંસે બેઠી. ન. ૧૧
લક્ષ્મીજી પદ્માસન બેઠા, પદ્મ કમળ ગ્રહ્યું હાથેરે;
હેવી જે લક્ષ્મી વિસ્નુ મન, પ્રેમથી બેઠા સાથે. ન. ૧૨
શ્વેત રૂપ ધરીયો ઇશ્વર, વૃષભ ઉપર મા બેઠારે;
એ માતાઓ સર્વ યોગે કરી, એકઠા થઇને બેઠાં. ન. ૧૩
નાના પ્રકારે આભુણુ સહુ અંગ, રત્ન વડે શોભીતારે;
શ્રેષ્ટ મોતીના દીવ્ય હારોએ, અતીકે અંગે ઓપીતા. ન. ૧૪
ઇંદ્રા નીલમણી માહાનીલ મણીઓ, પદ્મરાગ મણી શોભેરે;
હેવી ક્રોધ યુક્ત રથમાં બેસી, દેવી તે વચમા થોભે. ન. ૧૫
અજીતા રેહે વામ પાસે, દક્ષણ પાસે અપરાજીતારે;
શિખા વિસે ઉદ્યોતની રહિ, ઉમા દેવી મસ્તક બિરાજે. ન. ૧૬
માલા ધરી લલાટે છાજે, ભ્રગુટીએ યસ્વીનારે;
ભ્રગુટી મધ્યે ત્રિનેત્રાછે, યમ ગંટા નાશી કાની. ન. ૧૭
ચક્ષુમધે રક્ષા કરોછો, સંખીની દેવી આજેરે;
દ્વારવાશીની શ્રોતજ મધે, કપોળે કાલીકા છાજે. ન. ૧૮
કર્ણમુલ શાંકરી બેઠાં, સુગંધ નાસિકાયેરે;
ઉર્ધ્વ ઓષ્ટએ ચર્ચિકા દેવી, અમ્રત કળા અધ ઓષ્ટપે.ન. ૧૯
સારસ્વતી જીહવાએ વસીયે, દાંત વિશે કઉમારીરે;
ચંડીકા બેઠાછે કંઠે, ઘાંટીએ ચીત્ર ઘંટા સારી. ન. ૨૦
તાલુકે મહામાયા બિરાજે, ચીબુકે કામાક્ષા દેવીરે;
સર્વ મંગળા વાંણીએ બોલે, હેવી વાણી લેવી. ન. ૨૧
ધનુર્ધરી પૃષ્ટ વંશ બેઠી, નીલગ્રીવા વાંસે દીસેરે;
કંઠ નલીકાનું રક્ષણ, નલકુબરી ત્યાં હીસે. ન. ૨૨
બે સ્કંધનું રક્ષણ કરો છો,ખડગ ધારીણી માતારે;
વજર ધારીણી બાહુ મધે, રહી કરે સુખ શાતા. ન. ૨૩
હસ્ત વીસે દંડીની મધ્યા, આંગળીઓએ અંબિકારે;

સુલેશ્વરી નખોએ બેઠા, નૂલેશ્વરી બે કુખે. ન. ૨૪
કર માજી ક્ષય મનના શોકને, મહાદેવી સ્તન વીશેરે;
હૃદયે લલિતા દેવીછે, શુલ ધારીણી છે ઉદરે. ન. ૨૫
યોગિની નાભીએ વશિયાં, ગુહ્યેશ્વરી ગુહ્યસ્થાનેરે;
ભુતના ને મેદ્રને વિશે, ગુહ્ય મહિષ વાહિની. ન. ૨૬
કટી મધે ભગવતી બીરાજે, વીંધ્ય વાસીની ઝાનુએરે;
મહાબલા ઝંઘાએ દીસો, વિનાયકી જાનુ મધ્યે. ન. ૨૭
નારસિંહી ગુલ્ફ એ બેસો, અમીતો પાદ પૃષ્ટેરે;
પાદુકાની આંગલી બેઠી, શ્રી ધરીછે દ્રસ્ટે. ન. ૨૮
સ્થલ વાસીની પગની તલીએ, કરાલીની ડાડ વીસેરે;
ઉર્ધ્વ કેશીની કેસે છાજે, કૌબેરી રોમ વિસે. ન. ૨૯
ત્વચાએ વાગિશ્વરી વસીયાં, રકત રૂધીર મજાએરે;
અંતરે ત્વચા વસા જીણીનસો મા, માંસ અસ્તીમધ્યે. ન. ૩૦
અંતરાંતર સર્વ ત્વચાએ, સરવે પારવતી દેવીરે;
આંતરાડામાં કાલરાત્રીછે, પિતે મુકટેશ્વરી હેવી. ન. ૩૧
પદમાવતી પદમ કોસે બેઠી, ચુડામણી કફ વિસેરે;
જ્વાળામુખી નસો જાળમાં, રક્ષણ કરતા હિસે. ન. ૩૨
સર્વ સંધિને અભેદ્યા દેવી, સુકને બ્રહ્માણી છાજેરે;
છાયા કરેછે છત્રેશ્વરી મા, દુનીયામાં સર્વે ગાજે. ન. ૩૩
અહંકાર મન બુધિએ મા, ધર્મ ધારીણી સાચીરે;
પ્રાંણ,પાંન,વ્યાંન,ઉદાંન,સમાનમા, વજર હસ્તાત્સાંરાચી, ન. ૩૪
રસ, રૂપ, ગંધ, શબ્દ, સ્પર્શ મા, યોગિની રક્ષા કરજોરે;
સત્વ, રેજ, તમ. નીરંતરથી, નારાયણી મન ધરજો. ન. ૩૫
રક્ષણ કરજો આયુષને મા, વારાહી વર દઇનેરે;
મારા ધર્મને રક્ષણ કરજો, વૈષ્નવી આવી રહિને. ન. ૩૬
યસ, કિર્તિ, લક્ષ્મી નારંતર, આપો આજે હમનેરે;
સરવે માતૃકા રક્ષણ કરજો, પાગે નમીએ તમને. ન. ૩૭
મારા ગોત્રને ઇંદ્રાણી મા, રક્ષણ કરજો અપારરે;
માહા પસુને ચંડીકા દેવી, અંબિકા કરજો સાર. ન. ૩૮

મારા પુત્રને મહાલક્ષ્મીજી, આવી રક્ષા કરજોરે,
મારી સ્ત્રીને ભઈરવી રક્ષક, દેહનાં દુખડાં હરજો. ન. ૩૯
ધનેશ્વરી મારા ધન વીસે, રક્ષા કરજો તમે આવીરે;
કોમારી કન્યાને રક્ષા, કરજો ઉમંગ લાવી. ન. ૪૦
સુપથા દેવી પંથને વિષે, સહાય કરો હમારીરે;
ક્ષેમ કરી મારગ મધે, રક્ષા કરોને સારી. ન. ૪૧
રાજદ્વારે મહાલક્ષ્મી મા, રક્ષા કરોને આજેરે;
સરવે ઠેકાણે મહેર કરજો, વિજીયા દેવી ગાજે. ન. ૪૨
સરવે દેવીયો મળીને આજે, હમેશ રક્ષણ કરજોરે;
સ્તવન હું આ પવીત્ર દીલે, કરેલું પાપજ હરજો. ન. ૪૩
હરનીશ જે મન જપે પ્રાણી, મનવાંછીત ફળ દેછેરે;
બ્રહ્માજી મારકંડ મુનીને, આ ગુહ્ય સ્તવન કહેછે. ન. ૪૪
મારકંડ મુની તારો ભક્તીથી, આ ચરીત્ર હું કહુછુંરે;
માતાજીની રક્ષા અતિ છે, એ સ્થાનક મન લહુછું. ન. ૪૫
સરવ સ્થાનકે રક્ષા કરે છે, જયંતી દેવી આજેરે;
પાપ નાશ કરનારી પોતે, ભુમધે મા છાજે. ન. ૪૬
દુર્ગાપ હારીણી દુર્ગા દેવી, શરીરે સરવે રેહેજોરે;
પોતાનું સુભ ઇછવાને, આ કવચ રેદયમાં ધરજો. ન. ૪૭
નીમ રાખીને આ મન ગરબો, નીરંતર નીત્ય ગાશેરે;
લીન થઇને એક ચીત્તથી, ધ્યાને માજીને ધરો. ન. ૪૮
જ્યાં અજાએ સ્તવન કરીને, મનવાંછીત ફળ પામેરે;
અર્થ લાભ સરવ કામજ થાયે, બ્રહ્મ કવચને નામે. ન. ૪૯
જે પુરૂશ આ ગરબો ભણેથી, અતુલ્ય ઐશ્વર્ય પામેરે;
વિપુલ, વિશાળ, પરઉત્કર્ષે, મનુશ્ય માને નામે. ન. ૫૦
સંગ્રામે વળી જય પામસે, ત્રૈણ લોકમાં પુજાશેરે;
બ્રહ્મ કવચનો ગરબો ગાતા, માજીને શરણે જાશે. ન. ૫૧
જે નર આ બ્રહ્મ કવચ કરીને, સંગ્રામે સિધ્ર થાયરે;
સરવે શત્રુને જીતી કરીને, કુશળથી ઘેર પળાય. ન. ૫૨
જે પુરૂષ એકાગ્ર થઇને, અધાથી મન ગાસેરે;

ત્રણ કાળ આ પાઠ કરેથી, ત્રણ લોકે જય થાસે. ન. ૫૩
અલ્પ મ્રત્યુ હરશે દેવી, આયુશ શત ભોગવસેરે;
વિસ્ફોકટ આદ્યે સહુ બ્યાધી, નાશ માજીઓ કરશે. ન. ૫૪
સ્થાવર, જંગમ, ક્રત્રીમ, વિષજે, સરવે બ્યભીચાર જાસેરે;
મારણાદી મંત્ર યંત્રાદી, પર પ્રયોગ દેહથી પળાસે. ન. ૫૫
ભુચર ખેચર આદ્યે સર્વ, સહજ કુલજ ડાકીનારે;
અંતરીક્ષ ચરા પાંણીયતે, મહાબલીષ્ટ શાકીની. ન. ૫૬
મહાઘોર ગ્રહ ભુત પીશાચી, યક્ષ ગંધર્વ રાક્ષસોરે;
બ્રહ્મ રાક્ષસ વૈતાલ છે, કુષ્માંડ ભઇરવાદીને હરશો. ન. ૫૭
જેના રદયે હરનીશ જપસે, રહ્યું છે અંતર માહેરે;
તેના દરશણથી દુષ્ટો સહુ, નાશ પામે છે કાયે. ન. ૫૮
ત્યારપછી તે પુરૂશ મોટું, માન અતી બહુ પામેગે;
તેજો વ્રધી રાજ કરે સહુ, યસ કીર્ત્તિ સહુ પામે. ન. ૫૯
વળી યસ કીર્તિ બહુ થાએ, ભુ વિશે પુજાયરે;
તે કારણ માયે દેહ નીરંતર, માર્કંડની કીધી કાય. ન. ૬૦
સપ્ત સતી જપતા આ પહેલુ, બ્રહ્મ કવચ્ય આરંભેરે;
નીર વિધ્ર કરીને આવે, ચંડીની સીધી થોભે. ન. ૬૧
પર્વત વન કાનન આ પૃથ્વી, જાહાં સુધી મંડળ રહેશેરે;
ત્યાં સુધી પૃથવી વિશે, પુત્ર પૌત્રાદી રહેસે. ન. ૬૨
દેહને અંતે દેવને દુર્લભ, પરમ સ્થાનક આપેરે;
મહા માયાના પ્રસાદ વડેથી, અંતે અઘોચર કાપે. ન. ૬૩
મનવડેથી ચીંતન કરે છે, સરવ કામ ફળ થાએરે;
માર્કંડ પ્રતે બ્રહ્મા કહે છે, અંતે તે સ્વર્ગે જાએ. ન. ૬૪
આ ગરબો જે ભાવ ધરીને, ગાસે માજી પાસેરે;
અર્થ ધર્મને કામ મોક્ષ સહુ, સમરણથી સુખી થાશે. ન. ૬૫
નરે નારી મન ઊલટ ધરસે, હરનીશ અંતર ભણસેરે;
મનવાંછીત ફળ થાશે તેને, અંતે પોતે તરસે. ન. ૬૬
આ ગરબો મે ભાવ ધરીને, ગાયો ઊલટ આણીરે;
અક્ષર પદ ભ્રષ્ટ થયો હોયતો, ક્ષમા કરજો રાંક જાણી. ન. ૬૭

બ્રહ્મ કવચની સ્તુતી કીધી, કરજોડી પાએ લાગીરે;
અપરાધ મારા ક્ષમા કરજો, એટલું હાઉ મુખે માગી. ન. ૬૮
ભોળે ભાવે ભાવ ધરીને, માજીના ગુણ ગાયારે;
ભકતી કીધી ઉરમાં આણી, અંબામાને સોહાયાં. ન. ૬૯
રાજનગરતો રૂડું દીસે, સુભ અમદાવાદ ગાંમરે;
નાગર બ્રાહ્મણ વડનગરો હું, માજીના રાખુ હાંમ. ન. ૭૦
સંવત ઓગણી છતરીસામાં, રૂડો આસો માસરે;
વીજીયા દશમી બુધવારે, બાલાએ કીધો પ્રકાશ. ન. ૭૧

છંદ.

દીલજાની મારા સકળ સ્નેહી પ્યારાજી,
માહાલક્ષ્મી મોરી માત અંબે માતાજી. ટેક.
રૂડો આવે આસો માસ, રાત અજવાળી:
નવરાત્રી અષ્ટમી રાત માત બની લાલી. ૧
આ સેવે નાગર ચરણ જીવરે તમારા;
કરજોડી વિનંતી કરે મેધ્ર સમધારા. ૨
આ નાટારંગ કરીયે સકળ સભામાં,
મન ઉલટ આપો રહો મારી જીભામાં. ૩
તારા આગળ કંગાળ રહ્યા હમે પાજી. માહા. ૪
વડું વરોદડું આ શેહેર ઘણુંરે સારૂં,
દીસે રૂડાં નરનાર, લાગે મુખ પ્યારૂં. ૧
રૂડો ઘડીયાળીની પોળ અતી ઉજાસે;
સહુ સોખીલા જન છંદ, અંબાના ગાશે. ૨
આરાસુરથી આવી બેઠીછે અંબા,
આવે સહુ નાગર માજી સનમુખ રંભા. ૩
આ અકળ શ્વરૂપે દીસોછો હવે માજી. માહા. ૪
આ કનક સિંઘાસન શોભે અદભુત જડીયું;
તારૂં રૂપ અલોકીક દેવ મુનીયે ઘડીયું. ૧
તારે શણગાર શોભે અંગે અતીશે સારા;

હીમ હીરા રત્ન મણી મોતી બંધ ચળકારા. ૨
જડાવ મુગટ કાને કુંડળ દીસે;
અણુવટ વીછુવા પાયે જોતાં મન હીસે. ૩
આ ઝરકસી અંમર અંગે માયે પેહેર્યાજી. માહા. ૪
આ ઝુંમર હાંડી તકતા મંદીર શોભે;
આ મુખડું તમારૂં જોવા મનડું લોભે. ૧
વાગે ઘડીઆળી ભેર ભુંગળ ઘંટાઓ;
આ થાય આરતી રમવા નટખટ આવો. ૨
સહુ નરનારીઓ દરશણ કરવા આવે;
આ સાથ હળીમળી નાગરી નાત બોલાવે. ૩
ઘડીયાળી પોળે સુખ કરવા બેઠાજી. માહા. ૪
આ નાગરી નાતના જીલ્લામાં તમો વશીયા;
આ રૂમઝુમ રૂમઝુમ કરતાં રંભા ધસીયાં. ૧
હું રાગ રંગ તારા આગળના જાણું;
પણ રમવા રંગભેર આજ હું ઉમંગ આણું. ૨
આ તાલ પખાજ ભુંગળ ઝાંઝર ડફ વાગે;
હું નમી નમી નીરખુ આજ તમારે પાગે. ૩
આ કૃપા કરી નિભાવો શીર રહીગાજી. માહા. ૪
વિનંતી કરીયે નીભાવી લેજો હમને;
શું કહીયે વારંવાર, લાજ છે તમને. ૧
આ નાત નાગરી નટખટ વાંકુ બોલે;
હે સાહા તમારી મનથી મહામદ ડોલે. ૨
તુંજ્યાં નાગરની દેવી કુળમાં ડાહી;
અંતરના ધરસો રીસ, ઓ અંબે માઈ. ૩
પણ સામી બેઠી તું આરાસુર માજી. માહા. ૪
પારે સહુ આવે શેહેર તણારે રાજા;
તારા દરશણથી બની થાય અતીશે તાજા. ૧
તારી મેહેર સેહેરપર ખરો ખરીરે સામી;
તું ત્રણ લોકની માત આપને જામી. ૨

નથી કીધું અઘટતું કામ માજી તમારે,
જીવ જાતે આવે વાર એક સહુ પારે. ૩
કરો મેહેર માજી મારા ઉપર છાયાજી. માહા. ૪
દેશ વિદેશે થયો ડંકારે સારો,
સહુ જન મન ગરબો ગાય નારીઓ તારો. ૧
આ તત્વ કાળી અંબા બહુચરનું અરૂરે,
એણે આપ્યા પદારથ ચાર ઉદર મા ભરૂરે. ૨
વિશ્વાસ આપ્યાછે વાંઝ નહી ખોટુરે,
દડમડતો આવી આજ મંડપ લેટુરે. ૩
કરજો સદા કલ્યાણ, ગાય બાલાજી. માહા. ૪
મારો અમદાવાદમાં વાસ, આશે રહું તારી;
મા કૃપા કરીને લાજ નિભાવો મારી. ૧
હું નાગર બ્રાહ્મણ વડનગરો કેહેવાઉં;
અહું આવી અંબા સનમુખ ઊભો ગાઉ. ૨
આ કરજોડી વીનંતી કરી રહું આશે;
હું ગાઉ સુદ અષ્ટમી જે જંન મન ગાશે. ૩
આ આસોમાસે ગાય સહુ લાલાજી. માહા. ૪

વિનંતીની ગરબી.

હમે હમારે ઘેર જઈએરે ભાઈ રામરામ છે. એ રાગ.

હમે હમારે ઘેર જઈયે મા જે અંબે.
આ બોલ્યુ ચાલ્યું માફ, માજી જે અંબે. ૧
શેવક જન પ્રતી પાળછો, મા જે અંબે.
આ દુશમન ના છો કાળ, માજી જે અંબે. ૨
તમે છો અકળ સ્વરૂપે, મા જે અંબે.
ચાચરમાં દીસો ભુપ, માજી જે અંબે. ૩
કરજોડી કરૂ વિનતી, મા જે અંબે.
ગઈ મારી મનની ગતી, માજી જે અંબે. ૪

આ સકળ સભા ટોળે મળ્યુ, મા જે અંબે.
રક્ષા કરો મનડુ હળ્યુ, મા જે અંબે. ૫
માજીને ચરણે હુ નમુ, મા જે અંબે.
મંડપમાં આવીને રમું, માજી જે અંબે. ૬
સુખી થયો દીન રાતરે, મા જે અંબે.
આ ચરણે રાખો જાત, માજી જે અંબે. ૭
પંચતીરથી હરખે કરી, મા જે અંબે.
તે લાડ લડાવ્યા મન ધરી માજી જે અંબે. ૮
ગરબે રમવા નીસરયા, મા જે અંબે.
શોક હમારા વિસર્યા, માજી જે અંબે. ૯
દુઃખીયાના સુખીયા થયા, મા જે અંબે.
આ પાપ સઘળા પ્રલે થયા, માજી જે અંબે. ૧૦
સીંગાસન શોભે ઘણું, મા જે અંબે;
તેજછે ત્રિભોવન તણું, માજી જે અંબે. ૧૧
અંબા અકળ સ્વરૂપરે, મા જે અંબે,
તારૂ દીસે આનંદ રૂપ, માજી જે અંબે. ૧૨
સણગાર અંગે ઓપતા મા જે અંબે;
ઘરેણાં અંગે રોપતા માજી જે અંબે. ૧૩
કહેતાં ના આવે પારરે મા જે અંબે,
તત્વ દેવી તુ સાર માજી જે અંબે. ૧૪
કંકુના હાથા શીર છે મા જે અંબે,
જમવાને પુરી ખીરછે માજી જે અંબે. ૧૫
રંગીલો ચાચરમાં કરયો મા જે અંબે;
શીવકને શીર કર ધરયો માજી જે અંબે. ૧૬
આગ્ના લીધી અજાઇની મા જે અંબે,
રજા લીધી મહંમાઇની માજી જે અંબે. ૧૮
લઇ ચાલ્યા કરે લાકડી મા જે અંબે;
નમી દાંતાની પળ્યા વાટડી માજી જે અંબે. ૧૯

નાગરો મુખથી ગાયછે મા જે અંબે,
શીખ લઈ બાલાજી જાયછે. માજી જે અંબે. ૨૦

રાગ કાફી.

દારૂ નહિ પીવારે, ન કેફ કરવા કાંઈ
થાય એણે કરીનેરે, ખરાબી છે બહુ ભાઈ. ટેક.
વ્યભિચારતો કરવો નહીને, રમવો નહિરે જુગાર;
જહાં રમતો હોય ત્યાં જન, રેહો ન ઉભા લગાર;
જુગાર રંડીબાજીરે, ચોરીમાં ન રેહો સાઈ. દારૂ નહિ. ૧
વ્યસન ચોરીથી જીવ જાયને, કુળની લાજ તણાય;
દ્યુત દ્રવ્યથી સુખી થયો નહિ, ન થયો કોઈપણ રાય,
બહુ થયા દરિદ્રીરે, ખોયા જીવ એણે રોઈ. દારૂ નહિ. ૨
દુરવ્યસનથી પૈસો ખુટ્યો, ફોગટ ગયો જળ ધાર;
સત સંગતથી ખોટ કરીને, ચેવટ ધરી નહિ લગાર,
માણસમાં સારાં દીસેરે, જો વળી કાંઇ ખોડ ખાઈ. દારૂ નહિ. ૩
ચોરી છીનાળીને દારૂથી થાયે, ખરાબ વ્યસન વ્યભીચારી;
ગાંજા તમાકુ અફીણ તાડી, મુકીદો ભાઇયો વિસારી
સ્વાદ નથી કાંઇરે, દુઃખી થાએ બાલો ગાઈ. દારૂ નહિ. ૪

અમીચંદ વાણી.

છંદ.

કકા થકી કહુછુ કરજોડી, બત્રીસ હરફ સાતે વાર.
ખખા ખુશામત કહુછુ, હું રંકને તારો આધાર. ટેક.
ગગા ઘણી રવીવારની શોભા, જ્યા દેખુ ત્યાં લાલમ લાલ;
ઘઘા ઘણા માણેક મુગટમાં, રત્ન મણી છે ઝાક ઝમાર. ૧
નના નારાયણી બેઠી તખ્તપર, લાલ સાડી પેહેરી છે રૂપાળ;
ચચા ચાચર ચાળી ચંડીકા, ચત્રુભુજ ચિંતાને ટાળ,
છછા છાયામાં બેઠો તુમારી, હુ નીરધનીયો છુ લાચાર. ખખા ખુસામત. ૧ જજા જગત જાણે સોમવારે, માજી પેહેરે સપેત સાળુ;
ઝઝા ઝાળ ઝળુકે મોતી, પુનેમ ચંદ્ર મુખ રૂપાળુ; નના નાના વિધના

આભુષણ, મંગળનુ છે પરવાળુ; ટટા ટેકજ રાખો હમારી, સિંદુરીયા પેહેરયો સાળુ. ઠઠા થાનેકે આવી માજીની, શેવક સહુ કરે નમસ્કાર, ખખા ખુસામત. ૨ ડડા દોડી દુનિયા સહુ આવે, બુધવારના પાના લીલા, ઢઢા ધર્યા આભુષણ લીલા, ધન ભાયગ દરશણ મીલા; ણણા મુખ પોખરાજ બ્રહસ્પતી, ગુરવારે સાળુ પીળા, તતા તમારી લીલા ભરપુર, થથા ઠીક છંદ આન મીલા; દદા દરશણ કરે માજીના, સેવક સહુ કરે નમસ્કાર; ખખા ખુસામત. ૩ ધધા ધુંનમાં બેઠો તમારી,મરદંગ વાજે છે નીરંતરે તાળ; નના નમુ નવ દુરગાને,પપા પ્રેમથી કરૂ સવાલ; ફફા ફીરે માની દવાઈ નવખંડ, અંબા માતા દીન દયાળ, બબા બીરાજે હીરો દાતપર. શુકર દેવતા ઝાક ઝમાલ; ભભા ભાનુ ખીલી રહ્યો, મંમા માનુ મુખ તેજ અપાર; ખખા ખુસામત. ૪ યયા આદ્ય ભવાંની અંબીકા, મોઢા તમારા છે સમરણ;રરા રાખો લાજ હમારી, લલા લાગુ માજીને ચરણ; વવા વલખુ માના દરશણ, બીન છંદ ગાવું નિત્ય નવી ધરણ, સસા સની રાહુ કેતુ નવ ધરે,કરે છે તે માનુ શમરણ; સસા સેવક અહો અમીચંદ, કહે ભવસાગર ઉતારો પાર, ખખા ખુસામત. ૫

છંદ.

અબા આસો માસ આસ મને દશણની તારી, નવ દીવસ નવ રાત્રીમાં સહુને આણંદકારી. ટેક. પ્રથમ પેહેલુ નવરાતર, આસોસુદ પડવેથીરે, અંગ ઉમંગથી જાયે નાહે સહુ તાપીમાં જાતીરે; કરે નર નારી સ્નાન ધરે ધ્યાન, કરે શુદ્ધ શરીરે; કોઈ ઘડા કોઈ ઝારી ભરે, ચંબુ નીરમળ નીરે; માગણ આવે ગાવે જોગણી, કરે વિનંતી તારી, નવ દીવસ નવ રાત્રીમા. ૧ બીજ ત્રીજ આનંદમે ચાલી, ચોથ થઈ રંગમે; કરે ડાટા પાંચમે. ખુશી સહુ ઉમંગ છે અંગમે; વાગી રહ્યા વાજીંત્ર ભુગળ, ઢોલક કે સંગમે; ફરે વાગરી તાળ બજાવે, પડે થાપ મરદંગમે; બાંધે ઘુઘર માળ પેરીયા, રહ્યા પગ થમકારી. નવ દીવ. ૨ કોઈ કરે છે છઠનાડાટા,કોઈ કરે અપવાસે; સાતમે સહુ કોઈને, તેલાં અંગમાં ઉદાસે; ચાચર ચોકમાં ચાલી દેવી, સહુ એન કરે

આસે, બહુચર અંબા ફરે ફુદડી, કાળી છે પાસે; ફીરે જોગણી ચોસઠ ગાયે, ગરબા ખુબ ભારી; નવરાત્રી. ૩ આઠમે ફરાળ કરે, સહુ મનમાં હરખાંતે; ભગત મંડળી કરે ભગતી, ગુણ તેરા ગાતે; સુરત સેહેરના લોક મળે સહુ, દરશણુ કે આતે, મોહી માલણ બેઠા વેચવા ખાવાના લાતે; અંબાજીને ડેરે સુરત ખુબ મચી ધુંમ ભારી; નવ દીવસ. ૪ કઇક ભગત ગુણ ગાયે તમારા છંદજ લલકારે; હરકિસંન કે વીજીયાશંકર થે તઇયારે, ડાયાભાઈ બોલે રાંમ શંકર, કહે ચુનીલાલ પ્યારે; પરસોતમ કે વીજ ભુખ્ખણદાસ છંદજ લલકારે; અમીચંદ કહે હાથ જોડી સહુ, ભગતી કરેતારી; નવ દીવશ નવરાત્રી. ૫

છંદ.

અંબામા તારૂ દરશણ દુર્લભ, દરશણથી દુખ ભાગેછે;
અરજ કરી માને શીશ નમાવું, ધન ભાગ્ય મારૂ આજેછે. ટેક.
લક્ષ ચોરાશી ફેરા ફરી, મનખા અવતાર ધરાબ્યોછે;
ગુલાંમ તમારો આવ્યો મુસાફર, માયામાં લપટાબ્યોછે.
કામ ક્રોધ મોહ મછર માયા, દુરમતી પર ધાયો છે;
લોભ લેહેર એક નદીયાં વેહેછે, ઉસમે જીવ ડુબાયોછે.
તમબીન પાર ઉતારે કોણ મા, ભકતનકે શીર ગાજેછે. અરજ કરી. ૧
કોઈ વખત જીવ જાય ધરમ પર, માયા પાછી લપટાવેછે;
આકીન હમારૂ રેતુ નથી, મારૂ પાપ મને અથડાવેછે. હવે ઉપાય શું કરૂ માજી, હમકુ કાંઇ બતલાવેછે; ચાકર પેઠો ચીંતા માંહે તું, મારા દીલને બહુ ધભરાવે છે; મારી હકીકત સહુ તું જાણે, ઘટ ઘટમાં બીરાજેછે. અરજ કરી માને. ૨ નામ નીરંજન તું દુઃખ ભંજન નીરધનને ધન આપેછે; વાંજીયા દોશ વાંજીયાનો ટાળી, તેને ફરજન આપેછે; ભગ્ત કરે મા ભગતી તુમારી, તેને દરશણ આપેછે; જનમ જનમના પાપ નીવારણ, એક પલકમાં કાપેછે; બહુચર બાળી અંબા દયાળી, ભગતનકુ શીર ગાજેછે. અરજ કરી માને. ૩ મારી હકીકત કહી મેમાયા, તુમબીન કોણ મીટાવેછે; બ્રહ્મા વીશનું રૂદ્રને કહીયે, તે તારા ગુણ ગાયેછે; સરવ દેવના દેવ તમોછો, તેરા નામકુ

ધાયેછે; મહારાજ ગીર કહે સત્ય સદને, અમર પદ પાવેછે; અમી ચંદ કહે છંદ બનાવી, તારે હાથ મારી લાજેછે. આજ કરી મા. ૪

છંદ.

જુવો માજી હું કહુ તે સાંભળો, બહુચર અંબા દીન દયાળ; સંકટ દુઃખ મારૂ કરો નીવારણ, કર જોડી કહુ તારો બાળ. ટેક. ભુલ્યા ભટકતા ફીરૂં જગતમે, છોડી હમારા દેશ વતન; તુજ બીન મેરા કોઈ નહી એસા, જીવ કાયાકા કરો જતન; સતસંગત સુબુધી આપજો, કર જોડી કહું સત્ય વચન; કામ ક્રોધ કુબુધી ટાળજો, નીરમળ અંગ મારૂ કરજો મન; ઘણું ઘણું શું કહીએ અંબામા, રાખી ફીકર કરજો રખવાળ. સંકટ દુખ. ૧ બીજી અરજ એક સુણજો અંબામા, રાગ સબંધે આયાજ અહી; બદગી કરી તારૂ દેણ મટાવી, ઝટપટસે ફેર જાના નહી; મુદત બાંધીને આયા જગતમે, ઉસ દીનકી મુને ખબર નહી; કર જોડી મા સવાલ કરૂ, મારા મનના મનોરથ પુરજો સહી; જાન અચાનક પડશે કાયા, જમ જીવ લઈ જાશે તતકાળ. સંકટ. ૨. ઉસ દીન મેરા બુરા હાલહે, કર જોડી કહું પાયે પડી; ઉસ ખાતર સબુધી આપજો, તુમકુ કયા કહું ફરી ફરી; ગર્ભવાસમાં રહી કરીને, જે વાતો કરીતી બડી બડી, ખુલ્લા બંધ દુનિયામે આયા, ગફલત માયા જાળ પડી; તરણ તારણ તુમતો જગતમા, તેરા નામકી પકડી ઢાલ; સંકટ. ૩ હવે માજી મારી ફીકર તમને, કર જોડી કહુછું કંગાલ. જશ અપજસ માજી છે તમને, હું અગનાંની તારો બાળ; જેવી તરેહથી બુધી આપશો, તેવી તરેહથી ચાલીશ ચાલ; તારા ભગતની નીંદા કરશે, તે નરકે પડશે ચંડાળ; અમીચંદ કહે છંદ બનાવી, કરી કરૂણા સુબુધી આપ. સંકટ દુખ. ૪

છંદ.

જળબીન તલપે મછલી અંબામા, દરશણ બીન તલપે તેમ નેણ; નેણ નીરખસે નખસીખ જબીમાની, જદ કાયામે હોવે ચેહેન. ટેક. ચહેન પડે ચસમોસે દેખે, ચતરૂ ભુજમા ગુણગંભીર; ભીડ ભાગે મારી સારદા ભવાંની, દરશણ બીન નહિ રહેતી ધીર; ધીર ધરે નહિ જીવ

હમારો, નેત્રથી વહી ચાળે નીર; નીર જમનામે તલપે ગોપીકા, કમ કદમ લે બેઠ ચીર. ચીર બીના જેમ તલપે ગોપી, દરશણ બીના તલપે તેમ નેણ, નેણ નીરખસે. ૧ ચેહેન પડે નહી દરદીકુ તેમ, દરશણ બીના મુજકુ ના સુખ; સુખ સમરણ મા રખુ તુમેરા, જેમ ભુખેકી ભાગો ભુખ. ભુખ રખુ દરશણકી તુમારી, નખ શીખસે નીરખુ મા મુખ; મુખ ભરી ચસમેસે દેખુ, જદ કાયાકા જાવે દુઃખ. દુઃખ દુર કરાંયે દીન દયાળી, અંખેકુ તુમ આસો નેણ, નેણ નીરખ. ૨. ચેહેન પડે નહી ચાચરવાળી, શેવક તમારો કરે ટળવળ; ટળવળ કરીને દરશણ માગુ, કાળ આવશે અચાનક અદલ; અદલ આવી જદ પડ રેહે કાયા, ઝટપટસે દમ ચલા નીકળ, નીકળ ગયે જમ લે ગયે બાંધી, મનખા અવતાર જાશે અફળ; અફળ સફળ દરશણથી હોવે, અંખેકુ મીલ જાવે નેણ; નેણ નીરખસે. ૩ ચેન પડે નહી સીતા બીના જેમ, રામચંદ્ર રઘુવીર ફીરે; ફીરે હનુમાન શોધ નીકાળે, કુદી સમુદ્ર લંકામે ગીરે; ગીરે હનુમાન અશોક વાડીમે, રામ નામ દે મહા વીરે; વીર શબ્દ સુણી સીતાં માને, તતક્ષણ આવી ધીરે; ધીર આવી જોઈ રામ મુદ્રીકા, તેમ દરશણથી સુખ પામે નેણ. નેણ નીરખસે. ૪ ચેહેન પડે નહી તેરા ચાકરકુ, લક્ષ ચોરાશીકા ફીકર બડી; બડી હકીકત માજી તુમારી, ગફલત માયા જાલ પડી. પડી કાયા ફીર લક્ષ ચોરાસી, આ ભવન નહી આવે ઘડી ઘડી; ઘડી પલકકી ખબર હે તુમકુ, આવો માજી તમે સિંહ ચડી. ચડી આવો કહે અમીચંદમા મહેર દ્રષ્ટીથી મીલાવો નેણ. નેણ નિરખે. ૫

છંદ.

સાચુ સમરણ અંબામાનું આ સંસાર સઘળો ખોટો, છેછે છેછે નથી નથી મા જેમ પાણીનો પરપોટો. ટેક. કાચી કાયા ઘર બાકુની, પંચ તત્વનું થયું તૈયાર; જીવ મુસાફ આવી રહ્યો મોહી, અવધ બાંધીને ધર્યો અવતાર. કાયા શેહેરમા મન સોદાગર, પ્રવૃતી નીવૃતી બે નાર; પ્રવૃતોના પાંચ પુત્ર, કામ ક્રોધ મોહ મદ નિરધાર, તે પાંચોયે વેપાર કીધો, તે વેપારમાં લાગ્યો ટોટો. છેછે છેછે. ૧ તુટી પેટી સુ-

ટી કાયા, નથી જમડાનું વાધ્યું જોર. નાઠી પરવરતી નાઠા પુત્ર પાંચ કામ ક્રોધ જે ચોરના ચોગ, કરનારા તો ખશી ગયા પણ જીવ બાપડો પચ્યો અઘોર; ચોર કરી જેમ બાંધ્યો જીવને, માર માર કરી ઘોર બકોર. પડે મારને રૂદન કરે જીવ નિર વરતી સામુ જોતો. છેછે છેછે. ૨ નિવૃત્તી કેહે સુણો રાજા, પ્રવરતી હમારી ખશી ગઈ; નીવરતીના પુત્ર ધરયા જે દયાધરમ હીરદે વસી વસી,તપજપ કરે ધરમ ધ્યાન તેને બીજી વાતની ચુંપ કશી. આખર વખતે વીમાન આવ્યું અંબા નામસે ગયો બેશી, નીવરતીથી સ્વર્ગે ગયો જીવ પ્રવરત્તીથી રોતોતો. છેછે છેછે. ૩ પ્રવરતી મારી દુર કરી, નીવરતીનો કરાવજો સંગ; જોબન જુવાની જતી દેહેશે. જેમ ઉડી જાયે ગુલાબી રંગ, મારાજ ગીર કેહે ભુખણદાશ તેને જીતી જગતમાં કરી સતસંગ; અમીચંદ કહે છંદ બનાવી, ગીડ ગીડ તાલ બાજે મ્રદંગ; જનમ લઈ જનુની નહી જણ્યો, મીથ્યા અવતારછે ખોટો. છેછે છેછે. ૪

છંદ.

સગરૂ તો રૂઠે સભામાં, તુમ રૂઠે સંતાપ હુવા, વિમળ વસીના, વસીના દેરાં જલબલખાખ હુવા. વિમળવસીના. ટેક. વિમળ વસી નામે એક શાવક, બાપમુવે બેજાર હુવા. તેની માડી પરઘેર, પરઘેર ભરે પાણીના ચાર હુવા માડી પરઘેર.પાંચ વર્ષનો વિમળ બાળેક,દુઃખીયા અપરમપાર હુવા. મોશાળ જઈ વશીયા,વશીયા નાધંનીયા નોધાર હુવા મોસાળ જેઠીયા. જા નિશાળે ભણ્યો નહી કાંઈ, પેલા જનમનાં પાપ હુવા, વિમળ વસીના. ૧ મામા ઘેર જઈ ભાણેજ વશીયા, ગાયો ચારી ગોવાળ હુવા, વિમળ વસીના. વસીનાં માજી એવા હાલ હુવા વિમળ વસીના. એક સમે ગુરૂ ચરણે લાગ્યો ગોર કહે શાવક બાળ હુવા. તમે સુણો વિમળજી, વિમળજી કરજો ધરમ તમે વાહાલા હુવા. સુણો વિમળજી. વિમળ કહે કેહેશો તે કરશું. ગુરૂ તમે મા બાપ હુવા. વિમળ વસીના. ૨ આરાસુરમાં અંબામાવા, વિમળપર પરશન હુવા, માની ગાયો ચરાવી, ચરાવી વિમળ તો તન મન હુવા, ગાયો ચરાવી. સઉ સઉની તો ગાયો સોંપી વિમળ વિચારે મન હુવા.આ

ગાયેજ ક્રોની, ક્રોની કહી અંબાજુવાન હુવા, ગાયજ ક્રોની. ગોવાળ જાણી કરી કરૂણા દરશણ આપો આપ હુવા. વિમળ વસીના. ૩ અંબા માતા જકતજનુની તું જુગ જુગ દાતાર હુવા. વિમળ વસીકુ. વસીકુ દોલત અપરમપાર હુવા. વિમળ વસીકુ. ગુરૂ કહે બંધાવો દેહેરાં માજીકા આધાર હુવા. જઈ કહ્યું માજીને, માજીને રતોવાઈ તેયાર હુવા. કહુ માજીને. દેરાં બાંધી કોણ પરતાપ પુછ્યુ, વિમળ કહે ગુરૂ પરતાપ હુવા. વિમળ વસીના. ૪ એકસો આઠ તો દેરાં બંધાવ્યાં, આરસ પાહાણ ચમકાર હુવા. ગુરૂ પરતાપ સુણી. સુણી માને ક્રોધ અપરંપાર હુવા. ગુરૂ પરતાપ સુણી. નાસ વિમળ કહી છુટી જવાળા ડેરા પ્રલેકાર હુવા. મા પરતાપ કહીને, નાઠો વિમળ હાહાકાર હુવા. મા પરતાપ કહીને. જુઓ માજી મને માફ કરો એ દેરાં તમ પરતાપ હુવા. વિમળ વસીના. ૫ ગદ ગદ કંઠે કરે વીનતી, હવે માજી મને બાન હુવા. દુઃખીયારો જાણી, જાણી તમથકી એશાન હુવા. દુખી-યારો જાણી. મા પ્રતાપે પાંચ દેરાં રાખ્યાં, ગરીબનીવાજ મેહેરબાન હુવા. મા રાજગીરકુ, ગીરકુ માજી તુમારા ધ્યાંન હુવા. મારાજગીરકુહે અ-મીચંદ કહે છંદ હરફ કડીબંધ, માજી તંમ પરતાપ હુવા. વિમળવશીના. ૬

છંદ.

અંબે ગરીબનીવાજ આજ તું, મેરી મદદ રેહેના ચઈએ, સકળ સભામે, સભામે મુજે ગ્યાન દેનાચઈએ. સકળ સભામે. ટેક. મેતો ખડા હજુરે તુમારા મજુર, સાહે કરના ચઈએ. માજી હમારી હમારી અરજ કાન ધરના ચઈએ માજી હમારી. મે કરગરૂં કંગાળ તુ મારા બાળ, દુઃખ હરના ચઈએ, આદ ભવાંની, ભવાંની હમકુ તેરા દરશણ દેના ચઈએ, આદ્ય ભવાંની. તુમ તો માજી આવો હમકુ બચાવો. મેરી સંભાળ લેના ચઈએ, સકળ સભામે, સભામે મુજે ગ્યાન દેના ચઈએ સકળ. ૧ આવી તમારે ધામ. જપુ મુખ નામ, ગુણ ગાના ચઈએ. હમકુ માજી, માજી તેરા દરશણ પાના ચઈએ હમકુ માજી. કોઈ કોઇને અનેક હમારે એક ટેકા આના ચઈએ. માજી તુમારે તુમારે મારી વાહારે ધાના ચઈએ. માજી તુમારે. સંકટ દુઃખમાં કાપ, તમે મા બાપ,

તમકુ કેહેના ચઇએ. સકળ સભામે. સભામે. ૨ માત તાતને ભ્રાત તમે છો તેરા નામ સાહાના ચઇએ. ગુણ ગંભીર તું, ગંભીર તું તેરા મન માના ચઇએ ગુણ ગંભીર તુ. મોઘાર્યાં નીરખન તારૂં કુરજન, દયા લાના ચઇએ. મુજ બાળકપર, બાળપર, માજી તુમને ચાહાના ચઇએ મુજ બાળકપર. મારૂ નથી માં કોઈ, એકલો જોઈ મદત રેહેના ચઇએ. સકળ સભામે. સભામે મુને ગ્યાન દેના ચઇએ. ૩ એ માયાકા સંસાર, તેરા આધાર, જસ દેના ચઇએ. તેરા દાસકુ, દાસ કુ તેરે શરણ રેહેના ચઇએ. તેરા દાસકુ. ભીડ પડે ત્યાં આવી, હમકુ બચાવી, ઝટ લેના ચઇએ. માજી હમકુ, હમકુ સબુદ્ધિ દેના ચઇએ. માજી હમકુ. કહે અમીચંદ કે છંદ બનાવી, આંબે આંબે કેહેના ચઇએ. સકળ સભામે, સભામે મુજે ગ્યાન દેના ચઇએ સકળ સભામે. ૪

છંદ.

મારી અરજ સુણો, અંબામા બહુચર બાળી, માહાલક્ષ્મી મારી માત કરો રખેવાળી. ટેક. માનું તખત દેખી રૂડું કે અપરમ પારે, માયેનખ સીખ સજ્યા સણગારે ગલે બીચ હારે. હાથે કડાં સાંકળાં રત્ન મણી ઝળકારે, મા એ જડી દંતપર રેખ કરે ચમકારે, ધુંમ છનન છનન બાજે પાઉમે પાએ ઘમકારે, શીરે મુંગટ છત્ર ઓર નેણમે કાજળસારે. દામણી ફુલ અકોટી નાકમે વાળી, માહાલક્ષ્મી. ૧ હું ભુલ્યો ભટકતો આવ્યો તમારે દ્વારે, માને દંડ વ્રત પ્રણામ કરૂ નમસ્કારે. તું આદ શક્તી મંમાયાનો અવતારે, કીયા સ્વર્ગે મર્ત્યું પાતાળ કે નવલખ તારે. તુ નીર્ધનની આ નોધારાની આધારે, તે જળ સ્થળ મેરૂ પ્રગટ કીયે સંસારે. બન બનમે બનસ્પતી ખીલ રહી હરીઆલી, માહાલક્ષ્મી. ૨ જીવજંતુ પશું પક્ષીની કરે બર દાસે, તુ ઘટઘટ બ્યા. પીક આપ રૂપ પ્રકાશે. હુ અજ્ઞાની અપરાધી તમારો દાસે, જુવો મેહેર દ્રષ્ટી મારૂં પાપ પ્રલેકાર થાશે, તારૂં નામ ગરીબની વાજ પુરો મારી આશે. કરગરી માગુ કંગાલ તમારી પાસે. મારા મન નામનો રથ પુરોની ખપર વાળી, માહાલક્ષ્મી. ૩ આજ આણંદ ભાયો તેરે દરશણસે સુખપાયા, થયુ પાપ નિવારણ નિરમળ હો ગઈ કાયા.

કહે માહારાજ ગીર મોહમ સરછોડી માયા. કામ ક્રોધ તજી તેરે નામસે ધ્યાન લગાયા. સંવત ૧૯૨૬ મે છંદ બનાયા, ભાદરવા સુદ આણંદ ચોદશે ગાયા. કેહે 'અમીચંદ મા પાર ઉતારો હાથ ઝાલી. માહાલક્ષ્મી. ૪

છંદ.

અરેતું કેમ જાયે ભુલ ભુલ, મારને માજી નામકી હુલ. અરે તું કેમ જાયે ભુલ ભુલ. ટેક. ત્રેતાયુગમાં સીતા માતા લંકાહતી અનમુલ, રાવણ મારી લંકાબાળી, ત્યાંતો ઉડતી ધુલ, અરે તું કેમ જાએ ભુલ ભુલ. ૧ દ્વાપરમે દુર્યો ધન રાજા, ઘણા ફરે ફુલ ફુલ, તે પણ રણમાં ગયો રોળાઈ, જીત્યા ભીમ નીકુળ. અરે તું કેમ જાયે ભુલ ભુલ. ૨ આ પૃથવી પર કંઇક થયા, કંઇક થશે અજી અનમુલ. સદા ફરે અપર માતાનું, શોભે હાથ ત્રીશુળ. અરેતું કેમ જાયે ભુલ ભુલ. ૩ ભવજળ પાર ઉતારો માજી, અરજ કરો કબુલ. અમીચંદ કેહે જુવો મેહેર દ્રષ્ટી, જાવે ભાયેગ ખુલ. અરેતુ કેમ જાએ ભુલ ભુલ. ૪

શ્રી બહુચરાજી કાવ્ય.

પરભાતિયાં.

હું તો પાય પડું પરમેશ્વરીને મારા પ્રાણ થકી પ્રીતે;
પુરૂષ પ્રેમદાના પાપ પ્રજાળણ, પાળણ પ્રતિતે. હું તો. ટેક.
નરક નીવારણી નામ નારાયણી, જોજન લે નીત્યે;
ખ્યાલ કરે નર નાર સંસારમાં, રાખી રાજ રીત્યે. હું તો. ૧
બ્રાહ્મણ થઇ ભજે નહી ભવાની, ચાહી એજે ચીતે;
બહુચર બુધ પ્રસિધ કીર્તિ, ભટ વલ્લભને રીત્યે. હું તો. ૨

અંબા વિના કોને રે બહુચરબાઈ વના કોને.
હું તો નિચો નમી નમસ્કાર કરૂ, ન ભવાની વિના કોહોને. ટેક.
જળ સ્થળ જંત્ર ત્રિલોકનું દઇવત, એ બશકે એહને;
અમીત થઈ મન નિશ્ચળ કરીને, પદ નમવું એહને. હું તો નિચો. ૧
ઈશ્વર વિષ્ણું વિરંચી નિરંતર, આરાધે એહેને;
વેદ પુરાણ શાસ્ત્ર શાખ દે, તો ભજવું એહેને. હું તો. ૨
એવી જગત જનેતાની ભકિત વિના, ન જણાયે ગત કેહેને;
વલ્લભ ચીત્ત ચળ્યું, નિરખી ગોખ ચાચરને એહેને. હું તો નાચો. ૩

શીશ નામુ સનખલ પુર રાણી, સામી મંને જાણી;
સુખે સંસારનું તારણ શકિત, તે વેદ વદે વાણી. શીશ. ટેક.
ભાવ કુભાવ સુરાસુર સેવે, જે જન બ્રહ્માણી.
જીવન મુકત તે જીવન જકત, મા તે કર્યા કલ્યાણી. શીશ. ૧
આદ્ય અનાદ્ય અગાધ ઈશ્વરી, વિશ્વે વખાણી;
બ્રાહ્મણ ધધને વિના અકલે, ભટ વલ્લભે વખાણી. શીશ. ૨

ભેરવી.

ભજો માત બહુચરાને, ભાવશું ભવાની;નપુસકને પુરૂષ કીધ,પ્રથમ એ નીશાની.ભજો. ટેક. શકિતને વશ જગત સરવ,સુરીનર મુની સાંની;શકિત

ગયે ગળે ગર્ભ, ચળે ધર્મ ધ્યાંની. ૧ અવર દેવ અરજ કરે, એ ન કરે હાંની; ભજો.૨ સમર્ચ્યાં બધ્ય કાજ સરે, વાત સુણે છાની. ભજો. ૩ ભીડ ભાંગી ભુરને ભુતળ, ભલાં ભલાંની; ભટ વલભની વાત માની, માત મેહેરબાંની. ભજો. ૪

બહુચરાજી માત ભજે ભવની ભીડ ભાંજે; ઇંદ્ર ઇશ વિષ્નુ અજે, જો ઉગાર્યા આગે. બહુ. ટેક. નરને નારી એ વિચારી, પ્રેમે પાયે લાગે; સકળ સમરથ આપે સારી, ઘેર નિશાન વાગે. બહુ. ૧ આદ્ય અંત્ય અમર કરે, ચરણે ચીત લાગે; અધમ બુધિથકી ઉધરે, દુઃખ દરીદ્ર ભાગે. બહુ. ૨ કિપા સિંધુ કૃપા કીજે, ઇશ્વરી અથાગે; ભટ વલભને ભકિત દીજે, એ ભાવે ભવ માગે. બહુ. ૩

તે તારચા સંસાર જેણે શકિત શેવીરે; ઉતારચા ભવ પાર, બહુચર બાળા દેવીરે. ટેક. પોષે પાળેને સંભાળે, માત એવીરે; ખવરાવે ધવ-રાવે માત, જનુંની જેવીરે. તે તારચા. ૧ ચાચર ચામુંડા કરત દંડ, પરચા વાળીરે; પાવા વાળી આરાસુર વાળી, દેછે તાળીરે. તે તારચા ૨. અરજ વેગે આદ્યજીને, નવ કોટી દાસીરે; મદ ભરીયો ભટ છંદે નાચતા, હીંડયો કાશીરે. તે તારચા. ૩

બહુચરાજી માત ભજો, ભકિત ભાવેરે, અંતર અભિમાંન તજો; અવનીમાં આવેરે. ટેક.

દુઃખ ન પામે દેહ ધરી, તજે ત્રિ તાપેરે; સ્વર્ગ મૃત્યને પાતાળ, અંબા આપેરે. બહુ. ૧ સકળ મા સીધ આપે, જે શિશ નમાવેરે; પોતાનો કરી થાપે, નાહે કુંડ વાવેરે. બહુ. ૨ મારકુંડ અમર કીધો, ઇશવરી અંબાએ; ભટ વલભ ઉગારી લીધો, ગરબા ગવરાવેરે. બહુ. ૩

પદ.

મુજરો લેજો મારો માજી, મુજરો લેજો મારોરે; શકિતને જાચુ અવર ન રાચુ, પાલવ સાહ્યો તમારોરે. ટેક. અવનીમાં અવતરી નીર-

બી,બહુચર પાર ઉતારોરે; પાપી હતા તેને પાવન કીધા, નામ લેતાં ઓધારોરે. મુજરો. ૧ સનખલ પુરમાં તું છે સાચી, ખાગોચીયામાં નાહ્યોરે; કહે ભટ વલભ અણુસમંજી મા, પલકમાં પાર ઉતારોરે. મુજરો લેજો મારો માજી. ૨

સલખનપુર ગામનો ગરબો.

સલખનપુરે ગામની શેરીયો, તેતો મુને જોવાની ખાંત; ગળી ગળી ફરૂ ફેરીયો, નીરખુ અવનવી ભાત. સલ. ૧. મોટા મંદીરને માળીયાં, ઉચા સ્વર્ગ આવાસ, ગોખ છજાને જાળીયાં, ઓપે અતી ઊજાશ. સલ. ૨. વરણ ચાર વાસો વસે, બીજી એને બાર, દાન દયા કાયા કસે,પાળે કુળ આચાર. સલ. ૩ પરથમ પોળે પેસતાં, પુરવ દશાની પાસ, દોશી દુકાને બેસતાં, દીસેનીલ વિલાશ. સલ. ૪ આંગી આઘકા મુલની,ઓઢણી લાલ ગુલાલ, કસબ કોર મોહોળ તુલની, ઝગેકે ઝાક ઝમાળ. સલ. ૫ ચીર ચુંદડીને ઘાટડી, સાળુ કસબી સોહાય; ભરી ભરી બેઠા હાટડી, સરવે શેવક વસાય. સલ. ૬ ઉત્તર દશાની ઓળમાં, ઓળા ઓળે હાટ, બાંધી બધ મધ્ય પોળમાં, લખપતી ગાંધી રહે પાટ. સલ. ૭ શ્રોફળ સુંદર સાકરો, ખાંડ ગોળ મદસાર; પંચામ્રત ઢગલા કશા, ભરીયો બધ બજાર. સલ. ૮ એળચી લવંગ સોપારીયો, તજ ઉત્તમ ફળ જાય; મા માટે નર નારીયો, લઈ લઈ પંથ પળાય. સલ. ૯ દક્ષણ દરબાજા ભણી, સામા સોનીડાની હાટ, બેઠા તે બધા બની ઠણી, શીર કેસરની આડ. સલ. ૧૦ નીત્ય નીત્ય ઘાટ નવા ઘડે, લઘ સોનાના સાફ. મણી માણક જડીયા જડે, વિવિધ વિચિત્ર બનાવ. સલ. ૧૧ આભુષણ જેને જેવા, ઘડીયા ઘાંટસુ ઘાટ, શેવક દેખીને અવનવા, લે બહુચરને માટ. સલ. ૧૨ પશ્ચિમ દિશાયે પેશીયે, પાસે પાસે છે પોળ; ડાબાતે જમણી દેખીયે, સામી સેરયા ઓળ. સલ. ૧૩ કુંમ કુંમ કેસર સુકડો વાતી અગર કપુર, પાસે ઢુકા ઢુકડે, મધ્યમાડો શીંદુર. સલ. ૧૪ ચુવા અત્તર ને અરગચો, નાડુ તેલ બરાસ, અબિલ ગુલાલ માંહે

અરેગમો, લે બહુચરના દાસ. સલ. ૧૫ ચાચર બેઠાં ચોકમાં. માળી બધ ભરાઈ, સદા ખુસી રેહે શોખમાં, મનમાં કરે ઠકરાઇ. સલ. ૧૬ જાઈ જુઈ ને માલતી, મોગરો એક બરાસ, મોગરો ચંપક માલતી, ભરી કેવડીયે છાબ. સલ. ૧૭ શુ મન મોહે સોહાવતાં, ગુણ શું ગુથે છે હાર; શેવક સરવે વસાવતા, બહુચરનો શણગાર. સલ. ૧૮ સોડે સુખડીયા રેહે, વશીયાં સરવે સમાઈ, લાખો પત્ય સહુ કો લહે, મોહો આગળ મીઠાઈ. સલ. ૧૯ જોતાં તે બાગે ભુખડી, જન સહુ આવ્યા છે જાત, સાતે ભાતની સુખડી; ભરી બેઠા છે પાસ. સલ. ૨૦ ખાસ ખંજોણા ખાંડલા, નીરખી માને મંન; ભોજન ભરી ભરી ભાળતા, લે શેવક રાજંન. સલ. ૨૧ પાસે તે બીડા પાંનનાં, બેઠા બધે જોય; તંબોળી છે માનમાં, નગરે નાવે કોય. સલ. ૨૨ કાથો કેવડીયો કરચો, ચુનો ચળકે સપેત; સોપારી સરસો ભરચો, એક બરાસ સમેત. સલ. ૨૩ પાકાં પાંન પ્રમાણીયે, સરવે મશાલો ખાસ; શેવક લેતાં જાણીયે, બહુચરનો મુખ વાસ. સલ. ૨૪ મધ્ય માતા રેહે માનમાં, મદ મદ મેવા ફરાંસ; સંગ રંગ રસ તાનમાં, જોખી જનને સોખ. સલ. ૨૫ દ્રાખ ચારોળી બદામશું, પસ્તાં પાસે અખોડ; અવરેન જાણું નામશું, ભરી મેવ કપરોટ. સલ. ૨૬ મધ્યે અત્તરે મરડીયા, બેઠુ બધ્ય માજંન; જુગમાં ન મળે જોડુયા, આજ એવા રાજંન. સલ. ૨૭ ચતુર રંગ ચળકે ચુડીલા, બાળા બાહ્ય પ્રમાણ; રાતા રંગે અતી ચુડીલા, આશ્યાં કરૂ વખાણ. સલ. ૨૮ નોતમ નંગ બનાવતાં, ગોરા ગજના દંત; શેવક લેવા આવતા, મહોરે જાતા વંત. સલ. ૨૯ ભાગોળે ભેળા થયાં, નર નારી સહુ સાથ; ચાચર બહુચરને ગયાં, બધ્ય પુજાપો હાથ. સલ. ૩૦ પહેલે ચાચર પુજતાં, પુરવ મહોલ પળાય; કોકીલા કંઠે ગુજતા, ગુણનીધ્ય ગરબો ગાય. સલ. ૩૧ વાજાં ત્રિવિધ વજાડતાં, છંદે છંદે છોળ, ભક્ત મળે મનલાડતાં; મળીયાં માને મહેલ. સલ. ૩૨ ગોખ જોખ મા જોઇને, પેહેલે પધાર્યા ચર્ણ; મન સહુનુ રહ્યું મોહિને, ઉભી હરાડ વર્ણ. સલ. ૩૩ કુંમ કુંમ બાલ ક-

ડાવીયાં, અવર રૂપાના વરેગ; આંગી અંગ ચડાવીયાં, ઓઢણી [સુબ સરસ. સહ. ૩૪ પુજાપો બંધ્ય પ્રેમશું, લાવ્યા સંગ સમસ્ત; નવ દિન નિત્ય નિત્ય નેમસુ, સર્વે સમર્પે વસ્ત્ર. સહ. ૩૫ બ્રાહ્મણ ભોજન કરવા, દ્વિજને દિયે દક્ષણાય; ગુણ ગાતાં ગવડાવતાં, કેમે ત્રાહ્મન થાય. સહ. ૩૬ દશમે દિને દેવી થકી, મળીયાં માગી વિદાય, સહુ કહે કોણ કહે કથી, બહુચરીનો મહિમાય. સહ. ૩૭ દેવ દેવી દુર્નીયા કહે, સુખ લેવાને સંસાર, બરદ બહુચર બરદ લહે, નોધારા નિ આધાર. સહ. ૩૮ મંદિર આવ્યા માલતા, નરે નારી વૃદ્ધબાલ, શત્રુ તણે ઉર સાલતા, સુખમાં કાપે કાળ. સહ. ૩૯ ગરબો સલખનપુરે ગાંમનો, ગાશે જે નરે નારે; પરતો માના નામનો, પાંમે પદારથ ચાર. સહ. ૪૦ જીવે રાજ ગુણ ગાઇને, તે જન જાણે જાત, વલ્લભ ધોળાભાઈને, બહુચરે માત વસાત. સહ. ૪૧

મા મંદીર આવ્યાં તેનો ગરબો.

સલખનપુરે સોહામણું મા મંદીર આવ્યાં, બહુચરે લીલ વિલાશરે મા મંદીર આવ્યા. સુભ ગોખને ભાંમણે મા મં. ઝળ હળ જોત પ્રકાશરે મા મં. ૧ મુહુર્ત વિના મહિમા અધિક મા મં. ગોખ જોખ નિજ ધાંમરે મા મં. પ્રત્યક્ષ જોતાં અધિક મા મં. દેવ દેત વિશરાંમરે મા મં. ૨ અકળ ચરિત્ર કળે ન કો મા મં. અગમ અભેદ અછેદ રે મા મં. તુજ વિના અવર મળે ન કો મા મં. વાણી વખાંણે વેદરે મા મં. ૩ કીપા કરી કુળી કાળ મામા મં. કર્યા ભક્તના કાજરે મા મં. નિજજનને પ્રતી પાળકા મા મં. પ્રગટયાં બહુચર આજરે મા મં. ૪ પશુ પંખી નરે નારે રે મા મં. કર્યાં કર્મ નિસ્તારરે મા મં. કઈ તાર્યા અનુહારે રે મા મં. અગણીતગુણ વિસ્તારરે મા મં. ૫ પ્રથમ કટકપુર કાળરી મા મં. સોળંકી રાજંનરે મા મં. આદ્યે કરી અમરાં પુરી મા મં. સુખી પ્રજાને પ્રધાનરે મા મં. ૬ શિશુ એક વર્ષ બારના મા મં. પશુ ચરાવે વંનરે મા મં. તંદુળ લઇને ભારેતા. મા મં. બેઠા સહુ આસંનરે મા મં. ૭ એક કહે અવટાવંચે મા મં. પ્રગટ કરીને પાત્રરે મા મં. બહુચરને આરોગાવીયે મા મં. આજ માડીયે જાત્રરે મા મં. ૮ ગોખ

ખણ્યો માટીખણી મા મં. વૃક્ષ વરખડી ને થડરે મા મં. ઉભા સહુ પાયે પડી મા મં. કર કર વરખડી છેડરે મા મં. ૮ એક કહે કૃપા આજરે મા મં. કરે કુમાર વિચારરે મા મં, એક પાત્રને આહ- રે મા મં. કરે ને વેદ ન મારરે મા મં ૧૦ એકે સાંભાળી કુલડી મા મં. ધરેચો ગુજે હાથરે મા મં. કર ગ્રહી કાડી કુલડી મા મં. હસ્યા શિ- શુ સહુ સાથરે મા મં. ૧૧ એકે કહાડી તે અરિ કરી મા મં. તાંદુળ ભરીયું અંનરે મા મં. એકે ચૂલ્હ ખાણી ધરી મા મં. કીધો હુતાશંનરે મા મં. ૧૨ તાંદુળપાક ઉતારીયા મા મં. કરી કુલડી થાળરે મા મં. શિશ હાથમાં સારીયા મા મં. ઉભા સહુ ગોવાળરે મા મં. ૧૩ મહિષ એક જઈ લાવીયા મા મં. ગ્રહી કરણે હાથરે મા મં. એક છડીયે ચ- ડાવીયો મા મં. પછું શિશ ભુમી માંહેરે મા મં. ૧૪ સખાયે સર્વ ક્રિડાનજી મા મં. ચકીત થઈ ગયાં બાળરે મા મં. એવે કોપીયે સૈન્યા સજી મા મં. પંથ પળ્યાં મહિ પાળરે મા મં. ૧૫ દેખી દુર બધા શિ- શુ ગયા મા મં રાય કે તેણે ઠામરે મા મં. જુવે તો ભોમ પડ્યો પ- શુ મા મં. મહિષ હણ્યો શે કામરે મા મં. ૧૬ પુછી રાય પ્રજન પ્રતે મા મં. કને નથી તરવારરે મા મં. મહિષ હણ્યા કેવી ગતે મા મં. કહો મુજ સર્વ પ્રકારરે મા મં. ૧૭ રાય સાંનિધ્ય કહે બાળકાં મા મં. આમ કુળ દેવ્યા એહરે મા મં. બહુચર સહુ પ્રતીપાળ કા મા મં. થાપ્યો છે ગોખ હમેશરે મા મં. ૧૮ મહિષ હણ્યો સોટિવડે મા મં. કુલડી એક નૈવેદરે મા મં. રાય રૂદે ગોઠવણ ધડી મા મં. ભુર વિચારે છે ભેદરે મા મં. ૧૯ નરપતી નમિ કરે વિનતી મા મં. અમો બળુક્ક પરદેશરે મા મં. તોયે બહુચરમા મોટી મા મં. સંચ લ્યો સરવે દેશરે મા મં. ૨૦ બાળક કહે સહુ લીજીયે મા મં. બહુચરનો પરસાદરે મા મં. પ્રાણિ માત્રને દીજીયે મા મં. ધરે નહી વિશ્વાસરે મા મં. ૨૧ કુલડીયેથી તાંદુર લઇ મા મં. ભરિ ભરિ આથે હાથરે મા મં. કો નવલે કશી કલા મા મં. તૃપ્ત થ- યો સહુ સાથરે મા મં. ૨૨ કટક કુલડીયે જમાડિયુ મા મં. નિરમુખ રહ્યુ નહી કોઇરે મા મં. બાળકને બાળા ગમ્યુ મા મં. વિફળ થયું દલ

જોઇરે મા મં. ૨૩ સૈન્ય સહિત શિખ્ખરાય થયો મા મં. પળ્યો પંથ તે નામરે મા મં. વિજ્ય કરી નગરે ગયો મા મં. થયાં સિદ્ધ સહુ કામરે મા મં. ૨૪ આવ્યો અસુર પારા ભણી મા મં. ભક્ષ કરયો ઝગડો હણી મા મં. કહે બહુચરી ગઇ કહી મા મં. ધારી ધર્મ વિરોધરે મા મં. ૨૫ મહત મુલ્યતો બહુ નહી મા મં. અભિમાને થયો અંધરે મા મં. કહે બહુચરી ગઇ કહી મા મં. મુંઢ બોલ્યો મતી મંદરે મા મં. ૨૬ ઝગ ભક્ષ કરી ભુમિયે પડ્યો મા મં. કહ્યુ જાસુ પરભાતરે મા મં. આવિ અંધ અહિયાં આડ્યો મા મં. રહિ પાછલી રાતરે મા મં. ૨૭ સર્વ ઝગડે સબ્દ સુણાવિયો મા મં. અન્યોઅન્ય ઉચારરે મા મં. ઉદર વિંધિને આવિયો મા મં. બહુચરી ક્યાં ગઇ તુ આ વારરે મા મં. ૨૮ મુઓ મરગડો થયો જીવતો મા મં. ક્ષણુ ન લાગી વારરે મા મં. લહ્યુ ન કોઇયે ક્યાં હતો મા મં. તતક્ષણ આવ્યો બાહારરે મા મં. ૨૯ ચાચર માંહે ઝગડો વસ્યો મા મં. સનમુખ ગોખ સોહાયરે મા મં. અસુરે આપ પરતો લહ્યો મા મં. પાગી પળ્યો પડિ પાયરે મા મં. ૩૦ બ્રહ્મ ભાટ કુળ અવતર્યો મા મં. મુન્ય રહ્યો વર્ષ તેરરે મા મં. મા સંગે ડેરે રહ્યો મા મં. કવિ કર્યો કુબેરરે મા મં. ૩૧ નગર નેણ અનોપથી મા મં. નારસિંગ અભિધાનરે મા મં. લક્ષ ગમે લખ્મી હતી મા મં. ઉદર નહિ સંતાનરે મા મં. ડરે ફેર ધરણીયે ઠોકિયો મા મં. ચેતો ઓત અદિશરે મા મં. રાયને અવિલોકીયુ મા મં. ઉપાશ્યું અતિ ઇશરે મા મં. ૩૩ તેડ્યાં વિપ્ર વરા બહુ મા મં. પરસન થઇ પરતક્ષરે મા મં; પ્રિત કરી પુજા સહુ કરે મા મં. કર્યા પાર્થિવ લક્ષરે મા મં. ૩૪ લક્ષ પુજા વિતી ગઇ મા મં, હવો યજ્ઞનો આરંભરે મા મં; હવન હોમ પુરાં થયાં મા મં, પોખ્યા બહુ વિધિ ભ્રમરે મા મં. ૩૫ દાન વિપ્રને દીધાં કઈ મા મં, હય ગજરથ ભંડારરે મા મં; દ્વિજ બેસે ટોળે થઈ મા મં, શિતાપતી ધન અવતારરે મા મં. ૩૬ આશીરવાદ દ્વિજે કરયો મા મં. દક્ષણ કર ગ્રહી દર્ભરે મા મં; વળ્યાં વિપ્ર ઘણા રહ્યા મા મં, દીવસ સાતમે ગરભરે મા મં. ૩૭ દશમાસે પ્રસવી સુતા મા મં, લહ્યું રાય તતકાળરે મા

મં. મહિપતને આવી સુતી મા મં, ટળી વાંઝીયા ગાળરે. મા મં. ૩૮ માતા એલાવે ખાંતમાં મં, કુંવર કરી ગાયરે મા મં; જન જન પ્રતે કહે કાનમાં મા મં, અનુચર વિસમે થાયરે મા મં. ૩૯ સજન સુખ સહુએ કહે મા મં, પ્રિત્યે હવું ઘર સુત્રરે મા મં; ભિનભાવ મનથી નવ ટળે મા મ°, શંકે પુત્રિ શંકે પુત્રરે મા મં. ૪૦ વસ્ત્ર આભુશણ સુતના સજ્યાં મા મં, જામો પટકો પાઘરે મા મં; નર નિરખે કરીને સજ્યાં મા મં, સ્ત્રિયો ન પામે તાગરે મા મં. ૪૧ દિન પ્રતે પ્રઉઢી થઈ મા મ°, જાણે જનીતા હર્ષરે મા મં; લઘુ અવસ્થા વહી ગઈ મા મ°. થયા પોતે દશવર્ષના મા મ°. ૪૨ કસન કુવર કહે માવડી મા મ°. કશન કુવર કહેછે લોકરે મા મ°. સુત ચડી બેસે ઘાવડી મા મ°. નગર કહે નર કોકરે મા મ°. ૪૩ રાજ કુવર રૂદે બળે મા મ°. પ્રગટી બુદ્ધિ પ્રકાશરે મા મ°. કારણ કોયે નવ લહે મા મ°. થાય વિશ્વ માહે હાસ્યરે મા મ°. ૪૪ શોચે કુવરી અટારીયે મા મ°. જો વગોવુ આપરે મા મ°. તો હુ મરૂ કટારીયે મા મ°. ગાળ માને બાપરે મા મ°. ૪૫ નર કાયા કરવા માટે મા મ°. મન નિરધાર્યુ મેટરે મા મ°. કહે કાશી જાવુ ઘટે મા મ°. નહિ કર જ ભિટુ બેટરે મા મ°. ૪૬ કરવત કાશીમાં ધરૂ મા મ°. ધરૂ ગોમતી માહેરે મા મ°. તેમ કાયા નરની કરૂ મા મ°. અવર નહી ઉપાયરે મા મ°. ૪૭ બુદ્ધ બળ છે બાળા વિશે મા મ°. કહે કોને નવ વાતરે મા મ°. જાવુ કો રખે દેખતાં મા મ°. નવ લહુ માને બાપરે મા મ°. ૪૮ શાવણ સુદી સપ્તમી મા મ°. પુષ્પ નક્ષત્ર ગુરવારરે મા મ°. જેને દિન સુધની ગમી મા મ°. હવે જાવુ નિરધારરે મા મ°. ૪૯ ગદાધરને સમરી તહાં મા મં. દાખુ ઢાળ સુદાયરે મા મ°. સંજ્યા વસ્ત્ર ક્ષણમાત્રમાં મા મ°. ઉઠી અર્ધ નિશાયરે મા મ°. ૫૦ સજ થઇ મંદિરથી પળી મા મ°. બળે ઉગાડ્યા બારરે મા મ°. હય શાળા નિરખી વળી મા મ°. વળી હઇયે સોચ અપારરે મા મ°. ૫૧ અશ્વ અશ્વની ઓળખી મા મ°. કર્યો કાઢડો સારરે મા મ°. ન લિધિ સહિકો સંગરે મા મ°. મનસુ કર્યો વિચારરે મા મ°. ૫૨ આગ્રે વિશુ એજ ઓચરી મા મ°. થઈ

અશ્વની અસવારરે મા મ૦. પરવરી જેમ જાયે પરી મા મ૦. પીડ્યા સહુ પ્રતિહારરે મા મ૦. ૫૩ નગર વિશેર્થી નીસરી મા મ૦. તજાં તન આયુશ્વરે મા મ૦. રૂદે દેવનુ ચૈતન્ન કર્યું મા મ૦. દેવુ દેહને દુઃખ રે મા મ૦. ૫૪ પુરૂષ પણાને પરહરી મા મ૦. પશ્ચમે કરેચુ પ્રયાણરે મા મ૦. દ્વારામતી નીરખુ હરી મા મ૦. કહાવે પુરૂષ પુરાંણરે મા મ૦. ૫૫ નીરભે થૈ ગે મારગે મા મ૦. પહોતી ઉદયા ભાંણરે મા મ૦. લહ્યું નકો વહાણે લગે મા મ૦. થયુ સહવારે જાણુંરે મા મ૦. ૫૬ રાવ રાણી સેજ્જ નથી મા મ૦. બેઠા પટ પરસાળરે મા મ૦. કુંવર હજી ઉઠી નથી મા મ૦. કહ્યું શરવે પાળરે મા મ૦. ૫૭ સુણી વચન સત્ય ધશી મા મ૦. કરવા લાગ્યા ભાળરે મા મ૦. સેજ સુની જોઇ ખરી મા મં. પડી ઉદરમાં ફાળરે મા મ૦. ૫૮ દાસ દાસી દોડાદોડ સૌમા મ૦. ખોળે સરવે અસવારરે મા મ૦. ઉપર મહેલથી ક્યાં વશા મા મ૦. કરી ખબર બધ વાસરે મા મ૦. ૫૯ રાંણી રડે રંગ મહેલમાં મા મ૦. ભોમ પછાડે શીશરે મા મં. તીકમ ચુક્યા ટેલમાં મા મં. તો રૂઠ્યા જગદીશરે મા મ૦. ૬૦ નારી કહે સરવે નારને મા મં. કરો કાંઈ મન સંતાપરે મા મં. ઉમાપતી સંભાળરે મા મં. કાં કરો કલપાંતરે મા મં. ૬૧ લખ્યો લેખ મટે ક્યા મા મં. પુત્રી તણા તે પાપરે મા મં. ઇશ્વરે મોટી આપદા મા મં. ટાળ્યો જગત અભી શ્રાપરે મા મં. ૬૨ રાયે રાણી પ્રીછવી મા મં. મનમાં વાળ્યો સંતોષરે મા મં. સમજ્યા બે અન્યો અન્યરે મા મં. પુત્રી ગઇ પર ભોમરે મા મ૦. ૬૩ પશ્ચમ પંથે પુત્રી પળી મા મં. પ્રબળ જાણી વેગરે મા મ૦. પલક એકે ડગ ધરે મા મં. વાધાં વાયું વેગરે મા મં. ૬૪ વીશમ વાટે ભો ઘણો મા મ૦. ગીરી ગહ્વર પુઠરે મા મં. માયે શબ્દ સુણી સીંહ તણો મા મં. સુંન્ય થઇ દીગમુંડરે મા મં. ૬૫ વાઘને વછ રૂઆ મળે મા મં. ભરે ચોદશ ફાળરે મા મ૦. કન્ન કુંવરી પંથે પળે મા મ૦. સમરેશ્રી ગોપાળરે મા મ૦. ૬૬ વરેસ વન વાટે વિત્યુ મા મ૦. વિકટ વાટછે ઉજડરે મા મ૦. કન્ન કુંવરી પોતી નીકટ મા મ૦. જ્યાં મધ ચોવાળરે મા મ૦. ૬૭ પંથી એક મળ્યા મારગે મા મ૦. દીઠી માની છાપરે મા

મં. કુંવરી પળી પારા લગે મા મં. છે બહુચર આપો આપરે મા
મં. ૬૮ માનશરોવર માતનુ મા મં. મન ક્રમ વચને નાહ્યરે મા મં.
વાંમે જન જમ જાતનુ મા મં. ત્યાં ઉઠીને જાયરે મા મં. ૬૯ સુ-
ણતામાં તતખેવ કુંવરરે મા મં. ગઈ પંથી સંગાથરે મા મં. અરથ
સરે જો અહી થકી મા મં. એવુ દ્વારકા નાથરે મા મં. ૭૦ વાધ્યા
પંથી પુઠે વહી મા મં. ગઈ માનસરોવર સંગરે મા મં. જેમ રહે
બાંધી મુઠી મા મં. લેહેન કો એ અંગરે મા મં. ૭૧ તે જળથી ટપ
ઉતરી મા મં. તજા વસ્ત્ર તત કાળરે મા મં. નાહાવા મત દ્રષ્ટી ખરી
મા મં. મનમાં વિચારે બાળરે મા મં. ૭૨ મને સંગાથે માનની મા
મં. રાખે દલથી દાયરે મા મં. સાચી કહે હુ સ્વામની મા મં. અ-
શ્વની અશ્વજ થાયરે મા મં. ૭૩ બહુચર એ અહીયા ખરી મા મં.
તો હુ નાહાવુ કાયરે મા મં. ઘોડી તે જળમાં ધરી મા મં. પાર-
ખુ જોવા જાયરે મા મં. ૭૪ આળોટી અવની વિષે મા મં.
અશ્વની તેણે ઠામરે મા મં. ઘોડીનો ઘોડો થયો મા મં. ઉઠીએ
ઉતમ કામરે મા મં. ૭૫ પીડ પરતક્ષ દીઠી રૂદે મા મં, પો-
તી મનની હામરે મા મં; નહાતા નીર હઇયા સુખે મા મં, પોચ્યો
મનોરથ કાયરે મા મં. ૭૬. નારી થઇ ઉઠ્યો નાવલો મા મં, બહુચર
ને પરસાયરે મા મં; પુરૂપ તન પામ્યો ભલો મા મં, કૃપા કરો મંમા-
યરે મા મં. ૭૭. પ્રથવીને પાયે પડ્યો મા મં, થયો અશ્વ અસવારરે
મા મં; આવીને મંદિરે અડ્યો મા મં, મળ્યો બહુ પરીવારરે મા મં.
૭૮ મુકતા વધાવે માવડી મા મં, હરખ્યાં સહુજન સાથરે મા મં;
પિતા આપે પ્રત્યક્ષ ગાવડી મા મં, બ્રહ્મ ભાટને હાથરે મા મં. ૭૯
માત તાત કહે મુખથી મા મં, જાવું સઘળે ઇશરે મા મં; પુજાયો
અહીં સુખથી મા મં, જોડ્યા ઘરના રથરે મા મં. ૮૦ મંડપે આ-
વ્યા માહાજનતાં મા મં, હઇયે ધરીને હરખરે મા મં; તાલ મ્રદંગ વ-
જાડતાં મા મં, ગાયે ગીત ગુણી લક્ષરે મા મં. ૮૧ આદ્ય સ્થાનકે
આવી ભલી મા મં, જહાં વસેછે બહુચર બાળરે મા મં; પુરૂષારથ
લેવા વળી મા મં, વરી ચોક સુંવાળરે મા મં. ૮૨ પુજા કીધી પ્રેમ

થી મા મં, હોમ હવન બહુ થાયરે મા મં; બ્રહ્મ ભોજન કરવા ભાવથી મા મં, ખરચે બહુ ધન રાયરે મા મં. ૮૩ ઓવારણાં લે અતી ઘણાં મા મં, પાય પડીને જાયરે મા મં; દેવી માહે નથી મણા મા મં, દેવ દેવી કહેવાયરે મા મં. ૮૪ નવ ખંડમાં નામરે મા મં, ચાર્લીછે વિક્ષાતરે મા મં; શેવકને પ્રતિપાળરે મા મં, મનવાંછિત દે માતરે મા મં. ૮૫ દિલ્લિપત આવ્યો દેખવા મા મં, પ્રત્યક્ષ પારખુ પ્રઉઠરે મા મં; કુદ્રષ્ટે જાય દેખવા મા મં, મંદમતી થયો મુંઢરે મામં. ૮૬ માજી કોપ્યાં કોપથી મા મં, ઊઠ્યા તમારા કોડરે મા મં; બહુચર માના પ્રતાપથી મા મં, રાયને નિકળ્યો ખોડરે મા મં. ૮૭ વેગમાં વ્યાપી વેદના મા મં, ગરબા ઘાલવા સારરે મા મં; ઉદરમાં કરે ખેદના મા મં, એમ જાણે નિરધારરે મા મં. ૮૮ પુરપતી પાયે પડી મા મં, ધરે બહુચરનું ધ્યાનરે મા મં; આ પ્રતીતો અહીંયાં જડી મા મં, મુક્યું મે અભિમાનરે મા મં. ૮૯ પાયે પડીને પરવર્યો મા મં, જાય પોતાને ઘેરરે મા મં. દેવિ દીલમાં નિશ્ચે કરે મા મં, કરૂ શેવકને મેહેરરે મા મં. ૯૦ વાંઝ બંધાવે પારણાં મા મં, દિધાં વસાવે બારરે મા મં; બોલે બોબડા ઉચ્ચારણાં મા મં, ચાલે ખોડા સારરે મા મં. ૯૧. આંખે દેખે આંધળા મા મં, બેરા સાંભળે કાનરે મા મં; માતા હોયે જે માગ્યા મા મં, તે જીવે નીરવાંણરે મા મં. ૯૨ શેવકની પ્રતી પાળવા મા મં, બેઠી એહ મેહરાણરે મા મં; અતિ અભેપદ આપીયાં મા મં, ઉર્ધ્વ રાખ્યા પ્રાણરે મા મં. ૯૩ બ્રહ્મા ભુલ્યા ભેદમાં મા મં, શિવ નવ પામે પારરે મા મં; વિસ્નુ વખાણે વેદમાં મા મં, નારદ નાચે સારરે મા મં. ૯૪ ક્રોડ તેતરીસે ત્યાં નમ્યા મા મં, બ્રહ્મ ભુલ્યા ભુપાળરે મા મં; ઇંદ્ર ગાયછે ગાનમાં મા મં, દેવ સકળ દીગપાળરે. મા મં. ૯૫ ઉત્પત કીધી આઇએ મા મં, જાણે જે નિજ જનરે મા મં; બહુચરીના ગુણ ગાઇયે મા મં. માને સહુનું મનરે મા મં. ૯૬ ગરબો ગાય જે સાંભળે મા મં, તેની માજી પુરે આશરે મા મં; બહુચરમા સફળે ફળે મા મં, પામે વઇકુંઠ વાસરે મા મં. ૯૭ કરજોડી કહુ કરગરી મા મં, લાગુ તમારે

પાવ મા મં; સાર કરો સનખ્ખલપુરી મા મં, દો દરશણ દાતારરે મા મં. ૯૮ બુદ્ધિ આપે બહુચરી મા મં, મુંઢ કર્તીતા થાયરે મા મં; તુજ પ્રતાપે કુંહું વળી મા મં, દુરમતી સઘળી જાયરે મા મં. ૯૯ કરણા નિધ કરણા કરી મા મં, માયા કરો મુજ માતરે મા મં; લાગુ પાય બળી બળી મા મં, તુ મોરી દાતારરે મા મં. ૧૦૦ બહુચરેમા કૃપાવતી મા મં, સારેચાં શેવકનાં કાજરે મા મં; વલભ જન કરે વિનતી મા મં, નવખંડે આચ્યું નામરે મા મં. ૧૦૧

નવરાત્રીનો ગરબો.

મારી બહુચર બાઇરે, એક દીન આઇજી આનંદમારે; મારી બહુચર બાઇરે, બહુચર બહુ સુખ કંદમારે. મારી. ૧ બેઠાં ત્યાં હાશ વિલાશમારે, મા. ઉપન્યું આસો માસમાંરે, મારી. ૨ ત્રણસેને સાઠ દીન વરસનારે, મારી. નોરતાંના નવ દીન હરશનારે, મારી. ૩ મારી બહુચરાએ એમ ધારીયુંરે, મારી. વ્રત કરૂહું એમ વિચારીયુંરે. મારી. ૪ પ્રતીપદા આસો માસનીરે, મારી. ઉઠી વળ્યાં શીરોમણીરે. મારી. ૫ પર પંક મુકવા પરવરેચાંરે, મારી. લડસડતાં ડગલાં ભરેચાંરે. મારી. ૬ સખી સકળ આવી મલ્યાંરે, મારી. નિત્ય નિમ કરવા પળ્યાંરે. મારી. ૭ નિત નીમ સઘળાં થયાંરે, મારી. મારજન કરવાને ગયાંરે. મારી. ૮ મારજન કરીને આવિયાંરે, મારી. વસ્ત્ર આભુષણ મગાવિયાંરે. મારી. ૯ જડ્યાં જડાવ જાલ ઝુલનારે, મારી. અમર અધિક અમુલનારે. મારી. ૧૦ વસ્ત્ર આભુષણ ધારિયાંરે, મારી. નઇણે તે કાજળ સારીયારે. મારી. ૧૧ કેસરની આડ કપોળશુંરે, મારી. કુમકુમનું બીંદુ ગોળશુંરે. મારી. ૧૨ સુધા પીધાં તે કલોલમાંરે, મારી. મુખડાં ભરેચાં તે તંબોળશુંરે. મારી. ૧૩ બરદ બોલ્યાંતે બાળી બહુચરીરે, મારી. સખી પ્રત્યે એમ ઓચરીરે. મારી. ૧૪ હું નવરાત્રી વ્રત એ કરૂરે, મારી. ખાંતે થઇકે કહું ખરૂંરે. મારી. ૧૫ કર જોડીને કહે કીંકરારે, મારી. આઇજીએ ભલી ઇછા કરીરે. મારી. ૧૬ જે જોઇએ તે મગાવિએરે, મારી. અદભુત આદ્ય રંગ ધાલિયેરે. મારી.

૧૭ પ્રથમ પુજાપો આણિયોરે, મારી. જે પરા પુરવે પ્રમાણિયોરે. મારી. ૧૮ મોહોલેથી મંડપે ગયાંરે, મારી. કુંભ તે સ્થાપને થયાંરે. મારી. ૧૯ માયે મુનીને તેડાવિયારે, મારી. સહ્રત્ર અઠ્યાશી આવિયારે. મારી. ૨૦ અવિલોક્યાં આવી આઇનેરે. મારી. પ્રણમ્યા શ્રી બહુચરી બાઇનેરે, મારી. ૨૧ વિપ્ર વદે માતા શું કહેોરે, મારી. આઇ કહે દીન દસ અહિ રેહોરે. મારી. ૨૨ હું નવરાત્રી કરૂ નિત્યશુંરે, મારી. પાઠ કરો નિત્ય તમે પ્રેમશુંરે. મારી. ૨૩ માતા વાત કહી થઇ કામમાંરે, મારી. રૂષી થયાં આરામમાંરે. મારી. ૨૪ બ્રહ્મ ભોજન કરેચાં ભાવતાંરે, મારી. વાડવને લાડ લડાવતાંરે. મારી. ૨૫ કહે બ્રામણ ભાગ્ય આપણાંરે, મારી. જપ તપ વ્રત સફળે ફળયાંરે. મારી. ૨૬ દેહ દમતાં જે કારણેરે, મારી. તે જોઈ જોઈ જઈયુ વારણેરે. મારી. ૨૭ સુણી વચન ત્રિપુરી તણાંરે, મારી. આસન કીધાં આપ આપણાંરે. મારી. ૨૮ મહુરત જોઇને મુની વળ્યાંરે, મારી. તપશી ટોળે થઇને પળ્યાંરે. મારી. ૨૯ દેવી વદે વેળા થઇરે, મારી. સખી સામગ્રી લઇને ગઇરે. મારી. ૩૦ આસન કીધું તે કુંભનુંરે, મારી. ત્રયકા મંગાવિ મુની જનેરે. મારી. ૩૧ જવના ઝવેરા વાવિયારે, મારી. માહે ગંગા જળે સીંચાવીયારે. મારી. ૩૨ હિમનો કળશ હિરે જડ્યોરે, મારી વિશ્વકરમાયે હાથે ઘડ્યોરે. મારી. ૩૩ નીરમળ નીર ભરાવ્યુંરે, મારી. શ્રીફળ શીશ ધરાવિયુંરે. મારી. ૩૪ કુંભ ગ્રહ્યો કરે જળશુંરે, મારી. મુંદ્રાપણ મધે રેત્નશુંરે. મારી. ૩૫ શિવ બ્રહ્માની શામનીરે, મારી. આસને બેઠા અભિમાનનીરે. મારી. ૩૬ કર ઊપર કુંભ રાખીયોરે, મારી. મહા મુનીએ મંત્ર ભાખીયોરે. મારી. ૩૭ અંતર ઇછા આઇ આપના[illegible] મારી. પેહેલે પોહોરે કરી થાપનારે, મારી. ૩૮ હેઠે ધર્યા કુંભ હસ્તનેરે, મારી. માળ બંધાવી મસ્તકેરે. મારી. ૩૯ હળવે થકી આઇ ઇસ્વરીરે, મારી. પ્રેમે પુજે જગદીશ્વરીરે. મારી. ૪૦ અર્ઘપાદ્ય પેહેલાં કરયાંરે, મારી. ચંદન કુમ કુમ શુંભરયાંરે. મારી. ૪૧ અગીલ ગુલાલ કડાવીયાંરે, મારી. સિંદુર સહિત ચડાવિયાંરે. મારી. પુષ્પ સમગ્ર સમરપિયાંરે, મારી. સાતફળ સાથે અરપિયાંરે. મારી.

૪૩ ધુપ દીપ ફળ ધારતીરે, મારી. કરી કપુરની આરતીરે. મારી. ૪૪ નવાં નવાં નઇવેદ ધરીરે, મારી. પંચ આરતી પછે કરીરે. મારી. ૪૫ પુજી પધારચાં પરત્રર્ણારે, મારી. પુસ્પ વધાવ્યાં વરણવીરે.મારી. ૪૬ માહામુની સઉકો વસેરે, મારી. પુજા કરાવી લોભ ઘેરે. મારી.૪૭ ચાચર ચાલ્યાં ચાહિનેરે, મારી. ડાક પોતે કર્યો ડાહોનેરે, મારી.૪૮ ગરબો ગાયો સખી સંગમારે, મારી. સાત રાત્ય માત માતંગનોરે. મારી. ૪૯ અષ્ટમી ગમીને કીધાં જગતમાંરે, મારી. આયુધ આપ્યાં તે મહા વગનમાંરે. મારી. ૫૦ નવ દીન એમ નવનવારે, કુમારી. બહુચર ચાચરમાં હવાંરે. મારી. ૫૧ દશમેતે દીન કરી પારણેરે, મારી. એચર મોકલ્યા ને કારણેરે. મારી. ૫૨ રૂશી સકળ બોલાવિયારે, મારી. જોશી સંતોષીને આવીયો. મારી. ૫૩ ચોસઠ માને તેડાવિયારે, મારી. અંબા સહિત બધાં આવીયારે. મારી. ૫૪ આવેતે તેડ્યાં આઇનેરે. મારી. મંડપમાં બેઠાં ભરાઇનેરે. મારી. ૫૫ પ્રથમ પુજા કરી પ્રેમશું-રે, મારી. આઇ આરોગ્યાં નેમશુંરે. મારી. ૫૬ ભોજન મગાવ્યાં ભાવતાંરે, મારી. બહુચર બેઠાં મધ્યે આવતારે, મારી. ૫૭ જનુની જમીને કરે રળાંરે, મારી. શક્તિ સઘળી ટોળે મળાંરે. મારી. ૫૮ શોભા જોઇને શું સંભારિયેરે, મારી. કોટીક કામ શુર વારીએરે. મારી. ૫૯ ભોજન લઇને ભવાનીઓરે, મારી. માય મધ્ય જમ્એ મેહેરવાંની-એરે. મારી. ૬૦ ખાનપાન કરિ પરીધ્રામશુંરે, મારી. સખી સહુ સ-નમાનશુંરે. મારી. ૬૧ ગાઇ વાઇ ડાહી ધાઇ જોખમાંરે, મારી. બ-હુચર બેઠાં જઇ ગોખમાંરે. મારી. ૬૨ આસન બેસી આઇજી ભણે-રે, મારી. એ ગરબો આદરે ઘણેરે. મારી. ૬૩ મા ગવરાવેછે કોકનેરે મારી. જીવત જીતે ત્રઇલોકનેરે, મારી. ૬૪ દશ દીન મન સાથે સાં-ભળેરે, મારી. રિધ સિધ નિધ આવીને મળેરે. મારી. ૬૫ આપે દારા સંતાનનેરે, મારી. અંતે પળે તે વઇમાનનેરે. મારી. ૬૬ એ ગરબાને વર આપિયોરે, મારી. એમ કહીને કુંભ ઉથાપિયોરે. મારી. ૬૭ બહુચર બરદે વદે બહુરે, મારી. વેદ પુરાણ કહે સહુરે. મારી. ૬૮ માજી નરક નિવારણ નામછોરે, મારી. વલભનો વિશરામ છોરે. મારી બહુચર બાઇરે. ૬૯

ગાગરનો ગરબો.

મારી બહુચરે બાઈરે. આદ્ય ઇશ્વરીને હું નમુંરે, મારી. કરા કરમ વાંકુ શમુંરે. ૧ મારી. આપો અવિચળ વાયકારે. મારી. વિવિધ વિવિધ વરદાયકારે. ૨ મારી. વ્યાપીક સકળ ગોખ ચરેરે. મારી. સ્થાપિક સકળ ગોખ આચરેરે. ૩ મારી. સલખનપુરમાં બિરાજતીરે. મારી. સદાસેવક શીર છાજતીરે. ૪ મારી. બાળ સ્વરૂપ બાળાત્ત્પુરે. મારી. પ્રાક્રમ પ્રૌઢ કરાંધણુંરે. ૫ મારી. અકળ ચરિત્ર કર્યા અવનવાંરે. મારી. જેદેવ થકી તે નથી વાહકવાંરે. ૬ મારી. ગગન મંડપ કરી ગાગરીરે. મારી. સુંદર સકળ સોભા ભરીરે. ૭ મારી. આપે ભવાની ઉમંગ સુરે. મારી. રાસરમે મધ નેમસુરે. ૮ મારી. નવગ્રહમાં સઉથી વડોરે. મારી. આદિત્ય અખંડ કર્યા દીવડોરે. ૯ મારી. જળહળ જોત્ય ગોળ બીંબસુરે. મારી. ઉગ્યો કળા શશિસોળસુરે. ૧૦ મારી. કો નવ કળે માના ભિદનેરે. મારી. કોડોગુ કર્યું તે માએ ભેદનારે. ૧૧ મારી. વાટ કરી તે મધ્યે મેરૂ નારે. મારી. જોજન પચાસ લક્ષ ફેરનારે. ૧૨ મારી. સાત સમુદ્ર ભર્યા ઘી તણારે. મારી. એ એવ એવે બાળી બહુચરારે ૧૩ મારી. જોતાં જુગત જુગતી મળીરે. મારી. ઓદશ ચાર મુગતાવળીરે ૧૪ મારી. સ્થાવર જંગમ અનુરાગસુરે. મારી. તેની વાંણી બીરાજે વિભાગસુરે. ૧૫ મારી. કશ્યપની ગાદી કરીરે મારી. મહંમાયાએ માથે ધરીરે. ૧૬ મારી. મળી માનનીને મનલાગતીરે. મારી. ઉપર ઉઢાણી સેસ નાગનારે. ૧૭ મારી. સકળ આકાશ વિના અણીરે. મારી. ગાગર ઉપર ધરી ઢાંકણીરે. મારી. ૧૮ તે ત્રીસ ક્રોડ વિરમે થયારે. મારી. આપે આપ ભુલીઅયારે. મારી. ૧૯ ઓચર્યા અમર એક ઠામર્થારે. મારી. ગાગર ના તેજ તુલ્ય કો નથીરે. મારી. ૨૦ ત્રણ ગુણકો ન કળે કર્યારે. મારી. ગુણવંતી થઇતે થકીરે. ૨૧ મારી. પર મનોહર દુર્જતીરે.મારી. સુખે તે દેવને સુઝતીરે. ૨૨ મારી. આઠે પોહોર અમી ઝરેરે. મારી. જગત પાન તે તે કરેરે. ૨૩ મારી. વરસે વિવિધ પ્રકારસુરે. મારી. આવે અખંડ ચાર ધારસુરે. ૨૪ મારી. અમ્રત જરે આઠ જામનારે. મારી. ધર્મ અર્થ મોક્ષ કામનારે. ૨૫ મારી. અતિ અદભુતજ વસ્તુ જે હતીરે. મારી. પ્રગટ

કરી ચારે જતીરે. ૨૬ મારી. નિરમ્યા નિગમ નીજ ધામનારે. મારી વિશ્વ તણા વિશરામનારે. ૨૭ મારી. ત્રણ દેવ ગાગરમાં વસેરે. મારી. સદા સમીપે જોઈ ખસેરે. ૨૮ મારી. આદ્ય વિશ્ણું વસેછે અંતરેરે. મારી. બ્રહ્મા વસે છે નારંતરેરે. ૨૯ મારી. આદ્ય અનાદ્ય અજવે કરીરે. મારી. ગાગર ધરે શીર બહુચરીરે. ૩૦ મારી. અજર અમર ઈશ્વરી વનેરે. મારી. સા રાસ રમે રંગાળી બનેરે. ૩૧ મારી. કરી ક્રીપા તે કુળી કાળમાંરે. મારી. બહુ બરદ બહુચરા બાળમાંરે. ૩૨ મારી. ગાગરનો ગરબો ગાય પ્રેમશુંરે. મારી. તેને બહુગરા થાય બધ નેમશુંરે. ૩૩ મારી. માની માહાજન માતમેરે. મારી. તારૂં પારખું પ્રતક્ષ પુરૂ પાતનેરે. ૩૪ મારી. દેવી દયાળ આદ્ય અંતરેરે. માત. માસ હોષ થાય સંતનેરે. ૩૫ મારી. પ્રેમ ધરીને પાયે લાગશેરે, મારી. તેની ભવની તે ભાવટ ભાંગશેરે. ૩૬ મારી. તેને ઓપમા અધિક આપુ કશીરે, મારી. વિશ્વંભરી વિશ્વમાં વસીરે ૩૭ મારી. અધમ ઓદ્ધારણ આપછોરે, મારી. મારે સહોદર માબાપછોરે. ૩૮ મારી. જુઠો જનમ જાણો સદારે, મારી. એવું જાણીને હરો આપદારે. ૩૯ મારી. કર ગર્રીને કહુ કારણેરે, મારી. વલ્લભ મેવાડો માને વારણેરે. મારી.

શિરોમણીનો ગરબો.

શ્રી સલખનપુર સકળ શિરોમણીરે, સર્વે સંસાર તણું જે સાર. જ્યાં વસે બહુચરમા ત્રીભોવન ધણીરે; આઈજી નોધારાં આધાર. ૧ અકળકળા ન કળાણી કો થકીરે, ઈશ્વરી અગમ અભેદ અછેહ; માહાત્મ મારકંડ દેહે મો થકીરે. વિધવિધ વાણી વખાણે વેદ. ૨ કરૂણા કર કાહાવ્યાં કુળી કાળમાંરે, કરવા કોટી કોટી ઉપકાર, ભગવતી બેઠા ભડ ચૌવાળમાંરે; ભરવા ભક્ત તણા ભંડાર. ૩ નજર કરી નીરખુ નારાયણીરે, ન ગણું નાનું કીધું નાક; સહસ્ત્ર એક સ્વર્ગ તણી શોભા ઘણીરે, ત્રીપુરે તતક્ષણ તાકી હાક. ૪ ગુણનિધ ગંભીર ગાજે ગોખમાંરે, સહુ સેવકની કરવા સાહ્ય; નિજ જનની પ્રત્ય રાખો જોખમાંરે શરણ ગયા તે ઉતર્યા પાર. ૫ પ્રત્યક્ષ પારો પ્રથવીમાં ખરોરે, પુરષ

પ્રેમદા પુરણ આશ, સાચે મન જે જન સેવા કરેરે; અવિચળ આપે ઘરેઘર વાસ. ૬ બરદ બીરાજો બળવંત બહુચર્રરીરે, બહું બુદ્ધવંતી બાળેવેશ, હરીહર વિધી વરતાં જશ ઓચર્રરીરે; સેવે સદાયે સુરપતિ શેષ.૭ માહત્મ મેરૂ ગહી મધ્ય માતનુંરે, માત નમાને મુકી મેલ; જીવણ જુગતી કરે જન જાત્યનુરે, પંચ પદારથ પામે પેહેલ. ૮ શુરપુર નરપુરે નાગપુરે નહીરે; નીસદીન નીત્ય પ્રત્યે નવલે રંગ, અડસઠ તિરથથી અદકુ અહીરે, આવે અવલોકી અતિ ભંગ. ૯ જે ફળ જાચે જન જઈ કાશીએરે; ગયા ગદાધર પરસે થાય, તે ફળ પારા પાસે નિવાસીએરે; બરદ આપે બહુચર માય. ૧૦ જે ફળ માઘવટો કરે પ્રાગમારે, વળી ત્રિવેણી સર્વે નાહ્ય,નાહાતાં વાવ્યકુંડ અનુ રાગમારે; તે ફળ દે દેવી દાતાર. ૧૧ કાવડ વેજનાથને અરપતારે, કંકણ જે પેકરે કેદાર. તે ફળ ચૈતન ત્રીપુરે તરપતારે; ભગવતિ બ્રાહ્મણનો અવતાર. ૧૨ જે ફળ હોએ જગત જાગે કરીરે, જપતપ વ્રત કીધે ફળ થાય; તે ફળ પામે ફરતાં ચાચરેરે, જો નીરમળ મન ગરબો ગાય. ૧૩ જન થઈને જુગ જીતે જસ ગાઈનેરે; જો જનુનીને આવ્યો પેટ, આ અવતાર ન ઓળખ્યાં આઈનેરે; જીવ્યું જાણજો દૈવની વેઠ. ૧૪ માજીએ માહા પાપી પાવન કર્યારે; પ્રગટ થઈ નવ લેતાં પુન્ય, ભક્ત થતાં ભવ ભાયગ ભલાં ભર્યારે. નવનીદ્ધ આપી નવ રેહી નુન્ય. ૧૫ શેવો સદાયે માહા સુખ પામીએરે, સમરથ સલખનપુરની રાએ, દાસ થતાં દુઃખ દોહલાં વામીએરે; ભજતાં ભવની ભાવટ ભય. ૧૬ ગોખ જોખમાં જોશો જે ઘડીરે, માનસરોવરે કરશે માર્જન; પ્રણામશો પ્રેમ પાયે પડીરે; બહુચરમા દેશે દરશન. ૧૭ પર ઉપકાર કરણા પરમેશ્વરીરે, મહીસ્થુત્ર માત રાખજો હામ; વાતજ વાત કરી વિશ્વેશ્વરીરે, વલ્લભ વાડવનો વિશરામ. ૧૮ શ્રી શલખનપુર શકળ શિરોમણીરે.

ભામાણુનો ગરબો.

બાળારે બહુચરી આ બાઇને ભાંમણે હો બહુચર માત; માન્યું મન ચાચરે ગોખ સોહામણું. હો બહુચર માતા. ટેક. કરજોડી લાગુ પાઅરે; વાણી જાણી આપોમા ભુવનેશ્વરી. હો બહુચરમાતા. જ્યમ

મન નિરમળ થાયરે, બાળીરે બહુચરીયા બાઇને બાંમણે હો બહુચર માત. ૧ બાળાપણ ખોયું બુદ્ધ અબુદ્ધમાં, હો બહુચર૦ જોબનમાં જાણી નહી જાતરે; વરાણો વિમાસુ વિરુદ્ધમાં, હો બહુ. વિખવાને વિખદીન રાતરે, બાળીરે. ૨ કુમત્ય કાંઈ કીધાં કરમ કુપાત્રમાં, હો બહુ. કરગ્રહી કરજો કૃપાયરે, કરૂણા કરી આપો અર્ધપળ માત્રમાં, હો બહુ. કીંકરને કરી કરૂણાયરે, બાળીરે. ૩ મે મન મનસુબો કીધો માયરે, હો બહુ. માગે માનવી જો મોક્ષરે, ચાર પદારથ આપે તાહરે, હો બહુ. અગણીત આપે એ ગોખરે, બાળીરે. ૪ માગુ મત્ય માજી-ના ગુણ ગાયરે, હો બહુ. આદ્ય શકતીને ચાહરે, હસીને હાથે સાહે એવાતને, હો બહુ. તો કવિતા કુળમાં કેહેવાઉરે, બાળીરે. ૫ ત્રિભો-વન તારણ તુજ વિના કો નથી.હો બહુ૦ તેત્રીસક્રોડ શિરતાંજરે, મુ-ની મારકંડ મોહે કહ્યુ કથી મુઢને હો બહુ૦ માજી તમે છો માહારાજ ધારાજરે. બાળીરે. ૬ પુરવે પંડીત કીધા મહા મુંઢને હો બહુ. તે માટે મુજને વિશ્વાસરે કો નવ જાણે તારી ગત્ય ગુઢરે. હો બહુ.૦. અબુધ્ધની પુરજો આસરે બાળીરે. ૭. મીઠી દ્રષ્ટે મુજને નિહાળજો. હો બહુ૦ મંનની મુરખતા જાયરે,પોતાનો જાણીને પ્રતિપાળજો. હો બહુ. જ્યમ જસ જુગત ગવાયરે. બાળીરે. ૮. તે માટે ત્રીપુરે તમને વિનવું. હો બહુ. તનની મમતાને કાપરે. ગુણ નિદ્ધ ગોશ કહું હો બહુ૦ જગત જનુંની જસ આપ્યરે. બાળીર ૯ ગરબે ગાતાં ઘણીયાણી ગોખની હો બહુ૦ અલબેલી આઠેજામરે, તે રસ ગાવાને મંન ઇચ્છા થઈ હો બહુ૦ માતાજી રાખજો નામરે. બાળીરે.૧૦ નવરાત્રી રમ્યા આસોમાં પધરી હો બહુ. નવસત સજ્યા સણગારરે, જુગતી જોડી જોગણી-ઓ સહુ નીસરી હો બહુ. મળીકે ખટ દશ ચારરે. બાળીરે. ૧૧ અકેકી એ જાલી આગળી, હો બહુ. અદભુત રૂપ નિધાનરે, માતંગી મા સલખનપુરમાં મળી હો બહુ. મન માય મોડણુ માંડરે. બાળીરે. ૧૨ શશિ વદની સોહીએ સકળ સાહેલીઓ, હો બહુ. શી-ખ નખ સાર સ્વરૂપરે, કરકર કામનીઓ કુચ નવે લીઓ, હો બહુ. એકથી એક અનુપરે, બાળીરે. ૧૩ જોગણીઓ તે જોગે મળીયાં જો-

ખથી હો બહુ. બરજોબન બાળે વેશરે, બાળી બહુચરીયા આવ્યાં ગોખથીરે, હો બહુ. સજ્યાં સણગાર સુ દેહરે, બાળીરે, ૧૪ આભુષણ તે અંગે અંગ ભવાનીઓ હો બહુ. હીરા મણી માણેક જડાવરે, કર કંકણ ચુડી તે મન માનીઓ હો બહુ વિવીધ વીચીત્ર બતાવરે, બાળીરે. ૧૫ ઉત્તમ અંબર ધર્યાં એકેકાએ, હો બહુ. અવનવા અમુલ્યરે, બીજાં બદલ્યાં મા બહુચર માજીએ. હો બહુ. ત્રીભોવન નાવે તુલ્યરે, બાળીરે. ૧૬ આંગી અંગે રંગે સંગે ઘણી, હો બહુ. સુંથણા સોભીતા પાયરે, ઓઢણુ આછી આઈજીને ઓઢણી, હો બહુ. સરસ જે રંગે સોહાયરે, બાળીરે. ૧૭ મઠમાં મળી બેઠાં મા ભાવે ભરાં, હો બહુ. મન મથ મોડણ માયરે, મોટાં મદ્ય પાત્ર મધ્યે ધરાં, હો બહુ. પ્રેમ ધરીને પીવાયરે, બાળીરે. ૧૮ ભાવે ભોજન માજીએ મગાવીઆં, હો બહુ. ખટરસ સ્વાદ સંજોગરે, આસનમાં સહુ આધાં આવીયાં, હો બહુ. ભાવે ભવાંની લેજો ભોગરે, બાળીરે. ૧૯ રંગે રમવા મા સહુ પર વારીયાં, હો બહુ. કુંમ કુંમ પીળ્યા કપોળરે, કોડે કરી કાજળ નયણે સારીયાં, હો બહુ. મુખડાં ભર્યાં છે તંબોળરે, બાળીરે. ૨૦ બહુચર કેહે બેચરને તેડી લાવીએ, હો બહુ. મધ્યે માહા ગુણીજનરે, વાજાં છત્રીસે વાગવા લાગીયાં, હો બહુ. ગાન્વા માહા માયાના મનરે, બાળીરે. ૨૧ ઉઠ્યા ઈશ્વરીઓ સર્વ ઉમંગમાં, હો બહુ. હળવેથી આવ્યાં બાહારરે, ગરબો ગાવા માજી માહારંગમાં. હો બહુ. ઉભાં દેવીને દરબારરે, બાળીરે. ૨૨ ચોસઠ ચાચરમાં કુંજે વળાઈને, હો બહુ. દરબે શું ફરતા શોહાયરે, સક્તો સહુ રહી કરકર સાહિને, હો બહુ. કીધાં સુર સકળ પ્રકાશરે, બાળી. ૨૩ તે સુરશું સુર્ણાયે વાજાં મેળવ્યાં, હો બહુ. કીધી અધીક ચતુરાઈરે, સર્વે શક્ત્ય સનમુખ માને હતાં, હો બહુ. અલાપે છે અંબાજી આઈરે, બાળી. ૨૪ બોલીટુક મુખેથી અંબા બહુચરી, હો બહુ. બંને બેનોની જોડરે, તે તુ શક્ત્યો કહે ફરી ફરી, હો બહુ. તદપંત તાંન મારોડરે, બાળી. ૨૫ વાજાં વાજે છત્રીસે છંદમાં, હો બહુ. ગાતાં તે ગાંન રસાળરે, ઈશ્વરીએ આવ્યાં અતી આણંદમાં, હો બ-

હુ. તાંન માંન બધ તાળરે, બાળી. ૨૬ રમકે ઝમકે ઠમકે પાયે ઘુઘરી-
યો, હો બહુ. ઝાંઝરનો ઝમકારરે, આંતે એજે ખુદ સરવે સુંદરીસે, હો
બહુ. ઉર સોહિયે પુષ્પના હારરે, બાળી. ૨૭ લટકે મટકે અંગ ચાલ
વે, હો બહુ. ચાલે ચમકતો ચાઝરે, મચળી સમરથ સુર ગત્યને સં-
ભાળવે, હો બહુ. રચ્યો તે રંગ અજવાળરે, બાળી. ૨૮ બાળા
ચાળા કરતા ફરતા બહુચરી, હો બહુ. મેલવે સમો વડ અગરે, નીરખી
લેતા તન મનમા તે સહુ, હો બહુ. સાથીસુ રસ રસ ધંગરે, બાળી.
૨૯ ભગવતીયો ભાવ દેખાડે આંખમાં, હો બહુ. હસ્તક ભેદદ હાથરે
કટી ભેખ કરે ચરણે ચલામમાં, હો બહુ. શામાં સામી સંગાતરે,
બાળી. ૩૦ આપ આપે અરસ પરસ દે તાળીઓ, હો બહુ. ફરજે
પુદડી લે ફેરરે, વચમાં રસાળે દાડીયારસ વાળીઓ, હો બહુ. ઘમકે
ઘાઘરાના ઘેરરે, બાળી. ૩૧ હરખે હંઓડા લેતાં હાથશું, હો બહુ,
અંબાને બહુચરાં બાહરે, સરખે સરખી લે શહી સહુ સાથશુ, હો
બહુ. ચામુંડાને ચંડ ઉઠાઇરે, બાળી. ૩૨ સુર નીરખે સામા સંગવી
માંનમાં, હો બહુ. ઉદો ઉદો કહે આકાશરે, વરખે કર ચંદન પુષ્પ
સુધાનમા, હો બહુ. અવિલોકે વિવિધ વિલાશરે, બાળી. ૩૩ ઉમંગ્યો
રસ અતીસે વિશ્વ વિસ્મે થયું, હો બહુ. સુરીનર મુની શેશ સુરરે,
જોતા જુગતે જન મન મોહિરહ્યુ હો બહુ. સોભા સકળ ભરપુરરે,
બાળી.૩૪ ગાઈ વાઈ ગરબે રંગે રમી, હો બહુ. સહુકો સુખાળા થા
યરે, વીત્યા દશમીને દીન દેવી જમી, હો બહુ. મહોલે આપ આ
પણે જાયરે, બાળી. ૩૫ જેજેકાર કરી જોગણીયો જગતને, હો બહુ.
જઇને બેઠા નિજ ધાંમરે, આપ્યા અભેપદ મા નીજ ભક્તને, હો
બહુ. અધમ ઓધારણ નામરે, બાળી. ૩૬ શેવે દેવી જે જન સા-
ચે મંને, હો બહુ. પાંમે પદારથ ચારરે, નર નારી ગાયે સુણે અં-
ન્યો અન્ય, હો બહુ. ના આવે આપ અવતારરે, બાળી. ૩૭ દુનિ-
યામાં દેવ નહિ કો દેવિ સંમ, હો બહુ. દુઃખ દાદ્રિ હરનારરે, તે
માટે ત્રિપુરે કરજોડી નમુ, હો બહુ. કરજો સંભાળીને સારરે,
બાળી. ૩૮ આદ્ય અંતે આતુ સંસારમા, હો બહુ. સરવ શીરોમ-

ણ થકતરે, માગુ મા આદ્ય અવતારમા હો બહુ. ભટ વલ્લભ ભજો ભક્તરે, બાળી. ૩૯

ગરબો.

હમે ગણપતીના ગુણ ગાઇશુંરે, બાળી બહુચરી આ. હમે માનશરોવર નાહીશુંરે, બાળી. હને પતિત પાવન થઇશુંરે, બાળી. માનો પાવન થાઇશુંરે, બાળી. ૧ હમે દરશણ પામ્યાં તારૂંરે, બાળી. કાંઇ મન રીઝયું છે મારૂંરે, બાળી. આઇ શેવક જમગન સારૂંરે, બાળી. શુભ અવસરમાં સંભારૂંરે, બાળી. માજીતું સર્વની રાખે લાજરે, બાળી. બહુચરતું છાં માહા રાજરે, બાળી. મા આંગી ખોગે રચીછેરે, બા, ળી. તારે ચાચર ધુમ મચીછેરે, બાળી. તારૂં તેજ રવિના સરખુરે, બાળી. હું ફરી ફરી નયણે નરખુરે, બાળી. હુંતો હેડામાં અતિ હરખુ રે, બાળી. તારો પ્રતક્ષ મહિમા પરખુરે, બાળી. માની લીલા અપરમપારરે, બાળી. પેલાં ગ્રધડાં કરે પોકારરે, બાળી. બહુચરીતુ એમ ઉચ્ચારરે, બાળી. માનસરોવર અધમ ઓધારરે, બાળી. હમે ભાવે પુજા તમારી કરીશુંરે, બાળી. રૂદેમાં ધ્યાન તમારૂં ધરશુંરે, બાળી. હમે તારો જશ ઓચરશુંરે, બાળી. હમે ભવસાગરમાં તરશુંરે, બાળી. ત્રીભોવન માતું સાચોરે, બાળી. મા સુરીનરે મુનીવરે જાચોરે, બાળી. મારી મત્ય ઘણીછે કાચોરે, બાળી. રીઝું તમને ખુદી નાચોરે, બાળી. મા મંન વાંછીતફળ આપોરે, બાળી. મુજને પોતાનો કરી થાપોરે, બાળી. બહુચરી યા મારો બાપોરે, બાળી. મારા ભવના બંધન કાપોરે, બાળી. મારો મહિમા માજી રાખોરે, બાળી, મુજ સામુ સનમુખ દાખોરે બાળી. તારો નવખંડમાં છે સાખોરે, બાળી. હું ભજન કરૂં ભવ આખોરે, બાળી. મા અસુરે ઘણા તેમાર્યારે, બાળી. તે સૌના શોક નિવાર્યારે, બાળી. તે દેવતા સર્વે ઉગાર્યારે, બાળી. તે સેવક જનને તાર્યારે, બાળી. મા સંભાળ કરો હમારારે, બાળી. મુને મોટી આશ તમારીરે, બાળી. કળજુગમાં લો ઉગારરે, બાળી. બહુચર તુને પાદશાહ કેહેછેરે, બાળી. દાસ દલપત સનમુખ રેહી વદે છેરે, બાળી. તારૂ ધ્યાન મારે રૂદયછેરે, બાળી. મારી લજા શરમ તમને છેરે, બાળી.

ગરબો.

બાળી બહુચર માને ભાવે ભજો જો, મનસા વાચા કરમણા મમતા તજો જો. મુરખ શું જાણે મુક્તી તણો મરમજો, જીવણ જશ લેવા જુગતે જજોજો. ટેક. સેવા સખનપુરની રાય કે, દેહ ધરીને પામ્યો કાય કે, એક મંને આદ્યને આરાધ કે, ચાચરમાં નાચો ગરબા ગાઈ કે, બાળી બહુચર માને ભાવે ભજોજો. ૧ જો મંનથી જાણે જીતું જગતને જો, સેવા સખનપુર સામી શક્તને જો, ભજતાં એક ભવીયાં કીધાં ભક્તને જો, તારા તારે રંગે આ રંકાને જો, જીવન મુક્તિ કર્યા તે પ્રાણી કે, જીત્યાં શરદ શશિ સુખ માણી કે, નવનિધ આપી ત્રિભોવંન રાણી કે, અંગે આપદા અંશ આણી કે, બાળી બહુચરમાને ભાવે ભજોજો. ૨ તે માટે ગુણ ગાવા ત્રીપુરે તણા જો, તે દશ દીન દીને વહાલા ઘણાં જો, એ દી જાણે દુનિયા રાજા રાણા જો, તે દિન દેવીએ મુકી મળ્યા જો, જો જનુનીને જોવા જાઓ કે, એ સરસસનામની ગાઓ કે, ભક્ત ભવાંનિના કહેવાઓ કે, સેજે સદા સિંધુમાં નાહો કે, બાળી૦ ૩ એક દીન આસોમાં આઠ ઈશ્વરી જો, પડવે પહેલે પહોરે જુગદીશ્વરી જો, રંગે રથ બેશી રમવા નીસરી જો. નવમી રથ હાંકે માત ચડેશ્વરી જો, પશ્ચમ પંથે કરયા પ્રયાણ કે, ચપળ ગત્યે ચાલે કે કહાંણ કે, મન થાય બહુચર મઠ મેલાંણ કે, રથ પંથે વાંધ્યા કોડે ડાંણ કે, બાળી૦ ૪ બહુચર ચાચરમાં રમતાંતાં રંગમાં જો, ગાતાંતાં ગુણ નીજ રંગમાં જો, અલબેલી આઠે પહોર ઉમંગમાં જો, સરખા સરખી સખીયોના સંગમાં જો. બેચર ખબર લઈને આવ્યોં કે, સમાચાર માજીને સંભળાવ્યો કે, રથ આંગલીયોમાં રખાવ્યો કે, બાળી૦ ૫ સખનપુર રાંણી સામા સંચરયા જો, પારેથી પ્રેમ ધરી પગલાં ભરયાં જો, અવી લોકીક અન્યોઅન્ય અમી ઝરયાં જો, ભેટાં ભગવતીયો બંધ બાથે ભરયાં જો. બોલ્યાં બહુચર મધુરે વચંન કે, ધન ધન આજુનો દીન કે, મમાયા મન થયાં મગંન કે, સર્વે સાથે કરયા ગવંન કે, બાળી૦ ૬; કાળી કામાક્ષાને કાંકરે ધરીજો, હરસીધ હીંગોળાને ગાત્રે ધરીજો, અંબા ચઢીને માંકડે ધરીજો, મંડપમા ઉભા બધ

પરમેશ્વરીજો, આપ્યા આગળથી આસંન કે. જડીયાં મણી મુક્તા ને રતંન કે. બેઠુ શક્તી તણું સાધન કે, શરદ શશી શામ વિમળ વદંન કે, બાળી ૦૭ બહુચર બોલ્યાં સખી સહુ કહાં ગઇજો, પ્રથમ પુજાપો લાવો વહેલા થઇજો, ચંદન કુમ કુમ અક્ષત કુસુમે ગ્રહીજો, એમ કહી બહુચર બેઠાં આસન જઇજો, સખીયો સરવ સજીને આવી કે, પાંણે પુજાપો ગ્રહી લાવી કે, મોહોટાં પાન પાત્ર ભરાવી કે, લીધાં ભોજન ભોગ ધરાવિ કે, બાળી૦ ૮. અંબા કહે અર્ઘ આપ્યું હમો જો, ચંડી કહે ચંદન ચરચ્યો તમ્યો જો,કાળી કહે ચાંદલીયા કરો કુંમકુમેજો, ચોખા ચોડી સીસ હાથે સમે જો, પુજી પુષ્પ સમાર્યા હાર કે, પુનરપી પરી જાત મંદાર કે, આગળ મુક્યા ભોગ અપાર કે. આચમન કીધાં કરીને અહાર કે, બાળી૦૯. અંબા કહે બેહેનો આગના દીજીયે જો, પહેલાં મધુપાન સરવે કીજીયે જો, બહુચર કહે પાત્ર ભરયાં તે લીજીયે જો, માતંગી મનમાને તેમ પીજીયે જો, કર કર પાત્ર કનકનાં દીધાં કે, ભગવતીઓ અંજળી ભરી લીધાં કે, પ્રેમ ધરી પરી પુરણ પીધાં કે, મગન થઇ મુખવાસજ કીધાં કે. બાળી ૦૧૦ મનથી ઉનમદ થઇ ઉઠયા આઇયો જો, આપેથી પારે પાગે પળાઇયો જો, ચાચર પુકળ વિટી વળાઇઓ જો, રમવા મીટે મીટ મળાઇયો જો, બોલ્યા હરસીધને હીંગોળી કે, સુર્ણાયે સકળ ભાવાંની ભોળી કે, આજ મળી મન ગમતી ટોળી કે, કીજે રાત દીવસ રંગ રોળી કે, બાળી. ૧૧. કાળી બહુચરને કહે કાઇ આચરોજો, જે શ્વર ભરીયે તે બેનાં તમે ભરો જો, અબાને કહે અળાપો કરોજો, મહા સુખ લેવાનો આ સમે ખરોજો, સુણી સલખન પુરીયે શ્વર લીધો કે, શક્તે સરવે બરાબર દીધો કે, અંબે અળાપ કરી બધ કીધો કે. મહામાયાનો મનોરથ સીધો કે, બાળી૦૧૩. વેણા આદ્ય વાજા વેદ કહ્યાજો, કર કર કંકરીઓપે બધ તે ગ્રહાજો, શક્તિના મું સ્વરે મળી રહ્યાજો, ઘુઘટે ગત અવન કરે એ બધાંજો, બોલ્યા બહુચર અંબા સાથ કે, આવડમાંહે કશી ન મણાય કે, તે ટુક શક્તો કેરી સંગાથ કે, ત્રિપુરે તાળાંદે બધ હાથ કે. બાળી ૦૧૩. વળી વચમાં રહીને ટુક ઉચરેજો, હેઠણ લેતાં

હાથ હેઠાં ધરે જો, બોલતાં વચને હાથ ઉંચા કરેજો, ચટકે ચાચરે ચાલે
ને પુઠ ફરેજો, મહાંમનોહર કરતા ગાન કે, મધ્યેમધ્યે માન કરે મધુ પાંન
કે, નિચ ઉપજાવે અથ નવા તાન કે, વાજા વાજે ગત અનુમાન કે,
બાળી૦૧૪ ડાબા જમણી તાલીદે દેવીયોજો, ઘુગટે ગત્ય કરે મા કેહ
કે વિયોજો, જમ જમ ગત બધ લે તેમ તેવીયોજો, મહા ચતુર સુ-
જાંણ જનુની જેવિયોજો, ખુદ ઉંચા નિચા થૈને કે, સનમુખ એક
એકને કહિને કે, બેહેનો બધ્ય બરાબર રહિને કે, કાળી જેજે કહે મ-
ધ જે ને કે, બાળી૦૧૫. હરખે હંબોડા લે હાથે કરી જો, અંબા સા-
થે લેક્ષે માતા બહુચરીજો, જનુની બધ્ય રહિ જોડ બરાબરીજો, હંબો-
ડા લેને ફુદડીયો ફરીજો, મહારસ મચ્યો ચાચર માહય કે, જે રસનવ
એડે નહિ કાંય કે, પ્રેમ પ્રબોધિત પ્રગટ્યો જ્યાહ કે, ત્રિપુરે વશ થઈ
બધ ત્યાંય કે, બાળી૦૧૬. બોમે વિમાન રહ્યા બધ છાઇનેજો. બેઠા
સુરપત્ય સંગ સમાઇનેજો, આવિ લોકે આપો આપ ગમાઇનેજો, મ-
નસું મન સોપ્યું બહુચર બાઇનેજો, ચંદન પુષ્પ સમરપે પાણ કે, મ-
ધુરે બેન્ન તણે એધાંણ કે, જૈમુની પાઠ કરે પારાણ કે, દેવવંદ તેજે
મુખવાણ કે, બાળી૦૧૭. ત્રિભોવન રાંણી નવ રાત્રી રમી વળ્યાં જો.
દેવી દરબારેથી ડેરે વળ્યાં જો, ભાવે ભોજન લેવા ભેળાં મળ્યાં જો,
બહુચર કેહેવા સહુને મળ્યાં જો, રાખ્યાંયે સરવસ રાય નીપાઇકે, તત-
ક્ષણ અંબા લાવ્યા આઇકે; સરવ આરોગે વાક સવાઇકે, હાશ્ય
વિનોદ કરે હરખાઇકે, બાળી. ૧૮ ભોજન કરી ઉઠ્યા સકળ ભવાનિ-
યોજો, મુખમાં મુખવાસ કરી મુખમાનીયો જો; રથમાં બેઠાં માહા
વરદાનિયો જો, મઠ જવા મા મન મકલાતિયો જો. બહુચર માંથી
થયાં વિદાયકે, કરજો કહે બહુચર કીરપાયકે; રથ જેમ વેગે પંથ પળાય
કે, મઠ મઠ પોતાંમા મેંહંમાય કે. બાળી. ૧૯ આસન બેસી અંબા
કહે ઇશને જો, બહુચરના ગુણ ગાશે નિશ દિસને જો; તે નર પદવી
પાંમે અમરીશને જો, બહુચર મુજને તેમ જુગ દીસને જો. બધ
બેનો માહે મુજને વાળી કે, મે મારા મનની વ્રત આલી કે; ક્યાંહાં
હુ જાવું મન ગમતે ચાલી કે, સીવ સુણતામાં થયાં ખુશાલી કે.
બાળી. ૨૦ સંકર કહે એ ગરબો ગાસે સહુ જો, નર નારી ધરીને

બરદ બહુ જો; સુખ સંપત પાંમે ને દુઃખ વાંમે સહુ જો, ધન ધાં ન્યને સંપત દારાને સહુ જો. આઠે પહોર રહે ઉલ્લાસ કે, અંબા બહુચર પુરે આશ કે; આરાસુર પ્રતક્ષ અવાસ કે, ઉડ્યા જાયે કાળ આકાસ કે. બાળી. ૨૧ એ બે બેનોમાં અંતર કો નથી જો, મા મોટા મુનિયે મન કીધુ મથી જો; ઉતપત પાલણ બધે થકી જો, જેના જસ વેદ પુરાંણે કહે કથી જો. તે ત્રિપુરાને લાગુ પાયકે, એમ મન માગુ બહુચર માય કે; પાળો પ્રજા ઘણું પીડાય કે, ભટ વલ્લભ તારા ગુણગાય કે. બાળી. ૨૨.

આનંદનો ગરબો.

આજમુને આનંદ વાધ્યો અતિ ઘણો મા, ગાવા ગરબો છંદ બહુચ રમાત તણો મા. ૧ હળવે આળ પંપાળ આપેક્ષા આણીમા, છો ઇછા પ્રતીપાળ દો અમરત વાણીમા. ૨ સ્વરગ મ્રત્યું પાતાળ વાસ સકળ તારો મા, બાળ કરી સંભાળ કર ઝાલો મારો મા. ૩ તોતળા મંન તંન તોતો તો કહેમા, અરભક માગે અંન, નિજ માતા મન લેમા. ૪ નહી સત્ય અપસત્ય, કહી કાંઈ જાણું મા, કળી કહાવ્યા કવ્ય, મન મીથ્યા આણુંમા. ૫ કુલજ કુપાત્ર કુશીલ, કર્મ અકર્મ ભર્યો મા, મુરખમાં અણ મીલ, રસ રટવા વિચરયો મા. ૬ મુંઢ પ્રમાણે મત્ય, મન મિથ્યા માપી મા, કોણ લહે ઉતપત્ય, વિશ્વ રહ્યાં વ્યાપીમા. ૭ પ્રાક્રમ પરમ પ્રચંડ, પ્રબળ ન પળ પ્રીછ્યુમા. પુરણ પ્રગટ અખંડ, અન્નથકો ઇછું મા. ૮ અરણવ ઓછે પાત્ર, અકલે કરી આણું મા; પામું નહી પળ માત્ર, મન જાણું નાણું મા. ૯ રસના જુગમ હજાર, તે રટતે હરયો મા, ઇશ અંશ લગાર, લઇ મનમથ મારયો મા. ૧૦ મારકંડ મુનીરાય, મુખ માહાતમ ભાંખ્યુંમા, જ્યમુની રૂશિ જેવાય, ઉર અંતર રાખ્યું મા. ૧૧ અણ ગણ ગુણ ગતિ ગોત્ર, એલ ખરો ન્યારો મા, માત જાગતી જોત, જળહળતો પારો મા. ૧૨ જશ ત્રણવત ગુણ ગાય, કહું ઊંડળગુંડળમા, ભરવા બુધિ બે હાથ, ઓખામાં ઊંડળમા. ૧૩ પાગ નમાવી શીશ, કહું ગાંડું ઘેલું મા, માત ન ધરશો

રીસ, છે ખુંલું ખાડું મા. ૧૪ આદી નિરંજન એક, અલખ અકળ રાણી મા; તુજથી અવર અનેક, વિસ્તરતાં જાણીમા. ૧૫ શક્તિ સરજી સૃષ્ટ, સેહેજ સ્વભાવ અલપમા, કાચિત કરૂણા દ્રષ્ટ, ક્રત ક્રત કોટી કલપમા. ૧૬ માતંગી મન મુક્ત, રમવા કીધું મનમાં; જોવા જુક્તિ અજુકત, રચિયાં ચઉદ ભોવનમા. ૧૭ નિર ગગન ભુનેજ, સેહેજ કરી નિરમ્યાં મા; મારૂત વશ જે જેહ, ભાંડ કરી ભરમ્યામા. ૧૮ તતક્ષણ તનથી દેહ, ત્રણ કરી પેદામા; ભવકત કરતાં જેહ, સર જે પાળે સદામા. ૧૯ પ્રથમ કરેચા ઉચ્ચાર, વેદ ચાર વાયકમા, ધરમ સમગ્ત પ્રકાર, ભુમણવા લાયકમા. ૨૦ પ્રગટી પંચ માહાભુત, અવર સરવ જે કોમા; શક્તિ સર્વ સંયુક્ત, શક્તિવિના નહી કોમા. ૨૧ મૂળ નહી મંડાણ, મહા માહેસ્વરીમા, જગ સચરાચર જાણ, જય વિશ્વેશ્વરીમા. ૨૨ જળમાંહે જળશાયી, પોઢ્યા જગજીવન મા; બેઠાં અંતરીક્ષ આઇ, ખોળે રાખી તનમા. ૨૩ ભોમ વિમાનની વાટ, ઠાઠ ઠઠ્યો આગ્રેમા, ઘટ ઘટ સરખો ઘાટ, કાચ બન્યો કાચોમા. ૨૪ એજ રજ ગુણ અવતાર, આકારે જાણીમા; નિરમીત હિત નરનાર, નખશીખ નારાયણીમા. ૨૫ પંનગને પશુ પંખી, પ્રથક પ્રથક પ્રાણીમા; જુગ જુગ માંહે ઝંખી, રૂપે રૂદ્રાણી મા. ૨૬ ચખ ચંચળ ચઇતન, વચ ચાહન ટીકીમા, જણાવવા જનમન, મધ્ય માતા કીકી મા. ૨૭ અનચર ત્રણચર વાયુ, ચરવારી ચરતામા, ઉદર ઉદર ભરિઆયુ, તું ભવની ભરતામા. ૨૮ રજો તમોને સત્વ, ત્રિગુણાત્મક ત્રાતામા, ત્રિભુવન તારણ તત્વ, જગત તણી જનતામા. ૨૯ જ્યાંત્યમત્યાં ત્યમ રૂપ, તેજ ધર્યાં સઘળેમા; કોટી કરી દયા ધુપ, કોઈ તુજ ને ન કળેમા. ૩૦ મેરૂ શિખર મહિમાય, ઘોળાગઢ પાસેમા; બાળી બહુચરે આઇ, આદ્ય વસે વાસેમા. ૩૧ નવ લહે બ્રહ્મા ભેદ, ગુણ ગતિ તાહેરીમા; વાણી વખાણે વેદ, શી મતી માહેરીમા. ૩૨ વિબણું વિમાશી મન, ધન્ય એમ ઉચરીયામા, અવર નહિ તુંથી અન્ય, બાળી બહુચરીયામા. ૩૩ માને મન માહેસ, માત મયા કીધીમા; જાણે સુરપતી શેષ, સઉ તારે લીધીમા. ૩૪ સહસ્ત્ર ફણાધર શેષ, શક્તિ સબળ સાંધીમા; નામ ધાંયુ નાગેશ, કીરતીતો વાધીમા. ૩૫

મચ્છ કચ્છ વારાહ, નરસિંહ વામન થઇ મા; અવતારો તારાહ, તે તુજ મહાત્મ હઇમા; ૩૬ પરશુરામ શ્રી રામ, રાય બળી બળજેમા; બુધિ કલંકી નામ, દશ વિધ ધરિ દેહેમા. ૩૭. મધ્ય મથુરાંથી બાળ, ગોકુળતો પોતું મા, તે નાંખી મેહ જાળ, બીજુ કોઇ નેતું મા. ૩૮ કૃષ્ણા કૃષ્ણ અવતાર, કાળી કારણ કીધું મા, ભકિત મુકિત દાતાર, થૈ દર્શન દેધુંમા. ૩૯ બ્રંહ્મળને વળી નાર, પુરૂશ પણે રાખ્યામા; એ અચરજ સંસાર, શ્રુતિ સ્મ્રતિએ ભાખ્યાંમા. ૪૦ જાણી બ્યંડળ કાય, જગમાં અણગમુકિતમા; મા મેટે મહિમાય, ઇંદ્ર કથે ઉકિતમા. મેહેરામણ મથી મેર, કીધો રવઇએ સ્થિરમા; કાઢ્યા રતન એક તેર, વાસુકિના નેતરમા. ૪૨ સુર સંકટ હરનાર, સેવકને સનમુખમા; અવિગતી અગમ અપાર, આનંદિ નિધિ સુખમા. ૪૩ સનકાદિક મુની સાથ, સેવે વિવિધ વિધિમા; આરાધિ નવ નાથ, ચોરાશી શીધે મા. ૪૪ આવી અયોધા ઇશ, નામી શીશ વળ્યામા; દશ મુસ્તક ભુજ વીશ, છેદી શીત મળ્યામા. ૪૫ નૃપ ભોમકના કુમાર, તમ પુજે પામીમા; રૂકમણી રમણ મુરાર, મન ગમતો શાંમીમા. ૪૬ રાખ્યા પાંડુ કુમાર, છાના સ્ત્રી સંગેમા; શંતસાર એક બાર, વામ્યા તમ અંગેમા. ૪૭ બાંધ્યો તન પ્રદ્યૂમન, છુટે નહી કોથી મા; સમરી પુરી સંખન, ગયો કાળાગ્રેહેથીમા. ૪૮ વેદ પુરાણ પ્રમાણ, સાસ્ત્ર સકળ સાખી મા, શકિત અષ્ટી મંડાણ, સરવ રહ્યાં રાખી મા. ૪૯ જ્યાં જ્યાં જુગતી જોઈ, ત્યાં ત્યાં તું તેવિમા, સમવિત ભ્રમવિત ખોઈ, કહિનશકુ કેવીમા. ૫૦ ભુત ભવિષ્ય વર્તમાન, ભગવતી તું ભવનીમા; આદ્ય મધ્ય અવશાન, આકાશે અવનિમા. ૫૧ તોમર હરણ શશિ સુર, તે તારો ચોકીમા, અનિ અગ્નિ ભરપુર, થઇ પોખો શોખોમાં ૫૨. ખટ રિતું ખટ માસ, દ્વાદશ પ્રતિબંધેમા, અંધકાર ઉજાશ, અનુક્રમ અનુસંધેમા. ૫૩ ધરતિ તરૂ ધન્ય ધન્ય, ધ્યાન ધરે નાવેમા; બામણ પ્રજા પ્રજન્ય, અણચિંતવ્યાં આવે મા. ૫૪ સકળ સ્ત્રધિ સુખદાઇ, પય દધિ ધ્રત માંહી મા, સર્વે રસ સરસાઈ; તું વિણ નહિ કાંઇ મા. ૫૫ સુખ દુઃખ એ સંસાર, તારા નિપાયા મા; બુદ્ધિ બળને બળ આહાર, ધણું ડાહ્યાં વાહ્યાં મા. ૫૬ ક્ષુધા તૃષા નિંદ્રાય,

બધુ જોબન વ્રદ્ધા મા; શાંતી શુર સિમાય, તું સઘળે સિદ્ધા મા. ૫૭ કામ ક્રોધ મોહ લોભ, મદ મત્સર મમતા મા; તૃષ્ણાથી સ્થિર થોભ, શરમ ધરે શમતા મા. ૫૮ અર્થ ધર્મને કામ, મેક્ષ તું મોહ માયામા; તન તનનો વિશ્રામ, ઉર અંતર છાયા મા. ૫૯ ઉદે ઉદારણ અસ્ત, આદ્ય અના દેની મા; ભાષા ભુર સમસ્ત, વાક વિવાદિની મા. ૬૦ હરખ હાસ્ય ઉપહાસ્ય, કાવ્ય કવિત વિત્તતું મા; ભાવ ભેદ નિજભાષ્ય; ભક્તિ ભળી ચિત્તતું મા. ૬૧ ગીત નરત વાજીંત્ર, તાળ તાન માને મા; વાણી વિવીધ વિચિત્ર, ગુણ અગણિત ગાને મા. ૬૨ રતિ રસ વિલાસ, આશ સકળ જગની મા; તન તન મનમધ્ય વાસ, મોહ માયા મગ્ની મા. ૬૩ જાણ અજાણે જગ્ત, એ બાધાં જાણે મા; જીવ સકળ આશક્ત, સૌ સરખાં માણે મા. ૬૪ વિવિધ ભોગ મરજાદ, જગ દાખ્યું ચાખ્યું મા; ગરથ સુરત નિસ્વાદ, પદ પોતે રાખ્યું મા. ૬૫ જળથળ શાખા પત્ર, પુષ્પ ફુળે ફળતી મા; ૫- રણ માત્ર એક અંત્ર, રસબસ વીચરતો મા. ૬૬ નિપટ અટપટી વાત, નામ કહું કોનું મા; સરજી સાતે ધાત, માત અધિક સોનુ મા. ૬૭ રત્ન મણિક માણીક, નંગ મળ્યા મુક્તા મા; આભા અટલ અ- ધિક, અન્ય ન સંયુક્તા મા. ૬૮ નીલપીત આ રક્ત, શ્યામ શ્વેત સરખી મા; ઉભય વ્યક્ત અવ્યક્ત, જગ જેવી નરખી મા. ૬૯ નગ જે અષ્ટકુળ આઠ, હિમાચળ આદિ મા; પવન ગવન ઠઠિ ઠાઠ; ભુજ રચિતા બાધે મા. ૭૦ વાપી કુપ તળાવ, તું સરિતા સિંધુ મા; જળ તારણ જે નાવ; તું તારણ બંધુ મા. ૭૧ વ્રક્ષ વન ભાર અઢાર, ભુ ઉપર ઉભા મા; કૃત્ય કર્મ કરતાર, કોશ વિધી કુભા મા. ૭૨ જડ ચેતન અભિધાન, અંશ અંશ ધારી મા; માનવી મોટે માન, એ કુ- રણી તારી મા. ૭૩ વરણ ચાર વિધી કર્મ, ધર્મ સહીત થાપી મા; બેને બાર અપર્મ, અનુચર વર આપી મા. ૭૪ વાડવ વહ્નની નિવા- સ, મુખ માતા પોતે મા; તૃષે તૃષે આશ, મત જગત જોતે મા. ૭૫ લખ્ખ ચોરાશી જંત, સૌ તારા કીધા મા; આવ્યો અસુરનો અંત, દંડ ભલા દીધા મા. ૭૬ દુષ્ટ દમ્યા કઇવાર, દારૂણ દુઃખ દેતા મા; હેતે

કર્યા સંહાર. ભાગ જગન લેતા મા. ૭૭ શુદ્ધ કરણ સંસાર, કર ત્રીશુળ લીધુંમા;ભુમી તણે શિર ભાર, હરવા મન કીધુમા.૭૮ બહુચર બુદ્ધિ ઉદાર, ખળ ખોળી ખાવામા; સંત કરણ ભવપાર; સાદકરે સાહાવા મા. ૭૯ અધમ ઉધારણ હાર, આસનથી ઉઠી મા; રાખણ જગ વ્યવહાર, બુદ્ધિ બાંધી મૂકી મા. ૮૦ આણી મન આનંદ, મા માંડ્યા પગલા મા; તેજ કિરણ રવિ ચંદ્ર, દો નાના ડગલાં મા. ૮૧ ભર્યાં કદમ બે ચાર, મદ માતી મદ ઝરે મા; મનમાં કરી વિચાર, તેડાવો અનુચર મા. ૮૨ કુર્કટ કરી આરોહ, કરૂણા કર ચાલી મા; નખ પંખી મેહ્યો હ, પગ પ્રથ્વી હાલી મા. ૮૩ ઉડીને આકાશ, થઈ અદભુત આવ્યો મા; અધક્ષણમાં એક શ્વાસ, અવની નળ લાવ્યો મા. ૮૪ પાપી કરણ નિપાત, પ્રથ્વી પડ માંહી મા; ગોક્યું મંન ગૂજરાત, ભીમાં ભડ માંહી મા. ૮૫ ભોળિભવાંની માય, ભાવભલે ભાળે મા; કીધી ઘણી કૃપાય,ચુંવાળે આવે મા. ૮૬ નવ ખંડ ન્યાળી નેટ,નજર વજર પેઠી મા; ત્રણ ગામ નર ભેટ, ઠેઠ ઠરી બેઠી મા. ૮૭ શેવક શરણા કાજ, સનખલપુર સેઠે મા; ઉઠ્યો એક અવાજ, દેદારને તેડે મા. ૮૮ આવ્યા અશરણ શર્ણ, અતિ આનંદ ભર્યા મા; ઉદિત મુદિત રવિ કર્ણ, દશ દિશ જશ પસર્યા મા. ૮૯ સકળ સમય જગ માત, બેઠાં ચીત સ્થિ થઈ મા; વસુધા મા વિખ્યાત, વાત વાયું વિધિ ગઈ મા. ૯૦ જાણે જગ બધ જોર, જગ જનની જોએ મા; અધિક ઉડાડ્યો સોર, વાસ કરી ગોખે મા. ૯૧ ચાર ખૂટ ચોખાણ, ચરચાએ ચાલી મા; જન જન પ્રતિ મુખવાણ, બહુચર બિરદાળી મા. ૯૨ ઉદો ઉદો જય કાર, કીધો નવ ખંડે મા; મંગળ વરત્યાં ચાર, ચૌદ બ્રહ્માંડે મા. ૯૩ ગાજ્યા સાગર સાત, દુધે મેહ વૂઠ્યા મા; અધરમ થર ઉતપાત, સૌ કીધા જુઠા મા. ૯૪ હરખ્ય, સુર નર નાગ, મુખ જોઈ માતાનું મા; અવિ લોકી અનુરાગ, મન મુનિ સરખાનું મા. ૯૫ નવ ગ્રહ નમવા કાજ, પાગે પળી આવ્યા મા; ઉપર ઉતારવાજ, મણિ મુક્તા લાવ્યા મા. ૯૬ દશ દિશના દિગપાળ, દેખી દુઃખ વામ્યા મા; જન્મ મરણ જંજાળ, મટતાં સુખ પામ્યા મા. ૯૭ ગુણ ગાંધર્વ જશ ગાત, નૃત

કરે રંભા મા; સુરે વર સુણતા તાન, ગતિ થઈ ગઈ સ્થંભા મા. ૯૮ ગુણ નિધિ ગરબો જેહ, બહુચર મા કેરી મા; ધારે ધારી દેહ, સફળ ફળે ફેરો મા. ૯૯ પામે પદારથ પાંચ, શ્રવણે સાંભળતા મા; નાવે ઉની આંચ, દાવાનળ બળતા મા. ૧૦૦ શસ્ત્ર ન અડકે અંગ, આદ્ય શક્તિ રાખે મા; નિત્ય નિત્ય નવ લે રંગ, ધર્મ કર્મ પાખે મા. ૧૦૧ જળ જે અકળ આઘાત, ઉતારે બેડે મા; ક્ષણ ક્ષણ નિશદિન પ્રાત, ભવ સંકટ ફેડે મા. ૧૦૨ ભૂત પ્રેત જંબુક, વ્યંતરે ડાકીણી મા; નાવે અડી અચુક, સમરે સાકી.મા. ૧૦૩ ચરણ ભરણ ગતિ ભંગની અંગ પંગ વાળે મા; ગુંગ મુંગ મુખ્ય અંગ, વ્યાધિ બધી ટાળે મા. ૧૦૪ શેણ વિહીણાં નેણ, નેહે નેણાં આવે મા; પુત્ર વિહીણાં કહેણ, કંઈ મેણાં કાપે મા. ૧૦૫ કળી કલ્પ તરૂ ઝાડ, જે જાણે તેને મા; ભક્ત લડાવે લાડ, પાડ વિના કેતે મા. ૧૦૬ પ્રગટ પુરૂપ પુરૂપાઈ, તું આપે પળમાં મા; ઠાલા ઘેર ઠકરાઈ, દોહળ હર બળમાં મા. ૧૦૭ નિર્ધનને ધન પાત્ર, તું કરતાં શું છે મા; રોગ દોષ દુખ્ય માત્ર, તું હરતાં શું છે મા. ૧૦૮ હય ગજરથ સુખપાલ, આળ વિના અજરેમા; બિરદે બહુચર બાળ, ન્યાળ કરે નજરે મા. ૧૦૯ ધર્મ ધજા ધન ધાન, નટળે ધામ થકીમા; મહિપતી દે મુખ્ય માન, માના નામ થકી મા. ૧૧૦ નરે નારી ધરિ દેહ, હેતે જે ગાશે મા; કુમતિ કર્મ કૃત એહ, થઇ ઉડી જાશે મા. ૧૧૧ ભગવતિ ગીત ચરીત્ર, નિત્ય શુણશે કાને મા; થઈ કુળ સહિત પવિત્ર, ચઢશે વૈમાને મા. ૧૧૨ તુંથી નથી જે વસ્ત, તેથી તને તરપુ મા; પુરણ પ્રગટ પ્રશસ્ત, શી ઉપમા અરપુ મા. ૧૧૩ વારંવાર પ્રણામ, કરજોડી કીજે મા; નિર્મળ નિશ્ચળ નામ, જનનાનું લીજે મા. ૧૧૪ નમો નમો જગમાત, નામ સહસ્ત્ર તારે મા; માત તાતને ભ્રાત, તું સર્વે મારે મા. ૧૧૫ સંવત સત દસ સાત, નેવું ફાલગુણ શુદ્દે મા; તિથિતૃ તિયા વિખ્યાત, શુભ વાસરે બુદ્ધ મા. ૧૧૬ રાજનગરે નિજ ધામ, પુરેનવિન મધ્યે મા; આઈ આદ્ય વિશ્રામ, જાણ જગત બધેમા. ૧૧૭ કરિ દુર્લભ સુલભ, રહુધું છેવાડો મા; કરજોડી વલ્લભ, કહે ભટ મેવાડો મા. ૧૧૮

શણગારનો ગરબો.

પ્રથમ પાર્વતિના પુત્રને પાયે નમુરે લોલ, દીન જાણી વાણી દીજી-એ, કહું સમુંરે લોલ. ૧ સરસ્વતિ તણા, ચરણ પ્રતાપથીરે લોલ; નવે નિધિ રિધિ સિધિ, આપો આપથીરે લોલ. ૨ કરૂંગા ન ધરૂ ધ્યાન, બહુચરા તણુંરે લોલ, કરો સાર વારંવારશું, કહું ઘણુંરે લોલ. ૩ આજ બહુચરાજી માત, ગરબે રમેરે લોલ, સુરનરે મુનીવર, સહુને ગમેરે લોલ. ૪ માજી રૂપ રાધિકાથી, ઘણું બણીરે લોલ; કોટીકામ શશિ, સુર્યની છબી હણીરે લોલ. ૫ રતિ રોહિણી રંનાદે, આદિ સુંદરીરે લોલ; પલક પલવટે ઉમારમા, પુરંદરીરે લોલ. ૬ વેણ વાસુકી સરીખી, શીશ રાજતીરે લોલ, ક્ષુદ્ર ઘંટ ગોફણાને, મધ્ય ગાજતીરે લોલ. ૭ ભરી માંગ મૂગતા તે, મહા મૂલનીરે લોલ; રાજે રાખડી રૂડી તે, રત્ન તુલ્યનીરે લોલ. ૮ ફુલી ખીટલી સેંથો ભર્યો, સમો પડ્યોરે લોલ; ચાક ચમરીશું ચોટલો, કટી અડ્યોરે લોલ. ૯ સ્વરણ સિંદુર આકાર, સર્વ સીપનારે લોલ; સોળ શોભિતા સણગાર, સર્વ નાપ નારે લોલ. ૧૦ કાને વાળીયો જડાવ, ઝાલ ઝુમખાંરે લોલ; જોતિ મોતિયે પરોવ્યાં, લુંબ લુંગ ખાંરે લોલ. ૧૧ સોના સાંકળી સરી, શિક્રા જડામણીરે લોલ; કોર તોરણ મોતીની, દીસે દામણીરે લોલ. ૧૨ તેજ શું કહુ ટાટંક તણે લેલ કરે લોલ; કહ્ના ફુલ જડ્યાં નંગ, તે અમૂલ કેરે લોલ. ૧૩ અર્ધ ચંદ્રમાં કપોળ, શું કહુ કર્યારે લોલ; ચૌદ ભુવનમાં, બહુચરા સમુ નથીરે લોલ. ૧૪ ભાળલાલ આડ, કુમકુમની રીતડીરે લોલ; તપે ટીલડી કહીન જાએ, વાતલડીરે લોલ. ૧૫ ત્રિકુટી મધ્યે સિંદુરની, બીંદી કરીરે લોલ; ચોડ્યા ચોખલા કપોળ, લોલશું ભરીરે લોલ. ૧૬ ભ્રકુટી કમાન કાને, કોરશું અડીરે લોલ; કીર નાસીકા વિદેહી, કરે તે ઘડીરે લોલ. ૧૭ આંખ ઉપમાને નાવે, કોઈ પલવટેરે લોલ; વરણ વરણવું જે અન્ય, ઉપમા ઘટેરે લોલ. ૧૮ પદ્મ દીપક તારાના, તેજ ત્યાં ગળ્યારે લોલ; મીન ખંજન મૃગમાન, મુકીને પળ્યારે લોલ. ૧૯ લક્ષ લક્ષ કાંતિ તિલકની, લીલા જુએરે લોલ; ગોરા ગાલમાં ત્રિલોક મોહ્યાં, તાંજુવેરે લોલ. ૨૦ મોહ રૂપ ધ-

શું, બહુચરાજી બાળી યેરે લોલ; ગ્રહચાર રહ્યા, વેસરતી વાળિયેરે લોલ. ૨૧ ગુરૂ હેમ લાલ ભોમ, ભૃગુ મુક્તમાંરે લોલ; શનો કીકીયે જણાય, જોતાં જુક્તમારે લોલ. ૨૨ અધર બિંબ કે પ્રવાળ, લાલમાં મળીરે લોલ; દંત પંકિત જુક્તિ, દામડ કેરી કળીરે લોલ. ૨૩ ચળકે ચુનીયો જડાવ, ભાવરેખ મારે લોલ; વદન નિરખતા ન આવે, મીન મેખ મારે લોલ. ૨૪ હાવ ભાવશું કટાક્ષ, નેન સેનનુંરે લોલ; ચિબુક ચારૂ વચ્ચે ઈંદુ, બિંદુનેન નુંરે લોલ. ૨૫ કંઠકો કિલા કપોત, જોત પોતનીરે લોલ; ભાનુ જુક્તિ ને પ્રમાણ, તે ઉદ્યોતનીરે લોલ. ૨૬ કોટે ચીણ માળા ચંપકળી, ચમકર્તીરે લોલ; ઘણી ઘુઘરી અરીસે, દીસે ધમકર્તીરે લોલ. ૨૭ ગળે ઘરેણાં થયાં ઘણાં, ઘચુંબળેરે લોલ; કનક સાંકળી તુશી દોરેને, ઝુમણેરે લોલ. ૨૮ હીરા સાંકળી પાશીની, ચાર શેરનીરે લોલ; મુકતા માળા તે, એકાવળના હારનીરે લોલ. ૨૯ બેહ મેલમાંહીરાના, ઝગમકારેડારે લોલ; પારીજાતક મંદાર કેરા, હારડારે લોલ. ૩૦ બાહુ દંડ જુગમ શુંઢ, સરખા સહીરે લોલ; હાથ હાથની હાથે લીધે, મથ્યાં મહીરે લોલ. ૩૧ અતિ અદભુત અંગુઠા, સંગે આંગળીરે લોલ; અનુમાનમાં આવે તે, મગની ફળીરે લોલ. ૩૨ નખ વીશ રાત દીવસે, તારા તપેરે લોલ; અન્ય ઉપમાનો અર્થ, વ્યર્થમાં ખપેરે લોલ ૩૩ બાંહે બાજુ બંધ બેરખાને, ફુમતાંરે લોલ; બાંધ્યા બાંદલા બન્યા રહ્યા, ઝુમતાંરે લોલ. ૩૪ પાણ ચૂડલો પ્રમાણ, ચતુર રંગનોરેલોલ; અતિ અરૂણ તરૂણ દંત, તેમ તંગનોરે લોલ. ૩૫ બહુ કોરમાં જડાવ લાલ લાંકણીરે લોલ, મધ્ય માણેક; હીરાની હાથ કાંકણીરે લોલ. ૩૬ હાથે પોંચીયો જવાળી, ભાવિ કંગણીરે લોલ; છલ્લા છાપ આરશી, અતિ સુચંગનીરે લોલ. ૩૭ ઉર ઓપતું રશાળ, તે વિશાળસુરે લોલ; કમળ કોશ કુચ અગ્રમાં, મરાલસુરે લોલ. ૩૮ કંચુકી કનકતાર, હાર સુંબનીરે લોલ; ચુવા ચંદન ચરચીત, શોભે શોભતીરે લોલ. ૩૯ લેંઘો લાહ્યનો પેર્યો તે રંગરી જવેરે લોલ; કસબ કોર જોર સાળુ, કસુંબે ચુવેરે લોલ. ૪૦ પેટ પોવણી પ્રમાણ, ક્ષીણ લંકણીરે લોલ; સજી મેખલા રસાળ, કથી કિંકણીરે લોલ. ૪૧. ઉદર ઉપર

તે ત્રીવળી, વળી રહારે લોલ; ગિરિશ્વેત દેહ મધ્ય, ત્રિવેણી વહારે લોલ. ૪૨ નાભો કોમળ કુવો, કર્યો સુમારનોરે લોલ; ભર્યા વારિ તે અપુટ, ઇંદુસારનોરે લોલ. ૪૩ કંઠ હેઠ ઠેઠ વાંસો તે, એકત્રછેરે લોલ; અષો મુખનું અખંડ, કેળ પત્રછેરે લોલ. ૪૪ કટિકેસરી હરિ, નીતંબ શદળીરે લોલ; જંઘા જુગમ તે અષો મુખે, છે કદળીરે લોલ. ૪૫ ચારૂ ચરણામાં ચીત્ર લખ્યાં, ચોદશારે લોલ; પગ આંગળાં વળ્યાં, ચંપકળી જસારે લોલ. ૪૬ ભરી ભવક કટોરિ હેમ, નાનીયોરે લોલ; ઈંદુ બિંબને આકારે, એડિ પાનિયોરે લોલ. ૪૭ જેહેર લંગર તોડાને ઘુઘરી તળેરે લોલ; પાગે નેપૂરને વીછુવે, મુની ચળેરે લોલ. ૪૮ જમણે કાજળ સાર્યા તે, કુમકુમ રોળશુંરે લોલ; મંદહારય કરે મુખ ભર્યાં, તમ્બોળસુરે લોલ. ૪૯ ઠઠી ઠાઠ આઠ આઠ, સખી સંગમારે લોલ; બાળી બહુચરા કલોલ, કરે રંગમારે લોલ. ૫૦ કરે ગાન તાંન પાન પાત્ર, હાથમારે લોલ; રમે રમક ઝમક ઠમક, સખી સાથમારે લોલ. ૫૧ દંતે ઘુંઘટ ગ્રહી રહી, રસાળીયોરે લોલ; એક એકથી લે, હાથોહાથ તાળિયોરે લોલ. ૫૨. દેશ પાથક વાળીયા, અંબોડલારે લોલ; ફેર ફૂદડી ફરે ને,લે હંબોડલારે લોલ.૫૩ એ અખંડ એલ એલે,બાળિ બહુચરીરે લોલ; ત્રણ દેવ લેછે વારણા ફરી ફરીરે લોલ. ૫૪ વિષ્ણું વાંસળી વગાડે,શબ્દ નાદશુંરે લોલ; ડાકવાગે માહાદેવ મરજાદશુંરે લોલ. ૫૫ ધરિ પાણી પોથીયો તે, મહા મૂનમારે લોલ; બ્રહ્મા વેદ ભણે મુખ, ચારે ધુંનમારે લોલ. ૫૬ પૂષ્પ ચંદન વરસાવે, વળી દેવતારે લોલ; અઠ્યાસી સહસ્ત્ર રૂષી, સદા સેવતારે. લોલ. ૫૭ ગીરશ્વિત તજી સેવક, કાજે ધશીરે લોલ; કળિકાળમાં, ચુંવાળમાં આવી વશીરે લોલ. ૫૮ ભુર શું જાહે ભવાની કેરા, ભેદનેરે લોલ; આદ્ય અંત એ અગમ્ય, વાદ વેદનેરે લોલ. ૫૯ આ અખંડ ગરબો ગાય, જે કોઈ માનવીરે લોલ; ચરણ ચરણ ને ઉચારે, સ્નાન જાન્હવીરે લોલ. ૬૦ નવે નિદ્ધ રિદ્ધ લીજીયે, ઓવારણાંરે લેલ; દેવી વાંઝીયાં બંધાવે. દ્વાર પારણાંરે લોલ. ૬૧ મન મોઘાં ગોખ ચાચર, સોહામણેરે લોલ; ભટ વલ્લભ મેવાડો માને વારણેરે લોલ. ૬૨.

કળિકાળનો ગરબો.

પરમેશ્વરીને પાયે પડી હો બહુચરી, કહું કળિજુગના કર્મ; અકલ નથી કાંઈ એવડી હો બહુચરી, શક્તિ રાખજો શર્મ. ૧ જીવનું જીવન તું જડી હો બહુચરી, મુરખ નવ લે મર્મ; અવતારીને આ ઘડી હો બહુચરી, આઈજીએ રાખ્યો ધર્મ. ૨ આ દિન દુઃખ દેખડાવિયાં હો બહુચરી, જનમી કીધા જોખ, સમે સરવ સંપડાવિયા હો બ. ગુણવંત કીધા ગોખ, હવે હઈડે નથી ચાલતું હો બ. કઠણજ આવ્યો કાળ, તું વીના કો નથી આવતું હો બ. પ્રજા થઈ પીંડપાળ. ૪. કળીજુગ આવ્યો કોપતો હો બ. કરવા શુભ સંહાર, લાજ મર્યાદા લોપતો હો બ. ભ્રષ્ટ કર્યા આચાર. ૫. કુમતિ દીધી દેશને હો બ. સુમતિ કરાવી તાજ, વિપરીત ધારી વેષને હો બ. કળી કરે જે રાજ. ૬. પ્રથમ પહાણ વરસાવીયા હો બ. પછે પ્રગટી કુબાઈ. કાળે દુકાળે આવીયાં હો બ. પ્રેજા ન પ્રીછે કોઈ. ૭. કુમારગ સૌ ઉલટે હો બ. તજી સુમારગ પંથ, કરે કુકર્મ કુળે ઘટે હો બ. અરે ન આવે અંત. ૮ મહાજન મોટા માહેશ્વરી હો બ. માને બધા મહાનંત, ત્રુટ્યાં દેખીને તપેશ્વરી હો બ. જાત ન જાણી અંત. ૯ ગૌ બ્રાહ્મણ સેવા તજી હો બ. જોગી જતીને ધાય, હાણ હોય નવલે હજી હો બ. લક્ષ્મી લેહેરે જાય. ૧૦ કથા કહે કુપાને હો બ. ગમે ગરોડાનાં જોશ, જોડુ તજી જાય જાતરે હો બ. દિલમાં ન ગણે દોષ. ૧૧ ઊંચ નીચ એકઠા મળી હો બ. બેસે સહુ એકાંત. માને મન માની રળી હો બ. જાણી ન આણે ભ્રાંત. ૧૨ હિંદુ તરકમાં એહવી હો બ. સમજ્યા સારો ધાર જાત ન જાણી જુજવી હો બ. વરત્યો એકાકાર. ૧૩ ધર્મ ગયુ ધરણી ધશી હો બ. પુન્ય ગયું પાતાળ, પાપ રહ્યું સઘળે વશી હો બ. નરનારી વ્રષભાળ. ૧૪ દયા દેવલોકે ગઈ હો બ. દીશે નહી લવલેશ કુડાં કર્મ કરે કઈ હો બ. અવરે ન દે ઉપદેશ. ૧૫ સત્ય રહ્યું સંતાઈને હો બ. સુજે નહી સ્વલ્પ માત્ર, ઘટમાં રહ્યું ઘુંટાઈને હો બ. કળિયે કીધા કુપાત્ર. ૧૬ શતરૂ સગાં સંસારમાં હો બ. વધ્યું વાલામાં વેર, અવિલોકો આ વારમાં હો બ. કળિ કરાવે કેર. ૧૭ પ્રીતના

રીત બધી ઘટી હો બ. સ્વારથ થયો સનેહ, માયા મનમાંથી મટી હો બ. તુરત દગો દે તેહ. ૧૮ વ્યભિચારી વાધ્યા ઘણાં હો બ. કુળમાં ન ગણે કોય, માઠામાં ન મુકી મણા હો બ. હદ હળાહળ હોય. ૧૯ કુળ વધુ કઈ કુટિલા થઈ હો બ. ગણે ન ગુરૂજન લાજ, પેશે પરપુરૂષે ગઈ હો બ. પ્રગટ પેખતાં આજ. ૨૦ અણ ઘટતુ અવિલોકીયે હો બ. ઘટે તે ઘટતું સર્વ, કેમ કરી કોઈને ટોકીયે હો બ. પ્રગટ પૂર્વનું પર્વ. ૨૧ વયવિના વનિતા વેષમાં હો બ. ગર્ભજ ધરે અનેક. દશદિશ દાખ્યું દેશમાં હો બ. વાધ્યો વિષય વિશેક. ૨૨ લક્ષણ લઘુતાના વધ્યાં હો બ. તુચ્છ તરૂફળ થાય, નદીએ નીર બધે ઘટ્યાં હો બ. આયુષ્ય અલ્પ ઉપાય. ૨૩ સંવત સત્તર સત્તાશિયે હો બ. સૃષ્ટી તજાવ્યું સત્ય, અકળાવ્યાં અઠ્ઠાશિયે હો બ વિધ વિધ પડી વીપત્ય, ૨૪ અકરા કેર અતી થયો હો બ. માઠા તુઠ્યા મેહ. દેવત દુનિયાનું ગયું હો બ. દુર્બળ દીસે દેહ. ૨૫ વિત્તવિના વસુધા કરી હો બ. રેસકસ ન રહ્યો રેહ, અમૃતતા અળગી ધરી હો બ. સ્વાદ ન પામે શેહ. ૨૬ અંન અતિ મોંઘાં હવે હો બ. અધર્મ વાધ્યો અસાધ્ય, કો કોની કરણી જુએ હો બ. એક થકી એક અગાધ. ૨૭ ઉદર થકી ઉપજાવીયા હો બ. ઉભય તણા જે અંશ, તે તન પેટ તજાવિયાં હો બ. વિક્રય કીધો વંશ. ૨૮ નિર્મળ જન મન નિસ્તર્યું હો બ. એજ અધિક ઉતપાત, વિશ્વ બધામાં વિસ્તર્યું હો બ. વિશ્વાસી શું ઘાત. ૨૯ આપી થાપણ ઓળવે હો બ. જુઠા ખાયે સમ, ભરમે ભુરને ભોળવે હો બ. કુડાં થાયે કર્મ. ૩૦ આપી સુકૃત આપનું હો બ. લદગીને લલચાય, જે ધન જોડ્યું પાપનું હો બ. તે ધન તેમ વવરાય. ૩૧ જે હાકેમ રક્ષા કરે હો બ. ગયા તે હાકેમ હાડ, અવળુ આજુગ આચરે હો બ. એતરે ખાયે વાડ. ૩૨ ચોર ચાડીયા તે વડે હો બ. નગર થયું નિર્ધન. ત્રાહિ ત્રાહિ તણી તાળી પડે હો બ. રાત દિવસ અનુદિન. ૩૩ માણસ જણાં ઘણાં સુઆં હો બ. પરાં શેહેર નદી પાર, કઈ મંદીર ખાલી હુવા હો બ. ભુભાસે ભયંકાર. ૩૪ દેહધારી દુખિયા થકી હો બ. દયા ન આણે મન, દિન દિન દુકતતા થકી હો

બ. કાષ્ટ થયા વન વન. ૩૫ છળ છળ ભેદ ન છુટીયે હો બ. પસર્યો બહુજ પ્રપંચ, ખુણામાં નવ ખુદિયે હો બ. ખરૂં ન રાખ્યું રંચ. ૩૬ વાંક વિધાતાનો નથી હો બ. વાવ્યું તેજ લણાય, આપ ન જાણ્યું આપથી હો બ. ભુંડે ભલું કેમ થાય. ૩૭ નવ દીઠું નવ સાંભળ્યું હો બ. આ દુઃખ દુનિયા માંય, પાપ પ્રજા જનનું મળ્યું હો બ. કહો જે કહીએ કયાંય. ૩૮ ભુતળ ભુર દેવે નહી હો બ. સુરપુર કર્યા પ્રયાણ, હાજરા હજુર તમે છો અહી હો બ. પુરૂષ નમ્યા પરમાણ. ૩૯ આપ લક્ષણ સંસારમાં હો બ. લોકે વાળી લીક અરજ સુણી આ વારમાં હો બ. બહુચર ભાગો બીક. ૪૦ ઈંદ્ર આદિ બધા દેવના હો બ. કઈ કઇ કાપ્યા કષ્ટ, નિર મોભે ગયા નેવના હો બ. શકિત રાખજો સૃષ્ટ. ૪૧ માહાકાળી માહા કાળમાં હો બ. સુણી કરોછો સાર, તે બાળ બહુચર બાળમાં હો બ. ઉગારો આ વાર. ૪૨ હદવળી હવે શું જુઓ હો બ. પાપે પ્રથવી કવાય, સર્વનું સોમપણુ ખુએ હો બ. પુન્યે પાપ પળાય. ૪૩ કોઇ કહે સાધુને સતે હો બ. સલખનપુરથી જાગ, છેક વળેછે તું છતે હો બ. ઓલવ બળતિ આગ. ૪૪ ત્રાણ કરો ત્રીપુરેશ્વરી હો બ. તમો તમ સામું જોઈ, પ્રીત કરો પરમેશ્વરી હો બ. ખરી આર્જવને ખોઈ. ૪૫ સરજ્યાં સર્વે શકત્તના હો બ. સુરનર જાયા જેહ, છોરૂ જનેતા જગતના હો બ. છોરૂને નવદો છેહ. ૪૬ ઊછેરીને ન ઉશેટીએ હો બ. કાંઈ પ્રજા હોય પેટ, વિષમ વેળામાં વેઠીયે હો બ. મા નહીં છુટો નેટ. ૪૭ પાળ્યાં ત્યાં લગી પોખીયે હો બ. પછે પણ ન જણાય, સમર્થ લગી સંતોખીએ હો બ. મેહેરમાં ન કરો મણાય. ૪૮ ઘણો ગઈ થોડી રહી હો બ. તેમાં નીત્ય ઘટાય, બાળીયે નહી બાહ્ય ગ્રહી હો બ. પાર કરો પ્રભુતાય. ૪૯ નજર કરો નવ્યાશીયે હો બ. નગર કરો સરદાર. વિશ્વ અવાસે વાસિયે હો બ. પરાં શેહેર નદી પાર. ૫૦ મોં માગ્યા મેહ મોકલો હો બ. ખટરેસ નાવે ખોટ, સર્વ તણા હરિ શોક હો હો બ. કરૂણા કીજે કોટ. ૫૧ કામ દુર્ધા થઈ દુજીયે હો બ. સુખ પામે સંસાર, સમ ખાતામાં સુજીયે હો બ, નોધારાં આધાર. ૫૨ ભૂતળ ભૂરને દીજીયે હો બ.

ભાત ભાત રસ ભોગ, લાડ લડાવી લીજીયે હો બ. વાસાટળે વિજોગ. ૫૩ આઈ અમી છાંટો નાંખીયે હો બ. છોરૂ ઢોરને ગ્રામ, ભગવતી ભવમાં ભાંખીયે હો બ. સમર્થી પુરો કામ. ૫૪ નેત્રવે થકી નારાયણી હો બ. દેશમાં દો નવ નિધ. દેવી સદા સુખદાયણી હો બ. પરમેશ્વરી પ્રસિદ્ધ. ૫૫ ગરબો શુણી કળિ કાળનો હો બ. યથા શકિત દે દાન, પરતો બહુચર બાળનો હો બા. પામે ધનસંતાન. ૫૬ વરણ અધિકાર વેદમાં હો બ. ભગવતી બ્રાહ્મણ એક, ઉચ્ચાર્યા અધિક ઉમેદમાં હો બ. ત્રિપુરા ન તજો ટેક. ૫૭ તમે છો ત્રિભુવન પતી હો બ. સુરે સુરેશ સમાન, વલ્લભ ગુલામના વીનતી હો બ. શુણજો સઘળી કાન. ૫૮

ગરબો.

આદ્ય શકિત તુજને નમુ હો બહુચરી, ગણપત લાગુ પાય; સ્તુતી કરૂ સહુને ગમુ હો બહુચરી. વાણી દો મુજ માય. ૧ માન સરોવર ઝીલતાં હો બહુચરી, કરતાં લીલ વીલાસ; ચોસેઠ બેનો મળી એકઠી હો બહુચરી, માન સરોવર પાસ. ૨ તેત્રીસ ક્રોડ દેવતા મળ્યા હો બહુચરી, મળીયા સારંગ પ્રાણ; સરવે મળીને કરી થાપના હો બહુચરી, ધરાવ્યુ બહુચર નામ. ૩ ઘોડોનો ઘોડો કરયો હો બહુચરી, અસ્રીનો પુરૂશ; મુગ્યા તે અગ ઓઝીઆ હો બહુચરી, મુગલના ઘટ માંહે. ૪ દહીતને દાનવ હાથે હણ્યા હો બહુચરી, મારયો મહિશાશુર, શુંભ નિશુંભ હાથે હણ્યા હો બહુચરી, રકત ચલાવ્યું પુર. ૫ વાડવ જમેતે તુજને ગમે હો બહુચરી, હવન ઘણેરાં થાય, ખીર ખાંડ ઘ્રુત હોમાયછે હો બહુચરી, થતાક થેઇ થેઇ થાય. ૬ ભાટ વલ્લભ કરે વીનતિ હો બહુચરી, ગુણ તમારા ગાય. ૭

ગરબી.

બહુચર બાઇરે, હું જેવો તેવોછું તારો; અંબે આઇરે હું ગાંડો ઘેલો છું તારો. ટેક. કામી ક્રોધી માયા લોભી જુગમાં છુ ધુતારો, એક નામનો આંશરો તમારો. તેણે કેવાયો સારો. અંબે૦ ૧ પરત્રીજી હું પર હત્યારો, પર ધનને તું હરતો, ;પર નારીશું રંગે રમતો, અવળા ચરણ આચરતો. અંબે. ૨ અવરના રાચુ તમને જાચુ, પાલવ સાહ્યો

તમારો; ભવસાગરમાં બુડિ રહ્યોછું, અંતે પાર ઉતારો. અંબે. ૩ વાત કરીએ સરવે મળ્યા, અવગુણ મન નવ આણો, ભટ વલ્લભની વીનતી સુણીમા, આવ્યાં વીઘન નીવારો. અંબે. ૪

અષ્ટપદી.

નમો સ્તુતે નારાયણી જનુની, બહુચરમા બરદાળી; આદ્ય શક્તી જકત શીરોમણી, ભગત પ્રણત પ્રતી પાળી. ટેક. સુરમુની વંદન અસુર નીકંદન, ચંદન ચરચીત અંગે; બાર ચાર શણગાર ધરો ઉર, નીત નીત નઉતમ રંગે. નમો. ૧ હરીહર ધાતા વેદનીમાતા, ધાતા જુગ જુગ જોખં, મોહ સનકાદીક સુર ઈંદ્રાદીક, સકળ કળા નીધી ગોપ્યં. નમો. ૨ વાયું આકાશ જળ તેજ ધરાતલ, ફળ પંચ તત્વ પ્રકાસં; સ્થાવર જંગમ સચરાચરમા. સલખન પુર સુભ વાસં. નમો. ૩ અગમ અભેદ ભેદ અમર અજે, અકળ સ્વરૂપ અનંગં, જ્ઞાન ગીતા ગીતે ગુણ ગાઇ, સાગરે સુખ ફળ ધામં. નમો. ૪ ત્રિગુણ નિર્ગુણ સહીત ત્રિપુરેશ્વરી, ત્રિશુળા કરે કરે ડાકં; ભંડાસુર મહિખાસુર મારો, ભડ ભાજત સુની હાકં. નમો. ૫ જનમ નીરંજન ભવ ભય ભંજન; ગંજન કીલ મલતાપં, વિદ્યા બ્રહ્મના તન નિત્યા, આપી સત તત્વ પ્રતાપં. નમો. ૬ જગની એ શક્તા, સસુંદરી ત્રિપદા, ધરમ અરથ મોક્ષ કામં; ત્રિપદ ખટ પંચાંનન કહીં, એચર કરતા શામં. નમો. ૭ શ્રી વલ્લભ ભટ કહે બહુચરમા, ચરીત્ર કથા ગ્રત જ્ઞાનં; તવ ચરણાંબુજ, મમ મધુકર, કરત નીરંતર ધ્યાનં. નમો. ૮

હોરી.

બોલો સખીરી એ હોરી આઇ, પાડ ડુંગરથી મઈયા ધાઈ; બોલો સખીરી૦ ટેક. ચોસઠ નવ દસ ટોળે વળાઇ, વચે બહુચર અંબા આઈ. બોલો. ૧ તાલ પખાજ બજાવત મઇયા, બોલા ફાગન અંબા આઇ. બોલો. ૨ ચુવા ચંદન અત્તરે અરગચા, કસ્તુરીશું એક બનાઈ, બોલો. ૩ અબીલ ગુલાલ ઉડાવે દેવી, અધુર બીંબ રહ્યો દલ છાઇ. બોલો. ૪ કેશર કેશું કુમ કુમ ઘોળાં, કળસ ભરી ભરી શીર ઢોળાઇ. બોલો. ૫ કર કંચન પીચકારી કનકકી, ભરી ભરી મારે દેવી ચોકાઇ.

બોલો. ૬ વળગ્યાં જુમી કરે સહુ દેવી, સલખ્ખન પુરમાં ધુમ મચાઇ. બોલો. ૭ તેલ ગુલાલ મુખ્ખ માંજે, નાસે દોડીને કરે ઘિગાઇ. બોલો. ૮ ફરે ફુંદડીને બે અંબોડા, લે ડંડા રસ ડંડા સાઇ. બોલો. ૯ એ શોભા જોઇ હરખ્યા દેવતા, બેઠાં વિમાંને ટોળે વળાઇ, બોલો. ૧૦ કેહે વલ્લભ છોરૂકે છોરૂ, આ જુગમાં લેજો નિભાઇ. બો. ૧૧

હોળી.

બહુચર બાળા બાળાજીરે, રંગભેર રમતાં હોળી. ટેક. માત વસંત માત મદ માતી, મળીછે ભવાંનિની ટોળી. બહુ. ૧ અબીલ ગુલાલ ઉડાવે અંબા, નાખે ચંદન ઘોળી. બહુર પ્રાંણગ્રહ પીચકારી મારીને, હાશ કરે હીંઝોળી. બહુ. ૩ ચંદન ચરચીત ચંડીકા, ચંપક વરણી ચોળી. બહુ. ૪ સાળુ સપેત કેસરીયાં કીધાં, બાધા રંગમાં બોળી બહુ. ૫ વીવીધ વિલાશ કરે સલખ્ખન પુરી, રાત દીવસ રંગ રોળી. બહુ. ૬ વલ્લભને વીશરામ ઠામ તું, માત ભવાંની ભોળી. બહુ. ૭

હોળી. દેશી ફેર.

બહુચર બહુ બરદાળી, હોળી રમેછે રસાળી. ટેક, બહુચર બાલી બહુ બરદાળી, હોળી રમે રસાળી. રેત રંગીલી ભવાની ભોળી, રીજ્યા અતી રૂપાળી. બહુ. ૧ સખી સકળ સલખ્ખન પુર સાથે, સરદ શશી વદન વ્યાળી, સરવે સુગંધ બધ સંગાથે, લીધા કર ખટકાળી. બહુ.૨ આળસ તજી પરવરીયા પારે, રચી રમત દઢીયાળી, હોળી રેહે કહ્યું નત્ર વહારે. પુરણ પળ વટ વાળી. બ. ૩ તાલ મ્રદંગ ઝાંઝર ડફ વાગે, એઉરે મધુર સ્વર વાળી, સરવે શકિત કરીને સમાજે, ગવરાવે ઘડ નાળી. બ. ૪ ચાર પાંચ મળી ચચ્ચર આવ્યાં, આઠ આઠ એમ લાલી, દુરગા જોગણી દેખીને ફાવ્યા, નાની બેન નીહાળી. બહુ. ૫ અબીલ ગુલાન અરગચો આણો, કેસર રસીયો ગાળી. સાંમા સામી સલખ્ખન પુર રાણી, છાંટે છેલ છોગાળી. બહુ. ૬ ચુવા ચંદન બહુ મનન, આંણંદી ઊછાળી; ભડુવા કહે ત્રિભોવન વદને, ત્રિપુરે કર લેઈ તાળી. બહુ૦ ૭ કરે વિલાસ હાસ વિશ્વેશ્વરી, દુઃખ દારીદ્ર હરનારી; વલ્લભને શીર બહુચર ઇશ્વરી, કરૂણા રાખે તમ ટાળી. બહુ૦ ૮

હોરી.

ચાલ સખી સલખનપુર જઇયે, હોળી ખેલે આઈ; ટેક. દો દીશાથી દેવીને તેડાવા, મધે અંબા આઈ. ચાલ સખી૦ ૧ અંનપુરણા ને આદ્ય અજાઈ, દેવી આવ્યા ખોજાઈ; કાંમાક્ષાઈ કાકરેશ્વરી આવ્યાં, કાળી ને સીંધવાઈ. ચાલ૦ ૨ હીંગોળી ને ગાત્રેશ્વરી આવ્યાં, હરસીધ ને તુંકાઈ; ચામુંડા જ્વાળામુખી આવ્યાં, ભલે આવ્યા ભુજાઈ. ચાલ૦ ૩ સરવે દેવી સલખનપુર આવ્યાં, બેઠાં બહુચર બાઈ; સાંમા સાંમી સહુ દેવી મળીયાં, એક એક કર સાઈ. ચાલ૦ ૪ ચાચર ખેલ મચ્યો સલખનપુરી, દેવી કુંચતાઈ; રંગે છુટા નવ પડશો, રેંજે ટોળે વળાઈ. ચાલ૦ ૫ તાલ મ્રદંગ ઝાંઝર ડફ બાજે, સારંગી શરણાઈ; મેઉરે મધુસ્વરી વાંસળી વાજે, ભારે ધુંમ મચાઈ. ચાલ૦ ૬ પેહલાં ફાગ ખેલ્યાં સલખનપુરી, ખેલ્યાં અંબા આઈ; પછે ખેલ્યાં સરવે દેવી, જે ટુંક બોલ્યાં બાઈ. ચાલ૦ ૭ અબીલ ગુલાલે ઉડાડે માતા, નાખે મુંઠ ભરાઈ; ચુવા ચંદન દેવીને અરચે, કુંમ કુંમ રેળ રોળાઈ. ચાલ૦ ૮ અગર કપુર અરગચો આણી, ધુપ દીપ ધરાઈ; ગુલાબ રસ કેસર કસુંબો, માતા શીર ધોળાઈ. ચાલ૦ ૯ કર કંકણ પીચકારી કનકની, ચામુંડા હાથ સોહાવી; નાખે રસે ભરી કેસરના, દેવી સહુ ભીંજાઈ. ચાલ૦ ૧૦ કાળી કરમાં પ્યાલા કનકના, મધુપાંન ભરાઈ; આપે હાથો હાથ દેવી સહુ, પીયે ને પવરાઈ. ચાલ૦ ૧૧ ઉનમત્ત થઈ ઈશ્વરીપો ખેલે, શોભા અતી બનાઈ; જે જે ભદુવા હીંગોળીને બોલે, ધનધનરે મહંમાઈ. ચાલ૦ ૧૨ ફુલદડા ઉડાડે હરસીધ, માહો માહી કરસાહી; વચન ઉધ્રાડાં બોલે માતા, ભદુવા બોલે બાઈ૦ ૧૩ ફાગ પુરો ખેલી સહુ શકતો, બેઠી સહુ ભરાઈ; ગોઠ દેવા સલખનપુરી આવ્યાં, જે જે દેવી જુગતાઈ. ચાલ૦ ૧૪ દેવીએ દેવી સંતોખ્યાં, ત્રપ્ત થયાં સહુ દેવી; પાન સોપારી ભરયાં મુખ સરવે, ચાલ્યાં માગી વીદાઈ. ચાલ૦ ૧૫ સહુ સહુના મહોલામાં પધારયાં, મોટી માત મંમાઈ; બેઠાં બહુચર અંબા એકાંતે, ફાગ ખેલી સફલાઈ. ચાલ૦ ૧૬ આ ફાગ ગાઈ સુણે ને શીખે, તેને નહી નુનતાઈ; હું મા-

ગુણું એ મા પાસે, વલ્લભ લેજો નીભાઈ. ચાલ સખી સલખનપુરે જાઇયે, હોળી એલે બહુચર બાઈ. ૧૭

ધનુશ ધારીનો ગરબો

ધનુષધારીનું ધ્યાન ધરો જો, જેનુ ધ્યાન ધરે બ્રહ્માય જો; સુર પતિ કેહે સેવા કરૂં જો, જેને સેવે છે વિશ્ણુ સદાય જો. ધનુષ. ૧ જેણે ધનુષધારી ધારીયાં જો, કીધો શકિત સંગાથે સ્નેહ જો; કારજ સકળ સમારીયાં જો, વરી દુઃખ ન પામે દેહ જો. ધનુષ. ૨ શાસ્ત્ર પુરાણે સાંભળી જો, વળી વાંણી વખાણે છે વેદ જો; કોણે અકળ કળા કળી જો, એ છે અભેદ અછેદ જો. ધનુષ. ૩ તત્વનું તત્વએથી નથી જો, એથી નથી સંસારનું સાર જો; જોગ જોગેંદ્ર કહે કથી જો, આઈ અગમ અભેદ અછેદ જો. ધનુષ. ૪ પરતો પરતક્ષપૃથ્વી તળે જો, જેનો પુરણ પ્રબળ પ્રતાપ જો; દારૂણ દૈત્ય દળે બળે જો, હેની જુગ સચરાચર છાપ જો. ધનુષ. ૫ એક સમે બ્રહ્મા ભણે જો, મુખે કેહે છે બ્રહ્માંડ પુરાણજો; શીલ પણે શ્રવણે સુંણે જો, શ્રોતા નારદ ચતુર સુ જાણ જો. ધનુષ. ૬ ભગવતી માહાતમ આવીયું જો, મા ધનુષધારી માહાતમ જો; નારદને મન ભાવીયુ જો, કોહો ધનુષ ધર્યું તે કયમ જો. ધનુષ. ૭ નામ સુણતાં રૂષી નારદે જો, મુની રેહ્યા છે મનમાં મુઝાઈ જો; શુ સમરણ લખુ સારદે જો, જેણે ધનુષ ધર્યું ને આધ જો. ધનુષ. ૮ જે જહાં તે તહાં ભવાંનીઓ જો, અંગે આયુધને આસંન જો; એ કો માતન માનીયાં જો, વીના પુછે ન માને મંન જો. ધનુષ. ૯ પ્રજા પતી પ્રત્યે પુછીયું જો, મુની નારદ કહે કહું સત્ય જો; તે તો સ્વરૂપ કહો કીયું જો, આદ્ય એની કયમ ઉત્પત્ય જો. ધનુષ. ૧૦ અવર ભવાની અનેક છે જો, વીના આયુધ કો ન જણાય જો; તેમાંથી એ અધિક વિશેષ છે જો, એ આયુધથી ઓળખાય. ધનુષ. ૧૧ એ અચરત મુને ઉપન્યું જો, મુને કહીએ કરી કરૂણાય જો; કારણ કોણ વરણ કે સ્વરૂપનું જો, અંગે ગૌર રકત અરૂણાય જો. ધનુષ. ૧૨ ધનુષધારીને શું કર્યું જો, કોહોને કોના કર્યા ઉપકાર જો; કહો કોનુ

કામ કર્યું જો, કો કોને ઉતાર્યા પાર જો. ધનુષ. ૧૩ તહારે વિધાતા તે સમે જો,કહે નારદને ધન ધન જો; એ રસ મુજને ઘણું ગમે જો, એથી તત્વ નથી કાંઈ અન્ય જો. ધનુષ. ૧૪ સ્વચ્છ મંને ચરણે ધરો જો, કહું ધનુષ ધરી કારણ જો; પરમેશ્વરી પરતો ખગે જો, ત્રણ લોક તણું તારણ જો. ધનુષ. ૧૫ છગી ધનુ ધર્મ રાખીયા જો, આઈ આવ્યા અમરની ઓથ જો; સ્મૃત પુરાણે સાભળી જો, તર્ત તાર્યા દેવ તેત્રીસક્રોડ જો. ધનુષ. ૧૬ બ્રહ્મા કહે કહું બધે જો, સુત સાંભળજો સર્વ કથાય જો; બ્રકતતે રસતો વધે જો, ઉમે મળે જોગ જથાએ જો, ધનુષ. ૧૭ ત્રીપુર નગર સોહામણું જો, સસિ સુર્ય સરખો ઉજાસ જો; સુર મુની સકળ શિરોમણી જો, હવો કાત્યાયનીનો વાસ જો. ધનુષ.૧૮ અષ્ટ ભુજા ઓપે ઘણું જો, ધર્યા આઠે કર આયુદ્ધ જો; માહા તેજ માતા તણું જો, ઘણા દેત્ય હણ્યા રણ યુદ્ધ જો. ધનુષ. ૧૯ ખડગખપર ખાંધે ધર્યાં જો, પાય પદ્મ ગદા શંખ ચક્ર જો; મુસળ કરવર વાપર્યાં જો, કર બાણ ધનુષ સર વક્ર જો. ધનુષ. ૨૦ સદા સુધા મુખમાં પીયે જો, કરે મહીશ અજનું વાહન જો; દુષ્ટ દમ્યા દેવીજીએ જો,કરી સીંહતણું વાહન જો.ધનુષ.૨૧. રાતે કાત્યા યની એ મનથીજો, કીધાં ત્રણ સ્વરૂપ પ્રગટ જો. માયે વિચાર્યું મનથી જો, રચ્યાં સ્વરૂપ અનુપ નિપટ જો, ધનુષ. ૨૨ શ્વેતા રકતાને પીતા કર્યા જો, હેના પ્રબળ બળ પ્રાક્રમ જો. ત્રણે મળી તપ આચર્યા જો, કીધાં આપ આપણા આશ્રમ જો. ધનુષ. ૨૩ સ્વેતા તો સ્વેત ગીરે સહી જો, ગંધ માદાને રકતાય જો; મેરૂશીખર પીતાંબરા જો, હેના જશ અનંતે વર્તાય જો. ધનુષ. ૨૪ એક હવો અસુર તે કાળમાં જો, હુવો માહા બળીયો બળવંત જો; દુષ્ટ પ્રગટ્યો તે ભડ પાતાળમાં જો, એનું ભંડાસુર છે નામ જો. ધનુષ. ૨૫ અંતરી બળ આદ્યે થકે જો, જેઓ જનમો જનમનો બાળ જો; દેશ દમે બધનાયકે જો, જન જીવને માહા જંજાળ જો. ધનુષ. ૨૬ જાતે જાહાં થયો જેટલે જો,કીધી સકળ સુદ્ધ સંભાળ જો; પાપી પ્રકટ્યો પગ તટલે જો, પેહેલું જીત્યુ તે ભડ પાતાળ જો. ધનુષ. ૨૭ પાતાળ જીતી

વિચારીયું જો, મે એતો કીધું બધ વશ જો; લેવા મૃત્યુ લોક ધારીયું જો, આવ્યો અવની ઉપર તર્ત જો. ધનુષ. ૨૮ સૈન્ય રાજ્યું માયા મહી જો, સંગે સુભટનો નહી પાર જો; હય ગજ રથ દળમાં કહી જો, આવ્યો અવની ચક્ર મોઝાર જો. ધનુષ. ૨૯ આદ્ય ઉત્તર જીતી કરી જો, પછે પુરવ કીધાં પ્રયાણ જો; દક્ષીણ પશ્ચિમમાં ફરી જો, જીતી જક્ત વગાડ્યાં નિશાન જો. ધનુષ. ૩૦ ચાર ખુટ ચકવે થયો જો, દીધા દેશપતિને ડંડ જો; પછે અમરપુરમાં ગયો જો, જીત્યા સપ્તદીપ નવ ખંડ જો. ધનુષ. ૩૧ સુર પુરજીતીને સંચર્યો જો, ઘોડે ગાજીને કીધું ગવન જો; ઈંદ્ર સુદન જઈ આતર્યો જો, લીધું ઈંદ્રનુ ઈંદ્રા સંન જો. ધનુષ. ૩૨. વિશ્વ વિશે ચાલી વરી જો, એક અસુર થયો ઉત્પન જો, ભંડાસુર નામે થકી જો, બધ્ય કાંપે છે ત્રણ ભોવન જો. ધનુષ. ૩૩ સુર પુર તજીને નાશીયાં જો, નાઠા મુની મુકીને ઠામ જો; ગીરી ગફા જઈ વાશીયા જો, મુક્યા મહા મનોહર ધામ જો. ધનુષ. ૩૪ બેઠો અસુર ઈંદ્રાસને જો, બધ્ય ધર્યા પોતાના એધાણ જો; વશ્ય કર્યા સ્વર્ગ વાશને જો, વર્તિ ભંડાસુરની આણ જો. ધનુષ. ૩૫ દેવ દેવાંગના શોકમાં જો, સર્વે રહ્યા સંતાઈ જો; ત્રાસ પડ્યો ત્રણ લોકમાં જો, ફરે ભંડા સુરની દવાઈ જો. ધનુશ. ૩૬ પશું પંખીને પાહાડમાં જો, શરિ સિધું શર્શીને સુર્ય જો; જીવયોની ની જાતમાં જો, નહી ભંડાસુરથી દુર જો. ધનુષ. ૩૭ જગન જાગ મંગળ લોપીયા જો, લોપ્યા હવન હોમ ખટ કર્મ જો; ભંડાસુર ભડ કોપીયા જો, લોપ્યાં વેદ શાસ્ત્ર નાધર્મ જો. ધનુષ. ૩૮ રાજ કરે રૂડી રીતશું જો, સર્વે સંગીને સુખ થાય જો; પાળે પોતાના ને પ્રીતશું જો, દેખી દેવને મહા દુખ થાય જો. ધનુષ. ૩૯ દેવ મહા દુઃખ પામીયા જો, સર્વે સુર થઈ ગયા સુન્ય જો; એમ અતિ દિન વાંમિયા જો, પછે બોલ્યા મળીને મહા મુન. ધનુષ. ૪૦ સુરપતીની કરે વિનતી જો, હવે કરવા કવણ ઉપાય જો; સહાય થાયે કોની વતી જો, ભંડાસુર નામે નવ રહેવાય જો. ધનુષ. ૪૧ સુરપતી સુર પ્રત્યે કહે જો, સહુ સાંભળી સુરોજંન જો; બ્રહ્મ સુદન બ્રહ્મા રહે જો, જઈ કહીયે સકળ કારણ જો. ધનુષ. ૪૨ સુરપતીની

કરે વિનતી જો, હવે કરવો કવણ ઉપાય જો;સહાયે થાયે કોની વતીજો, ભંડાસુરને ભિથી ન રહેવાય જો.ધનુષ. ૪૩ સુરપતી સુરપ્રત્યે કહે જો, સહુ જાઓ શિવ આસંન જો; કૈલાશે શિવ ત્યાં રહે જો, જૈ કહીયે સકળ કારણ જો. ધનુ. ૪૪ ઇંદ્ર અમર ત્યાંથી થઈ જો, આવ્યા લક્ષ્મી પતીને પાસજો; વિનવિયા વિષ્ણુ ધાઇને જો, કહ્યાં સકળ કષ્ટ પ્રકાર જો. ધનુ. ૪૫ પાછી સ્તુતિ કરી બ્રહ્મા તણી જો,સરવે સુર સહીત સુરપત્ય જો; થોડા માહે કહી ઘણી જો, હવે શી હમારી ગત્ય જો. ધનુ. ૪૬ પ્રજાપત્ય કહે સર્વ સાંભળો જો,હમે સર્વે તમારે અષ્ટ જો; વિધાત્રા વાધિ વળો જો, કૃપા કરીને કાપે કષ્ટ જો. ધનુ. ૪૭ સ્થાનક ભ્રષ્ટ થયા હમો જો, રહિયે આઠે પહોર ઉદાસ જો; પિતા હમારા માનો તમો જો, એનો નથી ખમાતો ત્રાસ જો. ધનુ. ૪૮ આવ્યો અસુર પાતાળથી જો, એનું ભંડાસુર છે નામજો; મહા બળીયો કુળી કાળથી જો,ફેરવ્યા નર અંમરના ઠામ જો.ધનુ. ૪૯ જોતા જગત બધજી તીયો જો, કરે ઇંદ્ર પુરીનું રાજ જો; હમને વિપત્તિ ઘણી વિતિયો જો, સર્વે સુખ કરાવ્યા તાજ જો, ધનું. ૫૦ બ્રહ્મા કહે સુર રાજને જો, ધશી ધોળા ધ્રડ બધ જાઓ જો; જો કરવું હોય કાજને જો, સરવે શ્વેતાને આસને જાઓ જો. ધનું. ૫૧ શ્વેતા તે સંકટ ટાળશે જો,શેહેજે સરશે તમારા કાજ જો; આવ્યા વિઘ્ન આઈ વાળશે જો, મોટી મહા રાજા ધિરાજ જો. ધનું. ૫૨ વચન વિધાતાના સુણીજો. સરવે સુર થયા રળિયાત જો; આવ્યા સકળ શ્વેતા ભણી જો, જે કોઈ. નર અંમરની જાત જો. ધનુ. ૫૩ ઇંદ્ર અમર એકઠા થઈ જો, આવ્યા શ્વેતા ગીરીને સમીપજો; પર્વત બંધ પાગે ચડી જો, પામ્યા લક્ષ જોજન અદ્વીપ જો. ધનુ. ૫૪ ધ્યાન ધરી બેઠા આઇજી જો. ભય મુકી રાગ દ્વેશજો, જોયાં જનુની સુખદાઇજી જો, આઈ આંખની મિખા નમેસજો. ધનુ. ૫૫ આગળ કરજોડી રહ્યા જો, અદ્યે ઇંદ્ર અંમર સૌ કોય જો; કાલા વાલા સર્વે કર્યા જો, આઈ આંખ ઉઘાડી ને જોય જો. ધનુ. ૫૬ ભકિત ભવાનીની કરે જો, ભાવે ભણે પાઠ ગુણ ગાયજો; ઊંદો ઉંદો મુખ ઓચરેજો, કેહે સાહકરો મંમાયજો. ધ

નુશ. ૫૬ સમરે અમર એકે મનેજો, તેતો તારણ તેત્રિસ ક્રોડજો; આ-
ચરે એમ સનેત્રનેજો, ભંડા સુરના ભયથકી છોડજો. ધનુ. ૫૮ આદ્ય
જી આદ્ય વિચારીએ જો, તેતો સદા કરોછો સાહયજો; આ અવસર
ઉગારીયેજો,મયા કીજે માત મંમાયજો. ધનુ. ૫૯ સત્ય કહીયે આ સમે
જો, હમે તમો વડે પોસાઉજો; શકિત હોયતો સઉ નમેજો, હમે પ્ર-
તમા થઈ પુજાઉજો. ધનુ.૬૦ એવાં વચન આદ્ય સાંભળીજો,દેવી દેવ
પ્રત્યે કેહે વાતજો; સ્થાનક જાઓ સઉ એ વળીજો, એ અસુર કરીશું
નિપત્ય જો. ધનુ. ૬૧ અમર વર લેઇને વળ્યાજો,આવ્યા પોત પોતાને
ઠામજો; અંગ આનંદ અતિ ઉભરયોજો,લાગ્યાં આપ આપણે કામજા.
ધનુશ. ૬૨ પક્રે પ્રગટ પરમેસ્વરીજો, આણી દેવ તણી મન દાઝજો;
વહારે વળયા વિસ્વેસ્વરીજો, પોતે આણી પુરવની દાઝજો. ધનુશ. ૬૩
બાળા રૂપે બાળા થઇજો, વશ્યા નારદના ધરમાંહજો; કુટીલતા ઉપલી
કહીજો, કહે કલેશ કરાવું કાંઇજો. ધનુ. ૬૪ આદ્ય નારદનું એ કામ
છેજો, બીજી બાળાએ આપી બુધજો, નવ ખંડમાં એનું નામછે
જો, ઘણે ઘેર ઘલાવ્યા વિરોધજો. ધનુ. ૬૫ મુનીએ મન દોડાવીયુંજો
પોતે પંડે વિચાર્યું પ્રશ્ન જો; અવર કો મનપા ન આવીયુંજો, દેખી
દઇત ઉપર ગઈ દ્રષ્ટજો. ધનુ. ૬૬ નારદ નગર થકી પળ્યાજો, આ-
વ્યા ઇંદ્ર પુરીમા આપજો; ભંડાસુરને જઈ મળ્યાંજો, એના પુરણ
કરવા પાપજો. ધનુ. ૬૭ આસનથી ઉભો થયોજો, ભંડાસુરે કર્યો
પ્રણામજો, સનમુખ કર જોડી રહ્યોજો, કહો મુજ સરખુ કાંઇ કાજ
જો. ધનુ. ૬૮ આપ્યું આસન ભંડાસુરેજો, બેઠા નારદ દેવ પ્રમાણ-
જો, માહા તારૂ રાજ ત્રણે પુરેજો, કરે અસુર આપ વિખાણજો.
ધનુ. ૬૯ ચઉદ ભોવન નવ ખંડમાં જો, જો નારદ મારૂ નામજો;
ભડ કો નહી બ્રહ્માંડમાંજો,મુજ સાથે કરે સંગ્રામજો. ધનુ.૭૦ મુજ સ-
રખો નહી મહીપતીજો, મેતો વિશ્વ કર્યું બધુ વશજો; સકળ સમ્રથી
મારે છતીજો, જુઓ જકત હમારે વશજો. ધનુ. ૭૧ અષ્ટ સિધ નવ
નિધશુંજો, આવી ઉભીછે મારે દ્વારજો; રિધ સકળ વિધ વિધશુંજો,
આજ ભરયાછે મુજ ભંડારજો. ધનુ. ૭૨ નારદ કહે અરજી કરૂંજો,
આજે દોલત તુજ દરબારજો; એ બધુ સુખ તાહારે ખરૂંજો, હોય

સ્વેતાગીરી ઘેર નારજો, ધનુ. ૭૩ કહી અસુરને એટલુંજો, મુનીપામ્યા તે અંતરધ્યાનજો; કામી હુવો ભડ કેટલુંજો, અતિ અંધ થયો અજ્ઞાન. જો. ધનુ ૭૪ કુડો અસુર કામે કઠયોજો, ગયો સ્વેતા ગીરી માહા મુંડજો, પરવત બધ પાગે ચડ્યોજો, ઊડ્યો ગીરી ગફા બાહુડજો. ધનુ. ૭૫ જોયાં જનુનીને જેટલેજો, વશ થયો તે દૈત વિકાજો; અસુરે અજાણ્યો એટલેજો, ગયો સ્વેતાગીરી નીકટજો. ધનુ. ૭૬ મુરખ નીર ખીને હરખીયોજો, નખ શીખ સ્વરૂપ સુદેશજો; ઓપમા અંગોઅંગ સરખીયોજો, જો નવ જોબન બાળે વેશજો. ધનુ. ૭૭ દઈત કેહે દેવી પ્રત્યે જો, નારી કોણ તમારી જાતજો. વર વર્યા કે કન્યા વ્રનેજો, એમ અસુરે અણુચે વાતજો. ધનુ. ૭૮ અંગે અંગ અવ લોકીયાંજો, ભુ મોહી પડ્યો છે અસુરજો; તરત ભવાંનીને ટોકીયાંજો, કહ્યાં મા ન કીધી કસુરજો. ધનુ. ૭૯ ઉમંગે આવ્યો ઘર માહરેજો, સુણો સુંદીર પ્રમાણ જીવનજો; હુ વશ વરતી તાહરેજો, તુજ ઉપર મારૂં મનજો. ધનુ. ૮૦ મેહે મારે મન તું વરીજો, એમાં અંતરે નમળે લેશજો; ભામનીતુ ભાગે ભરીજો, તારે મુજ સરખો શીર કંથજો. ધનુ. ૮૧ એવાં વચન સુણી સુંદરીજો, બોલ્યાં દઈત્ય પતિની સાથજો; તો હું તુજને વરૂ ખરીજો, જુધે જીતે મુજ સંગાથજો. ધનુ. ૮૨ બાળા ન બોલી બડથુ ચડ્યુ જો, એમ ઓચરે અસુર પ્રગટજો; કામ ની સંગે કોવડું જો, અંગે ધરીને સસ્ત્ર સુભટજો. ધનુ. ૮૩ મા કેહે એ વરત હું રૂજો, મુને જીતે ત્યાંહાં હું જાઉજો; તું જીતેતો તુંને વરૂંજો, નીકર ક્ષણ માતરમાં ખાઉંજો, ધનુશધારીનુધ્યાન૦ ૮૪ દૈત્ય કહે મૃત્યું આવીયુંજો, આતે અબળાની પટ અજાણ જો; આવું મન સમજાવીયું જો, હવે કરૂ હું ગાત્ર ભંગાણજો. ધનુ. ૮૫ એમ કહીને ઉભો થયો જો, આવ્યો ઉતપત્યો આકાશ જો; સનમુખ જુદ્ધ કરવા ગયો જો, પોતે પરમેશ્વરીની પાસજો. ધનુ. ૮૬ માકહે મુરખ સાંભળે જો, હવે હું કરૂં છુ મધુપાન જો; પછે તુમારી અકળ કળા કળે જો, જો જેવાં દઉ હુસન માનજો. ધનુ. ૮૭ પેહેલે સુધા પીને ચડ્યાં જો, પછે આયુધ ધાર્યા અંગ જો; મન મદ થઈ માતા વધ્યા

જો, ભડ ભંડાસુરને સંગ જો. ધનુ. ૮૮ માયે ગદા યુધ માંડીયું જો, પછે મુસળ કીધો માર જો; દૈત્યે સ્થાનક છાંડીયું જો, સનમુખ સહે માહા પ્રહાર જો. ધનુ. ૮૯ કાંપે અસુર ધ્રુજે ધરા જો, દીસે દશે દીશા ભયંક જો; શેશ પાતાળે સળકીયા જો, મારે માતાજી માર નિશંખ જો. ધનુ. ૯૦ વડે ભંડા સુરને ભગવતી જો, એવું જુદ્ધ નહી કીપુરાંણ જો; એ રજ ઉડે પગવતી જો, જેણે છાપો ગગનમાં ભાણ જો. ધનુ. ૯૧ અસુર પુરમાં હેવડ્યો જો, બળ બાળનું નવ કળાય જો; એ કેમ કર મારે ચડે જો, મલ યુદ્ધ કરૂં તો મળાય જો. ધનુ. ૯૨ મલ યુદ્ધ તવ માંડતા જો, જઈ ઝાલ્યા જનુનીના હાથ જો; કટી ગ્રહી કર છાંડતા જો, પછી ભરી ભંડા સુરે બાથ જો. ધનુ. ૯૩ બાંહ્ય તળે માને ઘાલતાં જો, મન મુંઢ વિચારે પેર જો; કર્યા ચરણ પછે ચાલતાં જો, હવે જાઉ હું મારે ઘેર જો. ધનુ. ૯૪ ઊત પત્યો આકાશમાં જો, વાધ્યો પગ પવન પળાય જો; એણે વિચાર્યું વિમાસમાં જો, એ મારો કાળ અબળાય જો. ધનુ. ૯૫ માએ વિચાર્યું બાથમાં જો, વળી પુરવ દીશ પળાય જો; એનું મૃત્યુ આવ્યું હાથમાં જો, હવે ગડગડાટ લઈ જાઉ જો. ધનુ. ૯૬ એને અહીં નથી મારવો જો, એમ આઈ કરેછે વિચાર જો; શત્રુને ત્યાં સંહારવો જો, જહાં ધર ધરાટએ ડારજો. ધનુ. ૯૭ બળ થકી બાળા પળ્યાં જો, આવ્યાં ગરગડાટ ગુજરાત જો; રાજ કર્યું રાજા નળે જો, નગ્ર નરોડુ વિખ્યાત જો. ધનુ. ૯૮ જોરે કરી થયાં જુજવાં જો, ભંડાસુરને ભવાંની દે ગાળ જો; તતપર જુધ કરવાં હવા જો, માંડ્યુ દારૂણ યુધ વિકાળ જો. ધનુ. ૯૯ ત્યારે બોલ્યા ત્રીપુરેશ્વરી જો, તારા ઇષ્ટને તું સંભાર જો; એમ વદે આઈ ઇશ્વરી જો, અલ્પા હમણા હણુંછુ આહાર જો. ધનુ. ૧૦૦ એતો અસુરને વિડારવો જો, મોટી માએ વિચાર્યું મુળ જો; એનો તે વંશન વધારવો જો, ત્યારે માર્યું તે તર્ત ત્રીશુળ જો. ધનુ. ૧૦૧ ભેદ્યુ અસુરના અંગમાં જો, પડ્યો ચિત ચડ્યુ તત્ર ચાક જો; થયો ગાત્ર ગતિભંગમાં જો, વળી ઉચ્ચો મારીને હાક જો. ધનુ. ૧૦૨ ત્યારે ધનુષ માએ ધારીયું જો, બળે તાણ્યું તે કાન પ્રમાણ જો; શત્રુનુ શીશ સારીયું જો, એક મુકી કપાસ્ત્ર બાણ જો. ધનુ. ૧૦૩ પડ્યો અસુર ધરણી મળ્યો જો, એના પડતા

તે વેત ગયા પ્રાણ જો; આદ્ય અંત સફળે ફળ્યો જો, આઈ એ આપ્યું પદ નિરવાણ જો. ધનુષ. ૧૦૪. પુરવ પ્રાચીનના શમંધથીજો, મળ્યો માન વિના સંતોષજો; છુટ્યો કરમના બંધથીજો, મોટી માએ પમાડ્યો મોક્ષજો. ધનુ. ૧૦૫ માર્યો અસુર માતાજીએજો, કીધું પ્રબળ બળ તે કાળજો; માતા માયા મન રાજીએ જો, બેઠાં તેજ સરોવર પાળજો. ધનુ. ૧૦૬ દેવના દુદંભી ગરજ્યાં જો, કરે ચંદન પુષ્પની વૃષ્ટજો; અંતરીક્ષથી પાએ પડેજો, ત્યાલે નેણ નેણ ભરી દ્રષ્ટજો. ધનુ. ૧૦૭ આવે અમર નર નારીઓજો, ધરી ધનુશ ધારી છે જ્યાંહજો; પુજવા માત પધારીયાંજો, લઈ પુજા વીવીધને ત્યાંહજો. ધનુ. ૧૦૮ સુર અંગ ત્યાં સોહામણાંજો, સરવે શોભે કળા શણગારજો; દેવને દેવા વધામણાં જો, આવે ધનુષ ધરી દરબારજો. ૧૦૯ નેણેતો કાજળ સારીયાંજો, કરી કુંમ કુંમપીયળ કપોળજો; અદભુત અંબર ધારીયાં જો, બધે મુખ ભર્યાં તંબોળજો ધનુશ. ૧૧૦ મુકતા થાળ ભરાવતાંજો, લઈ આવ્યા પદમની પાણજો; ભોજન ભોગ ધરાવતાં જો, નારીઓ લાવ્યાં સકળ નિરવાણજો. ધનુ. ૧૧૧ કરી કનકની ગાગરી જો, શ્રીફળ શીર એકેક જો; માનુની બધ્ધ માથે ધરીજો, ચાલ્યાં ચંચળ ચાલ વિશેકજો. ધનુ. ૧૧૨ સુંદરી સઉ ટોળે થયાંજો, મળ્યું પ્રેમદા પ્રેમ પુનીતજો; ગુણવંતી ગળે ઘાલીયા જો, વાટે ગાએ વધામણાં ગીતજો, ધનુંષ. ૧૧૩ ભેર ભુંગળ વાગે ઘણા જો, વાજે પંચ શબ્દ વાજીંત્રજો; ગંભીર નાદ ગાજે ભલાજો, વાજે વેણા નાદ વિચીત્રજો. ધનુશ. ૧૧૪ આગળ નાચે અપછરાજો, કેડ કીંનર કરતા ગાનજો; આપે ધનુશધરી ત્યાંહાં સર્યાંજો સુર સહિત સુર રાજંનજો. ધનું. ૧૧૫ ઇંદ્ર અમર થયા આગળે જો, પુઠે શોભે સદ્ય શામાય જો; આવ્યા નરોડાની ભાગોળે જો, ચાલ્યા સુર કરી સમુદાય જો, ધનુ. ૧૧૬ આગળ ઇંદ્રાણી બધે જો, ઉર અંતર અતિ આનંદ જો; સુર સુંદરી સાથે બધે જો, સહુ સરદ પુનમનો ચંદ્ર જો. ધનુ. ૧૧૭ એમ અમર આવ્યા બહુ જો, બેઠા ધનુષ ધરીને જાગ જો; સનમુખ કરજોડી સહુ જો, પેહેલે શીશ નમાવ્યા પાગ જો. ધનુ. ૧૧૮ ભલાં ભવાંનીએ ભાવતાં જો, આવ્યા અંતર માહે અચમ જો; માજીને મોતીડે વધા-

વતા જો, માંડ્યો પુજાનો આરંભ જો. ધનુ. ૧૧૯ પ્રસંન થઈ પુરંદરી જો,પેહેલ પોતે પખાળ્યા પાય જો,ઉભા અંમર યુક્ત અમરીયો જો સહુ સાથે કરે છે પુજાય જો, ધનુ. ૧૨૦ ચંદન કુંમ કુંમ ચરચીયાં જો, વળી અક્ષત અબિલ ગુલાલ જો; અંગે સુગંધે ચરચીયાં જો, પુજા જેમ પુરવનો ચાલ જો. ધનુ. ૧૨૧ જાઈ જુઈને માલતી જો, પુષ્પ પારી જાત મંદાર જો; ગુંજ ગુથીને ગળે ઘાલતી જો, સહુ સાથે સમર્પ્યા હાર જો. ધનુ. ૧૨૨ માથેથી ગાગર લઇને જો, ગ્રહી કામનીયે કર મધ્ય જો; ધુપ દીપ ફળ દેઇને જો, મુકી માત મહા આગળ બધ જો. ધનુ. ૧૨૩ કરી આરતી શણગારની જો, માને નીરખે અંમર નર નાર જો; શોભા શક્ત આધારની જો, જોઈ જોઈ જાયે બલીહાર જો. ધનુ. ૧૨૪ ભોગ ભવાનીને સારી જો, ભરી મુચ્યુ કનક જળ પાત્ર જો; આડો અંતર પટ આતરી જો, કરે સ્તુતી સકળસુર માત્ર જો. ધનુ. ૧૨૫

આઇજી આપ આરોગીએ જો, જાણી દીનને આણી દયાય જો; માતા માહારસ ભોગીએ જો, ભણે ચાદ ભોવનની રાય જો. ધનુ. ૧૨૬ પુજી રહ્યાં પરમેશ્વરી જો, માએ મુખે કર્યા મુખવાસ જો; નારી અંમર અમરેશ્વરી જો, શરવે દેવ થયા રહી દાસ જો. ધનુ. ૧૨૭ પછે કરી પંચ આરતી જો, કર લઇને વધાવ્યા કુસુંમ જો; તન મન ધન ધવારતી જો, જોઇ જોઇ જનુનીને જેમાં જો. ધનુ. ૧૨૮ ધનુષ ધરી એમ ધારણા જો, શુર સરવ ઉગાર્યા શક્ત જો; એમ કહી મેલ ઓ વારણાં જો, કરે ભાવે ભવાની ભક્ત જો. ધનુ. ૧૨૯ આયુષ્ય અમર મન આપતાં જો, શુર સાથે મળીને સમગ્ર જો; ધનુષ ધરી નીકરી થાપના જો, જાહાંછે નલનું નરોડું નગ્ર જો. ધનુ. ૧૩૦ ગોખ ગડયોછે માટીએ જો, રૂપીએ કીધું આવાહન જો; આઇજી આવ્યે બીરાજીએ જો, મુકરો મુખ કરીને પતંન જો. ધનુ. ૧૩૧ બારે મેઘ વળી ગાજીયા જો, રડયા અમ્રતના વરસાદ જો; ભય ભવાનીએ ભાજીયાં જો, ભરે ગાજેછે સાત સાહર જો. ધનુ. ૧૩૨ જયો જયો જુગતે થયુ જો, જીવ જનને જેજેકાર જો; દુઃખ દારિદ્ર સૌનું ગયું જો, વામી વીપત વરણ અરાડ જો. ધનુ. ૧૩૩ દેવ દેવી સં-

તોખીયાં જો, ધરી હરખે કીવો હવન જો; પંચામૃત યુત પોખીયાં જો, આપ્યાં બ્રાહ્મણને ભોજન જો. ધનુ. ૧૩૪ વિપ્ર જમીને પરવારીયાં જો, આપ્યાં પુંગી પાનને વસ્ત્ર જો; સુખે સભામાં સધારીયાં જો, કરે સ્તુતી મળી સર્વ સુર જો. ધનુ. ૧૩૫ વીપ્ર પુજી કરી કાજને જો, પછે પુષ્પ સમરપી માગ જો; હયગજરથ કરી સાજને જો, આપે ઇંદ્ર સદા સુખ પાળ જો. ધનુ. ૧૩૬ દ્રવ્ય સત્રગ મગાવતાં જો, અગણી ત જે ન ગણાય જો; ઇંદ્ર ઇંદ્રાણી આવતાં જો, દીધી ધન ઉપર દક્ષ-ણાય જો. ધનુ. ૧૩૭ વિપ્ર સંતોષ્યા પ્રેમ શું જો, આવ્યા ઇંદ્ર આદ બધ દેવ જો; વર્ષ એક બધ નેમશું જો, અહિયા આવી શું અહમેવ જો. ધનુ. ૧૩૮ એ વરત લઇને ઉઠીયાં જો, રહી ધનુષ ધરી સાનિ-ધ જો; તરત ભવાની તુઠીયાં જો, કેહે જાઓ અમર કરો સિદ્ધ જો. ૧૩૯ રાજ કરો ઇંદ્ર સ્વર્ગનું જો, બંધ પાળો પ્રજાના લાડ જો; હવે સંકટ સુર સર્વનું જો, માતા ધનુષ ધરીનો પાડજો. ધનુ. ૧૪૦ ઇંદ્ર અમર વર લઇને જો, વળ્યા મારગ માગી વદાય જો; માતાને માહાજસ દેઇને જો, આવ્યા આસન સમુદાય જો. ધનુ. ૧૪૧ સુરપતિ સુર પંથે ચાલતાં જો, વાટે વાજે નિશાનને ઢોલ જો; આવ્યાં મંદીર મન માહાલતાં જો, બોલે જાચક જન જશ બોલ જો. ધનુ. ૧૪૨ ઘેર ઘેર આનંદ ઉપન્યો જો, બાંધ્યા તરિયા તોરણ બાહાર જો; સર્યો મનોહર ભુપનો જો, મળી માનુની મંગળ ગાય જો. ધનુ. ૧૪૩ સુરપતી મહુરત જોઇને જો, બેઠાં બણી ઠણીને તુષ્ટ જો; સ્વર્ગ સકળ રહ્યું મોહીને જો, ભલું વાળ્યું ભવાંની એ કષ્ટ જો. ધનુ. ૧૪૪ રહે અમર આનંદમાં જો, કરે દેવ દેવાંગના જોખજો; છકયા તે આઇના છંદમાં જો, સેવે ધનુષ ધરીનો ગોખ જો. ધનુ. ૧૪૫ ચેતાએ ચૈ-તન ચૈતને જો, વળી લક્ષણની લેહેવાઇ જો; ધનુષ બાણે હણ્યો દૈતને જો, માટે ધનુષ ધરી કેહેવાઇ જો. ધનુ. ૧૪૬ કથા બ્રહ્માંડ પુરાંણમાં જો, પીતા પુત્ર તણો સંવાદ જો; ભકત આધારણ પ્રમાણ-માં જો, મોટા મુની લહે મરજાદ જો. ધનુ. ૧૪૭ પ્રજા પ્રત્ય કેહે પુત્રને જો, કહ્યાં ધનુષ ધારીનાં ચરીત્ર જો; તાણે સુખે ધરસુત્રને જો, કરે

એ ગુણ ગાન પવીત્ર જો. ધનુ. ૧૪૮ અગણીત ગુણ ધનબાઇના જો, શીએ શુણે ને જો ગવરાયે જો; ઉજળા અંક કમાઇના જો, સેહેજે સુધા સીંધુમાં નાય જો. ધનુ. ૧૪૯ જે જન ગાએ જુકત શું જો, તે તો પામે પદારથ ચાર જો; કામ કશું તેને મુકત શું જો, તે તો જીવન મુકત અવતાર જો. ધનુ. ૧૫૦ ઈંદ્રગીરીને આદરે જો, રચ્યું ધનુષધરી પ્રાગટ જો; સેવકપુરણ સાહે ધરે જો, ગાવું નિત્ય લાગટ જો. ધનુ. ૧૫૧ આયુષ્ય અંતાંશે દેહ ભોગવે જો, ધનદારા પુત્ર સંતાન જો; ખટરસ સ્વાદ આરોગવે જો, આવે અંતકાળે વેમાન જો. ૧૫૨ સુલંપ માત્ર સંક્ષેપમાં જો, કહ્યું ધનુષધારીનું વર્ણ જો; અંક કહ્યું ગરબા એકમાં જો, સદા શક્તના સેવે ચર્ણ જો. ધનુ. ૧૫૩ સદકુળના સંભાળજો જો. કોઇ જાણે અજાણે શીખજો; દાનવ દયા પ્રતિપાળજો જો, નીકર ઘણી માગશો ભીખ જો. ધનુ. ૧૫૪ આપો અપાવો આપથી જો, તેમાં કરો તે કશો ન ગણાય જો; પામ્યો નહી માબાપથી જો, વાહ વાહ કરો તો કાંઇ કલ્યાણ જો. ધનુ. ૧૫૫ સંવત સત્તર બાણુએ જો, કૃષ્ણ પક્ષ અષાડ ખરાય જો; તીથી પવીત્ર વખાણીએ જો, શુભ એકાદશી ભ્રગુવાર જો. ધનુ. ૧૫૬ ગરબો સંપુરણ ગાઇને જો, વદે વલ્લભ એ નીશ દીશ જો; એમ કહે ધનબાઇને જો, શદા શકતી રેહો મમશીશ જો. ધનુષ. ૧૫૭.

પદુરામની વાણી.

પદ રાગ જંગલો.

બહુચરે બાઇને ભજને, તું મન મેરા હો. બહુ. ટેક. સાજખનપુર સાહેબને સેવતાં, વીઘન કરે તેને તજને. બહુ. ૧ આઇ કૃપાવના એળે આયુષ્ય ગઇ, ટેવ પડી જેમ ભજને, બહુ. ૨ હરીહર ભવ આરાધે નિશદીન, શ્રી ભગવતી પદ રજને. બહુ. ૩ પદુરામદાસ પરમ પદ મળવા, શુભ આચરણ સર્વ સજને. બહુ. ૪.

દેશી ફેર રેક્તો.

બહુચરી સદારે ભજો બહુચરી સદા, સંસાર તણું સાર, ભજો બહુ-

ચરી સદા. ટેક. સાચેથી સેવે તેને, કમી નહી કદા, રીધ્ય સીધ્ય ધન્ય ધામ, મંગળ મુદા. ધ્યાન ધરી ગાયે છંદ નાવે આપદા, અધીક પ્રતાપ નીત્ય, સુખ સંપદા, સંસાર. ૧ ભકત ભવ સિંધુ મધ્ય ઝાઝ તારણી, સમરતાં સેવક સંકટ નિવારણી; પૃથવી રૂપ પ્રગટ પીઠ, પરૂપ ગારણી, આદ્ય થકી આઇછો, અધમ ઓધારણી, સંસાર. ૨ સાધુ ત્યાગી થઇને, કમરે મોહથી ખશા; તોએ પણ છુટી નહી, નિદ્રા ક્ષુધાતરશા. પેટના પ્રપંચ સારૂ,ધારી દુરદશા, સાચુ જુઠ બનાવીને; માંહી નામાંહી ફશા, સંસાર. ૩ દીન જાણી મેહેર કરી, લેહેર જે ષડી, મુક્તિ ચાર દ્વાર,કરજોડીને ખડી; નીત્ય કરે પ્રીત્ય તેને ચીત્તમાં ચડી,વેદ કેહે ભેદ તેને, જોતે ન જડી. સંસાર. ૪ ભકત સર્વે શકિત વડે સફળ ફળી, સરસ્વતી લક્ષ્મી કાળી પુરાણે પળી, જેણે સેવ્યાં ત્રિપુરાં તેની વેળા વળી, વદુરાંમ જાણું જ્યારે બહુચરા મળી. સંસાર. ૫

કાફી.

ત્રિપુરે તરેતો તરે, અવરથી રાચે નહી મંન. ત્રિપુરે તરેતો તરે. ટેક. પ્રથવિ પોતે માહા કાળી વિના, બેશે ઉઠે કયાં ફરે; અવરથી રાચે નહી મંન, ત્રિપુરે. ૧ લક્ષ્મિ વિના કાંઈ અરથ ન સરીયો, ઉદ્યમ કયાંથી કરે, અવરથી રાચે નહી મંન, ત્રિપુરે. ૨ સરસ્વતી વિના સિદ્ધિ ન પામે, બુદ્ધિથી ઉદર ભરે; અવરથી રાચે નહીં મંન, ત્રિપુરે. ૩ વદુરાંમદાસ એવું જાણી મા, તન મન ચરણે ધરે; અવરથી રાચે નહીં મંન, ત્રિપુરે. ૪

બીજુ.

બ્રંહ્માણી ભરપુર,વિશ્વમાં વ્યાપી રહ્યા મા; બ્રંહ્માણી. ટેક. સૌભાગ્ય ભાગ્ય ઉદે જ્યાં દેખુ, સઘળે નારાયણીનું નુરે; વિશ્વમા વ્યાપી રહ્યામા બ્રંહ્માણી. ૧ ત્રણ દેવને ત્રિપુરા વરીયાં, આદ્યથી ધરીયાં રૂપ; વિશ્વમાં વ્યાપી રેહ્યામા, બ્રંહ્માણી. ૨ અસ્ત્રી દૈત્યનું રૂપ જોઇને, છનમાં છળી ગયા સુર; વિશ્વમાં વ્યાપી રહ્યા મા, બ્રંહ્માણી. ૩ વદુરામદાસે સરખી નીરખી, તેરહે સદાયે હજુર, વિશ્વમાં વ્યાપી રહ્યા મા, બ્રંહ્માણી. ૪

દેશી ફેર.

ત્રિપુરાની લેહે લાગી, જેને બાળા ત્રિપુરાતણી લેહે લાગી. ટેક. તે નર દુઃખ વામે,સુખ પામે તેની ભવાની બાવટ બાગી,જેને બાળા.૧ પંચ પદારથ પામે પ્રતક્ષ,આઈ ચરણ અનુરાગી. જેને બાળા. ૨ ચતુરામ શક્ત વિના નવ શોભે, કોણ ગૃથ કોણ ત્યાગી. જેને બાળા. ૩

કંકોતરી કંકોતરીનો રાગ.

શ્રીજીગામ સમસ્ત સોહામણું, સુભ સ્થાન સલખનપુરે ગામ; બહુચર વેહેલાં આવજો. ટેક. પુજન આરાધિ દેવ અતિ ઘણું, સર્વે ઉપમા લાયક ધામ, બહુચર વેલાં આવજો. ૧ રાજે બાળા ત્રિપુરા ગોખમાં, દાસ અરજ સાંભળજો આઈ. બહુચર. ૨ આપે સદા આનંદીએ શોખમાં, મીઠાં મેહેરામણ મહંમાઈ. બહુચર. ૩ આવે જનુની જવારા વાવીશું, પછે મંડપના આરંભ. બહુચર. ૪ પેહેલાં મધે માને પધરાવીશું, રોપી કેળ સોપારી ના થંભ. બહુચર. ૫ લાવી અંગ ઉમંગ અતિઘણો, મેતો લખીછે કંકોતરી આજ. બહુચર. ૬ સાથે અલબેલી અંબે ને લાવજો, મોટી માજી માહારાજાધિરાજ. બહુચર. ૭ પેહેલાં ગણપતિ ગુણનીધી લેઈને, સંગ સહીત કુટુંબ સૌ સાજ.બહુચ.૮ વર કન્યાનો વંશ વધારજો,માના ચરણ સેવે સુખદાશ. બહુચર. ૯ લખી કંકોતરી કંકુ છાંટીને, મોકલી વલ્લભદાસ બહુ. ૧૦

બીજી.

વાંચીજગત કંકોતરી પ્રેમશું,થયા રથ કુકુટ અસવાર. બહુચરમા પધારીયાં. ૧ ટેક. સાથે ગણપતિ અંબે બેનશું, સંગે નવ ગ્રહ અનુસાર, બહુચરમા પધારીયાં. ૨ સુણી રથના ઘુઘરા ઘમ ઘમ્યા, ઉઠી ઘઈ આવી જોયું બાહાર. બહુચર. ૩ થયાં દરશણ સૌ ચરણે નમ્યા, ભલે આવ્યાં નોધારા આધાર. બહુચર. ૪ માજી રથ કુકુટથી ઉતરી, આવ્યા મંડપ દિન દયાળ. બહુચર. ૫ લાવ્યા સાજન સીધ્ય સીધ્ય નુતરી, માયે સૌની લીધી સંભાળ. બહુચર. ૬ કરજોડીને બહુ વીનતી કરી, જોઈ મા માશીની જોડ. બહુચર. ૭ છોરૂ છાતી રાખ્યાં શીર કર ધરી, સરવે પોતા મનના કોડ. બહુચર. ૮ સરવે જક્ત રહ્યુ છે

જોઇને. રાજે મધુ મધુ જોતી અપાર. બહુચર. ૯ જેને અંગે કહે મન મોહીને, કંકુ પગલે પધાર્યાં સાર. બહુચર ૧૦ આઇને આરામા આસન આપીયું કૃપા કરી બીરાજ્યાં આસંન. બહુચર. ૧૧ દીન દાસના દારિદ્ર કાપીયાં, દીધી આસિષ કીધો પ્રતાપ. બહુચર. ૧૨ બોલ્યાં શ્રીમુખથી બાઈ બહુચરી, મન રાખે મારો વિશ્વાસ. બહુચર. ૧૩ કર્યો ઓછવ આનંદ ઉરધરી, જો માને મારૂં ચરિત્ર વિલાસ. બહુચર. ૧૪ હુંતો બીરાજુ મંદીર તાહરે, કરૂં મનવાંછિત સર્વે કાજ. બહુચર. ૧૫ ભક્ત માન વધારવું માહરે, જોઇ દુરીજન બળશે દાઝ. બહુચર. ૧૬ માની આશિષ શીશ ચડાવીને, બહુ મંગળ ગાયેછે નાર. બહુચર. ૧૭ ભેરો પંચશબ્દ વજડાવીને, ગાજે ગડગડ નોબત સાર. બહુચર. ૧૮ આણી અંગ ઉમંગ અતિ ઘણો, ગુણ ગાયે વદુરામદાસ. બહુ. ૧૯ ગાયે શીખે ઓછવ વીવા તણો, પુરે ગણપતિ અંગે આશ. બહુચર. ૨૦

રાગ સોહિણી.

આસોકી અષ્ટમી અજુવારી, સરદ કે મંગળ ઓછવ ભયે હે, સચરાચર સુખકારી. આ. ટેક. નવેખંડ નવરાત્રી નવે દીન, નવદુરગા હે વીકારી. નવે નાથ અરૂસિધ્ય ચોરાશી, પુજત પદ ઉરધારી. આસોકી. ૧ નવે અન્ન ફળફુલ ભરે હે, કીયે નૈવદ અપારે, પ્રથમ ભવાની ભોગ આરોગે, પછે સકળ સંસારે, આસોકી. ૨ અખિલ બ્રહ્માંડ કો કુંભ સ્થાપિ હે, જીવ સકળ કે જેવારી, આવે દાતા ભુક્તા આપે, રચી પાળે સંહારી. આસોકી. ૩ શક્ત આશરે સર્વ શોભાછે, સુરીનર મુનીસબ ઠારી, વદુરામદાસ તું ચરણ પ્રતાપે, આગુણ વીપત્તી વીડારી. આસોકી ૪

પદ.

આરાસુરીમાં અરજ કરૂંછું, આવડી નીંદ્રા કેમ આવીરે. ટેક. જાગતી જોત તારૂં બઇ દેવરાયે, વેદ પુરાણમાં સાખરે; લાખાગ્રહમાં પાંડવ રાખ્યા, અમને આ અવસર રાખરે. આરાસુરી. ૧ ભવબ્રહ્માની બાવટ ભાગી, મધુકૈટપને માર્યારે; દુષ્ટદમ્યા દેવીજી જો તે, તેત્રીશકો-

ડને તાર્યાંરે. આરાસુરી. ૨ કોણ દ્વીપે ગયાં સલખનપુરેથી, મુજ ગરીબને ગયાં ભુલીરે; તમારે તો અનેક મારે તમે એકછો, જ્યમ જળક મોદની ખીલીરે. આરાસુરી. ૩ વરસ ઘણાં થયાં વીસરી ગઇતી, વણીક વિમળશાની વાતરે; તે પરછો આજ પરતક્ષ જોતાં, કળજુગમાં જુગ માતરે. આરા. ૪ જૈનના જીવને દંડજ દીધાં, દરશણ માતાના ના આપ્યાંરે; સંગનો ભંગ કર્યા રંગ રોળમાં, પોળમાં પેસવાના ફાપ્યારે. આરા. ૫ અન્ન ન મળીયું પાણી ન મળીયુ, મુવું ન પામ્યું આગરે; અંબામાની નીંદા કરશે, તેનો એરી તે અભાગ્યરે. આરા. ૬ કરમ છોટો અભીમાન મોટો, સર્વે પાખંડી કેહેવાયરે; કરડી આંખ જ્યારે ખપર ધરશો, ત્યારે દુષ્ટનો અગ્ર સમાયરે. આરા. ૭ ભુંડું કરે ભલું ના થાયે, સૌને દીધી શીખરે; આદ્યશક્તિની નિંદા કરશે, તે ઘણી માગશે ભીખરે. આરા. ૮ છોરૂ કછોરૂ બહુ કળજુગમાં, માતુ કુમાતુ ના થાયરે, ચદુજન કેહે કોમળ ચીત્ત કરો; તારા ચરણ મુકીને કાં જાયરે. આરા. ૯

ગરબો ઉત્પતિનો.

બાળા બહુચર બાઇરે, સલખન પુર રાજે; શેવક સુખ કરવારે, ગોખે ચડી ગાજે. ૧ સુધા સિંધુ વિલાશીરે, ધોળા ગઢથી ધસીયાં; ભંડાસુર વિનાશીરે, આવી ચુંવાળે વશીયાં. ૨ ગુહ્ય પ્રગટ થાવારે, આપે ઇચ્છારે થઇ, પશુ ચારે પેડારીયાંરે, વસ્યાં તેના ઘટ માંહી. ૩ બાળક સૌ મળીયાંરે, માટીનો ગોખ ઘડ્યો; વરખડા તળે થાપીરે, ઊભાં સરવે પાએ પડી. ૪ કુલડી કુર બાફીરે, માનું નઇવેદ કરયું; સામા બેશી ગોવાળારે, બાળાનું ધ્યાન ધરયું. ૫ એક મહીશ લાવીરે, બાળે લાકડી મારીરે; માયુ ભોમે પડીયુરે, બાળક રહ્યાં વિચારી. ૬ અસુર ફોજ લઇરે, ઓચંતો આવી ચડ્યો; બાળક સઉ બીનારે, મુએલો મહીશ પડ્યો. ૭ પાદશાહ પુછવા લાગ્યોરે, કને કાંઇ શસ્ત્ર નથી; મહીશ કેમ મારયોરે, કોહો મુને સરવ કથી. ૮ શિશુ સાચુ બોલ્યારે, બાળા બહુચર નામ; સેહેજે સોટી મારીરે, થયુ અદભુત કામ. ૯ અસુર નવ માન્યુંરે, મને પારખુ પાડ; માની થાળ કરીનેરે, સઇન્ય

ને જમાડે. ૧૦ બાળક સઉ બોલ્યારે, એતો સાચી વાણી; પરસાદ જમાડ્યોરે, અશ્વ ગજ ને પ્રાણી. ૧૧ બોગ ભરી આપ્યોરે, કુલડી-થી કાડી; કુલડી કુરે પળમારે. સઈન્ય સરવે જમાડી. ૧૨ પાદશાહ જોવા ગયોરે, કુલડી ટોરે ભરી; આઈ પરતક્ષ પારોરે, જાગતી જોત ખરી. ૧૩ માનતા કરી ચાલોરે, ભગત છતી આવ્યો; રૂડા સંઘ કાહાડીનેરે, સલખન પુર લાવ્યો. ૧૪ પુજા ભેટ કરીનેરે, બેહાહે ની-રાંતે; માતા કેરો મરઘડોરે, ભક્ષ કર્યો ખાંતે. ૧૫ સઉ કુકડા બોલ્યા રે, પાછલી રાત્ય રહી; પેટ ચીરી નીકળીયોરે, બહુચરી તુંરે કહી. ૧૬ બહુ ભમરા ઉરાડ્યારે, નાડુ મરવે છત્ર લઈ; અસુર મરી અવ તરીયોરે, બ્રહ્મ ભાટ કુળ જઈ. ૧૭ તેર વરસનો બાળકોરે, માને મં-ડપ આવી; કરી એકની લાંચગોરે, માનેતો મન ભાવી. ૧૮ કવી કુબેર કરીયોરે, તેતો જસ સઉ જાણું; પછી તેજ પ્રકાશ્યુંરે, પ્રથવી પરમા-ણે. ૧૯ એક નગર અનોપતિરે, તેનાં રાજા રાણી; તેને પુત્ર ન એટલેરે, રૂશીએ વારતા જાણી. ૨૦ ચર મંત્રીને આપ્યોરે, તેને ત્યાં ગરભ રહ્યો; દશ માસે સુતા થઈરે, તેને ત્યાં પુત્ર કહ્યો. ૨૧ સરવ વસ્ત્ર આભુષણરે, પુરૂશના રાજે; જ્યારે સમજ આવીરે, ત્યારે મનમાં લાજે, ૨૨ જ્યારે કન્યા આવશેરે, ત્યારે હું શુંરે કરૂં; દાડી મુછ ન હી ઉગેરે, ત્યારે પેટ નાંખી મરૂ. ૨૩ તેનો આગળ થકીરે, કાંઈ ઉ-પાય કરૂ; ગોમતી ઝપલાવુંરે, કરવત જઈ કાશી ધરૂં. ૨૪ મધ રાતે નીકળીરે, એકલી ઘોડે ચડી. ચોક ચુંવાળ આવીરે, સુણી વાત તેજ તણી. ૨૫ માન સરોવર માનેરે, સાચે મને જે નાહે; તે બ્યંડળ હોયરે, તરત પુરૂશ થાએ. ૨૬ એવું જાણી પ્રસન થઈરે, ઘોડી જળ-માં રાખી; માયે ઘોડો કીધોરે, કેહે પુરાણે શાખી. ૨૭ પછે આપે નાહ્યોરે, તે ઘડી પુરૂશ થયો; માનો પરચો દેખીરે, મન પ્રેસન ભયો. ૨૮ ત્યાંથી પાછો વળીયોરે, આવ્યોછે તે ઘર ભણી; માના સંઘ કાહાડીનેરે, હઈયામાં હોંશ ઘણી. ૨૯ સલખન પુર આવ્યોરે, હોમ બ્રહ્મ ભોજ કરી; પરગટ પારાનોરે, બધે જશ રહ્યોછે ભરી. ૩૦ કળ-જુગના માનવીરે, ઉપર દયા આણી; માતાજી ગાયક વાડરે, જનુની-

ને જાણી. ૩૧ ગુજરાતનો સુબોરે, વીરક્ષેત્રનોરે ધણી; રાજ સહુથી શીરોમણીરે, કૃપા થઈ બાળા તણી. ૩૨ દશ દ્વારનું દેવળરે, એમણે કરાવ્યું સહી; પુજા થાળ નઇવેદનારે, વરશાસન આપ્યાં અહીં. ૩૩ જાગતી જોત જુગમાંરે, ત્રિલોકમાં જાણ થઈ; જે કોઈ શરણે આવેરે, આશા તેની પુરી ભઈ. ૩૪ એવું મનમાં જાણીરે, સાચે સેવા કરશે; માની કૃપાએરે, કારજ તેનાં સરશે. ૩૫ ઉતપત્તિનો ગરબોરે, ગાશે જે પ્રેમે કરી; બહુચરાની કૃપાએરે, જાશે ભવ સિંધુ તરી. ૩૬ વદુરામજી દાસનેરે, બહુચરા પ્રસન થયાં; અવિચળ પદ આપ્યુંરે, દુઃખ સરવે દુર ગયાં. ૩૭

ઠુમરી.

માડી સાડીકીનારી ઝગ મઘીયાં. ટેક. દામણી કુલરી ટીલડી સોહત, મોહત મન મણી મગીયાં. માડી. ૧ આડશુ કેશર નાશિકા બેશર, દેખકે હરીહર ડગીયાં. માડી. ૨ મોતાંકે હાર મનોહર ઉપર, પાએ ઘુઘરૂં ઘમઘમીયાં. માડી. ૩ ત્રાન સુણી રૂશી અંતર હરખી, જેશી જુગતમાંહી જગીયાં. માડી. ૪ વદુરામ દાસ કેહે માત પ્રતાપસે, આપસે સબ દુખ ભગીયાં. માડી. ૫

ઠુમરી.

બહુચરકિ ચરણ સુખકારી. ટેક. ચરણ શરણ થયો રાયશુ દરશણ, અનેક આપદા ટારી. બહુચરી. ૧ શશિ કળા સેવ્યાં પદ પંકજ, પતિ મળીયો સુકુમારી. બહુચરી. ૨ માર્કંડ ભયો ચરણકે શરણે, અમર કીયો ભવ તારી. બહુચરી. ૩ વિશ્વામીત્ર ચરણ ઉર ધરીયા, કરીયા બ્રહ્મ રૂશી ભારી. બહુચરી. ૪ વલભદાસ પામ્યા પદ દુર્લભ, માત ચરણ ઉરધારી. બહુચરી. ૫ વદુરામદાસ એ ચરણ છબીપર, તન મન ધન સબ વારી. બહુચરી. ૬

ગરબી.

આદ્ય ભવાની અંબીકારે, પછે સકળ સંસાર. ટેક. પ્રથમ સ્વરૂપ માહા લક્ષ્મીરે, તેથી ત્રણ પ્રગટ થયાં અન્ય; કારણ શોભા સર્વ શક્તિનીરે, આપે અકળ નીરંજન. આદ્ય. ૧ ત્યાંથી પ્રકતી પુરૂશ થયાંરે, પછે

પંચ ભુત કરેચુ અંડ, એકના ત્રણ વિધી ભરચારે, પછી ચઉદ વિધી બ્રહ્માંડ. આદ્ય. ૨ લક્ષ્મી કાળી સરસ્વતિરે, તેનું ત્રિપુર સુંદરી નામ; એક એકના તે બબે થયારે, એમ કરેવા જકતનું કામ. આદ્ય. ૩ ત્રિપુરેના નવદુરગા થયારે, તેમાં કાત્યાયની છે આપ; નવ નવખંડ બ્યાપી રહ્યારે, જેની જુગ સચરાચર છાપ. આદ્ય. ૪ ત્રિપુરે બબે રૂપ ધારીયારે, નિરગુણ સગુણ કેહેવાય; બાળા મુકુંદ જોડી બેહુરે; તેથી બહુચરો નામ ગવાય. આદ્ય. ૫ કાળી ધરથી રૂપ ધારીયુંરે, સૃષ્ટિ તણો આધાર; લક્ષ્મી દ્રવ્ય માયા થઇરે, પાંમે સકળ પરિવાર. આદ્ય. ૬ સરસ્વતિ સુદ્ધિ બુદ્ધિ સહીરે, જીવને દે ગત મત, સૃષ્ટીનું કર્મ વર્ણવું સહીરે, આદ્યથી એમ ઉતપત. આદ્ય. ૭ સાવિત્રી બ્રહ્માજીને વર્યારે, શીવને વર્યા ઉમયાય; વિષ્ણુ લક્ષ્મિ ધરણી કર્યારે, પોતે જ્ઞાન ઇચ્છાને ક્રિયાય. આદ્ય. ૮ વિષ્ણુની બેહેન કાળી સહીરે, બ્રહ્માની બેહેન ઉમાય; શીવની બેહેન સાવીત્રીછેરે, કહ્યો મારકંડ મહીમાય. આદ્ય. ૯ કાળી પાવાગઢ આવી વસ્યાંરે, વસ્યા લક્ષ્મી આરાસુર રાય; સરસ્વતિ ચોળાગઢથી ધશાંરે, જેનો પ્રગટ પ્રબળ મહિમાય. આદ્ય. ૧૦ બેઠાં ચોવાળના ચોકમાંરે, દીશે દેવળ ઝાકઝમાળ, દેવીનું દેવળ ગોખમારે, માનસરોવર પાળ. આદ્ય. ૧૧ કળજુગ જાણી સૌ દેવતારે, થયા તે અંતર ધ્યાન; જગતના જીવ જેને સેવતારે, ઇંદ્ર બ્રહ્મરુદ્ર ભગવાન. આદ્ય. ૧૨ જાગતી જોત કુળીકાળમાંરે, બાળા મુકુંદ કેહેવાય; બહુચરી રૂપછે બાળમારે, મુકુંદ રણછોડરાય. આદ્ય. ૧૩ જકતનું માંન વર્ણવું સહીરે, તે તો સમજે લાખમાં એક, વદુરામ ગાયે શરણે રહીરે, ત્રિપુરે રાખજો ટેક. આદ્ય. ૧૪

ઠુમરી.

ગાયત્રીના ગુણ ગાયા, મા બરદ સુની હો. ગાયત્રી. ટેક. વાત વખાણી માત ન જાણી, વાણી વેદ જેને થયા. મા બરદ. ૧ પંચ શીખા ખટકુક્ષી ત્રીપદા, અનંત બ્રહ્માંડ નિપાવ્યાં. મા બરદ. ૨ વિશ્વામીત્ર વશીષ્ટ અઠ્યાસી મુની, સહસ્ત્ર ધ્યાનધરી ધાયાં. મા બરદ. ૪ વદુરામ દાસની સબદુઃખ નાશની, જનુનીછો જોગમાયા. મા બરદ. ૪

અરજી.

માત સુણો મેરી અરજી, અંબે આરાસુરી હો. માત. ટેક. સુરનર તારેત અસુર કુમારેત, જગત આધારણ સરજી. અંબે. ૧ પરમાર્થ સ્વાર્થ નહી સમજે, શક્ત સેવે સર્વ ગરજી. અંબે. ૨ મ્રગ તૃષ્ણા જળ ધાવે ચહુદીશી, આગે અમ્રત દ્રષ્ટ બરજી. અંબે. ૪ યદુરામ દાસકુ આશ ચરનકી, કરીયે ક્રપા સુભ મરજી. અંબે. ૪

પદ.

ત્રિપુરેનો મંત્ર જપે, તે ભત્ર તરે હો, જુગતે કરી જાપત જે માયા મન વાંછીત ફળ આપે. નમો નત્ર ભેરે હો. ત્રિપુરે. ૧ શીશ થયો જે સલખનપરીનો, ધ્રુવ અચળ કરીને થાપે, શબ કાજ સરે હો. ત્રિપુરે. ૨ યદુરામ દાસ દેવી દરશણથી, દુઃખ દારિદ્ર સર્વ કાપે. નામે મેહેર કરે હો. ત્રિપુરે. ૩

પદ. દેશી ફેર.

સુધા સમુદ્ર સુધામ બીરાજીત, ઇચ્છા શક્તિ આપેરે, ટેક. ક્રપા દ્રષ્ટીએ સૃષ્ટિ નિપાઇ; ચોવીસ વત્વ પ્રતાપરે, પ્રણ વાતીત બિંદુ છે બાળા ઓળખીને કરજો જાપરે. સુધા. ૧ બ્રાહ્મણ થઇને ભજે ન ગાયત્રી, શંકરે પ્રતી ગ્રહનું પાપરે, દાસ યદુરામ નામ આધારે, બાળાછો મા બાપરે. સુધા. ૨

ગરબી આઠવાર.

આદીતવારે આદ્ય શક્તિને આરાધુંરે અલબેલી, જેને ક્રપા દ્રષ્ટિએ વિશ્વ ચડ્યું છે બાધુંરે; અલબેલી. ઇચ્છા રૂપે રૂચ્યજુ શામની માતારે, અલબેલી, જેના અંગથી ઉપન્યાં હરીહર બ્રહ્મ વિધાતારે. અલબેલી. ૧ સોમ સ્વભાવે સૌને અમત પૈઆરે, અલબેલી. મા સોના થઇને ધરે મંડળને શોભારે; અલબેલી. પ્રથવી ઉપર વાયું તેજ આકાશરે. અલબેલી, ટાળે નહી એ ઝગમગ્ર જોત્ય વિલાશરે. અલબેલી. ૨ ભોમવારે ભોમીના ભાર ઉતાર્યારે. અલબેલી. બહુ દુષ્ટહણીને ભક્તોને આધાર્યારે. અલબેલી. જુદ્ધ કરીને ત્રિશુળે નાંખ્યા કાપીરે. અલબેલી. સુરીનર મુનીને અવિચળ પદવી આપીરે. અલબેલી. ૩ બુધ

વારે બુધ સ્વરૂપી બાળીરે. અલબેલી. મા કવીયો કરીયા દાસ કુબેરને કાળીરે. અલબેલી. વૈશ સુરથને ભટ વલ્લભ એ જાચીરે. અલબેલી. મા કુંડ મુની એ જુગ જુગ તુજને રાચીરે. અલબેલી. ૪ ગુરૂવારે ગુણ નિધી ગોખ બીરાજેરે. અલબેલી. માને નવ સાત અંગે નવ સત આભ્રણ છાજેરે. અલબેલી. નખ શીખ સુધા નજર કરીને ન્યાળુંરે અલબેલી. છબી ઉપર કોટી રવી શશી પળવારૂરે. અલબેલી. ૫ શુક્ર શુક્રત પુરવ જનમનું જાગ્યુરે. અલબેલી. માને પ્રેમધરીને પુજી પાયે લાગુરે. અલબેલી. ગાન તાનને ગીત કૃત્ય રંગ રાગેરે. અલબેલી. નીત્ય અધિક ઓછવ બ્રહ્મ ભોજ્યલક્ષ યાગેરે. અલબેલી. ૬ બુધવારે મંદ ભાગ્યના પ્રાણીરે. અલબેલી. જેને સ્વપ્નાંતરમાં જનુનીને નવ જાણીરે. અલબેલી. કામી ક્રોધી મદ મત્સરના ભરીયારે. અલબેલી. અગણીત ફેરા લક્ષ ચોરાસીના તે ફરીયારે. અલબેલી. ૭ આઠવાર માતાના જે કોઈ ગાશેરે. અલબેલી. તેને બહુચર પ્રસંન થાશે સંકટ જાશેરે. અલબેલી. વદુરામ જંનને કીંચીત કરૂણા કીધીરે. અલબેલી. મા વચન પ્રમાણે સમે સુદ્ધિ લીધીરે. અલબેલી. ૮.

બીહાગ.

હે બહુચરી દીન જાણી દયા કરરે. હે બહુ. ટેક. અભય કરન તવ શરણુંયો, મનમાંહી નીશદીન અવીચળ ભરરે. હે બહુ. ૧ ઇંદ્ર ચંદ્ર સનકાદિક નારદ, સેવે શેળસુતાવરરે; નેતી નેતી કેહેનીગમ નીરંતર, અંત લેહ રટતાં વસુધા ધરરે. હે બહુ. ૨ બાળારૂપે બહુ ગુણવંત, કર સારંગ ધનુષ ધર્યાં સરરે; મર્ય દુષ્ટને કષ્ટ નિવારણ, સૃષ્ટી સુધારણ શક્તિ સુરીનરરે. હે બહુ. ૩ શબ્દ બ્રહ્મપર બ્રહ્મ પ્રણવપર, ત્રિપુરે તું તારણ તરરે; વદુરામ જનની ગોખે બિરાજે, અષ્ટ પોહોર વચને અમૃત ઝરરે. હે બહુ. ૪.

બીહાગ.

ભગવતી ભગવત એક, ભુલ્યા મંને એ ભગવતી ભગવત એક. ટેક. સચરાચરમાં એક સુરત કરી, જો તને કને મુકે ટેક. ભગવતી. ૧ શક્ત વડે શોભા છે સારી, દાતા ભક્તને સુર, ક્ષુધાતૃષાને નિદ્રા રૂપે, બ્રહ્મ-

ણી ભરપુર. ભગવતી. ૧ વિષ્ણું માયા મધામેધા, દયા શાંતી પૃષ્ટી માતા, ધર્તા નષ્ટા ભ્રાંતિ ત્રિગુણ સ્વરૂપે તુષ્ટી તુલ્ય. ભગવતી. ૨ પ્રકૃતિ માયાત્મના, પુરૂપ્રેત હોયે, ઘટ ઘટ પ્રત્યે રાજે; વદુરામ જનુંની સરવો પરીછે, અર્ધમાત્રા છબી બિંદુ છાજે. ભગવતી. ૩.

પદ.

સાચી સજ્ઞખનપુર શીવોરે, મોંઢડો અમ્રતનો મેવો; આદ્ય થકી એજે નવ જાણ્યા, જાચેથી જશ તેવો, સાચી. ૧ સાચું જુઠું કરી પેટ ભરો પણ, એક દીન છે દેવો; બ્રાહ્મણોને પુજી ભોજન કરાવો, કરદક્ષણા દેવો. સાચી. ૨ તે માટે ત્રિપુરેને ભજીયે, તારે તત્રએવો, વદુરામને કૃપા કરો મા, જાણી જેવો તેવો. સાચી. ૩

રાગ સોહણી તાળ મળતી.

બહુચરમાં બલીહારી, તારી છબી પરરે. બહુચરમા. ટેક. સરદ શશિસમ વદન બીરાજે, મોતી અન માંગ સમારી. તારી. ૧ અંગ રંગ આભુષણ શોભે, કોટી રતી પતીવારી. તારી. ૨ તાંબુલ પુષ્પ ભરી અધુર અરૂણ, કરી દાંતે રેખ રતનારી. તારી. ૩ વદુરામ માત નેત્રમૃગખંજન, કીકીએ કાજર સારી. તારી. ૪.

પદ.

પુજન પારાનું કરીએ, અર્ધનિશા સમરે, પુજન પારાનું કરીએ. ટેક. માનસરોવર સ્નાન કરીને, માત ચરણ ઉર ધરીએ. પુ. અર્ધ. ૧ ચંદન કુંમ કુંમ ધુપ દીપસુ. પુષ્પાક્ષત આવરીએ. પુ. અર્ધ. ૨ આરતીમંત્ર પુષ્પાજંળી વદુ ભણી, ગાયત્રી ભજી ભવ તરીએ. પુ. અર્ધ. ૩.

પદ.

આંગી અતી ઘણું રાજે, હીરા રતન જડી. આંગી. પુષ્પ મંડળી પર્મ પવીત્ર, નિરખતાં ભવ ભય ભાજે. હીરા રતન. ૧ સુરીનર મુનીજન શક્તિને સેવે, સકળ લોક શિરતાજે. હીરા. ૨ વદુરાંમ જનુની માત બહુચરા, ગોખે ચડીને ગાજે. હીરા રતન. ૩

પદ. દેશી ફેર.

અષ્ટમી આઈ પધારો, આરાસુર ભણીયરે. અષ્ટમી. ટેક. એચર આવી

સ્તુતિ કરે છે, રથ રાખ્યો છે રાજદ્વારે. આરા. ૧ ખાન પાન કરી ગાન તાનશું, સર્વે કારજ સુધારે. આરા. ૨ કલ્યાણ કરજો વેહેલાં વળજો, આશા શુદી પડવે સત્વારે. આરા. ૩ વદુરાંમ જાતને આશ બારૂસો, બહુચરમાજી તમારો. આરા. ૪

રાગ સોરઠ.

પ્યારી લાગેછે બહુચર માત, મુને પ્યારી લાગેછે અંબે માત; ટેક. ચત્રુક મોર બપૈયા ચંદ્રક, જેમ બાદલ બરસાદ. મુને.૧ અષ્ટ પોહોર આઈની છબી નીરખત, નિશ દિન પળ સમજાત; વદુરામજન ચરણરજ ચાહે, ધન ધન આગ્રુકી રાત. મુને. ૨

પદ.

પારાનો પ્રબળ પ્રતાપ,માજી તારા પારાનો પ્રબળ પ્રતાપ; ટેક. બહુચરી તું મદ મુખ બોલે છે, ઇશ્વરી આપો આપ. માજી. ૧ વ્યાસ વશીષ્ટ માર્કંડ જૈમુની, માનો મંત્ર કરે જાપ, વિશ્વા મીત્રને બ્રહ્મ પદ આપ્યુ, જુગ સચરા ચર છાપ. માજી. ૨ વદુરાંમ સાચે મન આઈ સેવે, સુખે આપે વણ માપ; અંતકાળે લે અંબે આસીકાં, તે દેજમને જવાપ. માજી. ૩

રાગ જંગલો.

અધમ ઓધારણરિ માતા, તુંતો અધમ ઓધારણી; ટેક. ઓંકારણી આરાસુરી અંબા, તારણી હરીહર ધાતા. તુંતો.૧ પંચ તત્વમા પ્રથવી રૂપે, મન વાંછીત ફળ દાતા. તુંતો.૨ વદુરામ બાળા ત્રિપુરા માહાત્મ,તુ મારકુંડ મુની ગાતા. તુંતો. ૩

રાગ ચાલતો.

આપે રાસ વિલાસનારિ, મા આપે રાસ વિલાસ. ટેક. રાધીકારૂપે રંગ સૌ રસીલી, સંગે સખી સૌ શામા. આપે. ૧ વીણું વશથઈ વેણું વજાડે, રાત નિરંતર નામ. આપે. ૨ વદુરાંમને આશ ઘણી છે, સેવું ચરણ સુખધામ. આપે. ૩

શગ જંગલો. તાલ ચાલતી.

બહુચર બાળી ભોળી હો, સલખનપુર આરાસુરી વસીયાં, દરસણ

કરી દુર ખશીયાં. બહુચર. ટેક. શ્વેતાગીરીશ્રી સકળ સિરોમણી, અકળકળા ત્રિપુરા ધસીઆં. બહુચર. ૧ જદુરામદાશ ચરણચીત્ત લાગ્યું, જ્યમ કંચન કસણી કસીયાં. બહુચર. ૨.

દીનદયાળી દેવી હો. સુખદાઇની સુરમુનીએ સેવી, કે દેવા સમરથ કોણ હેવી. દીનદયાળી દેવી હો. ટેક. જેજે રૂપે જોઉ જુગમાં જનુની, તેતે રૂપે ત્યમ ત્યમ તેવી. દીનદયાળી. ૧ યદુરામદાસ અંબે આસીકા સાચ ધરીને નીત સીર લેવી. દીનદયાળી. ૨.

પદ. રાગ ગોડી.

ત્રિપુરાની લેહે લાગી, જેને બાળા ત્રિપુરાની લેહે લાગી. ટેક. તે નરે દુઃખ વામે સુખ પામે, ભવની ભાવટ ભાગી. જેને. ૧ પંચ પદારથ પરતક્ષ, આઇ ચરણ અનુરાગી; યદુરામ શક્ત વિના નવ શોભે, કુણ ભોગી કુણ ત્યાગી. જેને. ૨.

પદ ૨ રાગ ગોડી.

માત ભરૂશો ભારે, શ્રી બહુચર માત ભરૂસો ભારે. ટેક. માત નામનુ નિગમના જાણો, અધમ અનેકને તારે. શ્રી બહુચર. ૧ દયા કરી દેવ ઉપરે દેવી, શુંભનિશુંભ સંહારે; જદુરામ બહુચર છબી ઉપર, તન મન ધન છબીવારે. શ્રી બહુચર. ૨.

પદ ૩ રાગ ગોડી.

ભક્ત ભવાનીના થાઓ, ભાવીજન ભક્ત ભવાનીના થાઓ. ટેક. સાચ ધરી સેવો સલખનપુરી, નિશદીન આઇ ગુણ ગાઓ. ભાવી. ૧ ગાયત્રી ગંગોદક તજીને, અંધકુપ કાનાઓ; ભા.૨ યદુરામ જનમ સફળ કરવાને, આઇ ચરણચીત્ત ચાહો. ભાવી.

ગરબી.

માતા બહુચરાનો દરબારરે, કલ્પવ્રક્ષ જેવોરે; સેહેજે આપે પદારથ ચાર, સાચથી સેવોરે. ૧ એને સેવે સદા સુરજનરે, હરીહર ધાતારે; મોટા મુની તપે માહાવંન, નિશદીન ગાતારે. ૨ આપે બાળા ત્રિપુરા નામરે, કામદુરગાયરે; કીધાં દેવ મુનીનાં કામ, વેદ નીમાએરે. ૩ વશ્યાં

સલખનપુર ચોવાળરે, ગોખમાં ગાજેરે; નિજ ભક્ત તણા પ્રતિપાળ, ભવદુઃખ ભાજેરે. ૪ ત્યાંતો શીખર સોહામણું ધામરે, દેવળ દીઠુંરે; ત્યાંહાં તો વસીયે સદા આઠ જામ, અમૃતથી મીઠુંરે. ૫ માજી ધર્મ તણી ધજાઓરે, સંઘ નીત આવેરે; પારે હોમ હવન બહુ થાએ, બ્રહ્મભોજન લાવેરે. ૬ ષોડશે પુજન કરી પ્રેમરે, આંગીઓ ચડાવેરે; ખરચે ધન રૂડો દીન મોટા જન, તન મનથી લડાવેરે. ૭ ભેલ ચા-ચર માતા અગરે, બહુચરી બોલેરે; જુઓ પાતળ ભુલોકને સ્વર્ગ, નાવે કોઈ તોલેરે. ૮ પ્રાત માનસરોવરે નાહેરે, કુંમ કુંમ શેવેરે; મુખછંદ માતાજીના ગાય, મુખ તંમેળોરે. ૯ ગમે ગાન તાન રંગ રાગરે, ની-ત્ય નવા અંતરે; તારા ભક્ત જુવે જકત શીરે, શક્ત રંગની રેલરે. ૧૦ જોતા વ્યાસ વલ્લભને વપીટરે; જેસુની જેવારે; મારકંડ તણા મા ઈષ્ટ દેવના દેવરે. ૧૧ બીજી સચરાચરની સગાઈરે, માતવીના ખોટીરે; તમે ભુલ્યા ન ચુકો મા ભાઈ,એ વાત મોટીરે. ૧૨ કરજોડી કેહે યદુ-રામરે, બહુચર દાસરે; ગારે ગરબી પુરે તેના કામ, મનની આશરે. ૧૩

પરભાતીયા.

આરાસુરી મા અરજ કરૂંછું, આંખ ઉઘાડી ન્યાળોરે; અવગુણ ભ-રીયો પાલવ લાગ્યો, પોતાનો કરી પાળોરે. આરા. ૧ કામી ક્રોધી લોભી ધુતારો, અંગે અંગેછું આળોરે. ૨ કાલો જાણી કૃપા કરો મા, પ્રીત પુરવની સંભાળોરે. ૩ સાચી શેવા શીવ શક્તિની, જુઠો જગત મો માળોરે. ૪ યદુરામદાસ તણું અંગે મા, કૃપાકરી દુઃખ ટાળોરે. ૫

બહુચર બાઈનું બરદ સાંભળી, છોરૂ શરણે આવ્યોરે; દીન જાણીને દયા આણીકેર, માતા તે મન ભાવ્યોરે. ૧ સચરાચરમાં ભમી ભમી થાક્યો, ૨ વરે ક્યાંહી ના ફાવ્યોરે. ગાવની ગાઈ નહી પ્રાણી, એળે આયુગમાં આવ્યોરે. ૩ પરતો જોતાં પેટ વગોવ્યું, પાપી પચ નમા-વ્યોરે. ૪ યદુરામદાસ વ્યાસ વાણીએ, વેદનો માર્ગ બતાવ્યોરે. ૫

સલખનપુરીનું સમરણ કરતાં,ભવના બંધન કાપેરે;સાચે મને જે શેવે નિશદીન, અવીચળ પદવી આપેરે. સ.૧ મધ્ય રાતે મુખ મુન્ય કરીને

ત્રિપુરેનો કર જાપેરે. સ. ૨ રીધ્ય સીધ્ય આપે નિત્ય નવી નવી, ધુઆ વિચળ કરી થાપેરે. સ. ૩ પર્મ પ્રતાપ પ્રગટ પારાનો દુષ્ટ દયા કરી દાપેરે. સ. ૪ યદુરામદાસ તણું દુઃખ ભાગ્યું, બહુચર ચરણ પ્રતાપેરે. ૫.

અંબા બહુચર એક રૂપછે, મન અંતર નવ આણોરે, કર્મ ઉદે કરશે કરણા કરી, જકત જનુની ને જાણોરે. અં. ૧ ભકત ભવાનીના થયા જે જન, તે જન જુગમાં કમાણોરે. આરિકા નર્સાધી આરાસુરીની, એળે મનખો ગમાણોરે. માર્કંડ જૈમુની કેહે માહાત્મ, વેદપુરાણ વખાણોરે. જદુરામ ધન જેની માત પીતાને, આઈના દાસ કેવાણોરે. અં. ૩

રાગ તાલ દીપચંદી.

ફાગુનમે મદમાતો હો બહુચર બરદાળી. ફાગુ. ટેક. વસંતસ્વરૂપી બંન બંન એલી, રૂપ અનુપ સુહાતીહો. બહુ૦૧ અંબે આદ્ય શક્તિ સકળ મીલી, બહુચર ચાચર આતી હો. બહુચર. ૨ એલી ફાગશુ હોળી સુંદરી, મંદ મંદ મુસકાતી હો. બહુચર. ૩ ચુવા ચંદન કેસર કુંમ કુંમ, ભર પીચકારી લગાતી હો. બહુચર. ૪ એક એક કર કંડ ગ્રહી ગ્રહી, પાન પાત્ર ભરી પાતી હો. બહુચર. ૫ બાવરાં બોલે બોલ પરસ્પર, હરખ હરખ ફુલ સોહાતી હો. બહુચર. ૬ શક્તિ વીના સમધા નવ શોભે, જતન કરી બહુ ભાતી હો. બહુચર. ૭ દાસીયો સંગ મીલી વાજા વજાવે. ધુનશુ ધુમારો ગાતી હો. બહુચર. ૮. રમીયાં રસીલી રાજ્ય રીતશું, માનશરોવર નાહાતી હો. બહુચર. ૯ ભોજન કરીયાં ભાત્ય ભાત્યનાં, મંડપમાં પધરાતી હો. બહુચર. ૧૦ યદુરાંમ જનુની બાળા ત્રિપુરા, સેવે સકળીત ધ્યાતીહો. બહુચર. ૧૧

રાગ ધુમાર.

જોગણી સબ ચાચર આઈ. માઘ માસ નવરાત્રી દશે દીન, પર્મ વસંત રીતુ સુખદાઈ. જોગણી. ૧ આયે સબ બેનવ કોટી શકિત, સંગ કાળી કામાક્ષાઈ; અંબા હરસિધ્યને ચંડેશ્વરી, કુશ માંડી કાત્યાઈ. માહાગૌરી હિંગળાઈ. જોગણી. ૨ નવ મીલી નવ ખંડ શીરોમણી, દશમી બહુચર બાઈ; હુઈ મનછા જબ ફાગ ખેલનકી, કોંકરી એક દોराई, પુજાપો ભુસતલાઈ. જોગણી. ૩ અંગ આનંદ આભુ-

ધણુ ધરાંયે, કયા કરૂ મા ઉપમાઈ, શોળ શણગારે કીયે સબ દેવી; નખ શીખ રૂપ બનાઈ, માનુ કોટી વદન લજાઈ. જોગણી. ૪ ડાક ધંટને ભેરી પખાવજ તાલ ઉપંગ સહતાઈ, બેના મહુઅર ચેગ બાંસુરી; કરેકંઠ પટકઝલાઈ, ભરે સ્વરે કર કર સાહી. જોગણી. ૫ અપની અપની જોરી ભરી ભરી, અબીલ ગુલાલ ઉડાઈ; ચુઆ ફુલેલ અરગજા કુંમ કુંમ, કેસર રંગ ઝરાઈ, માનુ મંદકાની ધાઈ. જોગણી. ૬ અરસ પરસ મીલી છાંટત છીરકત, મચ્યોહે કીચ કીચાઈ; સાત દીવસ શોભા ભઈ કેસે, માનુ મઘવત ઝરીલાઇ, ગોકુળ જ્યું ઇંદ્ર રીસાઈ. જોગણી. ૭ ખેલત ગાવત ચલે માનસર અંગ પસારી નહાઈ, અતિશ પ્રેમ અનંદ મુદીતસે; હાશવિનોદ સીરાઈ, બેઠે સબ આસન આઇ. જોગણી. ૮ નવમી કો દીન કીયો કે પારણા, આદ્ય મધુપ કરાઈ, મેવા બેહોત પાતી બતી સરસ; સખીયે સર્વ નિપાઈ, ભોજન સબલે મન ભાઈ. જોગણી. ૯ કરો ભોજન સુદ્ધ આચ મન કીનો, પાંન સોપારી ચવાઈ; એશ આનંદ મા ભયો કુતુહળ, દેવનદુત પડાઈ. એચર નમ્યો ચરણે આઇ, જોગણી. ૧૦ દુષ્ટ દૈત્ય અતિ ત્રાસ મહિષા સુર ઇંદ્રાસન લીયો જાઈ, ભયે વ્યાકુલ સબ દેવ સિરાતે; પેઠે હે ગીરી ગુફાઈ, અવહી કર્યા કરીએ ઉપાઈ. જોગણી. ૧૧ મારતાર ઉતાગાર આપુ નકર, ભાખે ત્રાહી ત્રિપુરાઈ; જાણી દીન કૃપા કરો અવહી; સુરપતી બદન સુપાઈ, અતિ દુઃખ સહચોન ભાઇ. જોગણી. ૧૨ એસેવૃતાંત સુને જગદંબા, માત મૃદુ મુસકાઈ, સકલ શક્તિકુ દેત વિદાતવ; આપુહી સીંઘ બોલાઈ, ચડે આરાસુરરાઈ. જોગણી. ૧૩ જુદ્ધ કો સાજ કીયો ઉમયાને, ઢાલ ખડગ છુરાઈ; ત્રિશુળ કટાર ને તોમરે મુદગળ કટીનીસંગ બધાઈ, વામકર ધનુષ ચઢાઈ. જોગણી. ૧૪ આએ જ્યાં દૈત્ય રાજ્ય સભા ભઈ, બોળે વચન વરદાઈ; આપ્ય જુદ્ધ અવ કાંહાં રહે સોચી; બનમે જુદ્ધને જાઈ, ઇંદ્રાસન છોડ પરાઈ. જોગણી. ૧૫ સુનત વચન અતિ માહા પુરૂષારેય, સૈન્ય સંગળીએ ધાઇ, રહોગડ અબદેત પરિક્ષા ચલે આરણમાં જાઇ, પરસ્પર જાઈ લરાઈ. જોગણી. ૧૬ અસ્ત્ર સસ્ત્રજ વડારન લાગે, જોધ પરત મુરછાઈ; નિજદળ બિચદળસુનો જબ કરને; ધરો રૂપ મહિષાઈ, દોરેત સબ ભામી કૃસાઈ.

જોગણી. ૧૭ પેર લીએ ચૌદશ ભવાની, શોભા બરની ન જાઈ; મ-નકુ વ્રિજ મંડળમાં મોહન; બેન્નત ફાગ સોહાઈ, સકળ ઓપત સંગ જાઈ. જોગણી. ૧૮ માત બીચાર કીયો તબ મનમે સિંઘ હીસૈન્ય બતઈ, વચન શીશ ધરી ધાવો જબહી;ગ્રહી ગ્રહી તોરી નષાઈ, દૈત્ય સબ સૈન્ય ખુટાઈ. જોગણી. ૧૯ ગાહલ બિર બિરાજીત કૈસે, બનમે કેસુ ફુલાઈ; ઉડત ધુર ભયો અંધાર માની સુજાબ છબી છાઈ, દેવ સબ દેખત આઈ. જોગણી. ૨૦. છોડત બાણુ આરાસુરી જવતે, લાગે અસુર તન જાઇ; છુટત ધાર રુધિરકી ઉરનસે, પિચકારી નજરી લાઈ. બેહેન કેસર પતંગાઇ. જોગણી. ૨૧ લરેત ધડાકે તડાકે ભડાકે; માનું બાજંત્ર બજાઇ, ધાવ કરતહે ભાજતહે અસુર સબ, બોલત વચન દીનાઇ; માનું કોયલ કોકી લાઇ. જોગણી. ૨૨ ફેરી રૂપ મહીશ કોલીનો, ડોલત ધર નિધ બાઇ; કોપ કરી આયો જબ સનમુખ, મારત શિશ ધુનાઇ. ચંડીકા કોપે ભરાઇ. જોગણી. ૨૩ ગર્જ ગર્જ ક્ષણ મુંઢ મતી મંદ, મધુપાન કરૂં જાઇ; ફેરહી હાથ દેખાવું તોહી, મારયો ત્રિશુળ તુલાઈ; શીર પર્યો ભોમી ન જાઈ. જોગ૦૨૪ મહિશ ઉરનસે આયો નીકરીયો, પકર ચોટી ઉમષાઈ; ફેરી ધાવ કીયો ખડગસે, માર લીનો દહીત રાઇ; હાહાકાર સઈન્ય પરાઇ. જોગણી. ૨૫ મારે અસુર જ્યાંહાં ત્યાંહાં ખોજકે, દેવ દુદંભી બજાઈ; ગ્રહી પુજાપો આયે સબ સુરપતિ, જનુંનાપે કુશુમ બસાઈ; કેહે જેજે ઉદો આઈ. જોગણી. ૨૬ આવત વદન વિલોકી માતકો, કરેત ચરન સેવકાઇ; યથા શકત વિધીવત કરી પુજા, સ્તુતિ કરેત સુર રાઈ, પ્રસન ભયે માત કૃપાઈ. જોગણી. ૨૭ દીયો આશીશ સકળ સુરનસે, જાઓ સબે ભુવનાઈ, માત બચન સુની શીશ ચડાએ, ઈંદ્રાસન પર જાઇ; અંબા અંત્રીક્ષ સિધાઈ. જોગણી. ૨૮ બરનું કહા મંદ મતિ મેરી, સેશકુ પાર ન પાઈ, યદુરામકુ કૃપાકીજે, અબકયું બેર લગાઈ, મેહેર કરો મા ત્રિપુરાઈ. જોગણી. ૨૯

રાગ બીહાગ. ઠુમરી.

જેને બાળા ત્રિપુરાની લેહે લાગી. એ રાગ. સા મન સંધ્યા રૂપ,

સરસ્વતી સા મન સંધ્યા રૂપ; ટેક. કંચનાંગી કંઠનાંગરે ચંદન, કંચન વરણ અનુપ. સરસ્વતી. ૧ ગરૂડ વાહની શામ વેદ ઉર, ચઉદ ભુજ વિશ્નું સ્વરૂપ, શંખ ચક્ર ગદા પદ્મ બિરાજે; અખીલ ભુવનની ભુપ, સરસ્વ. ૨ યદુરામ ચંદન પુસ્પાક્ષત કરો, કરો આરતી ધુપ; બહુ બસ ગોત્રી ધ્યાંન ધરી પુજે, જે જન થાએ તદ રૂપ. સરસ્વ. ૩.

રેકતો.

તેરી બાદશાહી અંમા, તેરી બાદશાહી; મે કયા તારીફ કરૂ અંમા તેરી બાદશાહી. ટેક. તેરી બંદગીમે ખુબ આદમ ઓલીયા પીર, બસ્તી બીરાને અગર ઢુંડતા ન પાઈ, અંમા તેરી બાદશાહી. મેકયા. ૧ મો જુત મગરૂબીસે જમીસે ગડે ગયેહે, હુઆ નીદદાર જીસ્સે અકલ ગુમાઈ. અંમા તેરી. ૨ ગોરે બદને પર ગેહેને મોતી પંનાકે, હીરા મોતી સબસે સવાઈ. અંમા. ૩ હમેશાં યાદ લગી નામકી આઠુ પહોર, જદુરામ શીર રખો પાવુકી પનાઈ. અંમા. ૪

મહીના.

શીવા બાળા ત્રિપુરાને તરવા, કાયાનો સફળ જનમ કરવા. ટેક. આસોએ આનંદ ઉછે વાધ્યો, એહે મને ઇશ્વરી આરાધ્યો; મુળ મંત્રે સુધ લઇ સાધ્યો. શીવા. ૧ કારતગે કુરકુટ અસવારી, ઉમા આદે શક્તી પરવારી; ધરા થકી દુષ્ટ નાખ્યા મારી. શીવા. ૨ માગશરે મન મોટુ માનુ, સુરમુની કારજ કરવાનું; ભગતોને નવ નીધ ભરવાનું. શીવા. ૩ પોસેતો પોખ ઘણી પારે, ઝ્યાં જોઈએ તાં બ્રહ્મ ભોજન બારે, અગની કુંડે પ્રત તણી ધારે. શીવા. ૪ મહાયેતો મંમાયા રૂપે, શત સીંધુ બ્રહ્માંણી ભુપે, સંસાર છે અંધ તણે કુપે. શીવા. ૫ ફાગણ ફુલ્યો વસંત રીતે, કુસુંબીત નવ પલવ પ્રીતે, રચ્યો છવી રંગ રાગ રીતે. શીવા. ૬ ચઇતર ચીંતા થકી ટાળો, નવે ખંડે નારાયણી ભાળો, અવર કાં જુઠો ભરો ફાળો. શીવા. ૭ વઇશાખે વઇતરણી તરવું, જાયુ તેને આખરે છે મરવું, સામી વેદ માત ધ્યાન ધરવું. શીવા. ૮ જેઠે તો જો જાચે તમને, કે ઉતમ મધ્યમ અધમને; તે જુવેછે જોરાવર જમને. શીવા. ૯ અશાડે અગણીત ગુણ હેવા, કહી ન શકે શીવ

સુરેશ જેવા; કવીતાની કુણ મતી કેહેવા. શેવે. ૧૦ શ્રાવણે શીવ સહીત શક્તિ, અકળ રૂપે જોતો ઝગમગતી, ભાવે કરી ભમાએ ભક્તિ શેવે. ૧૧ ભાદરવે ભેદ ગયો ભાગી, બહુચરી નીરખીને મન રાજી ગાયત્રી મા ગોખે રહ્યા ગાજી. શેવે. ૧૨ જદુરામ કર જોડી કહેછે, આદ્ય ક્ષેત્ર આનંદ પુર રહેછે, અષ્ટ પહોર આદ્ય તણી લેહેછે. શેવે બાળા. ૧૩

અષ્ટ પદી.

રમતે નવરાત્રી નારાયણી, શક્તિ સકળ સુખ કારી; મણી મય મકરામૃગ કુંડળ, સુભ કરણ ફલ ધુત કારી. રમતે. ટેક. પ્રથમ ચરીત્ર રૂષી બ્રહ્માદિક, દેવત શ્રી મહાકાળી; મૂર્તિ રૂગ્વેદં ગાયત્રી છંદ, રાત્રી સુક્ત સ્વરૂપાળી. રમતે. ૧ નંદા શક્તી અગ્નિ તત્વં, રક્ત દંતિકા બીજં; નાભી પંકજ સમરણ ભવ, આજવદ મધુ કૈટભ લીજે. રમતે. ૨ દ્વીતીય ચરીત્ર શ્ય રૂષિ વિષ્ણુ, શ્રી માહાલક્ષ્મી દેવં; શાકં ભરી શક્તિ યજુ મૂર્તિ, વાયું તત્વ દુર્ગેવં. રમતે. ૩ સર્વ દેવ તેજો મય અદભુત, ચંડી રૂપ કરેલં; સેન સહિત મહિશાશુર વધ કરી, શકા દય સુર પાલં રમતે. ૪ ઉતર ચરીત્રં પરંપવિત્રં, મહા સરસ્વતી દેવં; રૂષી સદા શિવ છંદ અનુષ્ટુપ, ભીમા શક્તિ પ્રમે વં. રમતે. ૫ ભ્રામરી બીજં સુર્ય રતત્વં, મૂરતિ શ્યામ સ્વરૂપં; શુંભ નીશુંભ તણે ભય વ્યાકુળ, અમરત્રી દશા ભુપં. રમતે. ૬ સુર સહિત શકાદિ શકળમળી, ગવન કીન હીમવંતં; નમો દેવી ઇતી દેવી સુક્ત ભરી, પ્રસન્ન ભયા શ્રી અંનંતં. રમતે. ૭ શુંભ સુધી પામો શક્તિ, તવ દેવ્યા દુત સંવાદં. સૈન્ય સહિત ત્યાં ધુંમ્ર લોચન, વધકરી ગરજી ઘન નાદં. રમતે. ૮ ચંડ મુંડ હણી ચૌદ ભુવન ધણી, રક્ત બીજ ભણી ચાલી; જુધ વિરૂધ ક્રધ કર આયુધ, સુધી મુંઢ હણે બાળી. રમતે. ૯ શુંભની પાંતની નીશુંભની ઘાતની, પ્રતાપ પ્રબલ બળમાતં; રણ રણ મુક્તશું શક્ત બીરાજીત, પ્રીત્યે પ્રફુંલીત ગાતં. રમતે. ૧૦ સારંગ સારંગ સારંગ ધરી ધરી, વારંગ વારંગ નૃત્યં; ઝુંન ઝુંન ઝીકત નુપુરવાજત, દ્રદંગ ધીમાં ધીમી કત્યં. રમતે. ૧૧ તારણ જગત ઉધારણ

ભક્ત, વિમુક્ત કરાંસુર ઈશં; મારણ દુષ્ટ નિવારણ કષ્ટ, સુધારણ શૃંગ ગિરિ શં. રમતે. ૧૨ નારાયણી સ્તુતિ કરીવિ દશા, કરી અરચન બહુરંગે; ચંદન અક્ષત કુંમ કુંમ કેસર, કરી પુજન સહુ સંગે. રમતે. ૧૩. રૂપ સ્વરૂપ અનુપ વિરાજીતં, આર્ડ સકળ મળી જુથં; બ્રંહ્માંણી રૂદ્રાણી વૈષ્ણવી, બહુચર ચંડિ વરથં. રમતે. ૧૪ શર્દનીશા પૂર્ણા પુરણ શશી, સુર સહીત સુરરાજં; મહા પુજા મધ્ય રાત્ર સમર્પ, શક્ત સુરા સુરે તાજં. રમતે. ૧૫ પય મધુ સાકર ઘૃત સુંદર, હોમ હવન શુભ સારં; છેલ છબીલિનિ છબી ઉપર, કોટી અનંગ નવારં. રમંતે. ૧૬ જય જય કરી જગતના ઉપર, મારકુંડ મુની રાખે; વૈશવ સુરથને વર પ્રદાને, ત્રયોદશી કવચ સોહાગે. રમતે. ૧૭ બ્રંહ્મ કવચ અર્ગંના કીલક, ત્રિ આદ્યે કરે જન ધ્યાનં;અંતે વિરહસ્ય ઈંદ્રાક્ષી, લધુલવ માનિ જમાનં. રમતે. ૧૮ શિશ મહેશ ગણેશ નીરંતર, ચરણ સ્મરણ કરે સંતં; જે મુની વ્યાસ સુરેશ સુતંનર, વેદ ન પાર લહંતં. રમતે. ૧૯ કવચ એકવી પાઠ કરેયાનું. ફળ બહુચરમા આપે; એકવી પદ ગાતા પ્રીતીશું, ભવના બંધન કાપે. રમતે. ૨૦ શ્રી યદુરાંમ પડત ચંડી સ્તવ, કવચ એકવી સારં; અપાર સાગર ભવજન વ્યાકુળ, માત કરે ભવપારં. રમતે. ૨૧

દલસુખકૃત કાવ્ય.

ઠુમરી.

અરજ સુણો મારી બહુચર મા, અરજ સુણો મારી. ટેપ. પાપ તણો મે પાર ન રાખ્યો, શું કહું વિસ્તારી. બહુચરમા અરજ સુણો૦ ૧ માત વિના દુખ કોને કહીએ, અવર પોકારી બહુ૦ ૨ અધમ ઓધારણ દુષ્ટ સંહારણ, નામને જાઉ વારી. બહુ૦ ૩ દીન દલસુખને સુભ ગતી આપો, શરણે આવ્યો તારી. બહુ૦ ૪

ઠુમરી.

પ્રાણ થકી પ્યારીરે, બહુચરમા પ્રાણ થકી પ્યારી. ટેક. ત્રિશુલ ધારણી દહીત મારણી, કુરકુટ વાંહન કારી. બહુચર, ૧ સલખન પુરમાંશ્રીજી

બીરાજે, શોભે અંગ છબી ન્યારી, બહુ. ૨ શીવ સનકાદીક પારના પામે, સકળ કળા તારી. બહુ. ૩ દલસુખન અંતરે છબી પર પર, તનમન ધન વારી. બહુ. ૪

ઠુમરી.

અદભુત આંગી જોઇ, બહુચરમાની અદભુત આંગી જોઇ. ટેક. અંતર છબીપર પુસ્પ પેખતાં, મનડું રહ્યુ મારૂ મોહી. બહુ. ૧ ગાજે ગોખમાં સદાય શોખમાં, સલખન પુરમાં સોઇ. બહુ. ૨ દુર થકી દેદાર કરીને, કોટી કલપના ખોઇ. બહુ. ૩ દલસુખ કહે મારે માત બહુચરા, અવર ન દુજો કોઈ. બહુ. ૪

ગરબી.

પ્રીતમ બોલાનારે. એ રાગ.

બહુચરમા બરદાળી, મારા પ્રાણ થકી છો પ્યારાજી, રાત દીવસ મારા રેહદયમાં રેહેજો; નવ થાશો ક્ષણ ન્યારાં, કહું કરજોડીને. ૧ બુધી આપે બાળી ત્રિપુરા, રેહો મુજ રૂદય નિવાસીજી; દામ વિનાનો દાસ તમારો, હું ગુણ ગાવાનો પાસી; કહું કર જોડીને. ૨ બ્રહ્માણી રૂદ્રાણી પોતે, વૈસ્નવી વિખ્યાતજી; જ્યાં જોઉં ત્યાં દીશો દેવી, ઘટઘટમાં મુજ માત. કહું કર જોડીને. ૩ ઇંદ્રાદિક બહુ દેવ મુનીના, કંઈ કંઈ કાપ્યાં કષ્ટજી; મહીષાસુરઆદી દાનવ મારી, સુખ પમાડી અષ્ટરે, કહું ક૦ ૪ આદ્ય અનાદ્ય થકી છો આંઇ, દાતા દીન દયાળીજી; દીન દલસુખની દાદ સાંભળજો, કરજો માત કૃપાળી; કહું. ૫

પદ રાગ ગરબી.

મારૂં મન માન્યું માજી સાથે, બહુચર મા. બીરાજે માથે. ટેક. વદન છબી શરદ શશિ જેવી, કવીજન કઈ ન શકે કેવી. મારૂં મન. ૧ માએ પેર્યાં ચરણા ને ચોળી, સાડારે રંગ કેસરમાં બોળી. મારૂં મન. ૨ કોટીક કષ્ટ કરૂણા કરી કાપ્યાં, અભયદાન ભકતોને આપ્યાં. મારૂં મન. ૩ માજી છો જકતતણી જાતા દેવી દીન દલસુખની દાતા, મારૂં મન. ૪

રાગ પ્રભાત.

આજ પ્રભાત સમે શલખનપુર, અજબ બની શોભાયરે; તાલ પખા-

જ ને વેણા વાજે, ગુણીજન મંગળ ગાયરે. આજ. ટેક. ભક્તિજન ભવાઈ કરેછે, થેઈકાર થેઈકાર થાયરે; શ્રીજી સમીપે સ્વાંગ સજીને, જપ્ય કરેછે ત્યાંયરે. આજ પ્રભાત. ૧ આજ પ્રભાતે મદ ભર્યા મૃગડાં રજ, ને બોલે પ્રતાશ કાળરે; બહુચર માતું બહુચર માતું, કેહેતાં આવે વાહારેરે. આજ પ્રભાત. ૨ વીપ્રતણા બહુ વૃંદ આવે, માનસરોવર નાહાયરે; મન ગમતાં મીષ્ટાન જમવાને, આપે બહુચર માયરે. આજ પ્રભાત. ૩ બ્રાહ્મણને શીર બહુચરમાજી, ભગવતી બ્રાહ્મણ એકં; દલસુખ દીન કહે કર જોડી, ચીપુરે રાખો ટેકરે. આજ પ્રભાત. ૪

પદ રાગ ગરબી.

આવો હરી શીવશંકર ભોળા. એ રાગની છે.

દેવી દાતા દાદ સુણોને મારો, જનુની જાણી શરણે આવ્યોછું તારી. દેવી. ટેક. માત વના મુજ દુઃખ કોણ સાંભળશે, સરીતાનું નીર સીંધુમાં ભળશે; હાથ જમણો મુખડા સામો વળશે, દેવી. ૧ માજી પર મન રહ્યું માની, ભલાંછોજી ભક્ત વત્સળ ભવાની; સેવક સુખ દાયની માં મેરબાની. દેવી. ૨ જાણો છો મા મુખ થકી શું કહીયે. દાસની તો વિનતી દીલ લહાએ; મારી માજી જેમ રાખો તેમ રહીએ. દેવી. ૩ આદ્ય થકી અકળ કળા ન કળાણી, પાર નવ પામ્યા અજસુર પ્રાણી; કોણ દલસુખ દીનની વાણી. દેવી. ૪

રાગ પ્રભાત.

દેવીદાતા બહુચર માતા, જન્મ તણાંછો જાતારે; બ્રહ્માદિક ઇંદ્રાદિક સુર મુની, સનકાદિક ગુણ ગાતારે. ટેક. શ્વેતગીરીથી સલખનપુરઆવ્યાં સેવકનાં સુખ સાતારે, નિજ ભકતનાં સંકટ કાપ્યાં; કષ્ટ હણ્યાં સુખદાતારે. દેવી. ૧ નારીના નર કીધા ક્ષણું એક, માનસરોવર નાતાંરે; અસુર ઉદરમાં કુરકુટ બોલ્યાં, અધડા મહા મદ માતારે. દેવી. ૨. આદ્યને ઓળખ્યા વિના અણભાગી, ભુતળમાં ભટકાતારે; દિન દલસુખને કુટુંબ તમેછો, માત પીતાને ભ્રાતારે. દેવી. ૩

પદ રાગ પેકો.

હુંતો આરાધું હાટકેશ્વ સાથે ઇશ્વરીરે એ રાગ.

મારી સાહેબ શ્રી સલખનપુરમાં બીરાજતાંરે. ટેક. અર્ક શરીખી આંગી શોભે, જોવાને મન મારૂ લોભે, યંત્ર છબીપર પુરણ પુષ્પો છાજતાંરે. મારી. ૧ શ્રીજી સનમુખ રૂદય હરખી, શેવક નૃત્ય કરે મા નરખી, તાળ મૃદંગ ઉપંગ વિણા રસ વાજતાંરે. મારી. ૨ નીજ જંન જાઇ દેદાર કરે છે, ત્રિવીધી તાંપ તન નાજ હરેછે, આપી નવ નિધ રિધ સિધ ભવ દુઃખ ભાગતાંરે. ૩ દલસુખ કેહે મુજ મતિ નવ પોચે, મુજ મન ગુણ ગાવાને શોચે, શૈલ સુત સિંહાસન બેસી ગાજતાંરે. મારી. ૪

પદ રાગ ઉપર પ્રરમાણે.

શ્રી સલખનપુર રાંણી સાહેબ મુજરો લીજીયેરે. ટેક. પાપ કરંતાં પાછુ નવ જોયું, પુર્વ તણું શુક્રિત સૌ ખોયું, જાણોછો મા મુખ થકી શું કીજીએરે. શ્રી. ૧ જાણી કીંકર કરૂણા કીજે, ભવ ભયથી ઉગારી લીજે, કાપી કુમતી સુમતી મુજને દીજીયેરે. શ્રી. ૨ મુજ અવગુણ મનમાં નવ લેશો, છોરૂ જાણી છેહ નવ દેશો, જનુની થઇને બાળ ઉપર ન ખીજીયેરે. શ્રી. ૩ દીન દલસુખને દર્શન આપો, જન્મ મરણના સંકટ કાપો, આપ કૃપા વિના યમ કિંકરથી બીજીયેરે. શ્રી. ૪

પદ રાગ પ્રભાત.

મસ્તક નામુ ઇશ્વરી માજી, આરાધું મુજ માયરે. ટેક. માનસરોવર તીરે ત્રિપુરા જકત તણીજની તાયરે, અદભુત આંગી આઇને ઓપે યંત્રની પુજા થાયરે. મસ્તક.૧ ગરનાળા ખુટેતુ ગાજે, નિજજંન આવે ને જાયરે; પ્રીતકરી પરમેશ્વરી પુજે, દુકીત દુરે પળાયરે. મસ્તક. ૨ માનસરોવર જળ નિર્મળ મા પ્રીત સહીત નિત નાહાયરે, એક ચીતે આઇને આરાધું; સફળ કામ ચીત ચાહાયરે. મસ્તક. ૩ અવર શોભા તો અતિ ઘણી છે, મુજથી ના કેહેવાયરે; દલસુખ કેહે મારી મુંઢમતી છે, તે કયમ શકત સેવાયરે. મસ્તક. ૪

રાગ ઉપરનો.

શીવા બાળા ત્રિપુરા સુંદરી, જે છે જુગની માતારે, જેને આશરે

શિવ બ્રહ્માદિક વિષ્નુને વિધાતારે. સેવો. ટેક. અધમ ઓધારણ નામ આઈનું, શેવકની સુખદાતારે; નિજ ભકતને નવ નિધ આપે, રાજ્ય માત માતારે. સેવો. ૧ વ્યાસવશીષ્ટ માર્કંડ જેમુની, વલ્લભ જન જ-સગાતારે; ભકત ભવાંની તણા કેહેવાણા, તે પામ્યાં શુખ શાતારે. સેવો. ૨ આઇને ઓળખ્યાવિના અણભાગી, ભુતળમાં ભટકાતારે; દલ-સુખ કેહે મારે બહુચર માજી, માત તાતને ભ્રાતારે. સેવો. ૩

ગરબી.

સંકરના સુતને પ્રણમુરે, લાગુ બ્રહ્મસુતાને પાય, મારી માત હુકમ થયો છે હજુરનોરે; અવિચળ વાણી દીજીયેરે, તન જાણીને દીજીએ દયાય મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૧ અમે આપ વિતી અરજી કરીરે, પોહોચી પરમેશ્વરીની પાશ, મારી માત હુકમ થયો છે હજુર-નોરે. ૨ દાદ સુણી તે માયે દાસનીરે, જ્યારે થયા બીજા આટ માસ મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૩ માયે વિચાર્યું મનમાંરે, કા-લા ઘેલા પણ માના તંન, મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૪ બાળકને બાહાર કાંઢી મુકાંયેરે, પણ આપીને માગે અંન, મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૫ ઓગણાસે એકવીસની સાલમાંરે, માસ ભાદરવો નિરધાર, મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૬ સુકળ પક્ષ અજવાળીયાંરે, તિથી તેરસને રવિવાર, મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૭ નજર કરીને નારાયણીરે, માયે સેવકને આપી સાન, મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૮ ત્યાં થયું મંન માન્યું મંડળી તણુંરે, મારી માજીયે રાખ્યું માન, મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૯ ઓછવ અધિક થયો ચાલતોરે, જેમ પ્રથમની હતી પેર, મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૧૦ શોક તે સઘળો ટળી ગાયોરે, માયે કીધી છે લીલા લેહેર, મારી માત હુકમ થયો છે હજુર-નોરે. ૧૧ કોણ વાગેશ્વરીને કોણ બહુચરારે, એમાં ભેદ નહી લગાર, મારી માત હુકમ થયો છે હજુરનોરે. ૧૨ ભેદ જેણે જાણ્યોને વળી જાણસેરે, એતો થયાને થાશે ખવાર. મારી માત હુકમ થયો જે હજુ-નોરે. ૧૩ સુણે શીખે ને ગાયે ભાવથીરે, તેનાં દોહલાં જાશે દુઃખ.

મારી માતે હુકમ થયો છે હજુરનોરે. ૧૪ બરદાળી માત બઈ રાખ્યે,કેહેદાસનો દાસ દલસુખ. મારી માત હુકમ થયો છે હજુરનોરે.૧૫

પદ રાગ કાફીની હોળી.

બાળા ત્રિપુરા નામ પે વારી. ટેક. દશરથ સુતને નામ સમર દીયો, લંકાપતી વિડારી, રાક્ષસકું સબ રણમાંહી રોળે; લંકા જલાઇ સારી,લાઇયે ઘર જનક કુમારી. બાળા. ૧ ભિમક સુતાને નામકુ સમરે, સ્વામી મીલ શ્રી મુરારી; નામ લીયેસે અનીરૂદ્ધ છુટો, કાળા અહર્સે ભારી. લે ગઈ ગોકુલ મુરારી. બાળા. ૨ વ્યાસ વશીષ્ટ માર્કુંડ જૈમુની, નામ લીયો સુખકારી. વલ્લભત્રીપ્ર માહા પદ પાયે; માત ચરણ ઉરધારી, દીયો સુખ માહાતમવારી. બાળા. ૩ મહમાયાકો મરમ ન જાને, બ્રહ્મા વિશ્ણું ત્રિપુરારી; દલસુખ દીન કેહેત કરજોડી, કોન માત્ર મતિ મારી, કેસે ગાવું કીરત તીહારી. બાળા. ૪.

મહીના. સાખીયો.

દરશણ આપો મોરી માય, અંબા મને દરશણ આપો.એ રાગ. આવોને બહુચર માય, મૈયા મુજ ઘેર આવો; હુંતો લાગુ તમારે પાય મૈયા મુજ ઘેર આવો, તમે સલખનપુરનીરાય, મૈયા મુજ ઘેર આવો. માજી કોજે સેવકની સાર, મૈયા મુજ ઘેર આવો. ટેક. શાખી, કારતગ માસે કરણા કરી, માજી આવો મુજ ઘેર. દાસની વીનતી દીલ ધરી, મહમાયા કરોને મેહેર. મૈયા મુજ ઘેર આવો. ૧ શાખી. માગશરે મંન માહરૂં,મા મળવા અકળાય, જેમ ચકોર ચંદ્રને,જોવા આકાશમાં જાય. મૈયા મુજ ઘેર આવો.૨ શાખી. પોષે પ્રાણ થકી કહું, માનો માજી સત્ય, હું સેવક વણ ધામનો, માજી રાખોને મારી પત્ય. મૈયા મુજ ઘેર આવો. ૩ શાખી. માહા મહીને માવડી, હું તમારો બાળ, આપ કૃપા જો નહી કરો, મારી કોણ લેશે સંભાળ. મૈયા મુજ ઘેર આવો. ૪ શાખી. ફાગણ માસ ફુલ્યો ઘણો, સહુકો ઉરાડે રંગ, મારૂં મંન ત્યાં જઈ ઠરે, જ્યાં શોભે છે યંત્રને રંગ. મૈયા મુજ ઘેર આવો. ૫ શાખી. ચૈતર આચર સોહામણો, મને જોયાની ખાંત,બાળાબહુચર નીરખતાં, મારા મંનની તે ભાંગે ભ્રાંત. મૈયા મુજ ઘેર આવો. ૬

વૈશાખે વારી જાઊં નામને, અધમ ઉધારણ હાર, ભક્તિ સુધારસ ભક્તને, પરમેશ્વરી પાનાર. મૈયા મુજ ઘેર આવો. ૭ જેઠમાસે મા જકતના ભક્તતણા પ્રતિપાળ, દાતા ભક્તને ભક્તિના, માજી કંટકના માહાકાળ. મૈયા મુજ ઘેર આવો. ૮ અષાડ માસે આનંદથી, આવે દેવી દરબાર, જાણી દાસ પોતાતણો, મને આપોને દેદાર. મૈયા મુજ ઘેર આવો. શ્રાવણ માસે સ્તુતી કરૂં, જોડીને બે હાથ, તમો છો ત્રિભોવંન ધણી, માજી અનાથના છો નાથ. મૈયા મુજ ઘેર આવો. ૧૦ ભાદરવે ભય કાપીયે, જાણી પોતાનો દાસ, છોરૂ છેહ ન દીજીએ, માજી આપો અવિચળ વાસ. મૈયા મુજ ઘેર આવો. ૧૧ આસોયે અરજી એટલી કૃપાળી ધરજો કાન, થોડામાં માનો ઘણી, માજી છો મારા રૂદીયાના જાણ. મૈયા મુજ ઘેર આવો. ૧૨ અધીક માસ હુ શું કહું, જાણો છો સઘળી વાત; આપવિના મારો કો નહી, તમો માત તાત ને ભ્રાત. મૈયા મુજ ઘેર આવો. લાગુ તમારે પાય, મૈયા મુજ ઘેર આવો. ૧૩

ગરબી.

સલખનપુરની રાંણીરે, જાણી બાધા જકતમાં જેને; સલખન. ટેક. વેદ વિરંચીએ વર્ણવ કીધાંમા, મારકુંડમુનીયે વખાણીરે, જાણી બાધા જકતમાં જેને. સલખ૦ ૧ સરવે શાસ્ત્રમાં સમાઈ રહ્યાંછોમા, વ્યાસે પુરાંણમાં પ્રમાણીરે, જાણી બાધા જકતમાં જેને; સલખનપુરની૦ ૨ ભુતળ ભુરને જાણ્યા ભટજીમા, વદીયા પ્રાક્રમ વાણીરે, જાણી બાધા જકતમાં જેને; સલખન૦ ૩ કહે દલસુખ એ વૈશ્ણવી શકતીમા, તું બ્રહ્માણી રૂદ્રાણીરે; જાણી બાધા જકતમાં જેને. સલખનપુર. ૪

ગરબી.

આવ્યાં સંકટ ટાળોરે, ન્યાહાળો નિજ દાસ ભણીરેમા; આવ્યાં સંકટ. ટેક. સેવકજન શરણાંગત આવ્યોમા, કૃપા દ્રષ્ટી કરી ભાળોરે, ન્યાહાળો નીજ દાસ ભણીરેમા; આવ્યાં૦ ૧ કાળ તણાછો તમો કાળ કૃપાળીમા, જમને આવતાં ખાળોરે, ન્યાહાળો નીજ દાસ ભણીરે મા; આવ્યાં૦ ૨ ભવ સઘળો જાયે ભક્તી કરતાંમા, એક દીનમાં સરવે

વાળીરે, ન્યાહાળો નીજ દાસ ભણીરેમા; આવ્યાં૦ ૩ કહે દલસુખમા બેઉ કર જોડી, એક તમારો ઓસીઆળોરે; ન્યાહાળો નીજ દાસ ભણીરે મા, આવ્યાં૦ ૪

કાળીકાની અરજી. ગરબી.

સમરૂ ગણપત રાયને, મહાકાળીરે, તેનાં વિઘન સરવે જાય, પાવા વાળીરે. ૧ સુધ બુધ બેઠે નારીયો, માહાકાળીરે, તેતો બહુ સુખની દાતાર, પાવા વાળીરે. ૨ સરસ્વતી મોરી માયછે, માહાકાળીરે, તેતો બ્રહ્મ તણી તનયાય, પાવા વાળીરે. ૩ વેણા પુસ્તક કર ધરયા. મહા કાળીરે, મહારે રૂદે કરો નીવાસ, પાવા વાળીરે. ૪ મંદ મતી છે માવડી, માહાકાળીરે, માટે પુરો અમારી આસ. પાવા વાળીરે. ૫ ગુરૂ પુરણ બ્રહ્મછે, મહાકાળીરે, તે છોડાવે ગર્ભવાસ. પાવા વાળીરે. ૬ હવે આરાધુ આદ્યને, મહાકાળીરે, સુણજો મારી ફરીયાદ, પાવાવાળીરે. ૭ થાવર જંગમ મા તમો, મહાકાળીરે, નવ ખંડ ઘટ ઘટ વાસ, પાવા વાળીરે. ૮ દુષ્ટ સ્વરૂપે કાળકા, માહા કાળીરે, મા કરો શતરૂનો નાશ પાવા વાળીરે. ૯ સાહ કરી તમે સરવથા, માહા કાળીરે, નિપાવ્યા દાનવ દેવ, પાવા વાળીરે. ૧૦ હેવે મન નિસ્ચે કરયો, માહા કાળીરે, માટે કરૂ ચરણની શેવ, પાવા વાળીરે. ૧૧ અવગુણ મન ધરશો નહી માહા કાળીરે, મા મુકાવો ગરભ વાસ. પાવા વાળીરે. ૧૨ જેવો તેવો છુ તાહરો, માહાકાળીરે, માટે પુરો અમારી આશ. પાવા વાળીરે. ૧૩ મા આ જુગમાં અવતારીયો, માહા કાળીરે, છે કઠણ કળીનો વાસ. પાવા વાળીરે. ૧૪ કરમ કળીનાં શાં કહું, માહાકાળીરે, તેણે બોળ્યો બહુ સંસાર, પાવા વાળીરે. ૧૫ ધરમ ગયું ધરણી થકી, માહા કાળીરે, પુન્ય ગયું પાતાળ, પાવા વાળીરે. ૧૬ પાપ રેહયું સઘળે વશી માહાકાળીરે, એ વ્રદ્ધ તરૂણને બાળ. પાવા. ૧૭ બ્રાહ્મણ જુતળમા ફરે, માહા કાળીરે, તજીયો તેણે આચાર. પાવા વાળીરે. ૧૮ શુદ્રની સેવા કરે, માહા કાળીરે, સરવ માગવા સાથે જાય, પાવા વાળીરે. ૧૯ બ્રહ્મ કરમ જાણે નહી, માહા કાળીરે, તેતો મેલા મંત્રને ધાય, પાવા વાળીરે. ૨૦ અનેક કરમ કુડાં કરયાં, માહાકાળીરે, વિસ્તારી ન નીંદા

થાય. પાવા વાળીરે. ૨૧ ખટ દરશણ ખોલ્યું નહી, મહા કાળીરે, નહી ધરમ તણી મરજાદ, પાવા વાળીરે. ૨૨ શીશની ગુરૂ શેવા કરે, માહા કાળીરે, મહા મહોટો એ અપરાધ, પાવા વાળીરે. ૨૩ વ્રેહે વિનતા વેશમાં, મહા કાળીરે, આ છે કુડાં કરમ, પાવા વાળીરે. ૨૪ અશ્રી ધરમ આચરેયો. મહા કાળીરે, સ્વામીને મુખ દે ગાળ, પાવા વાળીરે. ૨૫ કુંભી પાકમાં એ પડે, માહા કાળીરે, એવો મોટો છે અપરાધ પાવા વાળીરે. ૨૬ અવનીએ રસ ચોરાયો, મહા કાળીરે, તારે દુઃખ પામે સંસાર, પાવા વાળીરે. ૨૭ રાજા થયા જ્યારે લોભીયા, માહા કાળીરે, ત્યારે અલોપ થયા વરસાદ, પાવા વાળીરે. ૨૮ ગૌ બ્રામણને પીડા થાયછે, માહા કાળીરે, સાંભળજો મા ફરીયાદ.પાવા.૨૯ પુત્ર પીતા સાથે લડે, માહા કાળીરે, મન નવ પામે મરજાદ, પાવા. ૩૦ એવા અધરમ છે ઘણા, માહા કાળીરે, મુખ કેહેતાં ન આવે પાર. પાવા વાળીરે. ૩૧ સંવત અરાડ અગનોતરે, મહાકાળીરે, વરત્યોછે હાહાકાર પાવા વાળીરે. ૩૨ માજી મેહ માઠા થયા, માહાકાળીરે, કહો કેમ જી-વાય. પાવા વાળીરે. ૩૩ આવી અમી દ્રષ્ટી જુઓ, મહાકાળીરે, તારે સરેસે સઘળો જેકાર. પાવા વાળીરે. ૩૪ અવગુણ મા ધરશો નહી માહા કાળીરે, તમે છો દેવી દાતાર, પાવા વાળીરે. ૩૫ માટે માગુ તમ કને, માહાકાળીરે, મને ઉગારો આ વાર, પાવા વાળીરે. ૩૬ દર-શણ આપો દાસને, માહા કાળીરે, તેને જનમ મરણ દુખ જાય. પાવા વાળીરે. ૩૭ કર જોડી કરૂ વીનતી, માહા કાળીરે, તારો દાસ મયો ગુણ ગાય. પાવા વાળીરે. ૩૮

ચલ્લુરાજનો ગરબો.

ચલ્લુજી રાજ, મહાકાળી પરતાપે રાજ કરોછો; મા ઉપર ભાવ, રઈ-યતને સુખ કરેવા ધ્યાન ધરોછો. ટેક. માજી છો ગુણ સાગર બહુ રશીયા, પરતાપ ઘણો જાતે જશીયા, આવી પાવા ઘડમાં વશીયા. ચલ્લુજી. ૧ તારા દરવાજા સુંદીર સારા, કોટ બુરજે મુકયાછે મારા; તે જોતામાં શત્રુ હારયા. ચલ્લુજી. ૨ માજી સુરેજ પોળ શુંદર સરખી, એવી શોભા મે નયણે નીરખી; જોતામાં બુધી રેહે હરખી.

ચલ્લુજી. ૩ માજી કુઆના મોહોલ ઘણા સારા, નીકળેછે ગંગા-
ની ધારા; ગરબે રમવા આવી બાળા. ચલ્લુજી. ૪ માજી તારા દુધ
સરોવરમાં પાણી, કાંઈ ઘડમાં નવ મળે એધાણી; બોલે અમ્રત સર-
ખી વાણી. ચલ્લુજી. ૫ માજી તારા દુધ સરોવરમાં નાહે, પુજાની
છાબ લઈને જાએ; કાળીમાને જઈ લાગે પાયે. ચલ્લુજી. ૬ માજી
ત્યાં વાઘોની બીક ભારી, વાટે મારે નરને નારી; તેના મન-
માં બીક ઘણી તહારી. ચલ્લુ. ૭ ત્યાં ચલ્લુજીની છીટી આપે, મ-
હોરોની છાપ કરી છાપે, વળાવુ કોડી કોઈ નવ આપે. ચલ્લુજી. ૮
દાસ સદાસંકર વાણી કહેછે, તે વરોદડા શેહેરમાં રેછે; માજીની આ
શીશ ઘણી લેછે, ચલ્લુજી. ૯

ગરબી.

પાવાની પાદશાહીરે, પીપર વાળીમા, પાવાની પાદશાઈ. ટેક. પાવે તે
ઘડથી માજી ઉતરયારે, આવતે કીંધો પીપર વાસરે; મા પીપર વાળી
મા, પાવાની પાદશાઇ. ૧ પીપર માની શોભતીરે, સોના તણા શણ
ગારરે, મા પીપ. ૨ દેશ પર દેશથી માની જાત્રાએ આવે, મોજ
કરેછે માની વાટરે, મા પીપ. ૩ સાતમે માનો સંગજ આવે, આઠમ
બેલે સારી રાતરે, મા પીપર૦ ૪ મદ દરીયામાં માજી વાસ તમારો,
બુડતાં તારો ઝાઝરે, પીપર. ૫ કર જોડી માને કુબેર વીનવે, રાખો
ચરણની પાસરે. મા પીપર. ૬

પતાઇ રાજાનો ગરબો.

પુજુ ગણપતિના પાય, પુજુ અંબીકાની પાવડીરે. સેવું સલખનપુર
રાય, મયા કરો મુજ માવડીરે. ૧ ચતુર દેશ ચાંપાનેર, વસે કરુણા
નિધ કાળીકારે, કીધો તરૂણાનો મેર; હેવી બહુ બુધ બાળકારે. ૨ સો-
વડાવો બાંધી એષ્ટ. પવન પાણી પેદા કર્યારે; કીધાં વ્રષાને વ્રષ્ટ, ધન્ય
ધ્યાન ધરણીએ ધર્યારે. ૩ નદી પરવતને પાહાડ, દેવ રૂપીને દાનવીરે;
જીવજોનીની જાત, મહી મંડળને માનવીરે. ૪ પાવાગઢનો પરતાપ,
દેવ જાણીને વાસો વસ્યારે; આદ્યશક્તિ છે આપ; ધરમ લોક થકી
ધસ્યારે. ૫ પતાઇ રાવલ પરચંડ, ધરમરાજ કરે ઘણીરે; હેનો દેશમાં

નહી દંડ, કૃપા કાળિકાની છે ઘણીરે. ૬ નવરાત્રી કેરાદીન, એશ ચોસેઠ જોગણીરે; માએ વિચાર્યું મન માંહ્ય, ભાવે જોવાને ભાગણીરે. ૭ મંગળ માનુનીયો ગાય, ગરબો ગાયે શહુ ગાંનમાંરે; થેઈકાર થેઈ થાય, નીત્ય નારાયણી નામનેરે. ૮ સન્ધ્યા સોળે સણગાર, ચરણા ચોળીને સુંદડીરે; હૈડે મોતીડાંના હાર, ગરબે ફરે સો ફુદડીરે. ૯ તેમાં કાળીકાજી માત, ગરબો રમવાને આવીયાંરે; વાણી વેદમાં વિક્ષાત રૂપ લક્ષ તે લાવીયાંરે. ૧૦ રંનાદે રોહણાનું રૂપ, રૂડી રતનાવળ રા. ધિકારે; સુરે બ્રાહ્મણને ભુપ, સુખ શાગરની શારીકારે. ૧૧ ઊચાનીચા થઈ ગાય, જુવતી કેરાછે જોડલારે; મુખે ગીત મધુર ગાય, હાથે લેછે હંબોડલારે. ૧૨ બહુ પ્રકારના છે છંદ, ખાંતે એશ કરે ખમચીયોરે; ઊગ્યો આનંદ કંદ, હાર લેછે હમચીયોરે. ૧૩ જેવી વીજળી આકાશ, ચાર ખુટ માંહે ચમકતીરે; મેહેકે કસ્તુરી બરાશ, પાયે ઘુઘરીઓ ઘમકતીરે. ૧૪ જાણે કોટી ઉગ્યો ભાણ, કોટી શશી મુખ [illegible]મનીરે; મુખે શા કરૂં વખાણ, ભાળે ભાવ હેવી ભામનીરે. ૧૫ થઊ પતાઈને જાણ, ચાલો જોવાને કારણેરે; વાગ્યાં મોહ કેરા બાણ, ધીરજ નવ રહી ધારણેરે. ૧૬ શુધ બુધ ભુલ્યો શરવ, કાલો ઘેલો ત્યાંહા થઈ રેહેરે; મુકી મન કેરો ગરવ, લક્ષણ હીણે તે નવ લહ્યોરે. ૧૭ ગરબો કાળીકાજી ગાય, લીલા તેની તે શી કહુંરે; શોભા સ્વર્ગ કેરી થાય, લક્ષણ જોતામાં શું લહુંરે. ૧૮ શોવરાવી બાંધી અષ્ટ, વાજાં દેવકેરાં વાજીયાંરે; થઈ પુષ્પ કેરી વ્રષ્ટ, સંકટ શેવકના ભાગીયાંરે. ૧૯ આવ્યા ઉમીયાને ઇશ, કાળી જોવાને કારણેરે; જુગત અંબાને જુગદીશ, વિષ્ણું જાએ એને વારણેરે. ૨૦ ભણે બ્રહ્માજી વેદ, નારદ નાચેછે નૃત્યમાંરે; વાણી વીખાણેછે વેદ, શનકાદિક સૃષ્ટમાંરે. ૨૧ દેવ તેત્રીસક્રોડ, ઇંદ્ર ઉતારેછે આરતીરે; વિષ્ણુ રહ્યા કરજોડ, ભાર દેખાડેછે ભારથીરે. ૨૨ માહા પુજા મધ્ય રાત્ર, મંદીર ગયાં સહુ ભામનારે, આવ્યાં કાળીકાજી માય; શુરદેવ કેરી સ્વામનીરે. ૨૩ પતાઇ રાવળના પાપ, કામીએ લીધોછે કેડલોરે; અંબા એકલાંછે આપ જાણ્યો છેલ કરીને છેડલોરે. ૨૪ પોતે થયાં પ્રસન્ન, માગ્ય માગ્ય મુખથી કહ્યુંરે; દેવીએ દીધુ દરશન, લક્ષણ હીણે તે નવ લહ્યુંરે. ૨૫

હેતે ઝાલ્યોછે હાથ, જુઠું બોલ્યોછે જાહરેરે; શામા આવો મુજસાથ, મંદીર રાખુ હું માહરેરે. ૨૬ શક્તિએ દીધો શરાપ; મુરખ મેલ મારો કેડલોરે; પાચે મળ્યાં તાહારાં પાપ, પ્રાણ પાવો તાહરો ગયોરે. ૨૭ કીધો કાળિકાએ કોપ, વૈભવ તાહારો સઘળો વળ્યોરે; આપ થયાં અલોપ, જખ મારી રાજા રહ્યોરે. ૨૮ સુણો સાહેબ સુલતાન, ચાર લાખ ઘોડે ચડ્યોરે; મહીપતનુ મુકાવ્યું માન, પાવાઘડ આવી અડ્યોરે. ૨૯ હદ કીધીછે આચ, જુધ જોર થયું ઘણુંરે; પછ્યા વીત્યા વરસ પાંચ, ત્યારે ઝઘડો વધ્યો ઘણુંરે.૩૦ ખુટ્યાં નવાણુંના નીર, અંજ થયાંછે અલોપમાંરે; ધીરજ નવ રહ્યું ધીર, કુડકાળીકાના કોપમારે.૩૧ શાલો સાહેરો સગદાર, રાય વાંકડા આંખે રડોરે;જુઠો થયોછે જે વાર, બુધે થયોછે બેલડારે. ૩૨ પઠાણ પાદશાહ શું પ્રીત, વેર વાધ્યું વીવેકમારે, પતાઇ રાવળની રીધ; ગઈ આપી ઘડી એકમારે. ૩૩ મારગ સાંચા ના મહેલ, લશ્કર લાવ્યોછે લંડીઆરે; ભામી કરાવીછે ભેલ, બુધે થયોછે આંધળોરે. ૩૪ જુધ કીધુછે જોર, સુલતાન શીર સાધાયોરે, થયું અંધાર ઘોર, વઢતાં તે વેરી વાધીયોરે. ૩૫ પ્રીછયો પતાઇએ પાર, કોપ કાળીકાનો જાણીયોરે; ઘણાં વેરી આવ્યાં ઘેર, પરવશ પડ્યોછે પ્રાણીઆરે. ૩૬ રૂદે સંગાથે રોષ, સ્નેહ કોનો નવ સાંખીયારે; મોતી મણ દશવીશ, ભુંડે ભરડાવી નાંખીયારે. ૩૭ નવસે નવાણુ નાર, રૂડી રજાવળ રાણીયોરે; મારી નાખી દરબાર, જોબન વંતી નવ જાણીયોરે. ૩૮ પુત્ર પટોદર પાંચ, રણમાંહે તે રોળીયારે; અદ કીધીછે આંચ, ચંચળ વટ કરીને ચોળીયારે. ૩૯ મામદ સોળ હજાર, મારી નાંખ્યા ભડ માવડીરે; એવી અપરમપાર, કીધી જમરે તસાવડીરે. ૪૦ છેવટ થયો દરબાર, હાથી ઘોડા લક્ષ લુટીયારે; ભર્યા ભુપત ભંડાર, ખજાના સર્વે ખુટીયારે. ૪૧ થયો ઞતી ઉતપાત, શર્વે રહુછે જોઇનેરે; ભર્યું ખપર કર માત, નદી ભરાણીછે લોહીનીરે. ૪૨ ગયો શક્તિ કેરે શરણ, પાવાગઢ કેરો રાજીયોરે; કથની સંભળાવી કરણ, ઝંપટ મનમા નવ લાજીયોરે. ૪૩ મારી મત્ય થઇ મુઢ, નવ ઓળખ્યાં મે માતનેરે; પ્રાક્રમ તમારૂં છે પ્રોઢ, પુરો મન કેરી કામનારે. ૪૪

માએ દીધું વરદાન, અનામીક કરીને થાપીયોરે, થયો વૈકુંઠ વાસ, શુખ્યસાગરમાં આવીયોરે. ૪૫ થયો સુરો શરદાર, નરપતીને આવી નડયોરે; સામદ સોલ હજાર પ્રથવીપતી પોતે પડ્યોરે. ૪૬ ઉનપત્ય કાળીકાની જેહ, ગાય શખેને સાંભળેરે; કરે નારાયણી નેહ, શુખ્ય સાગર સફળે ફળેરે. ૪૭ અષ્ટ સીધ્ય નવ નીધ્ય, પામે પદારથ પાંચમારે; રાખે ઘરની તે રીધ્ય; ના આવે ઉની આંચમારે, ૪૮ ઘણું લક્ષ ઘરસુત્ર, કોટી કરાવે કારણેરે; પોહોડ્યા પામે તે પુત્ર, પ્રીતે બંધાવે પારણેરે. ૪૯ મુરખ્ય કવી થાય, રીદ્ધ પામે રંક રાજીયોરે; બાવટ ભવફેરી જાય, ગુણ સાગરમાં ગાજીઓરે. ૫૦ બેહેરા સંભળાવે કરણ, માતા ટાળે તે માદલોરે, ચાલે ખોડીલાં ચરણ; આંખે દેખે છે આંધળારે. ૫૧ રોગી જનના રોગ જાય, શુખ્ય શાગરની શારેકારે; પામે ભાવતાને ભુક્ત, કૃપા કરે માત કાળકારે. ૫૨ શામળભટ ઓગોડ, પીતા પરશોતમજી તણોરે; ગાયો ગરબો કરજોડ, જશ મહિમા વાધ્યો ઘણોરે. ૫૩ ગરબો શીખે નર નાર, કૃપા કાળીકાની છે ઘણીરે; જેજે બોલો વારંવાર, સેવો સજાખનપુરની ધણીરે. ૫૪

ગરબી.

ચાલો હેલી પાવા પર જઇએ, જઇને ચાંપાનેર રહીયે, માજીનો પુજાપો લઈયે. ચાલોહે. ટેક. પાવાની શોભા છે સારી, બીરાજે ગોખે માહાકાળી, તેને મે દ્રષ્ટે જઈ ભાળી. ચાલો. ૨ પાવાના પરછંડા વાજે પ્રથમ ગણપત બીરાજે, રોક્યાં હમને બુડીયે દરબાજે, ચાલો. ૩ અરજી અંબાને કીધી, પરવાનગી કન્નાની લીધી, પ્રથમે ગાયો થકી કીધી. ચાલો. ૪ જઇને પાવાપર પળીયાં, જઇને સુરજ મેહેલ મળીયાં, દડબડતાં પાવે ચડીયાં. ૫ પાવાની શોભા છે સારી, જ્યાં છે દુરગા માહાકાળી, દુધીયે શરોવરે જઈ ભાળી. ચાલો. ૬ દુધીએ શરોવરે નાહે, ભવના બંધન ત્યાં જાએ, નીરમળ કીધી છે કાયે. ચાલો. ૭ દુધીએ શરોવરે જળલીધું,ભૈરવ દરશણ જઈ કીધું,કારજ મારૂં સર્વે ત્યાં સીધ્યું. ચા. ૮ ભૈરવની પુજા જઈ કીધો, મારી સુદ્ધ ભૈરવે લીધી, અરજી મે અંબાને કીધી.ચા. ૯ કાળીની પુજા જઇ કરતાં,ગાયો ગરબો ચાચર

ફરતાં, ધ્યાન માહાકાળીનું ધરતાં. ચાલો. ૧૦ ગરબો પંચે મળી ગાયો, પાલવ માજીનો સાહ્યો, મુજને આપજો માહા માયો. ચાલો. ૧૧ પાવાનો ગરબો જે ગાશે, માહાકાળી સાહ્ય તેને થાશે, શીવ સુત ગુણ એના ગાશે. ચાલો. ૧૨

કાળકાનો ગરબો.

જુગદેવા જશ ગાઉછું, માહાકાળીરે, જીભ્યાગ્રે વસ જો માત. પાવા વાળીરે. ૧ સેવક જાણી તાહરો. માહા કાળીરે. શીર ઉપર ધરજો હાથ. પાવા વાળીરે. ૨ હોસ હઈયામાં થાય છે, માહા. ગુણ ગાવાનું છે મંન. પાવા. ૩ દયા કરો તમે દાસને. માહા. તેથી ઉપજે બુદ્ધિ પાવંન, પાવા. ૪ ગુણ ગંભીર છે તાહારા. માહા. કેહેતાં ન આવે પાર, પાવા. ૫ બાળક બુદ્ધિ શું કરે, માહા. જો હોય તારો આધાર, પાવા. ૬ તવતેરી નગરી વીપે, માહા. ચંપાવતી ચતુર સુજાણ, પાવા. ૭ રામ સરખુ રાજ છે, માહા. માહી વસે અઢારે વર્ણ, પાવા. ૮ ત્યાં ચતુર નારીયો અતી ઘણી, માહા. નીરમળ છે તેનું મંન, પાવા. ૯ ગરબો ઓલે ચોકમાં, માહા. નવરાત્રી કેરે દીન, પાવા. ૧૦ શણગાર શરવે શોભિતા, માહા. નારી કુંજરનાં ચીર, પાવા. ૧૧ ગુણવંતાં ગરબે રમે, માહા. રાખીને મંનશું ધીર, પાવા. ૧૨ તાળીની ઝડીયો પડે, માહા. ત્યાં શોભા નૌતમ થાય, પાવા. ૧૩ કોકીલા શબ્દ શોહામણા, માહા. નવરંગી નારી ગાય, પાવા. ૧૪ તે મધ્યે માતા આવીયાં, માહા. વીજળીના સરખુ રૂપ, પાવા. ૧૫ સુરજ સરખાં શોભીતાં, માહા. માએ રૂપ ધર્યુ અદભુત, પાવા. ૧૬ રાણીયો સર્વ ઝાંખી પડી, માહા. મા તેજ તણો અંબાર, પાવા. ૧૭ રાણીઓ મંનમાં એમ ધરે, માહા. બાઈ આ નવલી કોણ નારે, પાવા. ૧૮ રૂપે સ્વરૂપે આગળી, માહા. જેની સોના સરખી કાય, પાવા. ૧૯ મધ્ય રાત્રે રાણીયો પરવરી, માહા. જઈને વીનવીઓ રાય, પાવા. ૨૦ રાણીઓં રાય આગળ કહે, માહા. સાંભળજો પ્રાણ આધાર, પાવા. ૨૧ એક રામા રમવા આવીયા, માહા. જ્યાં બાવનમો

બજારે, પાવા. ૨૨ બત્રીશ લક્ષણ આગળી, માહા. તેતો પદ્મતીનો અવતાર, પાવા. ૨૩ તેને જોઈ ત્રિભુવન મોહીરહે, માહા. તે આગળ નહીં કોઈ નાર, પાવા. ૨૪ રાજાને નારી ગમી, માહા. વળી સુરજ થયો પ્રકાશ, પાવા. ૨૫ તે દીવસ ગયો અતિ દોહેલો, માહા. મંનડામાં મોટી હાંમ, પાવા. ૨૬ વળી રાત પડી રવી આથમ્યો, માહા. ચોચડીયાં ઠમકે બહાર, પાવા. ૨૭ ઘેર ઘેરથી સહુ નિસર્યાં, માહા. ગરબે ગાવા સહુ નાર, પાવા. ૨૮ રંગ મચ્યો સાહેલડી, માહા. એવામાં આવ્યા માત, પાવા. ૨૯ ત્યાં રાણીએ દાશી મોકલી, માહા. રાય આગળ કેહેવા વાત, પાવા. ૩૦ ત્યાંથી પતાઇ રાવળ ઉઠીયો, માહા. જોવાને નવલી નાર, પાવા. ૩૧ આવી નીરખી નયણે ભરી, માહા. તેને વિરહ વધ્યો અપાર, પાવા. ૩૨ નખશીખ સુધી નીરખીયાં, માહા. મુરછાએ પડીયો રાય, પાવા. ૩૩ રાજા રંગે મોહી રહ્યો, માહા. નારીશું લાગ્યો નેહ, પાવા. ૩૪ રમતાં રજની વહીગઈ, માહા. સૌ વળ્યાં પોતાને ઘેર, પાવા. ૩૫ ત્યારે માતા ચાલ્યા એકલા, માહા. પતાઈએ જાણી પેર, પાવા. ૩૬ પાપી પુઠે પરવર્યો, માહા. માતાનો ઝાલ્યો હાથ, પાવા. ૩૭ માગ માગ મુખથી કહ્યુ, માહા. એવું મુખથી બોલ્યાં માત, પાવા. ૩૮ તારૂં રૂપ વસ્યુ હયડા વિશે, માહા. હું રાખીશ મારે ઘેર, પાવા. ૩૯ મોહોલ ચણ્યા માણેકના, માહા. તેની કોઈ ન જાણે પેર, પાવા. ૪૦ મારે મોહોલે રાણીયો અતિ ઘણી, માહા. તેમાં પટરાણી આપ, પાવા. ૪૧ ખાઓ પીઓ ખુશીયો કરો, માહા. રૂડી રાજ સરખી રીત, પાવા. ૪૨ ત્યારે કોપ કરીને બોલીયા, માહા. તારૂ પ્રગટ્યુ રાજા પાપ, પાવા, ૪૩ તારૂં રાજ્ય જશે જડ મુળથી, માહા. આવી મળશે તારો હોમ, પાવા. ૪૪ ચેત ચેત તુ અભાગીયા. માહા. એવું કહી પધાર્યા ભુવંન, પાવા. ૪૫ પછે પુરવથી દળ આવીયું, માહા. ત્યાં રોપ્યો છે રણ સ્તંભ, પાવા. ૪૬ પુંઠ ચલાવી પાખરી, માહા. બુડીયો દરવાજો બંધ, પાવા. ૪૭ સુરદાશે રહીને પુછીયું, માહા. શું ભર્યું છે માલ રસાળ, પાવા. ૪૮ ત્યારે બુડી મારો બળ કરી, માહા. નીકળ્યા છે મુગલા દૈત્ય, પાવા. ૪૯ ત્યારે સળીયે

वा कळीए सत मुकीयुं, माहा. जई कही पताइने पेरे, पावा. ५०
जुद्ध मच्युं ज्यम जोरथी, माहा. त्यारे थई रह्यो उतपात, पावा. ५१
त्यारे एवुं दळ सघळु हण्युं, माहा. ते युंद्ध चाल्यु वर्ष बार, पावा.
५२. लई लस्कर आगळ थयो, माहा. पछे फेडाविये भंडार, पावा.
५३. पछे लोही तणी रेलो वळी, माहा. त्यां वरत्यो हाहाकार, पावा.
५४. त्यारे पताई राजानुं पत गयु, माहा. त्यारे जाणी जुगमां वात.
पावा. ५५ त्यारे पताई मंनमां समजीओ, माहा. मुज उपरे कोप्यां
मात, पावा. ५६ करगरेतो शरणे राजा गयो, माहा. बे जोडी सनमु
ख हाथ, पावा. ५७ मुज उपरे माता मेहेर करो, माहा. दळ सघळु
पाछुं जाय, पावा. ५८ माहाकाळी मंनमां एम धरे, माहा. सुखाने
आपु सुख, पावा. ५९ थातुं अनामीक राजीयो, माहा. पताइनुं
टाळ्युं दुःख, पावा. ६० जे गाये शीखे सांभळे, माहा. माहाकाळी
तेना पुरे आश, पावा. ६१ मा तुं जशवंती काळका, माहा. गुण
गाये छे गोकळदास, पा.वा. ६२

अंबाजीना महीना.

कारतग मासे करुणा करो मुज मातरे मा अंबाजी, अलबेली अंबा
सांभळ मारी वातरे मा अंबाजी. १ वात सांभळीने समरे अजे
हरी नाथरे, मा अंबाजी. तारा दरशननी मने मोटी अंबा आशरे,
मा अंबाजी. २ मागशरे मासे मंन मळवा अकळायरे, मा अंबाजी.
तारी इच्छा करतां अंबा दीन वही जायरे, मा अंबाजी. ३ दीन
वही जायने आशा मुजने मोटीरे, मा अंबाजी. तारा रंग मंडपमां
हुं नव आवी लोटीरे, मा अंबाजी. ४ पोस मासे मुजने मळवा
शोषरे. मा अंबाजी. मुज रांक उपरे शो धरवो माजी रोसरे, मा
अंबाजी. ५ रोष न धरीये तमे छो देवी दयाळरे, मा अंबाजी. जेनुं
नाम धरावे शेवक जंन प्रति पाळरे, मा अंबाजी. ६ माहा महीने
कांई वरत सांभळ्यां तमारांरे, मा अंबाजी. मा शुं जुओछो कुडां
कत्य हमारारे, मा अंबाजी. ७ कुडां करमनी करणी छे मध्यानरे,
मा अंबाजी. तारा दरशणनुं मने मोटु अंबा ध्यानरे, मा अंबाजी.

૮ ફાગણ મહીને ફરી ફરી ઉભટે અંગરે, મા અંબાજી. રંગ ભર્યા મનડા નવ કરશો ભંગરે, મા અંબાજી. ૯ ભંગન કરશો મનડું હમારૂં તજઓરે, મા અંબાજી. મા ચીત્ત હમારૂં ચરણે આવી અટકેરે, મા અંબાજી. ૧૦ ચેતર મહીને ચીંતા મુજને ઝાઝરે, મા અંબાજી. આ જન્મધરી નવ નીરખ્યા અંબામાજીરે, મા અંબાજી. ૧૧ નવ નીરખ્યામે અંબા અકળ સ્વરૂપરે, મા અંબાજી. મા વળતાં ક્યાંથી દેખીશ માના મુખરે, મા અંબાજી. ૧૨ વૈશાખ મહીને વરેસ જાય દેહ નાઠારે, મા અંબાજી. મા હવે વળતી વેળા રહી છે માઠરે, મા અંબાજી. ૧૩ વેળા માઠીને માથે મોટુ દુઃખરે, મા અંબાજી. મા વળતાં ક્યારે દેશો હમને સુખ, મા અંબાજી. ૧૪ જેઠ માસે મુજને તેડો ઠેરે, મા અંબાજી. નહી તેડોતો જીવતર જાશે વેઠરે, મા અંબાજી. ૧૫ વેઠ જાશે ને મીથ્યા થાશે જનમરે, મા અંબાજી. ભાગ્ય નથી પણ ઓછાં અમારાં કરમરે, મા અંબાજી. ૧૬ અષાડ માસે અટકી ન ધરીયે મનરે, મા અંબાજી. તારાં દરશન માટે તલસે મારૂં તંનરે, મા અંબાજી. ૧૭ તંન તલસેને દયા ન આવે મારરિ, મા અંબાજી. મા દયાળી દીલથી શું મુકોછો કાઢીરે, મા અંબાજી. ૧૮ મા શ્રાવણ માસે સંઘ ભરાય બહુ ભારેરે, મા અંબાજી. મા જેને ઇચ્છા હોય તે આવે તારે પારેરે, મા અંબાજી. ૧૯ મા સંઘ ભરાયને સૌને ઇચ્છા થાયરે, મા અંબાજી. મા પાપી હોય તે નિશ્ચે પાવંન થાયરે, મા અંબાજી. ૨૦ ભાદરવે માસે શીદને મંન ભમાવોરે મા અંબાજી. તારા દુર્લભ દર્શન આપી તાપ સમાવોરે, મા અંબાજી. ૨૧ તાપ સમાવીને શિતળ કરોને છાંયરે મા અંબાજી. મા શીશ નમાવતાં પ્રાયશ્ચીત પ્રલે થાયરે, મા અંબાજી. ૨૨ આસો માસે અરજ સાંભળજો વેહેલારે, મા અંબાજી. મા આરાસુરમાં કરો આનંદની હેલીરે, મા અંબાજી. ૨૩ હેલા કરીને પુરો મનની આશરે, મા અંબાજી. મા સેવક જંનને તેડો તમારી પાસરે, મા અંબાજી. ૨૪ બારે માસ પુરણ કીધા માતરે, મા અંબાજી. મા વિશ્વ ઉપર વિશ્વાસ ન કરશો ઘાતરે, મા અંબાજી. ૨૫. તેરમો મહીનો માહા ઉતમ કેહેવાયરે, મા અંબાજી. માહરી પ્રતાપે પુરશોતમ સૌ ગાયરે, મા અંબાજી. ૨૬ પુરસોતમ માસે સંઘ

ભરાય બહુ ભારીરે,મા અંબાજી. મા ચાચર ઉપર તરતી ચાલે થાળીરે, મા અંબાજી. ૨૭ આરાસુરમાં નિત્યે આનંદ થાયરે, મા અંબાજી. કરજોડીને બાપો સેવક ગાયરે, મા અંબાજી. ૨૮

બહુચરાજીના મહિના.

ચઈતરે ચિત ઘણું બાંધ્યુ, નમી નમી બહુચર આરાધ્યું; મન મારૂં ગોખે જઈ લાધ્યું. સેવોને સલખ્યન પુર રાણી. ૧ વઈશાખે વાવઝીયા વાયા, માજીના મઠ તળે આવ્યા; અંબાજીની મોટી છે માયા. સેવોને. ૨ જેઠેતો જુગતી છે સારી, હરીહર બ્રહ્મ થકી ન્યારી; ગોખ ઉપર જાઉ બલીહારી. શેવોને. ૩ આશાડે મેઘ ઘણા ગાજે, છત્રશીર બહુચરને છાજે; ચોઘડીયાં તો અદભુત ત્યાં વાજે. સેવોને. ૪ શ્રાવણ શરવડીએ વરશ્યો, માજીને ભજશો તો તરશો; નિકર તમે અથડાતા મરશો.સેવોને. ૫ ભાદરવો ભલી પેરે ગાજે, શેવકને સનમુખ મા ઘાજે;બુડતાં બાવડલી સાંજે;સેવોને.૬ આસો માસે આવી મા દીવાળી, આવ્યાંછે અંબાને કાળી;ગરબે રમા મોટાં મહાકાળી. સેવોને.૭ કારતગે કોયલડી બોલે,ના આવે કોઈ માજીને તોલે,તેને જોતાં ત્રિભુવન ડોલે. સેવોને. ૮ માગશરે માન શરોવર નાહે,ચાચરે આવી ગરબા જે ગાએ;શેવકની કરજો મા સાહે. સેવોને.૯ પોસે મા પ્રિત ઘણી તારી, પાંડવોને લીધા ઉગારી; કૌરવ સરવ ગયા હારી. સેવોને. ૧૦ માહેતો મને નથી ગમતું, મન મારૂં રે સદા ભમતું;મન મારૂં માજીમાં રમતું. સેવોને. ૧૧ ફાગણે ફરફરતો હોળી, પેહેરયાં માએ ચરણાને ચોળી; કેસર બહુ છાંટયાં માયે ઘોળી.સેવોને.૧૨ બારે માસ પુરણ મે કીધા, દઇત્યોને દંડ ઘણા દીધા;દેવતા સઉ ઉગારી લીધા. સેવોને.૧૩ આસો સુદ બીજને બુધવારે,બારે માસ થયા નિરધારે; વલભનિ રેહેજો મા વહારે. સેવોને. ૧૪

ગરબી.

સલખ્યન પુર સાચી મા બહુચરા, માજી આપે જોબન ટાળે જરા; મા તે ખોટા પુરશને કીધા ખરા. સલખ્યન. ૧ નવ ખંડમાં તારૂં બઈદરે, માનુનીના તે કીધા મરદરે; દુખિયાનાં ટાળ્યાં છે તે દદરે.

સલખન. ૨ એક અસુરે આવીને ઉતર્યો, તેતો હતો કપટ ક્રોધે ભર્યો; તેણે માજીનો કુકડો ભક્ષ કર્યો. સલખન. ૩ ત્યાંતો માજીનો પરતો છે ટુકડો, પર પંખીએ કીધો ટહુકડો; પેટમાંથી બોલ્યો છે કુકડો. સલખન. ૪ તેતો મુઓરે મરણ જીવતો થયો; તેતો બહાર આવીને ઉભા રહ્યો; ત્યારે પાએ લાગીને અસુર ગયો. સલખન. ૫ માને ચાચર એક બીરાજેરે, શરણાઇને નોબત વાજેરે; માનું માન સરોવર ગાજેરે. સલખન. ૬ ગુણ ગાતાં તે સંભાળ લીધીરે, અષ્ટ સિદ્ધિ નવે નિદ્ધિ દીધીરે, માયે દાશને કૃપાતે કીધીરે. સલખન. ૭

મહાકાળીની સ્તુતિ. છંદ ભુજંગીની ચાલ.

કરૂં સેવના તાહી માત દેવા, બ્રહ્મા વિષ્ણું આદી માદેવ જેવા; જપે શેષ પોતે જુએ દેવી ભાળી. મહા કષ્ટ ભાગો ભજુ માત કાળી. ૧ દેવી દાનવોને મહા દુખ દીધાં, તેનાં શીર છેદી રૂધિર પાન પીધાં; બીજા દહીત નાઠા તને દેવી ભાળી. માહા. ૨ કીધી કેસરી આડ સિંદુર રાતો, નાકે વેસરી વાળી દીસે સોહાતી; ઓઢી ચુંદડી પંચ રંગી વીશાળી. મહા. ૩ ધરેચાં ખડગ ખાંડાં ત્રિશુળ દેવી સોહીએ, વાજે ડાક ધંગ્રા તણે નાદ મોહીએ; પાએ ઘુઘરી વાજતી હાથ તાળી. મહા. ૪ દેરે ડુંગરે ચાચરે વાસ તારો, જળે નિર્જળે સ્વર્ગ વાટે સધારો; ધર્યું રૂપ ધાતા વિધાતા તું બાળી. માહા. ૫ મહા મુઢ હુતો તેને બુદ્ધિ દીધી, જઈ ભોજ પાસે સવા લક્ષ લીધી; કીધો દાસ કાળી પાવા ગઢ વાળી. માહા. ૬ નમ્યા માન મુકી મયા તેને કીધી, આપી રાજ રિદ્ધિ વળી અષ્ટ સિદ્ધિ; કીધા છત્રધારી અરી સરવ ટાળી. મહા. ૭ કીધા ગિરધરે શ્લોક માતાના આઠે, ભણે સાંભળે કે કરે નિત્ય પાઠે; ચિરંજીવી જીવો સદાયે સુખાળી. મહા. ૮

ભજુ ભક્તિ ભાવે ભલી ભદ્રકાળી, કરે કોટી કલ્યાણ કાળી કૃપાળી; હરે દુખ દારિદ્ર દેવી દયાળી. ભજુ. ૧ જે આરાધશે અંબ આરાસુરીને, રૂદે રાખશે નીત્ય શેવા પુરીને; તેનાં દુઃખ દારિદ્ર જાશે દુરી. ને. ભજુ. ૨ દેવી દોષનો કોશ હું દાસ તારો, ક્ષણું મા ક્ષમા થાય તે દોષ મારો; માહા કષ્ટથી મા મનેતો ઉગાર્યે. ભજુ. ૩ નથી માતને

તાતકે ભ્રાત નારી, નથી સુત સુતા કોઈ સુખકારી, થયાં શત્રુ માથે કરો સાહ્ય મારી. ભજુ. સદા છો તમે ઈશ્વરી સુખ દાતા, જાણો દુર્બળ તે તણી તોડો ઘાતા, શરણાંગતોની ખરી તુજ માતા. ભજુ. ૫ નિરાધારના માત છોજી આધારી, શત્રુ સેવકોના સહુ દો સંહારી; મહા લક્ષ્મી છો આપ પર જાઉ વારી. ભજુ. ૬ કળામાં કરોને કૃપા મન આણી, આપો રિદ્ધિ સિદ્ધિ સદા દીન જાણી; રહું આશરે ગુણ તારા વખાણી. ભજુ. ૭ નથી બુદ્ધિ કે જ્ઞાન વાણી વિવેક, મતી મંદ મહારી મલીન અંગ છેક. માટે માત મારે તમે છોજ એક. ભજુ. ૮ કહે હાથ જોડીને શંકર રેવા, આપો નિત્ય દરશનને વળીજ સેવા, કરો સાહ્ય છો આપ દેવાધિ દેવા. ભજુ. ૯

સમરૂં શારદા માત મોટી ભવાની, ચોસઠ જોગણી દેવ મુખે વખાણી. ઓઢી ચુંદડી મસ્તકે મોડ છાજે, માતા બહુચરા ગોખ મધ્યે બીરાજે. ૧ અતિ તેજ તારૂં નવે ખંડ માંય, દેવી આદ્ય શક્તિ માતા તું કહેવાય; દીપક જોત તારી ભવાની સદા જે,માતા બહુચરા ગોખ મધે બિરાજે. ૨ તું તો તોતળા માત કાળી કરાળી, શિવા સાંભવી બહુચરા તુંજ બાળી; ભલું મુખ દીઠે માહાદુઃખ ભાજે; માતા બહુચરા ગોખ મધે બીરાજે. ૩ માર્યા શુંભનિશુંભને ચંડમુંડ, મહિષાસુરના કીધા સતખંડ; ત્રિશુળ ધારીને દેખતાં દૈત્ય ભાજે. માતા. ૪ પૂજુ માતને ભાવશું ભક્તિ આણી, દેવી મારકંડે ને વેદે વખાણી; પાયે નેપુર ઘુઘરી નિત્ય વાજે. માતા. ૫ ધર્યા પુષ્પ કંઠે ઘણું માત ઓપે, દીપક જોત તારી રવિ ત્રણ લોકે, વેણા વંશી કંશી ચાચર ડાક વાજે. માતા. ૬ ભલી લાજ રાખી રાજાને તહાંજી, સ્ત્રીનો પુરૂષ કીધો માતા બહુચરાજી; ઘણું શું વખાણું પાળો બ્રદ્ય આજે. માતા. ૭ શંભુનાથ નિત્યે જોડી હાથ રેહેછે, મુખે બહુચરા બહુચરા એમ કહેછે; ભણે સાંભળે તે તણાં પાપ ભાજે. માતા. ૮

ભુલી ભમે છે ભામની એ રાગ.

માજી ભવસીંધુ બુડતાં તારીયે, લાગ્યુ છેરે તોફાન; નામ રાખોને

નારાયણી, દોને જીવત દાન. ભવ. ટેક. માજી વહાણ રાખોને વિ- શ્વેશ્વરી, જળ માહે ભરાયે; મારે તો તુ વિના કો નહી, થાજો માતા- જી સાહે. ભવ. ૧ માજી પાંણી અતી પ્રબળ થયાં, મોજા મારેછે માંહ્ય; મેઘ વરસે અશાડના, ઘણા વાયેછે વાયે. ભવ. ૨ મા દયારે દયાળી મા કીજીયે, નવ દીજીયે છેહ; અવની કારણ માતુ ઇશ્વરી, માગ્યા મોકલોછો મેહ, ભવ. ૩ આ ત્રિભુટ સ્વરૂપ માતુ શાંભવી, વેદ તારૂ કરે વખાંણ; ભવ દુઃખ કાપો મા ભગવતી, કાળી કરોને કલ્યાંણ. ભવ. ૪ પ્રથમ પાલવ સાહ્યો તમ તણો, તે કેમ મુક્યો જા ય; પાયે અમ્રતફળ અંબાજી, ઇંદ્રફળ કોણ ખાયે. ભવ. ૫ માજી સંસાર સાગર તારવા, બાંધી તારા નામની પાળ; અધવચ્ચ જો જળ મા મુડ્યો, તો નહીરે મારી લાજ. ભવ. ૬ જેમ જેમ આવુ મા ઢુકડો, તેમ તેમ વેગળાં કેમ જાઓ; નાશીને છુટો નારાયણી, શીવકને ધાઓ. ભવ. ૭ માજી અગાત જળમાં મા ઈશ્વરી, દાસ તારો ગળકા ખાય; બાંહે ઝાલીને બેઠો કરો, ગરૂવા ઘડની માય. ભવ. ૮ માજી કોઇને ઘેર ગરાશીઓ, કોઈ ભોગવે ગામ; મારે તો આશરો તમ તણો, જપુ તમારૂ નામ. ભવ. ૯ દાસને દયા માજી કીજીયે, જાણી પોતાનો દાસ; બજીપો તમારે શરણેછે, પુરો મારા મનની આશ. ભવ. ૧૦.

ઠુમરી.

માજી તારા મંદિરિયામાં, ઘણેરી મજા. (બે વાર). આંધળા લુલાં અંધ દુખીયા, કોઇ મારેરે મજા, માજી. ૧ કોઈ લાંઘણ અંને ને લો- ટણ, કોઈ કોઈને કરેરે રજા. માજીતા. ૨ શીખર ઊપર સોનેરી ઘડાં, ધોળી ફરકે ધજા. માજીતા. ૩ વિપ્રને મોદિક મિષ્ટાંન આપે, એવી કોઈનાં કરેરે કજા. માજીતા. ૪ ભક્તદાસ કુમીત દરશન દીજે, દેખી મે વિસ ભુજા. માજી તા. ૫.

હોરી.

હોરી એસે દેવી રંગ ભરીરે. ટેક. ચુવાચંદન અમર અરગચા, ઉડે ગુલાલકી ઝોરી ભરીરે. હોરી એ. ૧ કેસર કુંમ કુંમ કેસુ ઘોળ્યાં, પી-

ચકારીકી બાગી જડીરે. હોરી. ૨ વળગી જુમો કરે સહુ દેવી, ફુલ દડાકી મારી પડીરે. હોરી. ૩ હાર જાઈ જુઈ ચંપેલી ફુલ, ઉછાળે છાબો ભરીરે. હોરી. ૪ તાલ પખાજ ઝાંઝર ડફ બાજે, રાગ તાંનકી ધુંમ પડીરે. હોરી. ૫ વિમાન ચડી દેવાંગના આવ્યા, જેજે કહી સહુ પાયે પડીરે. હોરી. ૬ એ શોભા જોઈ હરખ્યા દેવતાં, ધંન ધંન તુંએ માત વડીરે. હોરી. ૭ કહે હરગોવંન આ કળીયુંગમાં, શરણે આયેકી બાહે ધરીરે. હોરી. ૮.

હોરી.

પ્રથમ દિવસ સુધ દેવી,વસંતપંચમી આવે. ટેક. પ્રથમ દીવસ સુધ વસંતપંચમી, દેવિયો વસંત વધાવે. ઘેરે ઘેરથી સહુ દેવિયો ચાલી,સલખન પુરમાં આવે. પ્રથ.૧ ચુવા ચંદન અગર કસુંબા,પુજા કરે મન ભાવે; હાર જાઈ જુઈ ચંપેલી, બહુચર ઉર સોહાવે. પ્રથમ. ૨ કેસર કાસુંબ ગુલાબ રસ, ભરી પીચકારી છટાવે; અબીલ ગુલાલ દેવિયો ઉડાવે, ઓર આ લાલ ઉડાવે. પ્રથમ. ૩ અરગચા બહુચરને શીર રેડે, લાલમ લાલ બનાવે;જાણે અંબા અરૂણે ઉદયો,અધુર બીંબ જણાયે. પ્રથમ. ૪ અંબા મારે મુસ્તકપર મેલી, ધુપ દીપ જણાવે, નૈવેદ બહુ વિધ વિધના; બહુચરને આરોગાવે, દેવિયો વસંત વધાવે. પ્રથમ. ૫ શરણગારે આરતી મોટી આરતી, જળહળ જોત કરાવે; ઘંટ ઘડીયાળી વાગે મંડપમા, જેજેજે મુખ ગાવે, પ્રથમ. ૬ વંદન કરી બેઠાં સહુ દેવી, અસ્તુતી પાઠ ભણાવે; પડો પાયે સહુ દેવીને પુજ્યાં, વાજાં પાસે મંગાવે. પ્રથમ. ૭ બહુચર ઉઠી સહુ દેવીને પુજ્યાં, પુરણ પ્રીતથી ભાવે; જેજેકાર સહુ દેવાંયે કરીયાં, એમ કહી શીશ નમાવે. પ્રથમ. ૮ તાળ પખાજ ઝાંઝર ડફ બાજે, સારંગી સ્વર મિલાવે; વસંત બોલે સલખનપુરરાંણી, ગાયે સહુ ગવરાવે. પ્રથમ. ૯ ઓછવ કરી ઉઠયા ત્યાં દેવી, માગી બહુચર શું વિદાઈ; બહુચર કહે સહુ વેહેલા આવજો, પધારો કરો સજ આઈ. પ્રથમ. ૧૦ બોલાવીને બહુચર આવ્યાં, ગોખ મધે માયે; કેહે હરગોવંન બેઉ કર જોડી, મુજને કરજો દયાએ. પ્રથમ. ૧૧.

રાગ છંદ.

જેમ જાણો તેમ તારો, મઇયા જેમ જાણો તેમ તારો. ટેક. નદીયા ઘેરી નાવ પુરાણી, કીસબીધ ઉતરે પારો; આપ્યા તુમડાનું નહી ઠેકાણું, બાંહ્યગ્રહી ઉતારો. મઇયા. ૧ કામ ક્રોધ મોહમત્સર મમતા, પાંચે ચોકશ મારોરે; નાશીને શરણાંગત આવ્યોમા, અંબે કરો મુજ સાહયરે. મૈયા જેમ.૨ સ્વર્ગ મર્ત્ય પાતાળમે જોયા,શકિત વડે સંસારે;શેષ નાગ શક્તિનું સાધન, પ્રથવી ઉપાડે ભારેરે. અંબે.૩ શ્રીમંત સુરા બેઠા જગતમાં, સૃષ્ટી ઉપાધીન હારે; દાશ હરગોવન કેહે કરજોડી નોધારા આધારે. મઇયા જેમ. ૪ સંપુર્ણ.

ઠુમરી.

ચાલો અંબાને હજુર, સૌ સેવકો ચાલો અંબાને હજુરરે, દરશણ કરતાં દુઃખડાં ટાળે; સુખડાં આપે સ્તુતિ સુરે; જંજુવાં જળમાં બુડી રહ્યો છું, પડયો સાગર ભરપુરરે. ચાલો. ૧ દશને શોધ્યો પાંચને બાંધ્યો, બાતેરના જુવો મુળરે; દાશ હરગોવન કેહે કર જોડી, રૂદાએ હજુરા હજુરરે. ચાલો. ૨.

ગરબી.

અંબા જોયાની આડારે, નિરખુ મોરી માડી. ટેક. સોળ સણગારે સજીઆઈ બેઠાં, ચરણા ચોળીને સાડીરે. નિરખુ. ૧ સંસાર રૂપી વૃક્ષ બનાવ્યુ, તેને ફળ ફુલ થઇ વાડારે. નિરખુ. ૨ મા દેશ દેશના સંગવી આવે, કોઇ હીંડે બેસે ઘોડે ગાડીરે. નિરખુ. ૩ મા તેત્રીસકોડને દૈત્યજ દમતા, તેને નાંખ્યા તમે વાઢીરે. નિરખુ. ૪ મા પાદરવાશી પાદશાહ બેઠો, માને મોહોલે ધુમેલો ઢાડીરે. નિરખુ. ૫ મા ગાંડો ઘેલો થઇ પાવલે લાગ્યુ, રએમ લેતા કાડારે. નિરખુ. ૬ મા શીવ શક્તિ જેણે શ્રવણે ન શુણ્યા; તેના કરમમાં ટાડારે. નિરખુ. ૭ મા કેહે હરગોવંદ બેહુકર જોડી, દરશણ દ્યો દાડી દાડીરે. નિરખુ. ૮.

થાળ.

કનક કળશ ગંગાજળ ભરી, મારી બહુચર આગળ થાળજ ધરી; આરોગો અંબાજી મોરી માય, જેમ જેમ સેવક સુખીયાં થાય મા,

દ્રાખ આરોળી બદામ અખરોડ; પસ્તાં લીંબચાને ફુરસાં ભાર મા, શિંગોડાં શાકર શેલડી; ખડબુચાં આંબા કાતળી મા, કેળાં ખાંડ ઘ્રત પુરેણ કરી; આરોગો અંબાજી ચીત્તધરી માં, પછે પેંડા જન લાવે સાર; જલેબી લાડુને સેવો સુંવાળ મા, મીઠી મરકી આગળ ધરી; અનેક સુખડી બીજી વળી મા; મગના લાડુ ઘેબર સાર, બરફી ગારોને ગુંદપાક મા; ખારાં તીખાં ને તમતમાં, આદુ લીંબુને માંહી કરપર ઘણાં; શ્રીફળ આઈજી લેજોરે ભોગ, અનેક નીપન્યાં સર્વ સંજોગ મા; ખીર ખાંડ ઘ્રત પોળી સાર, આરોગો અંબાજી કંસારમા; લેચી લાવસી ને ચુરમાં, વડાં વેડમીને શાકજ ઘણાં મા; શાળ દાળ ઘ્રત પુરેણ કરી, આરોગો અંબાજી મન ધરી મા; કેસરી કરમો માંહી ભરપુર, જીદાળાં માજી જમીએ કુરમા; દુધ કડાં લઇ આગળ ધરાં, ઘુટ ભરીને માયે આચમન કરાં મા; આરોગી ઉઠ્યાં મોરી માય, જુડ રહ્યાં જન માગી માગી ખાય મા; શિંગાસન ઊપર સુંદરી, બેઠાં માત સખીપર વરી મા; બેંક બરાસે બીડાં કરી, આનંદ અંબા માયે મુખમાં ધરી મા; એકઈ આગળ ઢોળે વાય, એના આગળ નરતજ થાય મા; વાગે પંચ શબ્દ નિશાન, ભેરભુંગળ વાગે પરિયાણ મા; સફળ મનોરથ પુરો મોરી માય, બેઉકર જોડી કેહે વલ્લભ દાશ મા.

પદ.

આરાસુરી અંબે બીરાજે, કૃપા નિધી દયાળરે. ટેક. મહંમાય છો વિશ્વ વ્યાપીક, કોટી સુરજ પ્રકાશરે; શેવક જનની વહારે આવે, સમરંતા તતકાળરે. આરા. ૧ કુમ કુમ કેસર ચંદન અક્ષત, સુગંધી પુષ્પના હારરે; ધુપ દીપ નૈવેદ ધરીને, પ્રેમે લાગો પાયરે. આરા. ૨ જે જન માને શરણે આવે, પાંમે પદારથ ચારરે; વાંજીયાને મા પુત્રજ આપે, ક્ષાસુ ન લાગે વારરે, આરા. ૩ એવું જાણી સરણે આવ્યો છું, પુરજો મનની આશરે; કરજોડીને સંકર કહે છે, બાહે ગ્રહેકી લાજરે, આરા. ૪

ઠુમરી પદ.

આરાસુરી અલબેલી અંબે, ચઉદ ભોવનની રાયરે; ભગત હે તે પ્રગ-

ટયાં ભુતળ મા, અંબા શક્તિ આદ્યરે. ટેક. સરગ મૃત્યું પાતાળ મા; સચરાચર પુરો વાસરે. આરા. ૧ અનેક દૈત્યને રણમાં રોળ્યા, કરી સેવક જનની સાહેરે; દેવતા સરવ આનંદ પામ્યા, વરત્યો જેજે કારરે. આરા. ૨ આદ્ય શક્તિ અંબા ભવાંની, કરજો તેની શેવરે; સંસાર ના સુખ પાંમશેને, અંતે મુક્તિ નીધાંનરે. આરા. ૩ ભાવે કરીને ભજજો અંબેને, થાશે વિશ્વમા વિક્ષાતરે; સંકરદાસ કહે કરજોડી, મને ખરો છે વિસ્વાસરે, આરા. ૪

અષ્ટ પદી.

કરજોડી પ્રણામ કરૂ શ્રી ત્રિપુર સુંદરીને, મા કોટી રવીનુ તેજ વિશંમ ર, તે જો મય અનુભા, ઇચ્છા શક્તિ પ્રથ્વી માતા, વિશ્વ રહ્યું શ્રી હરીને, કરજોડી. ૧ મહાકાળી શ્રી લક્ષ્મી સરસ્વતી, વિશ્વ તણી નંભા; બીંદુ ત્રિગુણા સડાંગ શોડા, સગ્રચક્રેશ્વરીને, કરજોડી. ૨ બ્રંહ્માઈ બ્રંહ્માસના તનનીને, અકળીત કળીતા નકળીને, શ્રીકંઠનીને બ્રંહ્માંડ મણી માંયા, તે બેઠા છો ધરીને, કરજોડી. ૩ અકાર ઉકાર મકાર બકાર, અનુ સ્વર ધાર, કં ખં ગં નં ચં છં જં નં પદ પરમેશ્વરીને, કરજોડી. ૪ સીંગીત શાસ્ત્ર પ્રયોગ સ્વપ્નેશ્વરી, રઘુ યજુ શાંમ નુભા; સારી ગમ પદને પદગીરજા, વંદુ વાગેશ્વરીને, કરજોડી. ૫ શ્રી વિદ્યા શ્રી પંચ દશએ ગાયત્રી ત્રિપદા; પ્રણવ પર્યા અતી દેવી તેજોમય ઉત્તમ નમુ નાદેશ્વરીને, કરજોડી. ૬ મા બાળ તરૂણી વ્રધાવેશ ધારૂણી, તારૂણી સત સભા; ભવ મોચન દેવીજન કારણા, શરણા પરાત્પરીને. કરજોડી. ૭ મા અક્ષે કંકણ, સુરી શ્રીવાસંન; શાલંક્રત અંબા, રામનાથ કવી ભુક્તિ મુક્તિ દીજે, ભજુ ભુવનેશ્વરીને, કરજોડી. ૮

પ્રભાત.

વાંણેલુ વાયુને આલો, સલખનપુર જઇયે; બાળા બહુચરીયાને નીરખી, સુખીયાં થઇયે. ટેક. ગોખે ચડીને ગાજે મઇયા, જગ્ત તણી જાયા; દરશણથી દુઃખ કાપે અંબા, મોટી મં માયા. વાંણેલુ. ૧ માનશરોવર મહાતમ મોટુ, સ્નાન જઈ કરીયે; વળતી સલખનપુરી માતાનુ, ધ્યાન હૃદે ધરીયે. વાંણેલુ. ૨ ભજતાં ભવસાગરે ભવાંની, પાર કરો પ્રાણી;

ભગત ઉધારણ જગત જનેતા, વેદ વદે વાણી. વાંણેલુ. ૩ દરશણ આપ્યા દુઃખડાં કાપ્યાં, પુરણ થઈ આશે; જોડી કરે તુજ પાયે લાગુ, સાંકળો દાસે. વાંણેલુ. ૪

ઠુમરી પદ.

અંબે મૈયા ત્રિપુર સુંદરી, નવખંડમા વિક્ષાતરે. ટેક. બાળા રૂપે બહુચરા છાજે, દક્ષણ તુળજા રૂપરે; પાવાઘડ કાળકા બિરાજે, અંબારૂપ અનંતરે. અંબે મૈયા. ૧ જુગેજુગે સ્થાપીક અંબે, ઇછા શકતી આપરે; જોગેશ્વરોને ધ્યાને ના આવે, અકળીત કળા અપારરે. અંબે. ૨ નાના રૂપે કરે તું દેવી, ઘટ ઘટ માહી પ્રકાશરે; દેવ મુનીયો માનો પાર ના પાવે, અખંડ રૂપ નીધાનરે. અંબે. ૩ કરૂણા કરજો આઈ ભવાંની, દયા નીધી દાતારરે; કરજોડીને શંકર કહે છે, નોધારા આધારરે. અંબે. ૪

ઠુમરી પદ.

નીરભે પદ નારાયણી અંબે, જગત જનુની માતરે. ટેક. વિશંભરી વરદાઇ અંબે, રાખો રૂદયા માહીરે; પ્રીત કરીને પારે આવે, મન કરી ધડ વિશ્વાસરે, નીરભે. ૧ કાંમ ક્રોધ મદ મચ્છર મમતા, તજીને ધરશે ધ્યાનરે; મન વાંછીત ફળ પામશેને, સેજે પદ નીરવાંણરે. નીરભે. ૨ સાચે મન શેવે અંબાને, ઉદીત જોત પ્રકાશરે; રીધી સીધી ફળ આપશે મા, વણ માગેદા તારરે. નીરભે. ૩ હું અપરાધી શરણે આવ્યો છું, નથી બીજો આધારરે; કરજોડીને શંકર કહે છે, બાનાની પત રાખ્યરે. નીરભે. ૪

બાર મહીના છંદ.

બહુચરે બાળી તુ મતવાળી બાર મારાકુ તુ કાળી, સદા મગન ભગત બહુ રેખતી ચાચરસે લગતી તાળી. ટેક. કાર્તગ મહીને માત કાળીકા પાવાઘઢપર બીરાજતી, કષ્ણ સ્વરૂપે કાળી કહીયે; અધર મોરલી બજાવતી. બહુચરે. ૧ માગશરે માસમે માત બહુચરા, સદા મગન નવખંડ ફરતી; દેશ દેશમે ગોખ બીઠાયા, માજી ઘેર ઘેર તું થાપી. બહુચરે. ૨ પોસ માસમે પાર્વતી કહીએ, શંકરપર છાયા ધરતી; વ્ર-

ષભ વાહની શિવ કલ્યાણી, શીરપર ગંગા બીરાજતી. બહુચર. ૩ માહા માસમે માયા કીધી, માયા જુગમે તે વ્યાપી; નવદીન નવરાતર બેઠે, માજી ઘર ઘર તું થાપી. બહુચર. ૪ ફાગન માસમે ફગુવા ખેલે, ભર ભર જોરી ગુલાલકી: ચુવાચંદન ઔર અરગચા, મટકી ભરી હે કેસરકી. બહુચર. ૫ ચૈતર માસમે માત ચંડીકા, ચામુંડાનામ ધરાવતી; ચંડમુંડ કુમાર કરકર ચોસઠ ખપર ભરાવતી. બહુચર.૬ વૈશાખ માસમે સિંહ વાહની, હાથ લીયા મધુકા પ્યાલા; દઈતનકુ ફનફના કીયાહે, કીયા દેવના રખવાલા. બહુચર. ૭ જેઠ માસમે જુગત અંબીકા, હે જનીતા જુગત જુગનકી; ગરીબ ગુરબા યાદ કરતાં, વાહારે ચડતી ભગતુકી. બહુચર. ૮ અષાડ માસમે માત અંબીકા, આરાસુર પર બીરાજતી; દેશ દેશકા સંગવી આવે, માજી છત્રે તું છાજતી બહુચર. ૯ શ્રાવણ માસમે માતા શક્તિ, શંખલપુર આજે બેઠી; ૧ ૧ ભાગ જનકુ કો કેહે, બહુચરકુ નજરૂં દેખી. બહુચર. ૧૦ ભાદ્ર માસમે ભદ્ર કાલીકા, ભક્તિ કરની દીલુંસે; ખીર ખાંડ ઔર ઘૃત જલેબી, નવેદ કરતા જુગતીસે. બહુચર. ૧૧ આસો માસમે આદ્ય ઇશ્વરી, આધાર જુગમે હે તેરા; કાલ રાત્રીકા સાધન કીહે, દીવાળીકા હે મુરા. બહુચર. ૧૨ માસ પુરૂષોત્તમ પુરણ કહીયે, સુનલો દીલસે એ ગ્યાની; સનમુખ રેહે કે લાલયું બોલે, રખની ભગતુકી બાની. બહુચર. ૧૩.

ગરબી.

અંબા જોયાની આડારે. એ રાગ.

આજ ઓછવનો દીનરે મા રમવાને આવો, મળ્યાછે તારા જનરે મા લાડ લડાવો. ટેક. આ સંસારે મા સાચી ભવાની, મોહ્યુ મારૂ મનરે મા રમવા. મારકંડને માયે અમર કીધો, જીવન કીધુ ધંનરે મા. લાડ. ૧ સેવનમાં કાંઇ માહાસુખ પામ્યો, સફળ કર્યું જીવંનરે મા. રમવા. કુબડીએ માયે કટક જમાડ્યું, સૌને પુર્યાં અન્નરે મા. લાડ. ૨ મુઆ મહીષ માયે જીવતા કીધા, ગોપ પામ્યા દરશંનરે મા. રમવા. મુગલને કુકડો પેટમાં બોલ્યો, તારે જાણ્યું જંનરે મા. લાડ. ૩ પાટણ પ્રગણા-

નો નિર્ધન રાજા, કીધો નારીનો નરરે મા.રમવા. મુરખને કાંઈ કવીતા આપી; પંડીત જેવા જંનરે મા. લાડ. ૪ શક્તિ શિરોમણ સર્વે મે જાણી, વ્યાપીક ત્રિભોવંનરે મા. રમવા. કેહે જોઈતો મારી મુંઠ મતીઓ; આપે દો દરશંનરે મા. લાડ. ૫.

પ્રભાત.

આજ સખી સલખનપુર ગાતા, જોવા શ્રી મહારાજરે, બહુચરબાળી બહુ બરદાળી; ગોખે ચડીને ગાજેરે. ટેક. જોતાં જુગતે જનુની જુગતે, મુજ મનડાના ચોરરે; શોભા નરખી રહુ મન હરખી, જેસો ચંદ્ર ચકોરરે. આજ. ૧ દરશન દાખી દાસનડાને, ચીત હરી મુજ લીધુરે; પલક એક નવ થાયે અળગુ, જાણે કામણ કીધુરે. આજ, ૨ ગાતાં ગુણ સુખ આપે સુર્લભ, રાખે દલજો સાચુરે; કેહે સાંકળેશ્વર ભક્તિ આપો, માત અવરની જાચુરે. આજ. ૩.

પ્રભાત.

અવનીતળ શ્રી બહુચર બાળા, ભક્તિ વિના સૌ ખોટુરે; ભક્તિ કરે ભવભીત ન લાગે; ભક્તિનું કારણ મોટુરે. ટેક. એનો ભેદ માહેશ્વર જાણે, કાંઈક જાણે વિધાતારે; પુરૂષોત્તમ તે પુરણ જાણે, નિશદીન ગુણ માના ગાતારે. અવની. ૧ દેવને દુર્લભ ભક્તિ માની, નામે નારંતર ગાયરે; મારકંડ માની ભક્તિ કરીને, અમર કીધી કાયરે. અવની. ૨ ત્રિપુરા ભવમાં ભક્તિ પુરણ, પ્રેમવીના તેની પેરેરે; માહાભક્તિ કરતાં ભવ તરીએ, જન્મ મરણ ભય કાપેરે. અવની. ૩ શેવક જન હોય જે ધ્રચ્છે, જનમો જનમ માની ભક્તિરે; ભક્તિ કરેથી સકલ સુખ આપે, આદ્ય નીરંજન શક્તિરે. અવની. ૪ માટે કરજોડી હુ માગુ, પુરો મનની આસરે; ભગવતી મન આપ જાણી, શાંકળેશ્વરનીજ દાસરે. અવનીતળ. ૫.

ગરબી. રાગ ખમાયચી.

પ્રેમશું ભરીરે, ભેટ્યાં પ્રેમશું ભરી; બહુચરાજી આજ ભેટ્યાં પ્રેમશું ભરી. ટેક. જાણી તેવી જોઈ મોહી, કહું શું વિસ્તરી; રાત દીવસ રાખુ

રૂદે, શયલ કુંવરી. બહુચરાજી. ૧ કોમળ અંગે કામ લાજે, મુરત માધુરી; પ્રસન વદન જોતાં મારી આંખડી ઠરી. બહુચરાજી.૨ નીમ કમલ નયન અમ્રત, રહ્યુંછે ઝરી; કરણા કટાક્ષ કરી, મન લીધું હરી. બહુચરાજી. ૩ એળે ગયો જન્મ, દુષ્ટ સંગતી કરી; લગન લાગી મા શું, તેની કુમતી નીસરી. બહુચરાજી. ૪ અવર સાથે કામ શું મારે, માત એ ખરી; શાંકળેશ્વર ચરણ શરણ, રાખો બહુચરી. બહુચરાજી.૫

પદ. ૨

ચિત્તડું હરયુરે મારૂં ચિત્તડું હરયું, જોયાં બરદાળી મારૂં.ચિત્તડું હરયું. ટેક. કોટી રવી તેજ અધિક રૂપમાં ખરૂં, વદન છબી જોઇ રતિનું માન ઉતર્યું. જોયાં. ૧ ભમી જોયું ભુતળે મન, કયાંહી ન ઠરયું, ચીત આવ્યુ ચરણ તેથી, કામ સૌ સર્યું. જોયાં. ૨ મોટા મુની વાદ વદી નિશ્ચે એ કરયું,ભક્ત કારણ બાળ રૂપ,માજીએ ધરયું. જોયાં. ૩ તારૂં ધારયું નિપજ્યુ, ન બ્રહ્મથી ફર્યું, વિશ્વ વ્યાપી વિશ્વ માંહી તેજ તાહરૂં. જોયાં. ૪ માર્કંડ મુખ મહાતમ, વાણી ઉચરયું; સાંકળેશ્વર માત બાજી, જમથી ન ડરૂં. જોયાં. ૫

ગરબો.

સામું જુઓ વ્હાળી, અંબા મુજ સામુ જુઓ વ્હાળી. ટેક. સેવક જાણી પોતા કેરો, સાહાય કરો બાળી. અંબા. ૧ કોણ આગળ જઇ દીલની વાતો, કહીએ તમ ટાળી. અંબા. ૨ સાંકળેશ્વર તમ શરણે આવ્યો, લ્યોને સંભાળી. અંબા. ૩

માન્યું મા નરખી, મારૂં મન માન્યું મા નરખી. ટેક. કરણા કટાક્ષ કમળ દળ લોચન, અમ્રત રહ્યુ વરશી. મારૂં. ૧ પ્રેમે બંધાણો તે ન થાઊં અળગો, રહું રૂદે હરખી. મારૂં. ૨ કેહે સાંકળેશ્વર જુગમાં દાતા, નહી અંબા સરખી. મારૂં. ૩

શરણે આવ્યો તારે, અંબા હુંતો શરણે આવ્યો તારે. ટેક. ગાંડો ઘેલો

પણ દાસ તમારો, જાણી કરો સાહે. અંબા. ૧ માહા પાપી જન નામ સમરતાં, પામ્યાં ભવ પારે. અંબા. ૨ સાંકળેશ્વરને તમ વિના બીજી, કો નહી સંસારે. અંબા. ૩

ગરબી.

અલબેલીરે અંબે માત, જોવાને જઈએ. એ રાગ, હુંતો વારીરે બહુચર માત, તારા લટકાને; હુંતો વારીરે અંબે માત, તારા લટકાને. ટેક. લટકે રૂપે થઇ બ્રહ્માણી, નિપજાવ્યો સંસારરે; લટકે રૂપ ધર્યું રૂદ્રાણી, જક્ત કારણ સંહાર. તારા. ૧ લટકે વૈષ્નવી પોતે પ્રગટી, કરવા સૃષ્ટી પાલણરે; લટકે મહેરાવણને મથીઆ, કાઢ્યાં ચઉદ રતન. તારા લટ. ૨ લટકે મોહની રૂપ ધરીને, દાનવ મોહ પમાડ્યારે; લટકે અમૃત સુરોને પાયું, લટકે સઉને ભમાવ્યાં. તારાલ. ૩ લટકે મંથન કરી વીખ કાઢ્યું, દહન થતા ત્રૈલોકરે; લટકે શીવ રૂપે વીખ પીધું, સહુના ઉતાર્યા શોક. તારાલ. ૪ શુંભ નિશુંભ મહિખાશુર સરખા, મહા બળીયા તત એવરે; લટકે અસુર સંહાર કરીને, ઉગાર્યા સહુ દેવ. તારા. ૫. લટકે ધરગ નીપાયા બાંધી, પ્રગટ કરી ચાર વેદરે; લટકે ભક્ત મનોરથ પુર્યા, ટાળ્યા સહુના ખેદ. તારા લટકાને. ૬ લટકે શ્વેતાગોરી તજી આવ્યાં, ગોખે બિરાજો આપરે; દાતા રૂપ ધરીને હરવા, નીજ જનના સંતાપ. તારા. ૭ લટકે વાત વિખ્યાત જગતમાં, મેરીનો કીધો મદેરે, લટકે ચોકે ચઊવાળે વશીયાં. દરદીના ટાળ્યા દર્દ. તારા. ૮ લટકે નામ લેતાં માહા પાપી, તારા જન અવલેખ્યારે; લટકે જોઇ સાંકળેશ્વર ભાગ્યની, પ્રગટી કુંમ કુંમ રેખા. તારા. ૯

હોરી.

આજ રાજ રાજેશ્વરી ખેલે, સલખન પુરમાં હોળી. ટેક. વિધ પ્રકારનાં અમર ધારેચાં, જાજા રંગ ઝકોરી. આજ. ૧ કસુંબ ગુલાબ કળસ ભરી અંબા, હાથ કરે શીર ઢોળી, અબીલ ગુલાલ ઉડાડે હરખે, કાળી કર ગ્રહી ઝોળી. આજ. ૨ ભરી પીચકારી મારે હરસીધ, મૃગ મદ કેસર ઘોળી; છાંટે છંટાવે સહુ ચંદન, રંગ રંગીલી ડોલી. આજ. ૩

અંગ સુગંધી સમરપીત બહુચર, રસ રંગી ભીની ચોળી; રંગ પતંગ ઉડાડે ચંડીકા, કેસુ જલ રંગ દોરી. આજ રાજ. ૪ ચુવા ચંદન અતર અરગચા, થઈ રહીછે રંગ રોળી; લાલ ગુલાલે થઈ સહુ સખીયો, શોભીત અંગ પટોળી. આજ રાજ. ૫ અંબા બહુચર ગાએ અલાપે, હે હેરી મુખ બોલી, આનંદી આનંદ કરે નીત; સંગ સખી હીંગોળી. આજ રાજ. ૬ નામ લેતાં નારાયણી તારે, ભવસાગરે ભોળી; કહે સોકળો સુર ધામે પામે, રહી અમરીતની ટોળી; આજ રાજ રાજેશ્વરી ખેલે, સલખન પુરમાં હોળી. ૭

મહીષા સુરીનો ગરબો.

સ્વામી શ્રી આરાસુર માહેરે, એ રાગ. હુતો અંબિકાજીને પાયે લાગુરે, હુ ગ્નાન અથાર્થ માગુરે. ૧ આગળ વૈશને ગ્નાન તમો આપ્યારે, સુરથ રાજા પોતાના કરી થાપ્યારે. કાળીદાસને કવી તમો કરીયારે, માહાપંડીતનો ગર્બ હરીયારે. ૩ તમો સુક ડંડીની સુધ લીધારે, અંબાની કૃપાથી સુંદર બહેર કીધારે. ૪ મહીષાસુર થયો છે તારે બળીયોરે, તારે દેવતાનો સાથ ખળભળીયોરે. ૫ જેને તૃણ લોક જીતીને લીધારે, દેવતાના સ્થાનક ભ્રષ્ટ કીધારે. ૬ તારે દેવતા સ્વરગથકી નાઠારે, પુઠે દાનવ લાગ્યા છે ઘણું કાઠારે. ૭ તારે દેવતા તમારે શરણ આવ્યારે, ઇંદ્ર ઇંદ્રાણી સહીત તે લાવ્યારે. ૮ આપણી અંબીકાજીની સ્તુતી કરીયેરે, તારે તેત્રીસ ક્રોડ ઉગરીયેરે. ૯ ઇંદ્રે અંબીકાની સ્તુતી માંડીરે, મોહ માયાને મમતા છાંડીરે. ૧૦ મન પ્રાણી ઇંદ્રીવશ કીધારે, અંબામાને રૂદેમાં ધરી લીધારે. ૧૧ અંગો અંગનું ધ્યાન ત્યાં માડ્યુંરે, મન ચંચળ હતુ તે છાડ્યુંરે. ૧૩ માતુ મુળ પ્રકતી કેહેવાયેરે, બ્રહ્માદીકને તુ ઉપજાવેરે. ૧૩ તમો ઇછા કીયાને ગ્નાન શક્તીરે, આગળ બ્રહ્માયે કરી તમારી ભક્તિરે. ૧૪ બ્રંહ્મા વિષ્ણુની નાભી થકી થયારે, પાર જોવા ઊદરમાં ગયારે. ૧૫ સહસ્ત્ર વર્ષ ઉદરે મા ફરીયારે, પાર ન આવ્યો તારે પાછા ફરીયારે. ૧૬ કમળ નાભી થકી બાહાર આવી બેઠારે, મધુ કૈટભ દાનવ દીઠારે. ૧૭ બ્રંહ્મા બેઠાં આસન ધ્યાન ધરવારે, મધુ કૈટભ આવ્યા છે જુધ કરવારે. ૧૮

બ્રહ્માયે નિંદ્રા શક્તિની સ્તુતી માંડીરે, તારે નિંદ્રાયે વિષ્ણુની દેહ છાડીરે. ૧૯ વિષ્ણુ નિંદ્રાથકી ત્યાં જાગ્યારે, મધુ કૈટભથી જુદ્ધ કરવા લાગ્યારે. ૨૦ પંચ વર્ષ સહસ્ત્ર જુદ્ધ કીધુરે, એનુ મુસ્તક છેદીને લીધુરે. ૨૧ વર વિષ્નુ બ્રહ્માને આપ્યોરે, જગત સૃષ્ટી કરી વર થાપ્યોરે. ૨૨ મા એવો તમારો મહિમાયેરે, તમો કરી બ્રહ્મા ક્ષમાયેરે. ૨૩. તમો મધુ કૈટભ એમ મારયોરે, તમો બ્રહ્માને સદા ઉગારયોરે. ૨૪. પછે મહિષાસુર લડવા આવ્યોરે, કોટી કોટી જોધા સાથે લાવ્યોરે, ૨૫. જેને અંબીકાજીથી જુધ કીધુરે, તેને સ્વરૂપ પાડાનુ લીધુરે. ૨૬ ક્ષણમાં હસ્તી થાયેરે ક્ષણમાં વાઘરે, એવું જુધ કરે અંબીકાને આગેરે. ૨૭ પાડો થઈને ઉછાળી નાખેરે,રેલે સાગરને પુછડુ પછાડેરે. ૨૮ વળી ભ્રમણ કરે ને ફેર ફેરીરે, ધુજે પ્રથવી હલાવે શેરીરે. ૨૯ વળી સ્વરૂપ પાડાનું કીધુરે, માયે મુસ્ત છાંડીને લીધુરે. ૩૦ પાડાના ઉદરમાથી ખડગો નીસરીયોરે, માના સનમુખ આવી ખડબળીયોરે. ૩૧ માના સામો આવ્યો ખડગ કાડીરે, માયે મુસ્ત નાખ્યુ ઉરાડીરે. ૩૨ થયો જેજેજે કાર ત્રણલોકેરે, મળ્યા દેવ દેવાંગ નાથોકેરે. ૩૩ થાયે ફુલની વૃષ્ટી અપારરે, વાગે દુંદુભી નાદ અતી સારરે. ૩૪ ગરબા શીખે સુણે ને ગાયરે, મનવાંછીત ફળ તેને થાયરે. ૩૫ કૃપા કરે આરાસુરી રાંણીરે, કરે ક્ષમા સહુ સેવક જાણીરે. ૩૬ ગાતા થાયે તે અંગમાં સુરરે, માજી મળે તે હાજરા હજુરરે. ૩૭ ઈતિશ્રી મારકંડ પુરાંણેરે, શાવર્ણી મનવંતર તણેરે. ૩૮ દેવી ભગવતી મોરી માયેરે, મહીષાસુર વધત્રતીયો અધ્યાયેરે. ૩૯ કરજોડી આશારાંમ ગાયેરે, માને ભજે તે સદા સુખી થાયેરે. ૪૦

તીથીયો. સાખીની ગરબી.

દરશણ આપો મોરી માય, અંબા મુને દરશણ આપો; તારા દરશણની મુને આશ, અંબા મુને દરશણ આપો. ટેક. સરસ્વતીને વીનવું, ગણપત લાગુ પાય; પંદર તીથીયો પુરી કરૂ, તેથી મનવાંછીત ફળ થાય. અંબા. ૧ પડવે માતા પ્રસિદ્ધ છો, નવેખંડ મા નામ; દુખીયા

ના સુખીયા થાય છે, જો જાય આરાસુરે ગામ. અંબા. ૨ બીજે બાળી બહુચરા, પશ્ચમ કીધો વાસ; આતુર જનને તેડીયાં, માજી પુરી મનની આશ. અંબા. ૩ ત્રીજે માતા તુળજા દક્ષણમા છે નામ; તુજવીના મારે કો નહી, મને મોટી છે તારી હામ. અંબા. ૪ ચોથે ચામુંડા માતને, તેડ્યાં આરાસુર કેડ: માજી મુખથી ઓચરે, તમે ચોસઠમાં છો એક. અંબા. ૫ પાંચમે પાવાગ્રડથી, આવ્યાં કાળી માત; પાંચે બેનો એકઠી થઈ, ત્યાંતો રમવાને નવ રાત. અંબા. ૬ છઠે છબીલી માત તું, જાણે મનની વાત; અંબામારે આદ્ય છો, માજી માત તાત ને ભ્રાત. અંબા. ૭ સાતમે સિંધવાઈ માતને, તેડી લાવો આજ; ગરબો ગાઈયે પ્રેમથી, તેથી સરસે સઘળાં કાજ. અંબા. ૮ આઠમે અંબા ઇશ્વરી, સરખા સરખી જોડ; ગરબે ફરતી ગાય છે, તારે પોચે મનના કોડ. અંબા. ૯ નોમે નવરાત્રી ખેલીને, વળીયાં માજી આપ; બ્રહ્મા વિશ્નુ માહેશ્વરે, માજી જપે તમારા જાપ. અંબા. ૧૦ દસમે દેવી સર્વને, દેછે માજી ઘણું માન્ય; આપે બેઠાં આસને, પછી કરાવે સર્વને પાંન. અંબા. ૧૧ અગીયારસે આનંદ થયો, દીઠું માનુ મુખ; પાપ પુરવનાં પ્રલે થયાં, તારે સઘળુ પામ્યો સુખ. અંબા. ૧૨ બારસે મા બળવંત છો, અંબા આપો આપ; તુજ વીના કોઇને નવ ભજુ, માજી તારો કરી મુને થાપ. અંબા. ૧૩ તેરસે તન તલપી રહ્યું, માજી પુરો આશ; વરસ નીમે આવશું, જ્યારે આવશે શાવણુ માસ. અંબા. ૧૪ ચૌદશે ચાચર મધ્યમાં હવન મોટા થાય; તેથી માજી પ્રસંન છો, તારા ભક્તને કરજો સાહ્ય. અંબા. ૧૫ પુનમે પુજુ પાવડી, કુમ કુમ અક્ષત લઈ; શાવણ કેરા સાથમાં, ત્યાં તો થાયે સદા થૈ થૈ. અંબા. ૧૬ પંદર તીથી પુરી થઈ, મનમાં અતી ઉલ્લાસ; કરજોડીને વીનવે, એમ કહેછે રવીયો દાસ. અંબા. ૧૭ જેવા દ્વાદશ માસ છે, તેવા પંચદીન; માજી શીખાથી ઓચરે, હુતો નીચે રાતને દીન. અંબા. ૧૮ સંવત ઓગણીસે બારમાં, ઉતરાંણ કેરો જોગ; પોસસુદી સપ્તમી, રવીવારે આવે બહુલોક. અંબા. ૧૯.

પદ રાગનું.

મુજરો માનજો મારો, હે બાળા ત્રિપુરારે, મુજરો. ટેક. અવગુણ ભરીયો અંબે શરણેછુ, જેવો તેવો મા તહારો, હે બાળા. ૧ કોટી તીરથ જપ સાધન કીનો, જનુની ભજેથી જે વારો. હે બાળા. ૨ ભવસાગરમાં બુડતો અંબે, કરગ્રહીને ઓધારો. હે બાળા. ૩ જદુરામ દાસને, મન વશ્યા મા, તમથી ભયો અજવારો. હે બાળા. ૪

રાગ જંગલો.

અંબે નામ તણી લહે લાગી. ટેક. સચરાચરની શોભા વૈભવ, દેખી સુણી સબ ત્યાગી. અંબે. ૧ જદુરામ દાસ જનુનીને જોતા, વારી જાવુ વરણાગી; અંબે. ૨.

ભગવતી ભાવધરી મન ભજીયે. ટેક. કામીક્રોધી લોભી દુરીજન, તેને તો દુર થકી તજીયે. ભગ. ૧ જદુરામદાસ હેતુ જાણીને મા, જગત જનુનીને જપીયે. ભગ. ૨.

ગરબી.

ભવ ભય નાશની, ભજો ભગવતી ભાવેરી. ટેક. અવરે નારી નરે નીર વલોવે મા; તેથી નવ નીધ નાવે રી. ભવ. ૧ રાંક રાત દીન રેન પીલે છે મા, તેથી તેલન આવેરી. ભવ ૨. પાઠ પુજન આધાર શક્તિનો, આજ વેદ બતાવેરી. ભવ. ૩ વીશ્વ તારણ ગીરીવર ગીરજા, ત્યારૂ નજરે ન આવેરી. ભવ. ૪ જદુરામદાસના અંતરમાં ઈશ્વરી, વાણી થૈને બતાવેરી. ભવ. ૫.

રાગ બીહાગ. ઠેકો.

સુખ તણી દાતા અંબે મોરી માતા, સમરે સદા સુખી થાતા. ટેક. માને પારે હોમ હવન થાય, બ્રહ્મભોજન ઘણા થાતા. સુખ. ૧ દેશ દેશના સંગજ આવે, નાગર મંડપે સોહાતા. સુખ. ૨ અંબાનો લાલ કહે કરજોડી, નીશદીન આઈ ગુણ ગાતા. સુખ. ૩.

શ્રી બહુચરાજીની પંચ તિરથિ પ્રારંભ.

માજી તારૂ કારણ કળજુગ માહરે, બાળી બહુચરારે મા;
માજી તું બુડતાં સાહે બાંહરે, બાળી બહુચરારે મા;
માજી તું નીરમળ ગંગા કાયરે, બાળી બહુચારે મા;
માજી તું આવી અમરેત પાયરે, બાળી બહુચરારે મા. ટેક
સલખનપુર વાસો વસેરે મા, મદ્ય ભરી મા મસ મસેરે મા;
મુખ જોવા મનડુ ધસેરે મા, માજી તારૂં સુંદર વદન સોહારે. બા. ૧
શાખ જોખમાં નિરખતારે મા, પારો પરતક્ષ પરખતારે મા;
અમ્રત આઈજી વરસતારે મા,માજી મને કેમ તે વિસરી જાયરે.બા. ૨
આધસ્થાનકે આવી નમેરે મા, મન્ય અન્ય કાંઈ નવ ભમેરે મા;
ત્રણતાપ તનના સમેરે મા, મા તું વેદ વાયક કહેવાયરે. બા. ૩
માનશરોવર ઝીલતારે મા, પાપ ગયાં પગ પીલતારે મા;
રોમરોમ તન ખીલતારે મા, મા તે કોમળ કીધી કાયરે. બા. ૪
વાવ્ય કુંડનાહી વળ્યારે મા, કોટીક કર્મ કુંડાં બળ્યારે મા;
બહુચરમા પોતે મળ્યારે મા, માજી તારૂ સિદ્ધક્ષેત્ર મહિમાયરે. બા. ૫
ચાચરે ચાલિને આવતારે મા, સ્થાનેક શિશ નંમાવતારે મા;
આપો મા મન ભાવતારે મા, માજી તુ પુરવજનમની સાહરે. બા. ૬
ગાંન તાંન ગરબે કરેરે મા, તાળી દઈ ચાચર ફરેરે મા;
ઉદો ઉદો મુખ ઓચરેરે મા, માતુ દોહલાં વાંમે દુઃખરે. બા. ૭
પુજા પુષ્પે સમર્પતારે મા, પાંન પ્રસાદ અર્પતારે મા;
તૃઠે ત્રિપુરા તરપતારે મા, મા તે સોહલાં પાંમે સુખરે. બા. ૮
પરદક્ષણા દે પ્રાતમારે મા, રાખે મન જુગ માતમારે મા;
ન આવે જન જમ જાતમારે મા, માતુવિખ વિઘન હરનારરે. બા. ૯
નમણ નરે નારી ગ્રહીરે મા, ધરે શિશ જેજે કહીરે મા;
સકળ તીરથ વળે અહીંરે મા, માતું કુરૂ ક્ષેત્ર કેદારરે. બા. ૧૦
પંચતિરથિ પુજતારે મા, અરૂણ રૂદ્દ અગ ગુંજતારે મા;
સપરીવારે સહુ જતારે મા, મા તારૂ દઈવત બધ્ય દરબારરે. બા. ૧૧
યથા શક્તિ હવન કરેરે મા, બ્રંહ્મ ભોજન ભાવે ધરેરે મા;

આદ્ય શકિત ભાવે ફરેરે મા, માતુ આપે પદારથ ચારરે. બા. ૧૨
અરચે અર્ધ નિશા વિષેરે મા, બહુચર મા લખે લખેરે મા;
જસ આયુશ આપે અખેરે મા, માવળી ધન દારા સંતાનરે. બા. ૧૩
આરતી સમે લે વારણારે મા, વાંઝ બંધાવે પારણારે મા;
દીધાં ઉઘાડે બારણાંરે મા, મા તેને અવશાંને વિમાનરે. બા. ૧૪
ઘંટા ગ્રહીને વગાડતાંરે મા, મહાડ માજીનો ગજાડતાંરે મા;
મુખડું જોઇ જોઇ લાડતાંરે મા, માતુ નોધારાનિ આધારરે.બા. ૧૫
દે દક્ષણા ઉરે રહીરે મા, કાંમ ક્રોધ મોહને દહીરે મા;
દાન પાત્ર દેવી લહીરે મા, માતુ પ્રત્યક્ષ દ્વિજ અવતારરે. બા. ૧૬
પારે આવે જન પ્રેમશુંરે મા, વરસ એક બધ નિમશુંરે મા;
વાંમે દીન દુઃખ એમશુંરે મા, મા વળી તું સંસારનું સારરે. બા. ૧૭
વન તરૂવર શોભા ઘણીરે મા, જુવો જન જેને ભણીરે મા;
માયા મંમાયા તર્ણીરે મા, માતુ વ્યાપીક વિવિધ પ્રકારરે. બા. ૧૮
મધિ ભરી ત્રગડાં રમેરે મા, અરૂણ ઉદે થાયે સમેરે મા;
બહુચરી તુ કહેતે ગમેરે મા, માનુ પંખી મુખ પરમાણુરે. બા. ૧૯
બહુચરમા બરદે બરીરે મા, દોહલાં દાસ તણા હરીરે મા;
નારી નર ક્ષણુમાં કરીરે મા, માતુ જુગ સચરાચર જાણુરે. બા. ૨૦
ધરી ધ્યાંન રૂદે ધરેરે મા, માની મન મહા મુદેરેમા;
હોયે કરમ તણા ઉદેરે મા, મા તુ ભોળી ભવાંની માતરે. બા. ૨૧
દેવી દેવ જઇ તહાંરે મા, ત્રણભોવન તોલે નહાંરે મા;
પ્રગટ પીઠ બહુ અહીંરે મા, મા તારી નિપટ અટપટી વાતરે.બા. ૨૨
સુર તણો વહારે ચડીરે મા, જીત્યા દઇત ઘડી ઘડીરે મા;
માર્યો મહિષાસુર વડીરે મા, મા તુ ભુપતની પ્રતીપાળરે. બા. ૨૩
સરણે પાળેને સંહરેરે મા, આજ આઇ અમરીત ઝરેરે મા;
કામ અગોચર શું કરેરે મા, માતુ કંસ કારણ માહા કાળરે બા. ૨૪
નિરાધાર આધારમાંરે મા, જીવું સફળ અવતારમાંરે મા;
શકત સકળ સંસારમાંરે મા, મા તુ નર વણ રાખણ નીરરે. બા. ૨૫
સ્વરગ મત્યુ પાતાળમાંરે મા, બહુચર બહુ બળ બાળમાંરે મા;

મેઢણુ મહા મો જાળમાંરે મા, માજી તુ આપે અધીરનેધીરરેઆ. ૨૬
નેહ નેણ ભરી ન્યાળતારે મા, પલક પલક મન વાળતારે મા;
જનમ મરણ ભય ટાળતાંરે મા, મા તું અભેપદ દાતારરે. આ. ૨૭
માગુ મનમાની રજારે મા, લાગુ પાએ લળી લળીરે મા;
પુરો આશ વળી વળીરે મા, માતું સેજ કારણ ભવ પારરે. આ. ૨૮
જનમ સફળ કરો જાઇનેરેમા, જાવું જુગમાં કમાઇનેરે મા;
ભાવ ધરી ભજો આઇનેરે મા, માતે નર નાવે ગર્ભવાસરે. આ. ૨૯
કરજોડી કહુ કરગરીરે મા, સાંભળજો સલખન પુરીરે મા;
બાંહ ધરો શીર બહુચરીરે મા, મા તારો વલભ દાસનો દાસરે.આ. ૩૦

ગરબો.

અલબેલીરે મા સુંદર મુખ દેખાડો મા મોહો લાગે. એ રાગ. એ જસવતસંગરાય, અંબા મા પરતાપે રાજ કરો છો, તમ ઉપર છાય રઇયતને સુખ દેવા દેહ ધરો છો. ટેક. પ્રથમ ગણપતીનાં દરશન કરીએ, માનો કોલ લઇને ચાચર ફરીએ, માના પાવડીએ જઈ સીશ નમીએ; એ જસવતસંગરાય, અંબે મા પ્રતાપે રાજ કરોછો. ૧ માજી આરાસુરમાં બીરાજે છે, છત્ર સોનનાં સીર છાજે છે; માજી ગબરમાં બેઠાં ગાજે છે, એ જસવતસધરાય અંબે મા પ્રતાપે રાજ કરોછો. ૨ માને સીહ સ્વારી શોભે છે, માના હાથમાં ત્રીસુળ ઓપે. છે; અંબા દઇતો ઉપર કોપે છે, એ જસવતસિંગરાય અંબામા પ્રતાપે રાજ કરોછો. ૩ માને પેરણ ચરણાને ચોળી, મા નાકે હીરાની વેશરવાળી; માએ નીત કીધી દીવાળી, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ કરોછો. ૪ મઇયાના ગંટા વાગે છે, સોના ચાંદીનાં દ્વાર છાજે છે; માનના સાંમા સંભુ બીરાજે છે, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ કરોછો. ૫ મઇયાની જલહલ જોતો રાચે છે, મઇયાના સાંમા ચોગડીયાં વાગે; માજી ગરૂડ ઉપર બિરાજે છે, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ કરોછો. ૬ મઇયાને ઉતર દીશાએ ગણપતી ગાજે, મઇયા દક્ષણ દીશાએ વેરાઈ છાજે; માના

સામા ભૈરવ બટુક ગાજેછે, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ કરોછો. ૭ માના માનશરોવરે નીરમલ નીર, સંભુ કોટેશ્વર સરસ્વતી તીર; શીવનો બાગ બગીચો ગંભિર, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ કરોછો. ૮ માને અજાઈ મા આનંદકારી, માને ખોડીયાળ છે ખપર વાળી; માનો કાળભૈરવ છે ભયંકારી, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ કરોછો. ૯ મહાયાને દેશ દેશથી સંઘ આવે, તેતો અંબા માને મન ભાવે; માને વીવીધના મેવા લાવે, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ્ય કરોછો. ૧૦ માને જરીયાંનનાં નીશાન ફરકે, દેખી દુખદારી બહુ થરકે; માની વાઘ્ય કલોદરે સામે પડએ, એ જસ્વતસંઘરાયદ્ર અંબામા પ્રતાપે રાજ્ય કરોછો. ૧૧ મહાયાનો પુત્ર જસવતસિંઘ ધારી, પારે હોમ હવન કરે સુભકારી; મહાયાના મુખડા ઉપર જઉ બલિહારી, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ કરોછો. ૧૨ રાણા અવીચળ રહેજો રાજ્ય તારૂ, ખટ દરશણ ઉપર મન સારૂ; અંબા નીરખીને મન મોહ્યું મારૂ, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ્ય કરોછો. ૧૩ અંબા ચઉદ લોકની મંમાયા, સઉ દુનીયા ઉપર છાયા; શીવ બ્રંમા વીસ્નુએ ગુણ ગાયા, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ્ય કરોછો. ૧૪ મહાયા રાખો લાજાની લાજી, તારી અકલ ગત ગબરવાળી; દેવી સાંભળ અંબા મતવાળી, એ જસવતસંઘરાય અંબામા પ્રતાપે રાજ્ય કરોછો. ૧૫ મહાયાની અકળ કળા મે નયણે નીરખી, ગાવે અમરતલાલ હઇડે હરખી; જુઓ જુઓ નથી કોઈ અંબા સરખી, એ જસવતસંઘરાય અંબામા પરતાપે રાજ કરોછો, તમ ઉપર છાય રહ્યવતને સુખ દેવા દેહ ધરોછો. ૧૬

ગરબો.

રાગ સોળકીના ગરબાની દેશી.

સંભુ પુત્ર ગણેશ ગુણ ગાવું, અંબા ચરણે શીશ નમાવુંરે; મારી અંબિકાજી માત. ૧ સરસ્વતી શારદા આગળ કરી, નીરમળ બુધ સાગર ગુણ ભરીરે. મારી. ૨ દેવી અંબિકાનુ નામ છે મોહોટુ,

હેના શત્રુકોનું ના કરે ખોટુરે. મારી.૩ માનુ અપુરવ દરશણ જોઉ, યાત્રા કરીને દુખડુ ખોઉરે. મારી. ૪ કામ કરયાંછેરે માયે ભારી, કંઇક દૈતોને નાખ્યા મારીરે. મારી. ૫ માયે મહિષાસુરના પ્રાણ લીધા, માએ આરાસુરમાં વાસ કીધોરે. મારી. ૬ ચંડમુંડનુ શિશજ છેદુ, ચૌદભુવન માનુ મન ભેદુરે. મારી. ૭ કાંઇક દઇતો વાળા છે દાટ, એ અંબા તણા છે ઠાઠરે. મારી. ૮ મન વિમળની સુણજો વાત, ધ્યાન રૂદયમાં અંબાનું થાતરે. મારી. ૯ એને પરસન થયાં દેવી પહેલાં, માત કૃપાથી બાંધ્યા ડેરારે. મારી. ૧૦ દેવી પુછે આ કામ કોને કીધુ, વિમળે ગુરૂનુ નામ ત્યાં દીધુરે. મારી. ૧૧ માયે કોપ કરીને બાળ્યો ધાઈ, નાઠો વિમળ સેન્યા ઉડાવી માયેરે. મારી. ૧૨ હુતો થોડામાં સંક્ષેપ કહુછુ, શેઠ હઠીભાઇનુ નામ લહુછુરે. મારી. ૧૩ એ સંઘવીની વાતો સુણો મન, પેહેલો અધ્યો સુણો એક તનરે. મારી. ૧૪ સંઘ કહાડ્યો હતો બહુ ભારી, એની શોભા બની હતી સારીરે. મારી. ૧૫ ડેરાંતંબુ તણા નહિ પાર, ગાડી વહેલ જોડ્યાં તોખારરે. મારી. ૧૬ પહેલી પાલીટાણાની યાત્રા કીધી, પછી અંબિકાની*વાટડી લીધીરે. મારી. ૧૭ તેના ગુરૂયે બતાવી હેવી પેર, રોગ ચાલ્યો છે ઘેર ઘેરરે. મારી. ૧૮ સપાટો ચાલ્યો છે રોગનો ભારી, માહે મરવા લાગ્યા નર નારીરે. મારી. ૧૯ ચાલ્યો નાસવા ચોદશ સંગ. ત્રિશુળ માયે લઈ પાડ્યો ભંગરે. મારી. ૨૦ હતુ જીવતુ તે પહોંચ્યું ઘેર, રાખ્યા દેવીયે ડેરો ડેરરે. મારી. ૨૧ હિમો હઠીભાઈ નાઠા જાય, પછી વાણીયા અંબાના ગુણ ગાયરે. મારી. ૨૨ હવે સાહ્ય અંબા કરો હમને, ઘડી નહિ વિસારીએ તમનેરે. મારી. ૨૩ શેઠે અંબાનો આશરો લીધો, શેઠે દરશણનો લાવો કીધોરે. મારી. ૨૪ વાગે નવખંડ માનો ડંકો, માના સામો બીરાજે ભેરવ બંકોરે. મારી. ૨૫ માની અખંડ જોતો બીરાજે, માનો ચોદેશ મહિમા છાજેરે. મારી. ૨૬ વાત એટલી અહીંથી રહી, નવી વાત પછી શી થઇરે. મારી. ૨૭ બીજો અધ્યો કરયો છે પુરોરે, માત્રા અક્ષર નથી રહ્યો અધુરોરે. મારી. ૨૮ નવુ કઉતક કળજુગમાં હાલ્યુ, ઓગણીચે છત્રીના સાલ

આવ્યુંરે. મારી. ૨૯ સંભળાવુછુ નીતિ વિખ્યાત, આપ સાંભળો હજુરે મારી વાતરે. મારી. ૩૦ ગીતા ભાગવતે વાત છે હેવી, ચાર જુગ થી અખંડ છે દેવીરે. મારી. ૩૧ આ શક્તિ વિના વાત શી કહીએ, ચાર વેદમાં વરણવ વિચાર લઇએરે. મારી. ૩૨ માના ગુણ કહેતા ન આવે પાર, થોડા થોડા સંભળાવુ સહુ સારરે. મારી. ૩૩ ઇડર પરગણે નેત્રા વળી ગામ, શાએ કૃપાવત પરવત સંગ નામરે. મારી. ૩૪ ત્યાંથી નીકળી સુદાશણે આવ્યો, રાત રહીને મનસુબો ભમાવ્યોરે. મારી. ૩૫ કુશળ સંગને તેડીને દાંતે આવ્યો, દાણ ચોરવાનો તરકટ બનાવ્યોરે. મારી. ૩૬ પરવત સંગને કહેવા આવ્યો, કરવી જાત્રા પરમાનો મંગાવ્યો. મારી. ૩૭ રાણો કહે છે સાંભલો મારી વાંણી, તારા તરકટની વાત મે જાણીરે. મારી. ૩૮ આગળનીરીત તમે ચાલો, દાણનો ઘોડો આપીને તમે હાલોરે. મારી. ૩૯ ઘોડો આપવાની વાત રાએ કીધી, દાંતુ મુકી ગંગુવાની વાટ લીધીરે. મારી. ૪૦ ગંગુવે જઇને વિચાર મંન કર્યો, ત્યાંથી અંબિકાનો રસ્તો લીધોરે. મારી. ૪૧ દાણની ચોરી કરીને ત્યાંથી ચાલ્યો, ધાબાની વાવે જતાં માએ ઝાલ્યોરે. મારી. ૪૨ દેવી નામે સ્વાર આવ્યા દસ વીસ, એ દુસ્ટનુ છેદવા શિશરે. મારી. ૪૩ એને ના કરવાનું કામ કીધુ, દેવી ત્રિપુરાએ હાથ શુળ લીધુરે. મારી. ૪૪ માએ સપનું આપ્યુ તે રાણો જાગ્યા, ઉઠી અંબિકાને પાગે લાગ્યારે. મારી. ૪૫ રાણો પુછે માજી કેમ આવ્યાં, નવો સંદેસો શો લાવ્યાંરે. મારી. ૪૬ તારા દાંણની રીત એણે તોડી, હેને પકડીને નાખો પગે બેડીરે. મારી. ૪૭ રાણે સ્વાર દોડાવ્યા ત્રિસ ચાલી, પરવત સિંગને લીધો છે ઝાલીરે. મારી. ૪૮ લોક કહે છે આવુ નવ કરીએ, દાણ આપ્યા વિના ડગલુ ન ભરીએરે. મારી. ૪૯ આગળ તારા જેવા કાઇક થયા, તરશુળના ઘાટામા લડ બડતા રહ્યારે. મારી. ૫૦ પંદરે દાહાડા નજર કેદ રહ્યો, અડધી રાતે નાસી ઇદડ ગયોરે. મારી. ૫૧ સગા સબંધી આગળ જઈ રોયો, પરવત સિંગ કહે મનખો મે ખોયોરે. મારી. ૫૨ રઝયત લોકોનુ મન ભમાવે, જુઠી વાતની ત્રકટ બનાવેરે. મારી. ૫૩ પરવતસિંગ કહેવા લાગ્યા ભાઈ, મારી વાત સાંભળો એક ડાહીરે. મારી. ૫૪

એક વાત ચલાવો ઝુણી ભાઈ, કહિયે અંબિકાજી આવે અહીંરે. મા-
રી. ૫૫ જુનુ દેહેરૂ સુધારી લીધુ, એડ અંબિકાનુ સ્થાનક કીધુરે.
મારી. ૫૬ પંચે મળી પુજારો ખુશાલ કીધો, એના છોકરાનો પ્રાણ
માએ લીધોરે. મારી. ૫૭ બ્રાહ્મણ કહે છે પડછો માનો થયો, જુઠી
વાતમાં છોકરો ગયોરે. મારી. ૫૮ એટલુ કહિને બ્રાહ્મણ હેઠો બેઠો, મા-
નો આશરો લઈ ઘરમાં પેઠોરે. મારી. ૫૯ માની જુઠી વાત કરશો
નહી કાને, એડનો બ્રાહ્મણ થઈ ગયો રાનેરે. મારી. ૬૦ એ વાતમાં
પાર નથી કાંઈ, મનમાં પકડી બેસો ઘર માંહિરે. મારી. ૬૧ માની
જુઠી વાતમાં જે હતા, એને ઘણા એક બાધા ખતારે. ૬૨ જુઠી
વાતમાં પરભુવો રહ્યો, અસ્ત્રી મરી ગઈને વાંઢો થયોરે. મારી. ૬૩
બીજો પડછો તે માનો બતવુ, ગામ પરાંતીજની વાત સુણાવુરે. મા-
રી. ૬૪ હવે પરાંતીજ પરગણું ચાલ્યું, ઘાંચી હરીચંદનું ઘર ઘાલ્યુરે.
મારી. ૬૫ માહાસુદ પુનમે ઘાંચી બેઠે આવ્યો, સાથે છોકરાને તેડી
લાવ્યોરે. મારી. ૬૬ બાળ વાળ ઉતારવા દેરા માહિ, કાળભૈરવ પેઠો છે
ત્યાંહિરે. મારી. ૬૭ કાળ ભહરવની હાક ઘણી વાગે, શબ્દ સુણી કુ-
ટુ સહુ ભાગેરે. મારી. ૬૮ કાળ ભૈરવ એ બ્રહ્માંડ ભમાવ્યું, પછી
જોગણીયે ચક્ર ચલાવ્યુરે. મારી. ૬૯ હરી ગજાના છોકરાનો પ્રાણ
લીધો, ઘાંચી જાતે એકા એક કીધોરે. મારી. ૭૦ માની જુઠી તે
વાત કાંઈ કરશે, જોગણી ઉપર એનું ભરસેરે. મારી. ૭૧ ઘેર બેઠે
ગંગાના ગુણ ગાયે, કાશી ગયા વના પ્રાશ્ચિત નવ જાયેરે. મારી. ૭૨
ક્રશ્નની મુરતી પુજે છે ગામો ગામ, મહિમા કહિયે મોટો દ્વારકાં ધાંગ-
રે. મારી. ૭૩ નદી સરસ્વતી ગામો ગામ હાલે, તેનો પડછો તે સિદ્ધપુર
ચાલેરે. મારી. ૭૪ શ્રાવક વાણીઆના દેહેરા છે બહુ, જાત્રા પાલી-
ટાણાની કરે સહુરે. મારી. ૭૫ પીરપેગંબર ઘેર ઘેર કહે છે, મુશલ-
માન મકાનુ નામ લે છેરે. મારી. ૭૬ ધાંમ ગયા વના કાંમ નહિ
ફળશે, એમ અંબા રસ્તામાં નહિ મળશેરે. મારી. ૭૭ એ વાત માન-
જો મારી સહી, સરવે સાસ્ત્રોને અનુસાર કહીરે. મારી. ૭૮ દાંતા
પરગણાનો ભુપ કુળમાં દીવો, એતો કરોડ દીવાળી ચરણ જીવોરે.
મારી. ૭૯ અંબા સદાયે રાણાજીને સાહ્ય, પાપી લોકોને કીધે શું
થાયરે. મારી. ૮૦ એતો હરખે કરીને ગરબો ગાયો, શુધડ લોકના મન-

માં બાવ્યોરે. મારી. ૮૧ સંવત ઓગણીસે છત્રીસની સાલ વિસ્તારી, સાહ્ય કરજો અંબામા સારીરે. મારી. ૮૨ ફાગણવદી ચોથ સોમવારે કીજે, મજરો કવિયોનો સુણી લીજેરે. મારી. ૮૩ કવિયોની દાતાર અંબા એવી, ટેક રાખજે આરાસુરી દેવીરે. મારી. ૮૪ કવિયે આશરો માજીનો લીધો, એક સ્વાલ ઘોડાનો કીધોરે. મારી. ૮૫ માની હરખે કરીને ગરબો જોડ્યો, તરત અંબા તુ આપજે ઘોડોરે. મારી. ૮૬ મા મન ધારજે અંબા આઈ, તારા શેવકો થાશે સુખદાઈરે. મારી. ૮૭ જીવતારામ ચરણની શેવા માગે, હજુર જસવતસિંગજી પાયે લાગેરે. મારી. ૮૮ કશી વાતની ચિંતા નવ કીજે, સદા નામ અંબાજીનુ લીજેરે. મારી. ૮૯ મારી અંબિકાનું નામ કોઈ ધરશે, એનુ સંકટ દુઃખ માજી હરશેરે. મારી. ૯૦ જે કોઈ હરખે કરીને ગરબા ગાસે, તેના અંબામા પુરશે આશરે. મારી. ૯૧ સરવે ગરબા સંક્ષેપે કીધા, કવિયો સોનો આસરો લીધોરે. મારી. ૯૨ સુધારી બાલાજીયે મનમાં લીધો, આરાસુરમાં માયે વાસ કીધોરે. મારી. ૯૩ પરાતીજના છગનલાલ સારા, પોશીગામના મહાલકારી પ્યારારે. મારી. ૯૪ તેને એડના મહાલકારી કીધા, પરસુરામને ચારજ દીધારે. મારી. ૯૫ પરશુરામ વિસનગર ગયા, ઓરત છોકરો વૈકુંઠ વાસ થયારે. મારી. ૯૬ એડના મેળાનુ કામ છગને કીધુ, એક ઘાંચીનુ જુઠુ મન કીધુરે. મારી. ૯૭ તે ઘાંચીનુ નામ હરીચંદ ગલાછે, જુઠુ સમજાવી એડમાં પળાવ્યાછેરે. મારી. ૯૮ આરાસુરની બાધા હતી તેને, છગનને દંડ દીધો માયે હેનેરે. મારી. ૯૯ છગનલાલના ભાઈને શોશી લીધો, છગનની સ્ત્રીનો જીવ માયે લીધોરે. મારી. ૧૦૦ જુઠુ બોલે તેને ખોટુ થાય, હાવુ બન્યું તે સહુકો ગાયરે. મારી. ૧૦૧.

સમાપ્ત.

માલીની છંદ.

અવગુણ અપરાધો, છે અમારા અગાધ;
કેમ કરી પરલોકે, સદ્ ગતી થાય માત,
અવણકરી અમારા, શક્તિ સરવે વિલાપો,
અતિશય કરૂણાથી, પાપના મુળ કાપો. ૧
કર ચરણ વડે જે, મે કીધા કર્મ ખોટા,
શ્રવણ નયન ચિત્તે, જે કીધા પાપ મોટા;
અતિશય કરૂણાથી, દ્યો ક્ષમા માત હુને,
જય જય કરૂ બ્હે, હુ નમુ નિત્ય તુને. ૨

વસંતિલકા છંદ.

બાગોતણી રચી કળા, સઘળીજ માયે,
ભાઇ વિચિત્ર અતિશય, પુષ્પો જણાયે;
માજી તમારી ભગતે, કરી વાંછનાઓ,
બાથા ન જાણુ કવીજીએ, પ્રસન્ન થાઓ. ૧

જાહેર ખબર.

આ અંબીકાકાવ્યની ચોપડી, શેવક બાલાજી ભગવાંનજી પાસેથી;
રોકડી કીંમતે મળશે અને નીચેના પુસ્તકો, પણ મારી પાસેથી મળશે.

ઋગવેદ આહનીક. કી. ૨૦।
ઋગવેદ ત્રીકાળ સંધ્યા.૦)≈
નવરાત્રની થાપના વિગેરે. ૨૦।
પુરાંણોક્તરૂદ્રી પુજન સાથે.૦)≈
મંગળાષ્ટક. ૦)—

ઠે. અમદાવાદ રાયપર ગુસાપારેખની પોળમાં, તા. મામાની હવેલી-માંથી રણછોડલાલ ગંગારાંમ પાસેથી મળશે.ટપાલ ખરચ જુદુ રાખેલુછે.
અંબીકા કાવ્યની ચોપડી જે દસથી વધારે રાખશે તો તેની કીંમત ખાંનગી પત્રથી વા જાતે મળેથી ખુલાસો મળશે.